પ્રકાશક :
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી.
રાજકોટ

પ્રથમાવૃત્તિ :: અષાડ શુદી ૨ ૧૯૯૩ :: પ્રત ૧૧૦૦
દ્વિતીયાવૃત્તિ :: પોષ શુદી ૧૫ ૧૯૯૪ :: પ્રત ૧૫૦૦
વિક્રમ સંવત્ ૧૯૯૪ :: વીર સંવત્ ૨૪૬૪

ઈ. સ. ૧૯૩૮

: મુદ્રક :
શાહ બ્રધર્સ પ્રિન્ટીંગ પ્રેસ,
લલ્લુભાઈ બિલ્ડીંગ
રાજકોટ

પ્રસ્તાવના

ગુજરાત-કાઠિયાવાડની ભૂમિએ હિંદમાં જૈનધર્મને ટકાવી રાખવા માટે ઘણો હિસ્સો આપેલ છે. અને આજે આ પુણ્યભૂમિમાં જૈન-જનતાની લગભગ અડધી સંખ્યા સુખરૂપે અને શાન્ત સ્વરૂપે વસવાટ કરી, વેપાર ઉદ્યોગ વડે સમાજમાં માનનીય અને ઊંચું સ્થાન ભોગવી રહેલ છે.

આ પુણ્યભૂમિના સદ્‌ભાગ્યે સ્થા. જૈનસમુદાયના પરમ ગૌરવસમા ધર્મનાયક શ્રીમદ્‌ જૈનાચાર્ય પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રી જેવા એક વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સમર્થ પુરુષનું આ ભૂમિમાં આગમન થતા સંવત્‌ ૧૯૯૨નું ચાતુર્માસ રાજકોટ થયું.

આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ જૈનધર્મની વ્યાપકતા, સંરક્ષકતા અને ઉદારતાને વ્યક્ત કરતાં જૈનતત્ત્વવિષયક જે અમૃત-અબ્ધિ અને ક્ષીર સાગરનાં મોતી જેવાં ઉજ્જ્વળ અને ઓજસ્વી વ્યાખ્યાનો ફરમાવેલ તેની પ્રસાદીરૂપે તેમાંનાં કેટલાંક સામાજિક વ્યાખ્યાનોનો આ શુભ સંગ્રહ, જનસમાજ સમક્ષ આ પુસ્તકદ્વારા મૂકવાનું યોગ્ય ધાર્યું છે.

આ પુસ્તકમાં સંગ્રહિત વ્યાખ્યાનો પૈકીનાં શરૂઆતનાં પાંચ વ્યાખ્યાનો રાજકોટ રીલીફ સ્ટેશનમાં અપાએલાં જાહેર વ્યાખ્યાનો છે, અને તેમાનું પહેલું વ્યાખ્યાન પ્રભુ-ભક્તિ-પ્રાર્થના ઉપરનું છે. પ્રાર્થનાનું જીવનવિકાસમા કેટલું બધુ મહત્ત્વનું સ્થાન છે તે તો

પ્રાર્થનાનું જેમને ભાન જ પડ્યું હોય તે જ ખ્યાલ કરી શકે. જીવનને સાર્થક અને પ્રભુમય બનાવવામાં પ્રભુપ્રાર્થના કેટલું ઉપયોગી સાધન છે; અને તેથી મુનિશ્રી વ્યાખ્યાનના આરંભમાં હંમેશાં પ્રાર્થના ઉપર હૃદયસ્પર્શી મૌલિક વિચારોદ્વારા સચોટ ઉપદેશ આપી પ્રભુ ભક્તિ તરફ જનતાને દોરવા પ્રયત્નશીલ રહે છે; અને એ રીતે પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવે છે. મુનિશ્રીના આ વિચારોનું મનન કરી જીવનસાફલ્ય કરવા માટે અમે સૌ કોઈને સાગ્રહ અનુરોધ કરીએ છીએ.

બીજાં ચાર વ્યાખ્યાનોમાં 'જનસેવા' ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અત્યારે જનસેવા કેવી ઉપરછલી બની ગઇ છે! વાસ્તવિક જનસેવા કેવી હોય! અને સેવા પાછળ આત્મસમર્પણની ભાવના અને ધગશ કેટલી હોવી જોઇએ વગેરે વાતોને ગંગાના પ્રવાહ જેવી પોતાની શીતળ અને સ્વચ્છ વાણીથી તેમજ સમર્થ વાક્પટુતાથી સત્ય સ્વરૂપમાં પ્રત્યક્ષ કરી બતાવી, જનસેવાનો સાચો આદર્શ કેવો હોવો જોઇએ તે માટે જનસેવક 'મઘા'નું પ્રાચીન દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

'માનવધર્મ,' 'બ્રહ્મચર્ય' અને 'સંતતિનિયમન' નામના વ્યાખ્યાનોમાં આજના સમાજના અને વર્ત્તમાન સમયના એ સળગતા પ્રશ્નોનો વિચાર કરવામાં આવ્યો છે. એ વ્યાખ્યાનોમાં મહાત્મા ગાંધીજીએ 'બ્રહ્મચર્ય' અને 'સંતતિનિયમન' વિષે જે વિચારો દર્શાવ્યા છે તે વિચારોનો સુંદર સુમેળ થએલો જોઇ શકાશે.

અને અંતમાં જૈનદૃષ્ટિએ ખાદીવિષયક વ્યાખ્યાનોનો સાર આપવામાં આવેલ છે. સંયમ, સાદગી, સેવા વગેરેને જીવનમાં ઉતારવા માટે ખાદી કેટલી બધી સાધનભૂત છે તે વિષે જૈનદૃષ્ટિએ વિચાર કરી, જૈનોએ ખાદીને શા માટે અવશ્ય અપનાવવી જોઇએ એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ રીતે આ પુસ્તકમાં જે વ્યાખ્યાનો સંગ્રહવામાં આવ્યાં છે તે ઉપરથી પૂજ્યશ્રીની સમર્થ વ્યાખ્યાનશૈલી અને પ્રતિપાદનશૈલી કેટલી સુમાનુસારી અને સચોટ અસર કરનારી છે તેનો ખ્યાલ આવી શકશે.

આ વ્યાખ્યાનો રતલામ શ્રાવક હિતેચ્છુ મંડળદ્વારા પં. શંકરપ્રસાદજી દીક્ષિતે પૂજ્યશ્રીના વ્યાખ્યાનની લીધેલ હિંદી નોંધ રૂપે ગ્રીથેલાં તેનો ગુજરાતી અનુવાદ શ્રી શાન્તિલાલ વનમાળી શેઠ (ન્યાયતીર્થ) દ્વારા કરાવવામાં આવેલ છે. એ અનુવાદદ્વારા ભાઈ શાન્તિલાલે પૂજ્યશ્રીના મૂળ ભાવોને જાળવી રાખવા બનતું કરેલ છે તેવી નોંધ લેતાં બહુ આનંદ થાય છે. તેમ છતાં કોઈ જગ્યાએ દૃષ્ટિદોષથી ભૂલ રહેલી માલુમ પડે તો તે માટે પ્રકાશક ક્ષમાર્થી છે.

રાજકોટ
અષાઢ શુદી ૨
સંવત્ ૧૯૯૩.

ચુનીલાલ નાગજી વોરા.
વ્યવસ્થાપક.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ પ્રસિદ્ધ થયાને માત્ર ૭ માસ જેટલો ટૂંક સમય થયો, ત્યાં જ આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે, તે બીના આ પુસ્તકમાં સંગ્રહિત સામાજિક વિષયો ઉપરના વ્યાખ્યાનો જનસમાજમાં સારા આદરને પામેલ છે તેની પૂરતી ખાત્રી આપે છે. આ પુસ્તકના આવા સત્કારની નોંધ લેતાં પ્રકાશકને બહુ આનંદ થાય છે.

રાજકોટ
પોષ શુદી ૧૫
સંવત્ ૧૯૯૪.

ચુનીલાલ નાગજી વોરા.
વ્યવસ્થાપક.

॥ अतिआदराय नमः ॥

જવાહિર - જ્યોતિ

[દ્વિતીયાવૃત્તિ]



[રાજકોટ ચાતુર્માસ
સંવત ૧૯૯૨]

નોંધ

આ પુસ્તકની પ્રસિદ્ધિ અર્થે રાજકોટનિવાસી
શ્રીયુત્ ગોપાલજી ભીમજી પારેખે
રૂા. ૧૦૧)ની આર્થિક સહાયતા આપી છે.

॥ શ્રીવીતરાગાય નમઃ ॥

જવાહિર-જ્યોતિ

વ્યાખ્યાનઃ પ્રાર્થના પ્રબોધ.*

પ્રાર્થના

"વિશ્વસેન" નૃપ "અચિરા" પટરાણી, તસુ સુત કુલ સિણગાર હો, સુભાગી.
જન્મતાં શાન્તિ કરી નિજ દેશમેં, મૃગી માર નિવાર હો, સુભાગી.
શ્રી શાન્તિ જિનેશ્વર સાહબ સોળમા ॥

શ્રી શાન્તિનાથ ભગવાનની આ પ્રાર્થના છે. ભગવાનની પ્રાર્થના વિષે જે કાંઈ હું બોલી શકું છું, તે યથાશક્તિ બોલું છું અને યથાપ્રસંગે કહેવાના ભાવ પણ પ્રગટ કરું છું. પરંતુ આજ આ પ્રસંગને અનુકૂળ લાગે કે ન લાગે, અથવા આ વિવેચન પુનરુક્તિ જેવું પણ લાગે, પણ આ પ્રાર્થના વિષય મને બહુ પ્રિય છે એટલા માટે પ્રાર્થના વિષે હું કંઈક થોડુંક કહેવા ઇચ્છું છું.

ભગવાન શાન્તિનાથની જે પ્રાર્થના કરવામાં આવી છે તેમાં કહ્યું છે કે—"હે પ્રભો! ઉપાધિઓને લીધે આ આત્મા અશાન્તિ અનુભવી રહ્યો છે. એ અશાન્તિને દૂર કરવા માટે તે અનેકાનેક પ્રયત્નો કર્યાં અને અનેકનું શરણું પણ ગયો

* રાજકોટ સીવીલ સ્ટેશનમાં જ્યુબિલિ દરબાર હૉલમાં તા. [illegible] ના રોજ [illegible] વ્યાખ્યાન [illegible]

જ્યારે શાન્તિ પ્રાપ્ત ન થઈ ત્યારે મને એવો વિચાર આવ્યો કે, મારા પ્રયત્નમાં અવશ્ય કોઈ પ્રકારની ખામી હોવી જોઈએ કે જેથી મને શાન્તિ મળતી નથી. મારા પ્રયત્નમાં શું ખામી હશે ? એ વિષે વિશેષ વિચાર કરવાથી મારી સમજમાં એ આવ્યું કે, " હે ! પ્રભો ! મેં તારી પ્રાર્થના કરી નથી અને એટલા જ માટે મારો આત્મા અશાન્તિ અનુભવી રહ્યો છે. હવે એ અશાન્તિને દૂર કરવા માટે હે ! પ્રભો ! હું તારી પ્રાર્થના કરું છું અને તારા શરણે આવ્યો છું. તું મને શાન્તિ આપ."

પરમાત્મા પાસેથી શાન્તિ મેળવવા માટે પ્રાર્થના કરવામાં આવે છે પણ પરમાત્મા પાસે કેવી શાન્તિની પ્રાર્થના કરવી જોઈએ એ વિષે પણ વિચાર કરવો આવશ્યક છે; કારણ કે સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના લોકો ભિન્ન ભિન્ન પ્રકારની શાન્તિ ચાહે છે. જેમની પાસે ધન નથી તે ધનની પ્રાપ્તિમાં, જેમને પુત્ર નથી તે પુત્રની પ્રાપ્તિમાં અને જેમનો કોર્ટમાં કેસ ચાલતો હોય છે તે કેસ જીતવામાં શાન્તિ માને છે. બે રાષ્ટ્રો પરસ્પર લડતા હોય ત્યારે તે પણ પરરાષ્ટ્રની હાર થાય અને પોતાની જીત થાય એમાં પોતાની શાન્તિ માને છે. આ પ્રમાણે ભિન્નભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન કાર્યની સફલતામાં શાન્તિ માને છે પણ વાસ્તવિક શાન્તિ શામાં છે એ વિષે અત્રે વિચાર કરવો જોઇએ.

પરમાત્મા પાસે ધન, પુત્ર આદિની પ્રાપ્તિમાં શાન્તિ માની, એવી શાન્તિની પ્રાર્થના કરવી એનો અર્થ એ થયો કે, પોતપોતાની ભાવનાની પૂર્તિ માટે ભાવનાની સાથે ભગવાનને પણ ગુંથી લેવા એ છે. આ સાચી શાન્તિ નથી. અને આ પ્રકારની શાન્તિ પરમાત્મા પાસેથી મળી પણ ન શકે.

બે ભાઈઓ પરસ્પર લડતા હોય ત્યારે માતા કોની જીત અને કોની હાર ચાહે ? તે તો એ જ ઇચ્છે કે, બન્ને ભાઇઓ પરસ્પર

લડવાનું બંધ કરી દે. એમાં જ મારી શાન્તિ છે અને આ પ્રકારની શાન્તિ જ હું આપી શકું છું. આ જ પ્રમાણે પરમાત્મા પણ બધાના છે. એટલા માટે પરમાત્મા પાસે એવી પ્રાર્થના કરવી જોઈએ કે, "હે! પ્રભો! સંસારમાં રહેલા બધા પ્રાણીઓ તારા પુત્રો છે: એટલા માટે હું બધા પ્રાણીઓ પ્રતિ પ્રેમભાવ રાખું, વૈરભાવ ન રાખું. આ પ્રકારની શાન્તિ હું ચાહું છું." જે લોકો આ પ્રકારની શાન્તિ મેળવવા માટે પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે તેઓ પરમાત્માને ઓળખી શક્યા છે. બાકી પ્રાર્થનાના નામે, ધર્મના નામે સંસારમાં ઢોંગ પણ ચાલે છે.

આજના કેટલાક યુવકો કહે છે કે, "સંસારમાં ધર્મ અને ઈશ્વરની જરૂર નથી. કારણ કે ધર્મ અને ઈશ્વરને માનવાથી જ સંસારને ઘણી હાનિ થઈ છે." જે લોકો આવું માનતા નથી તેઓ આવી માન્યતાવાળા યુવાનને ભ્રષ્ટ થએલા માને છે પણ આ વિષે વિશેષ વિચાર કરવાથી જણાય છે કે, ધર્મ અને ઈશ્વરનો બહિષ્કાર કરનારા યુવાનોનો જ અપરાધ નથી; પણ જે લોકો પોતાને ધર્મના પાળનારા અને રક્ષક માને છે પણ ધર્મનું બરાબર રીતે પાલન કરતા નથી એ લોકોનો પણ આમાં અપરાધ છે. જે લોકો ધર્મનું બરાબર પાલન કરે તો યુવકો ધર્મ અને ઈશ્વર વિરુદ્ધ કશું કરી શકે નહિ; કારણ કે જે લોકો સમદૃષ્ટિ છે અને ધર્મ અને ઈશ્વરના સાચા ભક્ત છે તે લોકોનો ઉપદેશ તો દૂર રહ્યો પણ તેમની આંખોની અમીભરી દૃષ્ટિ જ બીજા ઉપર પ્રભાવ પાડ્યા વગર રહેતી નથી

વાદવિવાદ દ્વારા એકને જીતવો અને એકને પ્રેમભાવ દ્વારા જીતવો એ બન્ને ભિન્ન વસ્તુ છે. વર્તમાન સમયમાં જો કે પ્રેમભાવ દ્વારા બીજાને જીતવાથી દૈવી ભાવના ઓછી જોવામાં આવે છે પણ તેમ છતાં એ દૈવી ભાવના વધતા ઓછા પ્રમાણમાં પ્રત્યેક

અપ્રગટ રૂપે સંસારમાં અવશ્ય પ્રવર્તતી હોય છે. જેમકે આ વિશાળ હૉલનાં બધાં બારીબારણાં બંધ કરી દેવામાં આવે તો હવાનો પ્રવેશ થઈ ન શકે અને બધાનો શ્વાસ પણ રૂંધાવા લાગે પણ બારીબારણાં બંધ હોવા છતાં શ્વાસ રૂંધાય નહિ તો એમ કહેવું જોઈએ કે, પ્રગટ કે અપ્રગટ રૂપે આ હૉલમાં કોઈ ઠેકાણેથી અવશ્ય હવા આવે છે. આ જ પ્રમાણે અત્યારે ભલે પ્રગટરૂપે દૈવી ભાવના જોવામાં આવતી ન હોય તોપણ અપ્રગટરૂપે એ દૈવીભાવના સંસારમાં અવશ્ય પ્રવર્તે જ છે. જો સંસારમાં દૈવીભાવના પ્રવર્તતી ન હોય તો જેમ હવા વિના શ્વાસ રૂંધાવા લાગે તેમ દૈવીભાવના વિના સંસારમાં મહા અશાન્તિ ફેલાઈ જાય. સંસારમાં અત્યારે એવી ઘોર અશાન્તિ પ્રવર્ત્તતી નથી એટલા માટે દૈવીભાવના અવશ્ય પ્રવર્તે છે એમ માનવું જોઇએ. દૈવી ભાવનાનો વિકાસ કરો અને એ માટે પરમાત્માનું શરણ લો.

આ જુબિલિ હૉલમાં હવાની આવ–જા માટે અનેક બારીબારણાં છે, છતાં વધારે હવા માટે પહેલેથી ગોઠવવામાં આવેલાં પંખાનો હેતુ એ હોવો જોઇએ કે, જેમને બારીબારણાંમાંથી આવતી હવા ઓછી જણાય તે લોકો પંખાની હવા પણ લઇ શકે ? આ જ પ્રમાણે જો તમારામાં દૈવી–ભાવના રૂપી હવા ઓછી છે તો તમારે ભગવાન શાન્તિનાથની પ્રાર્થનારૂપી હવાનો વિશેષ ઉપયોગ કરવો જોઇએ કે જેથી તમારામાં દૈવીભાવના વિશેષ વધવા પામે.

પ્રાર્થનાનું આટલું મહત્ત્વ સમજમાં આવી જાય તો વધારે કહેવાનું કાંઈ બાકી રહેતું નથી. પણ ધન, પુત્ર આદિ સાંસારિક કાર્યોની સિદ્ધિ માટે કરવામાં આવતી પ્રાર્થના સાચી શાન્તિ આપી શકતી નથી, એટલા માટે હું એટલું જ કહું છું કે, સંસારના કોઇપણ કામમાં શાન્તિ માની એ શાન્તિ મેળવવા માટે જ પરમાત્માની

પ્રાર્થના કરવાનું છોડો અને એવી સાચી શાન્તિ મેળવવા માટે પરમાત્માની પ્રાર્થના કરો કે જેથી હૃદયની બધી ઉપાધિઓ દૂર થાય અને આત્માને સાચી શાન્તિ અને સાચો આનંદ મળે. જ્યારે સાચી શાન્તિની પ્રાપ્તિ થશે ત્યારે તેનું ભાન તમને સ્વતઃ થશે. જે પ્રમાણે થર્મોમીટર દ્વારા પોતાનો તાવ માપી શકાય છે તેમ પોતાની અંદર રહેલી શાન્તિને માપી શકાય છે. જ્યારે સાચી શાન્તિનો અનુભવ તમને થશે, ત્યારે સંસારની કોઈપણ ઉપાધિ તમને સ્પર્શે નહિ તેમ તમારું હૃદય પણ સંસારની કોઈપણ ઉપાધિ તરફ ખેંચાશે નહિ. એટલા માટે ઉપાધિરહિત બનવા માટે સર્વ પ્રથમ તમારામાં કયા પ્રકારની અશાન્તિ છે તેનું મૂળ શોધો અને પછી પૂર્ણ પરમાત્માની પ્રાર્થનાદ્વારા એ અશાન્તિને જડમૂળથી નાબૂદ કરી પૂર્ણ શાન્તિ મેળવવા માટે સક્રિય પ્રયત્ન કરો અને જ્યાંસુધી પૂર્ણ શાન્તિ પ્રાપ્ત ન થાય અને તમે પોતે પણ પૂર્ણ શાન્ત ન બનો ત્યાંસુધી પરમાત્માની પ્રાર્થના દ્વારા પૂર્ણ શાન્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ચાલુ રાખો. ઉપનિષદ્નો મંત્ર છે કે:—

पूर्णात् पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

અર્થાત્—પૂર્ણ પુરુષની પ્રાર્થના કરી પૂર્ણ બનો અને જ્યાંસુધી પૂર્ણ ન બનો ત્યાંસુધી પૂર્ણ પુરુષની પ્રાર્થનાનું સાધન છોડો નહિ.

પરમાત્માની પ્રાર્થના, ચિત્તશુદ્ધિનું એક સાધન છે. પ્રાર્થનાથી ચિત્તની શુદ્ધિ થાય છે. આજે તમારું ચિત્ત અને તમારો આત્મા કેવો છે તે બરાબર તપાસો. કોઈ ચંદનની લાકડી જ્યારે પાણીમાં પડી ભીની થઈ જાય છે અને ભીની હોવાથી અશુચિ આદિ દુર્ગન્ધવાળા પદાર્થોની સાથે ચોંટી જાય છે ત્યારે સુગંધ દેનારી ચંદનની લાકડી પણ દુર્ગન્ધ છોડે છે. વાસ્તવમાં આ દુર્ગન્ધ ચન્દનની નથી પણ

ખરાબ પદાર્થોની સંગતિથી દુર્ગન્ધયુક્ત બની જાય તે દુર્ગન્ધ મારે છે. જ્યારે કોઈ વિવેકી પુરુષ ચંદનની લાકડીની આવી અવસ્થા જુએ છે ત્યારે તે એમ જ કહે છે કે "આ દુર્ગન્ધ ચંદનની નથી પણ ખરાબ પદાર્થોની છે. ચંદનમાં તો સુગન્ધ જ હોય છે." જો ચંદનની લાકડીને ઘસવામાં આવે અને તેની ઉપર લાગેલાં ખરાબ પદાર્થને દૂર કરવામાં આવે તો આ જ ચંદનની લાકડી સુગન્ધ આપે. આ સુગન્ધ કાંઈ બહારથી આવી નથી; પણ તે તો તેમાં જ હતી પણ જ્યાંસુધી બહારની ચોંટેલી ખરાબ ચીજને દૂર કરી, એ ચંદનની લાકડીને ઘસવામાં ન આવે ત્યાંસુધી તેમાંથી સુગન્ધ પ્રગટતી નથી. જ્યારે ચંદનને ઘસવામાં આવે છે ત્યારે તેમાંથી સુગન્ધ જ પ્રગટે છે.

જ્ઞાનીજનો કહે છે કે, આ આત્મા પણ ચંદનની સમાન સુગન્ધી છે; પણ દુઃસંગને લીધે એમાં અશાન્તિરૂપ દુર્ગન્ધ પેદા થવા પામી છે. તે દુઃસંગ શું છે? આ પ્રશ્નના જવાબમાં જૈન સિદ્ધાન્ત કહે છે કે, દુઃસંગ કર્મજનિત પાપ છે. વેદાન્તીઓ એને 'માયા' કહે છે અને સાંખ્ય લોકો એને 'પ્રકૃતિ' કહે છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન દાર્શનિકોએ દુઃસંગ વિષે ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરી છે પણ એ બધાનો સાર માત્ર એટલોજ છે કે, આત્મા પોતે તો સુગન્ધમય જ છે પણ સંગને લીધે તેમાંથી દુર્ગન્ધ આવે છે; અર્થાત્ આત્મામાં તો શાન્તિ જ છે પણ કર્મસંયોગને લીધે શાન્ત આત્મા પણ અશાન્ત બની ગયો છે અને દુઃખ અનુભવી રહ્યો છે. કર્મસંયોગને લીધે જ આત્માને અશાન્તિ ભોગવવી પડે છે.

કોઈ કહે કે, દેવોની વાત એક બાજુ મૂકીએ તોપણ મનુષ્યોમાં પણ એવા કેટલાક મોટા મોટા માણસો છે કે જેઓ અહીં શાન્તિ

અનુભવી શકાય છે. જેમકે આ દેહમાં જે સજ્જનોના ટોળા ભરાયેલા છે તે સજ્જનો ભલે ભલે આવે. આ પોશાક કે દેહભાવમાં જેના ન હોય તેઓ પણ તેઓ સુખી જ હોય છે. શું આ પ્રકારના સુખી આત્માઓને પણ દુર્ગન્ધવાળા કહી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ચન્દન ઉપર જ્યારે દુર્ગન્ધવાળી માટીને ચોંટેલી હોય ત્યારે દુર્ગન્ધ આપે છે ત્યારે સુગન્ધી માટીને ચોંટેલી હોય ત્યારે સુગન્ધ આપે છે. ઉપર ચોંટેલા પદાર્થને લીધે ભલે તે સુગન્ધ આપે કે દુર્ગન્ધ; પણ તે દુર્ગંધ કે સુગન્ધ પ્રકૃત નથી પણ વિકૃત જ છે. આ જ પ્રમાણે આત્મા ઉપરથી ભલે પાપપુણ્યના કારણથી સુખી દેખાતો હોય પણ એ પાપ કે પુણ્ય બન્ને વિકૃતિ જ છે, પ્રકૃત નથી. સંગ માત્ર ત્યાજ્ય છે પછી ભલે તે સત્સંગ હોય કે દુઃસંગ હોય! જ્યારે દુઃસંગ કે પાપ છોડી જ શકાતાં ન હોય ત્યારે જ સત્સંગ કે પુણ્ય આદરણીય બને છે. સંગ માત્ર તજવા યોગ્ય છે; એટલા માટે પાપ-પુણ્ય એ બન્ને વિકૃતિઓને દૂર કરવી જોઈએ. વિકૃતિ દૂર થાય તો જ આત્મા અશાન્તિથી છુટકારો મેળવી શકે, નહિં તો તે ભિખારી જ બન્યો રહેશે. આ આત્મા સુખી તો ત્યારે જ થઈ શકે કે, જ્યારે વાસ્તવિક અવસ્થામાં આવે. આ વાત એક ઉદાહરણ દ્વારા સમજાવું છું:—

એક કરોડપતિ શેઠને એક પુત્ર હતો. શેઠે મરતા પહેલાં પુત્રને એવી શિક્ષા આપી કે, "હે! પુત્ર! તું મુનીમ જેવા સારા માણસોની સંગતિ કરજે અને એમનું કહ્યું માનજે. ખરાબ લોકોની સંગતિમાં પડીશ નહિ." આ પ્રકારની શિક્ષા આપી શેઠ મૃત્યુ પામ્યો. પુત્ર યુવાન હતો. એટલે યુવાનીના નશામાં શેઠની શિક્ષા ભૂલી ગયો. મનુષ્યો યુવાનીના નશામાં પડી જઈ મોજમઝા માણે છે અને હિતૈષીઓએ આપેલી હિતશિક્ષા પણ ભૂલી જાય છે આ

નિયમાનુસાર તે પુત્ર પણ પિતાની હિતશિક્ષા ભૂલી ગયો. અને સત્સંગતિ છોડી ખરાબ સંગતિમાં પડી ગયો. હવે એને મુનિમ જેવા હિતૈષીઓની પણ સંગતિ ખટકવા લાગી. એટલું જ નહિ પણ જ્યારે મુનિમ વગેરે કોઇ ખરાબ સંગતિ છોડી દેવાની હિતસલાહ આપતાં ત્યારે તે એમ વિચારતો કે, 'આ બધા લોકો મારી મોજમઝામાં બાધા ઊભી કરવા ચાહે છે.' જ્યારે મનુષ્ય વિષયની લાલસામાં પડી, પિતાની હિતશિક્ષાની અવહેલના કરે છે ત્યારે મુનીમ આદિની હિતસલાહની તેને શી પરવા હોય ? વિષયી પુરુષને તો જે વિષયભોગની વાત કહે તે જ પ્રિય લાગે છે અને જે તેનો વિરોધ કરે છે તે અપ્રિય લાગે છે. શેઠના પુત્રની આવી અવદશા જોઇ, સ્વામીભક્ત મુનીમ વગેરે તેની નોકરી છોડી ચાલ્યા ગયા.

શેઠનો પુત્ર વિષયવાસનામાં પડી જઇ ધનને ઉડાડવા લાગ્યો. થોડા દિવસોમાં તો તેનું બધું ધન ઉડી ગયું અને પરિણામે મકાનો વગેરે સ્થાવર મિલ્કત પણ ગિરવી મૂકવા પડ્યાં. શેઠના પુત્રની દશા ભિખારી જેવી થઇ ગઇ ત્યારે તેના મોજશોખના સાથીઓ પણ તેને છોડીને ચાલ્યા ગયા. જ્યારે શેઠના પુત્રને ખાવાનાં પણ સાંસાં પડવા લાગ્યાં ત્યારે તેને ભિક્ષા માંગીને ખાવાનું માથે આવી પડ્યું. વ્યાજનું કરજ ચુકવવામાં મોડું કરીએ તો ચાલી શકે પણ પેટનું કરજ તો ચુકવવું જ પડે છે. હવે ભિક્ષા માંગીને પેટ ભરવા સિવાય બીજો રસ્તો ન હતો. શેઠનો પુત્ર ભિખારી બની ગામમાં ભટકવા લાગ્યો. કોઇવાર તેને પકવાન જેવું સારું ખાવાનું મળતું તો કોઇવાર રોટલીનો ટુકડો પણ મળતો નહિ. જ્યારે સારું ખાવાનું મળતું ત્યારે તે પ્રસન્ન થતો અને જ્યારે લુખાસુકા રોટલાનો ટુકડો મળતો ત્યારે તે દુઃખી થતો. આ પ્રમાણે શેઠના પુત્રના દિવસો પસાર થવા લાગ્યા. એક દિવસ તે ભિખ માંગતો માંગતો મુનીમને

ઘેર આવી ચડ્યો. તે મુનીમને તો ઓળખી ન શક્યો પણ મુનીમ પોતાના શેઠના પુત્રને પારખી ગયા કે, 'આ મારા શેઠના પુત્ર છે અને મારા માલિક છે.'

મુનીમે શેઠના પુત્રને ઉપર બોલાવ્યો. પહેલાં તો તે મુનીમની પાસે જતાં ગભરાયો પણ જ્યારે મુનીમે તેને આશ્વાસન આપ્યું ત્યારે તે તેની પાસે ગયો. મુનીમે તેને પૂછ્યું કે, તું મને જાણે છે? શેઠના પુત્રે કહ્યું કે, 'તમે તો મોટા માણસ છો એટલે તમને કોણ ન જાણે'? મુનીમે કહ્યું કે 'એ કહેવું વ્યર્થ છે. તું તો મને ભૂલી ગયો છે પણ હું તને ભૂલ્યો નથી. હું તારો મુનીમ છું. મેં તને ખરાબ માણસોની સંગતિથી દૂર રહેવા ખૂબ કહ્યું પણ તેં મારું કહેવું માન્યું નહિ એટલે હું તારા ઘરને છોડી ચાલ્યો આવ્યો છું; તો પણ પૂર્વ સમ્બન્ધને કારણે તું મારો છે અને હું તારો છું.'

શેઠના પુત્ર મુનીમને ઓળખ્યો. તે મુનીમની પાસે પોતાના દુષ્કૃત્ય માટે રોવા લાગ્યો. લોકો, કષ્ટસંકટો શા માટે પડતાં હશે? એમ કહી નિશ્વાસ નાખે છે. પણ કષ્ટ–સંકટોનું પડવું પણ ઘણીવાર લાભકર્તા નીવડે છે. જ્યારે શેઠનો પુત્ર જવાનીના નશામાં મસ્ત હતો ત્યારે તેણે મુનીમની વાત માની નહીં, પણ જ્યારે તેને માથે સંકટો પડ્યાં ત્યારે તે મુનીમની વાત સાંભળવા તત્પર થયો. આ પ્રમાણે સંકટો પણ કોઇને કોઇ સુધારને નિમિત્તે માથે આવી પડે છે

શેઠનો પુત્ર, રુદન કરતો મુનીમને કહેવા લાગ્યો કે, 'મેં આપનું કહેવું માન્યુ નહિ એટલે મારી આવી અવદશા થઇ છે. મેં મારી પાસે જે કાંઇ હતું તે બધું ગુમાવી નાખ્યુ છે અને અત્યારે ભિખારીની અવસ્થામાં ભીખ માટે ઘેર ઘેર ભટકું છુ.

મુનીમે તેને આશ્વાસન આપતાં કહ્યું કે, 'તું ગભરાઇશ નહિ. તારી બહારની બધી વસ્તુઓ ચાલી ગઇ છે પણ હજી તારા ઘરમાં દબાએલું શું બાકી છે તે તું જાણતો નથી; એ હું જાણું છું. પણ તું મારા કહેવા પ્રમાણે તો ચાલીશને ?'

શેઠના પુત્રે જવાબ આપ્યો કે, 'આટલી ખરાબ સ્થિતિએ પહોંચ્યા પછી પણ જો આપની હિત સલાહ ન માનું તો મારા જેવો બીજો કોણ હતભાગી હોય ? હું આપના કહેવા પ્રમાણે અવશ્ય ચાલીશ અને આપ જે કહેશો તે પ્રમાણે વર્તીશ.

મુનીમે કહ્યું કે, 'જો તું મારા કહેવા પ્રમાણે ચાલીશ તો તો આજે પણ શ્રીમન્ત જ છો.' મુનીમે શેઠના પુત્રને સ્નાનાદિ કરાવી નવાં કપડાં પહેરાવ્યાં અને પોતાના ઘરે તેને રાખ્યો. થોડાંક દિવસ સાથે રહેવાથી જ્યારે મુનીમને પાકો વિશ્વાસ થઇ ગયો કે, શેઠનો પુત્ર હવે મારૂં કહેલું માનશે અને ખરાબ માણસોની સંગતિ નહિ કરે ત્યારે તેણે પોતાની પુંજીથી તેનું ઘર ગીરવીમાંથી છોડાવ્યું અને તે ઘરમાં દટાએલાં રત્નો કાઢી શેઠના પુત્રને સોંપ્યાં અને તેને તેના પિતાની પૂર્વ સ્થિતિએ પહોંચાડ્યો. આ પ્રમાણે મુનીમે શેઠના પુત્રને સુધારના માર્ગે ચડાવ્યો તો તે મુનીમનો ઉપકાર માનશે કે નહિ ?

આ તો દૃષ્ટાન્ત છે. આ દૃષ્ટાન્તની પાછળ રહેલો હેતુ તપાસો અને એ દૃષ્ટાંતને તમારા જીવનમાં ઉતારો.

આપણે બધા ભગવાનના પુત્રો છીએ. ભગવાન શાન્તિનાથ કોના છે ? બધા [illegible] કહેશે પણ શાન્તિનાથ ભગવાન જેમના છે અને જેઓ શાન્તિનાથ ભગવાનના છે તેમનો વ્યવહાર કેવો હોવો

જોઈએ ? ભગવાન શાન્તિનાથના સેવકે પોતાનું જીવન કેવું બનાવવું જોઈએ ! એને ધર્મનું પાલન કેવું કરવું જોઈએ ! એ વિષે આ સૂ.માં જે કાંઈ કહેવામાં આવ્યું છે, જો તેને તમે હૃદયમાં ધારણ કરો-આચારમાં ઉતારો-તો તમે ધર્મના સાચા નેતા બની શકો એમ છે.

એક કબૂતરની જીવનરક્ષા માટે પોતાના શરીરનું બલિદાન આપવાની તત્પરતા બતાવવાથી જ શાન્તિનાથ ભગવાન બન્યા છે. તેઓ પૂર્વાપર એવો વિચાર પણ કરી શકતા હતા કે, ' એક કબૂતર જીવિત રહીને શું કરી શકશે અને હું જીવિત રહીશ તો કેટલું કામ કરી શકીશ ! પણ આ પ્રકારનો ક્ષુદ્ર વિચાર કરવો એ જ માયા અથવા વિકૃતિ છે. ' હું ' ને માનવું, પોતાના પ્રાણને મહત્ત્વ આપવું એ વિકૃતિ છે. જ્ઞાનીજનો તો એમ કહે છે કે ' હું-તું ' નો સંબંધ તો શરીરનો છે. આપણે કેવળ શરીરને જ જોવું ન જોઈએ પણ આત્માને જોવો જોઈએ, અને કીડીથી લઈ કુંજર સુધી બધાં નાનાં-મોટાં પ્રાણીઓનો આત્મા સમાન જ છે. આ પ્રકારના ઉદાર વિચારને કારણે જ ભગવાન શાન્તિનાથે પોતાના પહેલા ભવમાં ' આ તો કબૂતર છે અને હું મનુષ્ય છું ' આ પ્રકારનો ક્ષુદ્ર વિચાર ન કર્યો. તેમને એ પણ ખબર ન હતી કે, આ દેવની માયા છે, તો પણ ' જેવો મારો આત્મા છે તેવો જ આત્મા આ કબૂતરનો છે ' એ વિશ્વાસ દૃઢ હોવાને લીધે તેઓ પોતાના શરીરનું બલિદાન આપવા પણ તત્પર થયા હતા.

ભગવાન શાન્તિનાથે આત્મબલિદાનની તત્પરતા બતાવી હતી એટલા માટે જ તેઓ આપણને પ્રિય લાગે છે. તમે પણ તેમના મહાન કાર્યને બરાબર હૃદયપૂર્વક અનુસરો તો તેમાં તમારું કલ્યાણ જ છે. કહેવાનો આશય એ છે કે, જે પ્રમાણે તે છોકરો એક કરોડપતિનો

પુત્ર હતો તે જ પ્રમાણે આપણે પણ ભગવાનના પુત્રો છીએ. પરંતુ જેમ તે ખરાબ માણસોની સંગતિમાં પડી જઇ આખરે દુઃખી બન્યો તેમ આપણે પણ કર્મની સંગતિમાં પડી જઇ દુઃખ અનુભવી રહ્યા છીએ. ભગવાનના પુત્રોએ ખરાબ સંગતિમાં પડવું ન જોઇએ પણ ભગવાનની શિક્ષાનુસાર ભગવાનને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં સંલગ્ન રહેવું જોઇએ અને સાચા ગુરુરૂપી મુનિમનું કહેવું માનવું જોઇએ. પણ આ આત્મા કામ, ક્રોધ, લોભ આદિ દુષ્ટોની સંગતિમાં પડી જઇ સાચા મુનીમરૂપી સદ્‌ગુરુનું કહેવું માનતો નથી. જેમ શેઠના પુત્રે હિતસલાહ માની નહિ એટલે મુનિમ તેના ઘરમાંથી નીકળી ગયા પણ બળજબરી જરા પણ કરી ન શક્યા તેમ ગુરુ પણ કોઇના ઉપર બળજબરી કરતા નથી. જ્યારે કોઇ કહેવું માનતા નથી ત્યારે ગુરુ ત્યાંથી ચાલ્યા જાય છે. મુનીમની હિતસલાહ ન માનવાથી જેમ શેઠનો પુત્ર દુઃખી થઇ ગયો અને તેને ભિખારી થઈ ભટકવાનો વખત આવ્યો તેમ ગુરુની હિતસલાહ ન માનવાથી આ આત્મા પણ દુઃખી થઇ ગયો છે અને ભિખારીની માફક અહીંતહીં ભટકી રહ્યો છે. જેમ ભિખારી સારું ખાવાનું મળવાથી પ્રસન્ન થાય છે અને લૂખુંસૂકું મળવાથી દુઃખી થાય છે તેમ આ આત્મા પણ ઇન્દ્રિયભોગના પદાર્થો મળવાથી પ્રસન્ન થાય છે અને જ્યારે એવાં ભોગનાં પદાર્થો મળતાં નથી ત્યારે દુઃખી થાય છે.

આ પ્રમાણે સદ્‌ગુરુની શિક્ષા ન માનવાથી અને દુષ્ટ કામવૃત્તિની સંગતિમાં પડવાથી આ આત્મામાં આવું ભિખારીપણું આવી રહ્યું છે. લોકો ફોનોગ્રાફ, રેડિયો, અથવા નટી આદિના ગાયનો સાંભળવા ચાહે છે પણ આ તેમનું ભિખારીપણું છે કે નહિ ? જો ભિખારીપણું નથી તો એમ વિચારો કે, તમે જે કાનોદ્વારા ગાયનો સાંભળવા ચાહો છો તે કાનો ઉપર પણ તમે તમારું આધિપત્ય રાખી શકો

છો ? કોઈ બહેરા માણસને તમે ગાયન સાંભળવાનું કહો તો તે શું કહેશે ? ને એમ જણાવશે કે, ' મારે કાન જ નથી તો સાંભળવું શું ?' એમ કહી ને રોવા લાગશે. અર્થાત્ કાન ઉપર પણ તમારું આધિપત્ય નથી. એટલા માટે જે કાનનો પણ કાન છે તે આત્માને ઓળખો. લોકો કાનના પણ કાનને ઓળખતા નથી અને ઇન્દ્રિયોના વિષયના ભિખારી-દાસ બની રહ્યા છે. ઇન્દ્રિયો ઉપર પણ આત્માનું આધિપત્ય રહ્યું નથી, અરે ! ફેનોગ્રાફ આદિ પદાર્થો ઉપર પણ આધિપત્ય રહ્યું નથી. ફેનોગ્રાફ પણ સદા ટકતું નથી, તે પણ તૂટી જાય છે અને તે સમયે પણ દુઃખ થાય છે, આ ભિખારીપણું નથી તો શું છે ?

જો તમે આવા ભિખારીપણાને છોડી સ્વતન્ત્રતા પ્રાપ્ત કરવા ચાહો છો તો આત્માને સદ્ગુરુ સૂચવે એવા આત્મસુધારના શુભ કામમાં પરોવો. સદ્ગુરુ તો એમ કહે છે કે, " જો તમારાથી કાંઇ ન જ બની શકતું હોય તો એટલું તો અવશ્ય કરો કે, તમારા કાનનો બીજાની નિંદા સાંભળવામાં દુરુપયોગ કરો નહિ પણ તેનો પરમાત્માના ગુણગાન કરવામાં સદુપયોગ કરો. જો આટલું કરો તોય તમારો આત્મા સન્માર્ગે છે એમ કહી શકાય.

તમે તમારા માટે એ પણ ધ્યાનમાં રાખો કે, તમારા કાન બીજાની લડાઇ, નિંદા સાંભળવા ઉત્સુક રહે છે કે પરમાત્માના ગુણગાન સાંભળવા પ્રેરાય છે ! જો તમારા કાન બીજાની નિંદા સાંભળવા ઉત્સુક રહેતાં હોય તો તમે હજી કુમાર્ગ ઉપર છો એમ સમજવું જોઇએ.

આંખોનો બરાબર લાભ લેવો હોય તો આંખો દ્વારા બધા પ્રાણીઓને પ્રેમમય જોવા જોઇએ. જ્યારે બધા પ્રાણીઓ પ્રેમમય

છે એવી ભાવના પ્રગટશે ત્યારે, પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ હોય, તે દુઃખી હોય કે સુખી હોય બધામાં પરમાત્માનું રૂપ જોવામાં આવશે. આંખો દ્વારા પરમાત્માના રૂપનું દર્શન થાય એ જ આંખનો સાચો લાભ છે. પણ આંખનો આ દુર્લભ લાભ ન લેતાં લોકો કોઇ સુન્દરી તરફ કામદૃષ્ટિ ફેંકે છે અને આંખોને દૂષિત કરે છે.

'હરિજન બન્ધુ' માં ગાંધીજીએ એક અગ્રલેખ લખ્યો છે. તેમાં એક બાઇએ તેમની પાસે ફરિયાદ કરી છે કે, "આજકાલ સ્ત્રીઓનાં એવાં અશ્લિલ ચિત્રો વિજ્ઞાપન માટે પ્રચલિત કરવામાં આવ્યાં છે કે, સ્ત્રીઓ જાણે એ માટે જ સર્જી ગઈ ન હોય?" વાસ્તવમાં આજકાલ દૈનિક પત્રોમાં, પુસ્તકોમાં અને વિજ્ઞાપનોમાં સ્ત્રીઓનાજ ફોટાઓ આપવામાં આવે છે. આવું કરનારા લોકો, પુરુષોમાં નીચ વિચાર જાગ્રત કરી પોતાની ઇષ્ટ સાધના કરવા ચાહે છે પણ તેઓ એટલું જાણતા નથી કે, અમારી જન્મદાત્રી માતા પણ સ્ત્રીઓમાંની એક છે. એ માતાની આ પ્રમાણે અવહેલના કરવી એ શું પુત્રને માટે યોગ્ય છે? પણ લોકો એ વસ્તુ જોતા નથી. આ આંખોનો દુરુપયોગ છે. ખરાબ ચિત્રો જોઈ અપ્રસન્ન થવું અને સારા ચિત્રો જોઇ પ્રસન્ન થવું એ પણ સારી ખાવાની ચીજ મળવાથી પ્રસન્ન થવું અને ખરાબ ચીજ મળવાથી ખિન્ન થવા જેવું ભિખારીપણું છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવવામાં આવ્યું છે કે, પ્રત્યેક ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવાથી આત્મા કેવીરીતે ભિખારી બને છે અને સંસારમાં ભટકે છે? જ્યારે સદ્ગુરુ મળે છે ત્યારે તેને આત્મભાન થાય છે. સાચા સદ્ગુરુ તો તે જ છે કે, જે માનપૂજાને ચાહતા ન હોય પણ એમ ચાહતા હોય કે એ મને માને કે ન માને અથવા તે નાસ્તિક પણ હોય તો પણ પતિતાત્માને પોતાના આત્મા સમાન

ગણી તેનો ઉદ્ધાર કરવાનું પોતાનું કર્તવ્ય સમજે. શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે :—

सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइं पासओ
पिहियासवस्स दंतस्स पावकम्मं न बंधई ॥

અર્થાત—જે કોઈ બધા જીવોને પોતાના આત્મ સમાન માને છે તેને પાપકર્મનો બંધ થતો નથી. ગીતામાં પણ કહ્યું છે કે;—

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन। —गीता

અર્થાત્—જે બધા પ્રાણીઓને પોતાના આત્માની સમાન માને છે તે જ પરમાત્માનો ભક્ત છે. આ પ્રમાણે જે પાપી, દુષ્ટ અને દુરાત્માઓનો પણ પોતાના આત્માની માફક ગણી ઉદ્ધાર કરે છે તે જ સાચા સદ્‌ગુરુ છે. સાચા ગુરુનું કોઈ માને કે ન માને પણ તેઓ તો એમ જ કહે છે કે, "હે ! બાપ ! તું ગભરાઈશ નહિ. તેં જે કાંઈ ગુમાવ્યું છે તે ઉપરનું જ ગુમાવ્યું છે. તારી આન્તરિક સ્થિતિ તો પરમાત્માની જેવી છે. માટે જો તું અમારું કહ્યું માની ખરાબ માર્ગને છોડી સન્માર્ગ ઉપર આવીશ તો તું તે સ્થિતિને પણ પ્રાપ્ત કરી શકીશ."

સદ્‌ગુરુના સદ્‌વચનોને માની જ્યારે આત્મા કર્મરૂપી કુસંગ છોડી દે છે ત્યારે તે 'तत्त्वमसि' અથવા ઈશ્વરની સમાન બની જાય છે કે નહિ? શાસ્ત્રકારો કહે છે કે:—

सिद्धा सिद्धिं मम दिसन्तु

જ્યારે સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તે સિદ્ધ જ બની જાય છે અને ત્યારે જરાપણ અંતર રહેતું નથી. એટલા માટે જ્ઞાનીજનો

કહે છે કે, તું બહારની સુગન્ધનો ભિખારી કેમ બની રહ્યો છે! જો તું તારા આત્માને પ્રાર્થનાદ્વારા કર્મમેલને ધોઈ નાંખે તો, તારામાં જ સુગન્ધ ભરેલી છે. તારી એ સુગન્ધ પોતાની મેળે જ પ્રગટ થઇ જશે એટલા માટે ઘેર ઘેર ન ભટકતાં સદ્ગુરુ ઉપર વિશ્વાસ રાખો અને આત્મામાં જે શક્તિ રહેલી છે એ શક્તિને પ્રકટ કરવા માટે સક્રિય પ્રયત્ન કરો તો તેમાં કલ્યાણ જ છે. આત્માની શક્તિને પ્રકટ કરવાનું સાધન પરમાત્માની પ્રાર્થના જ છે. એટલા માટે આત્માની શક્તિને પ્રગટ કરવા માટે પરમાત્માની પ્રાર્થના કરો, પણ સાંસારિક ઇચ્છાની પૂર્તિ માટે પરમાત્માની પ્રાર્થનાનો ખરાબ ઉપયોગ ન કરો.

આ વાત મેં કહી અને તમે બધાએ સાંભળી. હવે તો એ પ્રમાણે આચારમાં ઉતારવાનું જ બાકી રહે છે. કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિ પ્રમાણે આ વિષયમાં બીજા પ્રકારની કલ્પના પણ કરી શકે એમ છે પણ આ વિષય બુદ્ધિવાદનો નથી. આ તો આત્મવિશ્વાસનો વિષય છે માટે બુદ્ધિવાદને એક બાજુ મૂકી જો વિશ્વાસપૂર્વક આ પ્રાર્થનાને હૃદયમાં ઉતારો તો અપૂર્વ શાન્તિ મળશે.

ભગવાન શાન્તિનાથની જે પ્રાર્થના કરવામાં આવી છે .તેમાં આ જ વિષયની ચર્ચા છે.

ભગવાન શાન્તિનાથ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાના તેજથી સંસારનો મહામારી રોગ પણ નાશ પામ્યો હતો. જો તમને આ વાત ઉપર વિશ્વાસ હોય તો તમે પણ ભગવાન શાન્તિનાથ તમારા હૃદયમાં ધારણ કરો. તમે કહેશો કે શું ભગવાન મોક્ષમાંથી અમારા હૃદયમાં જન્મવા આવશે? આ પ્રશ્નનો જવાબ એ છે કે, જે રાત્રે ભગવાન ગર્ભમાં આવે છે તે રાતે તીર્થંકરની માતાને ૧૪ સ્વપ્નો

જોવામાં આવે છે. આ સ્વપ્નો તીર્થંકર તેમજ આખા જગતના કલ્યાણનાં દ્યોતક છે. જો તેથી કેવળ તીર્થંકરનુંજ કલ્યાણ થતું હોય અને આખા જગતને કશું કલ્યાણ પહોંચતું ન હોય તો, માતાને પણ ૧૪ સ્વપ્નો જોવામાં ન આવે. એ સ્વપ્નોથી કેવળ ભગવાનનુંજ નહિ પણ સમસ્ત જગતનું પણ તેમાં કલ્યાણ રહેલું છે. આખા જગતમાં આપણો પણ સમાવેશ થાય છે. જે પ્રમાણે સૂર્ય બધાને માટે હોય છે તેમ ભગવાનની માતાને જે સ્વપ્નો આવે છે તે પણ બધાના કલ્યાણ માટે હોય છે. આ સ્વપ્નો આખા જગતનું કલ્યાણ કરનાર પુત્ર પ્રસવશે તેની સૂચનારૂપ હોય છે. જે સમયે આ સ્વપ્નો આવે છે ત્યારે તો ભગવાન પૂર્ણ પણ હોતા નથી પણ હવે તો પૂર્ણ છે. જ્યારે અપૂર્ણને પણ હૃદયમાં ધારણ કરીએ છીએ તો, પૂર્ણને હૃદયમાં શું ધારણ કરી ન શકાય? અને જ્યારે અપૂર્ણ ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારે જગતમાં શાન્તિ થઇ તો શું પૂર્ણ ભગવાનને હૃદયમાં ધારણ કરીએ તો શાન્તિ નહિ થાય?

ભગવાન હૃદયમાં આવ્યા છે એની નીશાની એ છે કે, ત્યારે દૃષ્ટિ એકદમ શાન્ત થઇ જાય છે. જેના હૃદયમાં ભગવાન આવે છે તેની દૃષ્ટિ ચારે બાજુ શાન્તિજ ફેલાવે છે. કેવી રીતે શાન્તિ ફેલાવે છે! એને માટે કહ્યું છે કે:—

चइत्ता भारहंवासं चक्कवट्टीमहड्ढिय ।
सन्ति सन्तिकरे लोए पत्तो गइमणुत्तरं ॥

उ. सूत्र. अ. १८.

ભગવાન શાન્તિનાથે, શાન્તિ માટે ચક્રવર્તીનું રાજ્ય પણ ત્યાગ કીધું ત્યારે શાન્તિનાથ ભગવાન બન્યા એમ ગણધર મહારાજ કહે છે. તેમને ચક્રવર્તીનું રાજ્ય મળ્યું હતું પણ તેમને શાન્તિ ન લાગી

[illegible]
[illegible]
[illegible]
[illegible]
એટલે ભગવાનને [illegible] શાન્તિ [illegible]
શકશે નહિ. કદાચિત્ [illegible]
કરી શકાય પણ [illegible] ઉત્પન્ન
થઈ શકશે નહિ. આ પ્રમાણે વિચાર કરી, ભગવાન શાન્તિનાથે
શાન્તિ માટે શસ્ત્રનો ત્યાગ કર્યો. જૈન શાસ્ત્રની એ જ વિશેષતા
અને મૌલિકતા છે કે, જે માર્ગ જગતના રંકજનો માટે છે તે માર્ગે
મહાન પુરુષો પોતે પણ જાય છે. એટલા જ માટે ભગવાન શાન્તિનાથે
છ ખંડની સંપદાનો ત્યાગ કરી જગતના લોકોને ઉપદેશ આપ્યો કે,
સંસારની સંપદાથી શાન્તિ મળી શકતી નથી માટે શાન્તિ મેળવવા
માટે સંસારના ફંદામાંથી છૂટી જવું. શાસ્ત્રકારોએ ભગવાન
શાન્તિનાથને જગતના શાન્તિદાતા ત્યારે જ માન્યા જ્યારે તેમણે
જગતની શાન્તિ માટે છ ખંડની ઋદ્ધિસિદ્ધિનો ત્યાગ કર્યો.

ભગવાન શાન્તિનાથે, શાન્તિનો જે રાજમાર્ગ બતાવ્યો છે તે માર્ગે આપણે જઈએ તો અવશ્ય શાન્તિ મળે અને બીજાને પણ શાન્તિ પહોંચાડી શકીએ. માટે તમારી પાસે જે બળ અને જે શક્તિ છે તેનો બીજાની શાન્તિ માટે ઉપયોગ કરો. ભગવાન શાન્તિનાથ બીજાને શાન્તિ પહોંચાડવાને કારણે જ ભગવાન બન્યા છે માટે તમે પણ બીજાની શાન્તિ માટે યથાશક્તિ ત્યાગ કરો.

કોઈ જગ્યાએ દુષ્કાલપીડિતો માટે ફંડ એકત્રિત થતું હતું. તેમાં એક વૃદ્ધ સ્ત્રીએ એક પૈસો આપ્યો ત્યારે આ ફંડમાં જેમણે

હજારો રૂપિયા નાખ્યાં હતાં તે શ્રાવસ્તિપતિ અને કોશપતિ પ્રતિ કહેવા લાગ્યા કે, 'એક પૈસાની આટલા ગોટા ફંડમાં શી કિંમત છે ?' આમ કહી ને લોકો એક પૈસાની અવહેલના કરવા લાગ્યા. તે વખતે ત્યાં એક સત્પુરુષ હાજર હતા. તેમણે કહ્યું કે, 'આપણી આ વૃદ્ધ સ્ત્રીનો એક પૈસો પણ તમારા હજારો રૂપિયા કરતાં પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. કારણ કે, તમારી પાસે તો લાખો અને કરોડો રૂપિયા છે ત્યારે તમે હજારો રૂપિયા ફંડમાં ભરી શક્યા છો. ત્યારે આ વૃદ્ધ સ્ત્રીને તો હરરોજની કેવળ ત્રણ જ પૈસાની આવક છે; તોપણ તેણે એક ટંકના ભોજનનો ત્યાગ કરી એક પૈસો બચાવી, આ ફંડમાં આપ્યો છે. આ વૃદ્ધ સ્ત્રીની માફક તમે કોઈએ ત્યાગ કર્યો નથી.

આ પ્રમાણે શક્તિ અનુસાર કરેલા ત્યાગનું મહત્ત્વ કાંઇ ઓછું નથી. માટે યથાશક્તિ ત્યાગ કરી ભગવાન શાન્તિનાથે નિર્દિષ્ટ કરેલ શાન્તિના માર્ગે ચાલશો તો તેમાં તમારું બધાનું કલ્યાણ જ છે.



વ્યાખ્યાન: જન સેવા (૧)*

પ્રાર્થના

કુંથુ જિનરાજ તૂ ઐસો, નહીં કોઇ દેવ તો જૈસો ।
ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દઢ ગહિએ; ॥ કુંથુ ॥

શ્રી કુન્થુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આજે મસ્તકમાં જોઇએ તેવી શાન્તિ નથી એટલે બોલવામાં અપૂર્ણતા રહી જાય એવો સંભવ છે; પણ પરમાત્માની પ્રાર્થનાનો વિષયજ એવો છે કે, તેમાં અપૂર્ણતા કે ન્યૂનતાને સ્થાનજ નથી. ગમે તેવી તબીયત, યોગ્યતા કે શક્તિ હોય તો પણ પરમાત્માની પ્રાર્થના હમેશાં થઇ શકે છે એવું જ્ઞાનીઓનું કથન છે અને એ ઉપર મારો પણ વિશ્વાસ છે.

પ્રાર્થના કરવા વિષે આ તો વાત થઇ. પણ પરમાત્માની પ્રાર્થના કેવી રીતે કરવી જોઇએ! એ વિષે પણ વિચાર કરવો જોઇએ.

વિચાર, બુદ્ધિ અને દષ્ટિબિન્દુની ભિન્નતા હોવાથી પરમાત્માની પ્રાર્થના પણ ભિન્ન ભિન્ન રીતિએ થઇ શકે છે; પણ જ્ઞાનીઓનું કથન છે કે, આ ભિન્નતામાં પણ એકતા રહેલી છે. ભિન્નાવાકયતામાં

*સ્થળ:-રાજકોટ મ્યુનિસિ દરબાર હોલ તા. ૨-૧૨-૩૬.

પણ ઓળખાવવા રહેલી છે. અથવા રહી શકે છે એ વાતને તો જ્ઞાનીજનો જ બરાબર સમજાવી શકે; તોપણ હું મારી શક્તિ અનુસાર એ વાતને બતાવવાનો પ્રયત્ન કરું છું.

પ્રાર્થનાની કડીઓમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે તે ઉપરથી એમ જણાય છે કે, એક સિદ્ધ છે અને બીજા સાધક છે. સાધક સિદ્ધ થવા માટે સાધનનો ઉપયોગ કરે છે. કારણ કે, સાધનની દ્વારા જ સિદ્ધ થવાય છે. સિદ્ધોની સાધના જોઇ આપણે પણ સમજી શકીએ છીએ કે, આપણે સાધક પણ બરાબર સાધન મળે તો સિદ્ધ થઇ શકીએ છીએ. જેઓ સિદ્ધ થઇ ગયા છે તેઓ આપણા માટે સાધનનો જે આદર્શ વારસામાં છોડી ગયા છે તે આદર્શ માર્ગે આપણે ચાલીએ, વિપરીત માર્ગે ન જઇએ, તો આપણે પણ સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ.

સિદ્ધોએ આપણા માટે કયો આદર્શ માર્ગ બતાવ્યો છે? આ પ્રશ્નના જવાબમાં હું એટલું જ કહું છું કે, તે માર્ગ પરમાત્માની પ્રાર્થના કરવાનો છે.

જો પરમાત્માની પ્રાર્થના બરાબર કરવામાં આવે, તેમાં કોઇ પ્રકારની કચાઈ કરવામાં ન આવે તો આત્મા કોઇ વખત સંસારની ભૂલભૂલામણીમાં ભટકે નહિ. પણ આત્માની અશુદ્ધિ દૂર કરવા જતાં બીજી અશુદ્ધિ આવી ન જાય તેનું પરમાત્માની પ્રાર્થના કરતી વખતે સતત ધ્યાન રાખવું જોઇએ; કારણ કે પરમાત્માની પ્રાર્થના આત્માની અશુદ્ધિ દૂર કરવા માટે કરવામાં આવે છે.

આ આત્મા સંસારની ઋદ્ધિ વગેરે પ્રલોભનોમાં પડી જાય છે અને પછી પ્રલોભનો પાછળ ભટકતો ફરે છે. સંસારનું એક દુઃખ દૂર કરવા જતાં તે બીજું દુઃખ વહોરી લે છે. તે એટલું જોતો

[illegible] કષ્ટ માંગી લે છે. પરમાત્માની પ્રાર્થના [illegible] માંગી લેવા માટે નહિ પરન્તુ જે કષ્ટ ઊભું થાય છે તે કષ્ટનું મૂળ કારણ [illegible]. કષ્ટથી મુક્ત થવાનો અને અશુદ્ધિને દૂર કરવાનો પ્રાર્થનાનો હેતુ છે.

આજનો યુગ બુદ્ધિવાદનો છે એટલા માટે પ્રત્યેક કાર્ય પ્રારંભતાં પહેલાં બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે છે. પણ જીવનસિદ્ધાન્ત અને બુદ્ધિસિદ્ધાન્ત બન્ને ભિન્ન ભિન્ન તત્ત્વ છે. એટલા માટે બુદ્ધિના સિદ્ધાન્તની સાથે જીવનસિદ્ધાન્તનો પણ ઉપયોગ કરવો જોઈએ.

જીવનસિદ્ધાન્ત આત્માને લગતો છે જ્યારે બુદ્ધિવાદ બુદ્ધિને લગતો છે. આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ ત્રિકાલમાં એકરૂપ રહે છે જ્યારે બુદ્ધિ કોઈ વખત કેવી અને કોઈ વખત કેવી એમ અનેક રૂપ ધારણ કરે છે. આત્મા તો નિત્ય છે જ્યારે બુદ્ધિ અનિત્ય છે. આત્મા બધાનો એક સરખો છે પણ બુદ્ધિ બધાની એક સરખી હોતી નથી. પાપી કે ધર્માત્મા, જ્ઞાની કે અજ્ઞાની, વીર કે કાયર, સ્ત્રી કે પુરુષ બધાની બુદ્ધિ સુષુપ્તિ અવસ્થામાં કોણ જાણે ક્યાં લીન થઈ જાય છે! પણ તે અવસ્થામાંય બધાનો આત્મા તો સ્વસ્થાને જ હોય છે. ગાઢ નિદ્રા આવ્યે બુદ્ધિ વિલીન થઈ જાય છે. ઇન્દ્રિયો અને મનનું સૂઈ જવું એને જ સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે અને સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ પણ શાન્ત થઈ જાય છે. પણ જ્યારે આત્મા જાગે છે ત્યારે જેમ કોઇ વીર પુરુષ જાગીને

પોતાના હથિયારોની સંભાળ લે છે, તેમ આત્મા પણ પોતાના સંસ્કારો પ્રમાણે બુદ્ધિની સંભાળ લે છે; પણ સુષુપ્તિ અવસ્થામાં તો બુદ્ધિ ક્યાં ચાલી જાય છે તેની ખબર રહેતી નથી; પરંતુ આત્મા તો તે વખતે પણ જાગ્રત હોય છે. એટલા માટે જીવનસિદ્ધાન્ત આત્મા આગળ બુદ્ધિવાદને વિશેષ મહત્ત્વ આપવું ન જોઈએ.

આજે આપણા લોકની બુદ્ધિ બહિર્મુખી થઈ ગઈ છે. બુદ્ધિ દૃશ્યમાન પદાર્થોને પકડવા દોડે છે. પણ બાહ્ય પદાર્થોને પકડવાથી આત્માની શોધ થઇ શકતી નથી, તેમ તેથી આત્માનું કલ્યાણ પણ થઇ શકતું નથી.

પાશ્ચાત્ય લોકોએ બુદ્ધિદ્વારા બાહ્ય પદાર્થોનો ખૂબ વિકાસ સાધ્યો છે. રેડિઓ દ્વારા અમેરિકાનું ગાયન અહીં બેઠા સાંભળવું એ કાંઇ ઓછી બુદ્ધિ છે ! આ પ્રમાણે બાહ્ય પદાર્થોની શોધમાં અને તેનો વિકાસ સાધવામાં બુધ્ધિનો ઉપયોગ કરવાથી બુધ્ધિ બહિર્મુખી થઇ ગઈ છે અને તે કારણે બહિર્મુખી બુધ્ધિવાળાઓ આત્માની શોધ કરી શકયા નથી. એટલું જ નહિ પણ કેટલાક બહિર્મુખી બુધ્ધિના તેજમાં અંજાઇ જઇ આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી એમ કહેવા તૈયાર થઈ જાય છે. તે લોકો બુધ્ધિદ્વારા બાહ્ય પદાર્થોના સાન્નિધ્યમાં એટલા બધા આવી ગયા છે કે, તેમની નજરમાં બાહ્ય પદાર્થો સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી. આ ભ્રમ, બહિર્મુખી બુધ્ધિ હોવાને કારણે જ પેદા થયો છે. જો બુધ્ધિને બહિર્મુખી ન બનાવતાં અન્તર્મુખી બનાવવામાં આવે તો તે જ બુધ્ધિ આત્મોન્મુખ બની શકે છે. બુધ્ધિને અન્તર્મુખી કરનારા મહાત્માઓ ભારતમાં આજે પણ હયાત છે. જો બુધ્ધિને અન્તર્મુખી કરનારા મહાત્માઓ ન હોય તો કાળો કેર જ વર્તાઇ જાય ને ? પ્રાચીન

સમયના મહાત્માઓએ બુદ્ધિને બાહ્ય પદાર્થોથી દૂર રાખી અન્તર્મુખી બનાવી કહ્યું છે કે, 'કેવળ આ દૃશ્યમાન બાહ્ય પદાર્થો જ નથી પણ આ બાહ્ય પદાર્થોથી પર એક બીજી વસ્તુ છે, તે આત્મા છે અને તે શાશ્વત-નિત્ય છે.' આ મહાત્માઓના કથન ઉપર વિશ્વાસ રાખી તમે પણ તમારી બુદ્ધિને બહિર્મુખી ન બનાવતાં અન્તર્મુખી બનાવો અને પછી પરમાત્માની પ્રાર્થના કરો. બુદ્ધિ પોતે નકામી નથી. બુદ્ધિની સહાયતા વિના આગળ વિકાસ પણ થઇ શકતો નથી; પણ એ બુદ્ધિ બહિર્મુખી હોવી ન જોઇએ. બુદ્ધિ અન્તર્મુખી હોય તો જ આત્માની ઓળખાણ જલ્દી થઇ શકે!

આપણે બુદ્ધિને કારણે જ મનુષ્ય કહેવાઇએ છીએ. આત્માની દૃષ્ટિએ તો મનુષ્ય અને પશુમાં કાંઇ અંતર નથી. જે કાંઇ ભેદ છે તે બુદ્ધિનો છે. પશુમાં બુદ્ધિનો વિકાસ બરાબર થયો ન હોવાને કારણે તે ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર કરી શકતા નથી; પણ મનુષ્યમાં બુદ્ધિનો વિકાસ થયો હોવાથી તે પૂર્વાપર વિચાર કરી શકે છે. જેમકે, કોઇ પશુએ દુષ્કાળના સમયે ઘાસચારો ન મળવાને કારણે દુઃખ સંકટો સહ્યાં હોય પણ જો તેને ઘાસની ગાડી મળી જાય તો તે ભૂતકાળનાં દુઃખ સંકટોને યાદ કરી તે ઘાસને સંભાળપૂર્વક ખાતો નથી પણ એક સાથે બધું ઘાસ ખરાબ કરી નાંખવાની ઇચ્છા રાખે છે. આ પ્રમાણે પશુ ભૂતકાળનાં સંકટોને યાદ રાખી ભવિષ્યમાં કાંઇ સુધાર કરી શકતા નથી એટલા માટે તે પશુ કહેવાય છે. જ્યારે મનુષ્યમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની પરિસ્થિતિ વિષે વિચાર કરવાની બુદ્ધિ હોવાથી મનુષ્ય કહેવાય છે.

ઇતિહાસ લખવાનો મુખ્ય ઉદ્દેશ ભૂતકાળ બતાવવાનો હોય છે. પ્રાચીન સમયમાં કેવા કેવા બુદ્ધિમાન માણસો હતા અને તેમણે

ાં કેવાં શુભ કાર્યો કર્યાં, હતાં તે આપણને ઇતિહાસ ઉપરથી માલુમ ક છે. ભૂતકાળનું વૃત્તાન્ત ઇતિહાસદ્વારા જાણી, આગળ વધી કાય છે; અર્થાત્ ભૂતકાળને જોઇ ભવિષ્યનું જીવન સુખી બનાવવું ા મનુષ્યનું કર્તવ્ય છે. જો વિવેક બુધ્ધિને ધારણ કરનાર મનુષ્યો તકાળને જોઇ ભવિષ્યનું જીવન સુખમય ન બનાવે તો મનુષ્ય અને શુમાં શું અન્તર રહ્યું ? માટે પ્રત્યેક મનુષ્યે, બુધ્ધિનો સદુપયોગ રી ભવિષ્ય જીવન સુખમય અને શાન્તિમય બનાવવાનો પ્રયત્ન રવો જોઇએ.

જીવનને સુખી બનાવવાનો કોઇ ઉપાય છે? એવો પ્રશ્ન ઘણીવાર છવામાં આવે છે. આ પ્રશ્નના જવાબમાં એમ કહી શકાય કે, જો ઇ ઉપાય ન હોય તો 'જીવન સુખી બનાવો' એવો ઉપદેશ જ હાત્માઓ શા માટે આપત ? સંસારમાં બધાં જીવો દુઃખસંકટોમાંથી ક્ત થવા માટે પ્રયત્ન કરતા રહે છે. પણ તેમાં મનુષ્ય જેટલી ફળતા મેળવી શકે છે તેટલી સફળતા બીજા કોઇ જીવને મળતી નથી.

જીવનને સુખી બનાવવાનો ઉપાય પરમાત્માની પ્રાર્થના છે. ાટલા માટે પરમાત્માની પ્રાર્થના સાથે પ્રીતિસંબંધ જોડો. એમ વું ન જોઇએ કે, તમે અહીં હો ત્યાંસુધી તો પરમાત્માને યાદ કરો ને બહાર જતાં જ પરમાત્માને ભૂલી જાઓ. જેમ કોઇ બાળક ાઠશાળામાં પાંચને પાંચ દશ ગણવાનું શીખે પણ પાઠશાળાની હાર પગ મૂકતાં જ તે અગિયાર ગણવા લાગે તો તેની શિક્ષા ામી કહેવાતી નથી. તેમ અહીંથી બહાર પગ મૂકતાં જ પરમાત્માને ૂલી જાઓ તો આપે વ્યાખ્યાન સાંભળ્યું શું ! એટલા માટે હીંથી બહાર જઇને પણ પરમાત્માને ભૂલો નહિ, કિન્તુ પરમાત્માની ાર્થનાદ્વારા, આ સંસારના જન્મ-મૃત્યુ આદિ ભયથી મુક્ત થઇ

અમૃત બનવાનો પ્રયત્ન કરો. આ મુખ્ય લક્ષ્યને તમારે ભૂલવું ન જોઇએ.

કોઇ એમ કહે કે, અમે અમારા સંસારવ્યવહારને ચલાવીએ કે ભાવનાને અમૃતમય બનાવીએ? આ પ્રમાણે કહેનારાઓની સમજ એવી છે કે, ગૃહસ્થો ભાવનાને અમૃતમય બનાવી શકતા નથી. જો કે સાધકદશામાં સંસારાવસ્થા બાધક છે પણ જે અમૃત ભાવનાનો અભ્યાસી બની જાય છે તેને સંસારાવસ્થા સર્વથા બાધક થતી નથી. એટલા જ માટે હું એટલું જ કહું છું કે, પરમાત્માની પ્રાર્થનાદ્વારા ભાવનાને અમૃતમય બનાવવાનો અભ્યાસ કરો. તમે પ્રાર્થના વિષે ઘણા દિવસથી સાંભળી રહ્યા છો તો તેની અસર હૃદય ઉપર પડી કે નહિ? જ્યારે દ્રવ્ય ચીજની અસર પડે છે તો ભાવ ચીજની અસર શું નહિ પડે? જો તમે ઉપદેશને તમારા હૃદયમાં ધારણ કરો તો તેની અસર તમારા જીવન ઉપર અવશ્ય પડશે અને તેથી તમારું કલ્યાણ પણ થશે.

ભાવનાને અમૃતમય બનાવવામાં અને ન બનાવવામાં શું અન્તર છે! કોઇ એક જ કામ એક પાપી પુરુષ કરે, અને બીજો ધાર્મિક પુરુષ કરે, તો એ બન્નેના કામમાં જે અંતર રહે છે, તેજ અંતર ભાવનાને અમૃતમય બનાવવામાં અને ન બનાવવામાં રહે છે.

એક જ કામ કરતા છતાં, પાપી અને ધાર્મિકના કામમાં જે અંતર રહે છે, તે અંતર ધાર્મિક પુરુષમાં રહેલી અમૃત ભાવનાને જ [illegible] છે. જેમના હૃદયમાં ભક્તિનો અને અમૃતભાવનાનો પ્રવાહ [illegible] છે કે તેમની આંખો જુઓ, તેમનું મુખ જુઓ તથા તેમની [illegible] દૂર દૂર ભાગે છે તેમની પણ

આંખો જુઓ અને તેમની પ્રત્યેક પ્રવૃત્તિ જુઓ તો, બન્નેમાં શું અંતર રહેલું છે તે સ્પષ્ટ જણાઇ આવશે.

તમે પણ તમારા હૃદયમાં ભક્તિનો અને અમૃતમય ભાવનાનો પ્રવાહ વહાવી શકો છો. પણ તમે આજ પ્રપંચોમાં એટલા બધા પડી ગયા છો કે, તે પ્રવાહ બીજે માર્ગે ચાલ્યો જાય છે તેનું તમને ભાન નથી. એટલા માટે તમે તમારી બુધ્ધિને બહિર્મુખી ન બનાવતાં અન્તર્મુખી બનાવો તો તમારા હૃદયમાં પણ ભક્તિનો અને અમૃતમય ભાવનાનો પ્રવાહ વહેવા લાગશે.

જે જ્ઞાનીઓએ પોતાની બુધ્ધિને અન્તર્મુખી બનાવી છે તેમનું મુખ જોઇશું તો જણાશે કે, અમૃતમય ભાવનાને લીધે તેમનું મુખ કેટલું બધું પ્રફુલ્લિત અને આનંદિત જણાય છે! દુનિયા જેને પહાડ જેટલું દુઃખ માને છે તે પહાડ જેટલાં દુઃખો માથે પડતા છતાં પણ, જે ભાવનાને આધારે તેઓ પ્રસન્ન અને આનંદિત રહે છે તે ભાવનાની તપાસ કરો. જેમના હૃદયમાં આ અમૃતમય ભાવનાનો પ્રવાહ વહે છે તે દુઃખને પણ સુખ માનતો થઇ જાય છે. તે ભાવનાશાલી કેવો હોય છે તે માટે એક પ્રાચીન ગ્રન્થમાં આવેલી એક વાત સંભળાવું છું. જે વાત સાંભળીને તમે એ સમજી શકશો કે, એક અમૃતમય ભાવનાવાળો મનુષ્ય કેવીરીતે સ્વપરનો ભેદ ભૂલી જાય છે અને આપત્તિના સમયે પણ કેટલો બધો નિશ્ચલ અને પ્રસન્ન રહી શકે છે.

મઘાનું વૃત્તાન્ત *-૧

મગધ દેશના એક ગામમાં એક ખેડુતને ત્યાં પુત્રનો જન્મ થયો. આ પુત્ર મઘા નક્ષત્રમાં જન્મ્યો હોવાથી તેનું નામ મઘો રાખવામાં આવ્યું. પહેલાના લોકો જે નક્ષત્રમાં જન્મ થયો હોય તે નક્ષત્રના

* બૌદ્ધ જાતક કથામાં આવેલી કથાના આધારે.

[illegible]

[illegible] પ્રકૃતિ [illegible] છે, એટલે તેની [illegible] પૂર્વ [illegible] કહેવાય છે કે, 'પુત્રના લક્ષણ પારણામાંથી જ જણાય છે.' [illegible] પુત્રનાં લક્ષણ પારણામાં [illegible] છે, [illegible] પુત્ર [illegible] પણ [illegible] છે.

જેમ ચંદ્ર કે ફૂલને જોઈને લોકોને આનંદ થાય છે, તેમ આ મહા બાળકને જોઈને બધા લોકોને આનંદ થવા લાગ્યો. આ બાળકને જોઈને ભવિષ્યવેત્તાઓ કહેવા લાગ્યા કે 'લોકો જે તત્ત્વને જાણતા નથી તે તત્ત્વ આ બાળક બધાને સમજાવશે.'

મહાની બાલક્રીડા, તેનાં સંસ્કારો પ્રમાણે સમાપ્ત થઈ. હવે તે થોડોક મોટો થયો. એટલે તે પહાડ, ચન્દ્ર, સૂર્ય, નદી, તળાવ, વૃક્ષ આદિ પ્રાકૃતિક રચના જોઈ આનંદ પામવા લાગ્યો.

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આ જ મોટું અંતર છે કે, જે પદાર્થોને અજ્ઞાની પોતાના વિનોદનું અને મોજમજાનું સાધન માને છે, તે જ પદાર્થોને જ્ઞાનીઓ પોતાના જીવનસાધનાનું કલ્યાણકારી સાધન માને છે. જેમકે ઝરણાનો 'ઝર્–ઝર્' અવાજ સાંભળી સાધારણ માણસ તો તેને વિનોદનું કારણ માને છે, પણ જ્ઞાનીઓ એ ઝર્–ઝર્ અવાજ સાંભળીને એવું વિચારે છે કે, "આ ઝરણું, હું અહીં આવ્યો તે પહેલાં પણ ઝર્ઝર્ અવાજ કરતું હતું, અત્યારે પણ એવો જ અવાજ કરી રહ્યું છે અને મારા ચાલ્યા જવા પછી પણ એવો જ અવાજ

આધારે નામ પાડવાનું એવું જૈન સાહિત્યમાં આવેલા વર્ણન ઉપરથી જણાય છે. આજે તો કે, નામ પાડવાની પ્રથા જુદી જ થઈ ગઈ છે. પણ પહેલાંની પ્રથા જુદા પ્રકારની હતી.

મઘો પૂર્વજન્મનો સંસ્કારી બાળક હતો. એટલે તેની આકૃતિ પ્રકૃતિ પારખનારા લોકો એમ કહેતા હતા કે, આ બાળક બહુ જ સંસ્કારી છે, એટલે તેની દ્વારા ભવિષ્યમાં કોઈ સારું કામ થવાનું છે. આકૃતિ પૂર્વ સંસ્કારોની ભાવનાનો પરિચય આપે છે. એટલા જ માટે કહેવાય છે કે, 'પુત્રના લક્ષણ પારણામાંથી જ પરખાય છે.' કહેવત તો પુત્રનાં લક્ષણ પારણામાં પરખાય એમ કહે છે, પણ માતાના ગર્ભમાં પુત્ર હોય ત્યાંથી પણ પુત્રનાં લક્ષણો પરખાય છે.

જેમ ચંદ્ર કે કમલ જોઈને લોકોને આનંદ થાય છે, તેમ આ મઘા બાળકને જોઈને બધા લોકોને આનંદ થવા લાગ્યો. આ બાળકને જોઈને ભવિષ્યવેત્તાઓ કહેવા લાગ્યા કે 'લોકો જે તત્ત્વને જાણતા નથી તે તત્ત્વ આ બાળક બધાને સમજાવશે.'

મઘાની બાલક્રીડા, તેનાં સંસ્કારો પ્રમાણે સમાપ્ત થઈ. હવે તે થોડોક મોટો થયો. એટલે તે પહાડ, ચન્દ્ર, સૂર્ય, નદી, તળાવ, વૃક્ષ આદિ પ્રાકૃતિક રચના જોઇ આનંદ પામવા લાગ્યો.

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આ જ મોટું અંતર છે કે, જે પદાર્થોને અજ્ઞાની પોતાના વિનોદનું અને મોજમજાનું સાધન માને છે, તે જ પદાર્થોને જ્ઞાનીઓ પોતાના જીવનસાધનાનું કલ્યાણકારી સાધન માને છે. જેમકે ઝરણાનો 'ઝર્–ઝર્' અવાજ સાંભળી સાધારણ માણસ તો તેને વિનોદનું કારણ માને છે, પણ જ્ઞાનીઓ એ ઝર્–ઝર્ અવાજ સાંભળીને એવું વિચારે છે કે, "આ ઝરણું, હું અહીં આવ્યો તે પહેલાં પણ ઝર્‌ઝર્ અવાજ કરતું હતું, અત્યારે પણ એવો જ અવાજ કરી રહ્યું છે અને મારા ચાલ્યા જવા પછી પણ એવો જ અવાજ

કરતું રહેશે. આ ઝરણું તો કોઇની નિંદાની કે પ્રશંસાની પરવા પણ કરતું નથી. પણ તે તો આ જ પ્રમાણે સંગીત કરતું સમુદ્રને મળી જાય છે. જ્યારે પ્રકૃતિનો આદરશક ગણાતો 'હું' તો લોકોની થોડી પ્રશંસા સાંભળી ફુલાઇ જાઉં છું અને થોડીક નિંદા સાંભળતાં ગભરાઈ જાઉં છું." આ પ્રમાણે જ્ઞાનીઓ પ્રકૃતિ પાસેથી બોધ મેળવે છે.

મધો પણ પ્રકૃતિ પાસેથી આવો બોધ મેળવવા લાગ્યો. તે મોટી નદીઓ જોઇને એમ વિચારતો કે "આ ગંગા-યમુના વગેરે નદીઓ એમ કહે છે કે, અમે પહાડમાંથી નીકળી સમુદ્રને મળવા જઇએ છીએ, અને રસ્તામાં જેટલી ગંદકી પડેલી હોય છે તેને અમારામાં મેળવી અમારા રૂપવાળી બનાવી લઇએ છીએ. અમે તેના જેવી બનતી નથી પણ તેને અમારા જેવી બનાવીએ છીએ. અર્થાત્ ગંદકીને પણ અમે અમારા પાણીથી પવિત્ર બનાવી લઇએ છીએ."

સાંભળ્યું છે કે, બનારસ, કલકત્તા વગેરે શહેરોની ગટરો ગંગા નદીમાં ઉતારવામાં આવી છે. ગંગા નદી એ ગટરોની ગંદકીને પોતાના પવિત્ર જલથી સાફ કરી પોતાનામાં મેળવી લે છે. મહાપુરુષોનો પણ એવો જ સ્વભાવ હોય છે. તેઓ 'ગંદા' માણસોને પણ 'બંદા' બનાવી દે છે. તેઓ ગંદાની સાથે ગંદા બનતા નથી પણ ગંદા માણસને પોતાની પવિત્રતાના પાણીથી પવિત્ર કરી 'બંદા' બનાવી દે છે. મધાએ આ પ્રમાણે પ્રકૃતિ પાસેથી ઘણી શિક્ષા લીધી. માનો કે, કુદરતની રચના જ તેની પાઠશાળા બની ગઈ. આજે તો શિક્ષા મેળવવા માટે હાઇસ્કુલ-કૉલેજ આદિ શાળાઓ ખોલવામાં આવે છે પણ ત્યાં જીવનશિક્ષા મળે છે કે નહિ એની તપાસ કોણ રાખે છે?

કુદરત પાસેથી શિક્ષા મેળવી મથાએ નિશ્ચય કર્યો કે, "કુદરત જેમ પોતાનું કર્તવ્ય બજાવે છે, ને કર્તવ્યપાલનમાં કોઈ દીવસ ભૂલ કરતી નથી તેમ હું પણ મારું કર્તવ્ય બરાબર બજાવીશ"

આ પ્રમાણે નિશ્ચય કરતો મથો મોટો થયો. ને પોતાના હાથમાં સાવરણી લઇ પોતાનું આંગણું તેમ પાડોશીનું આંગણું વાળીને સાફ કર્યા કરતો. મથો આ કામ કોઈની બળજબરીથી નહિ પણ નિષ્કામબુદ્ધિએ કરતો હતો.

માનો કે, શહેરમાં જવાના બે માર્ગો છે. એક રસ્તો ગંદકી-વાળો છે અને બીજો સાફ છે. તમે સાફ રસ્તે જ જવાનું પસંદ કરશો, પણ જે લોકો રસ્તો સાફ કરે છે તે તમને પસંદ નહિ પડે. આ જ મોટી ખરાબી છે.

મથો કોઇ પ્રકારની આશાએ નહિ, પણ નિષ્કામભાવે પોતાનું અને પાડોશીનું આંગણું સાફ કરતો. મથાના આ કાર્યથી તેના ઘરના લોકો તેની ઉપર નારાજ થતા અને ઠપકો પણ આપતા. એટલું જ નહિ પણ ઘરના અભણ માણસો તેને થપાટ પણ મારી લેતા. આમ હોવા છતાં, મથો તો પોતાના કામમાં મશગૂલ રહેતો અને પોતે મેળવેલી શિક્ષાની પરીક્ષા થઇ રહી છે એમ માની બધાં કષ્ટો શાન્તિપૂર્વક સહન કરતો. પહેલાં તો તે પોતાનું અને પાડોશીનું જ આંગણું સાફ કરતો પણ જેમ જેમ તેની શક્તિ વધતી ગઇ તેમ તેમ તે પોતાનું કાર્યક્ષેત્ર પણ વધારતો ગયો.

અત્યારે લોકોની અધિકાંશ શક્તિ તો, માનસિક ચિન્તાઓથી નષ્ટ થઈ જાય છે. આત્મામાં અનંત શક્તિ છે પણ લોકો એ આત્મિક શક્તિને વિકસાવવાનો માર્ગ ભૂલી ગયા છે એ કારણે જ તે શક્તિ દબાઇ ગઇ છે. અત્યારે જેટલાં આરામનાં સાધનો ઉભાં થયાં

છે તેથી શક્તિનો પણ તેટલો જ હ્રાસ થયો છે. મોટર, વાયુયાન આદિ સાધનોએ તમારી શક્તિ હરી લીધી છે. તમે લોકો રેડિયો દ્વારા ગાયન સાંભળવાનું પસંદ કરો છો, પણ એ સાંભળતાં તમે તમારો સૂર પણ ભૂલી ગયા છો.

મઘાની શક્તિ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તે ક્રિયાત્મક કાર્ય વિશેષ કરવા લાગ્યો. લોકો આધ્યાત્મિકતાને નામે ક્રિયાની અવગણના કરે છે. પણ સાચું જ્ઞાન તો તે જ છે કે, જે જ્ઞાન ક્રિય હોય. મઘાને જે જ્ઞાન હતું તે પ્રમાણે તે કાર્ય પણ કરતો. મઘો કહેવા કરતા કરી બતાવવામાં માનતો હતો. શેરીઓમાં કે રસ્તા ઉપર કૂડો કચરો પડ્યો હોય તો, તે ઉપાડી બહાર ફેંકી આવતો અને ગંદકીવાળાં સ્થાનને એકદમ સાફ કરી નાંખતો. ઘણીવાર શેરીઓની સ્ત્રીઓ જાણી જોઇને કૂડો કચરો સાફ કરેલા સ્થાને ફેંકી આવતી પણ મઘો સ્ત્રીઓ ઉપર ક્રોધિત ન થતાં, કૂડો કચરો પાછો ઉપાડી જતો. મઘો તો એમ જ માનતો કે, આ સ્ત્રીઓ મારા કાર્યને વેગ આપી રહી છે. મઘાનો આવો નિઃસ્વાર્થ સેવાભાવ જોઇ સ્ત્રીઓ લજ્જિત થઇ જતી અને ફરી એવું અનુચિત કાર્ય ન કરતાં ઉલટી મઘાના કાર્યમાં મદદ કરતી.

આજની સ્ત્રીઓને મઘાનું આ કાર્ય પાપકારી કદાચ જણાતું હશે. પણ તે ધર્મનું અજ્ઞાન જણાવે છે, કચરાને બહાર ન ફેંકવો અને તેમાં જીવોની ઉત્પત્તિ થવા દેવી એ અહિંસાધર્મની દૃષ્ટિએ ઠીક નથી. અહિંસાધર્મ તો ક્ષુદ્ર જીવોને ઉત્પન્ન થવા ન દેવાનું જણાવે છે. એ જીવો તો કર્મવશાત પેદા થાય છે પણ મનુષ્યોમાં વિવેકબુધ્ધિ છે એટલે ગંદકી એકઠી કરી તેમાં ક્ષુદ્ર જીવોને ઉત્પન્ન થવા ન દેવાનો વિવેક રાખવો જોઇએ.

મઘો જેમ જેમ પોતાનું કાર્યક્ષેત્ર વધારતો ગયો તેમ તેમ તેની નિંદાનું ક્ષેત્ર પણ વધતું ગયું. જ્યાં લોકોનું ટોળું મળતું ત્યાં પણ મઘાની નિંદા કરવામાં આવતી. લોકો નિંદાથી ગભરાય છે પણ જો નિંદાથી ગભરાટ ન છૂટે તો પૌષ્ટિક પદાર્થ જેમ શક્તિ આપે છે તેમ તે પણ શક્તિ આપે છે. મઘો નિંદાથી ગભરાતો નહિ. તે એમ માનતો હતો કે, મારા વિકાસમાં નિંદા પણ એક સાધન છે. પોતાની નિંદા સાંભળીને સામાન્યતઃ લોકોના મનમાં એક પ્રકારનો આવેશ આવી જાય છે. પણ જ્ઞાનીઓ એ આવેશનો સારો ઉપયોગ કરી લે છે જ્યારે અજ્ઞાનીઓ તેનો દુરુપયોગ કરે છે.

મઘો જ્યારે પોતાની નિંદા લોકો પાસેથી સાંભળતો ત્યારે તે પોતાના કામની કદર હવે થઈ છે એમ સમજી નિંદાથી ગભરાતો નહિ.

મઘાની લોકોમાં નિંદા થતી સાંભળી ત્યાંના બે નવયુવાનોને એવો વિચાર આવ્યો કે, "મઘાએ એવું શું દુષ્કૃત્ય કર્યું છે કે, લોકો તેની નિંદા કરે છે. શું તે દારૂ પીએ છે? વેશ્યાગમન કરે છે? જુગાર રમે છે? અથવા શું લોકો ચલમ પીએ છે! અથવા વર્ત્તમાન યુગની ભાષામાં બીડી પીએ છે? કે હોટલમાં જઈ ચા કે સોડા લેમન પીએ છે? મઘાને તો આ વ્યસનોમાંનું એક પણ વ્યસન નથી છતાં લોકો તેની શા માટે નિંદા કરે છે? આ ગામના લોકો મઘાની નિંદાજ કરે છે એટલે મઘાના સારા કાર્યની પ્રશંસા કોની પાસે જઈ કહું! ભલે આખું ગામ મઘાના કાર્યને વખોડતું હોય તો પણ તે જે કાર્ય કરી રહ્યો છે, તે વાસ્તવમાં લોકોપયોગી છે માટે તેના કાર્યને કોઈ પણ રીતે વેગ આપવો જોઈએ."

આ પ્રમાણે બન્ને યુવકો મઘાના કાર્યની કદર કરવા લાગ્યા. એક યુવકે કહ્યું કે, "ભાઈ! મારો અને તારો મત એક થવાથી

આપણે અગિયાર ૧૧ જેવા બન્યા છીએ પણ જો આપણે બધાની સાથે મળી જઈએ તો એકસો અગિયાર ૧૧૧ જેટલું કામ કરી શકીએ. જો તું બધાના કાર્યની હૃદયપૂર્વક પ્રશંસા કરે છે તો કેવળ વચનથી જ તેના કાર્યની પ્રશંસા ન કરતાં ચાલો આપણે તેમની સાથે મળી જઈને તેના વચનને કાર્યમાં ઉતારીએ."

આજે ઘણા લોકો કોઈપણ કાર્યને વાહવાહ! કહી પ્રશંસે છે પણ જ્યારે તે જ કામ માથે આવી પડે છે ત્યારે દૂર ખસી જાય છે. આ પ્રમાણે દોરંગી નીતિરીતિ રાખવાથી કાર્યની સિદ્ધિ થતી નથી. માટે જો કાર્યને હૃદયથી સારું માનતા હો તો તે કાર્યને હૃદયથી ક્રિયામાં ઉતારવું જોઈએ. લોકોને ખુશ કરવા માટે જ જો વાહવાહ કરીએ તો તે લોકોને અને પોતાના હૃદયને છેતરવાની ચાલાકી છે. ચાલાકીથી લોકોને ખુશ કરી શકાય છે, પણ પરમાત્માને ખુશ કરી શકતા નથી.

પહેલા યુવકે જે કહ્યું તેના ઉત્તરમાં બીજા યુવકે કહ્યું કે, બધાની સાથે મળવાનું શું કામ છે? જે કામ તે કરે છે, તે જ કામ આપણે પણ શરૂ કરવું જોઈએ.

પહેલા યુવકે કહ્યું કે, ત્યારે શું મગો આપણો ગુરુ બનશે?

બીજા યુવકે જવાબ આપ્યો કે, હા.

પહેલા યુવકે કહ્યું કે, મેં તો એમ સાંભળ્યું છે કે, જે ઘરબારનો ત્યાગ કરી જંગલમાં રહે છે અને ભિક્ષાચરી કરી જીવનનિર્વાહ ચલાવે છે તે જ ગુરુપદને પામે છે. મગાએ તો હજી ઘરબારનો ત્યાગ કર્યો નથી એવી અવસ્થામાં તેને ગુરુપદે કેમ સ્થાપી શકાય?

આજે શહેરોમાં શ્રાવકોનાં કેટલાંક ઘર તો ઠીક છે પણ કેટલાંક તો બહુ જ ગંદા છે. ત્યારે શ્રાવકોનાં ઘર ગંદા જોઉં છું ત્યારે મને એવો વિચાર થાય છે કે, શું શ્રાવકોનાં ઘર ગંદા હોય ખરાં? કેટલાક શ્રાવકો એમ કહે છે કે, એ તો ભંગીનો દોષ છે. પણ હું કહું છું કે, જે ગંદકી ફેલાવે છે તે તો દોષી નહિ! પણ જે ગંદકી સાફ કરે છે તે દોષી કહેવાય! એ કેવા ઘરનો ન્યાય? અહિંસા-ધર્મનો મર્મ ન સમજવાને લીધે જ ઘરમાં ગંદકી રહેવા પામે છે. જેમના ઘરમાં લોટ, દાળ કે એવી બીજી ખાદ્ય ચીજો સડેલી પડી રહે છે અને તેમાં જીવાત પડવા દે છે, તે લોકો અહિંસાધર્મનો મર્મ સમજ્યા નથી એમ કહેવું જોઈએ.

જે લોકો પોતાનું ઘર સાફસુફ રાખી શક્તા નથી તે લોકો પારકા ઘરને સાફસુફ શું કરી શકે?

કેટલાકો એમ કહે છે કે, જૈનધર્મ તો નિવૃત્તિપ્રધાન ધર્મ છે એટલે આવી પ્રવૃત્તિમાં શા માટે પડવું? આ ઠીક છે. જ્યારે સંસારથી નિવૃત્ત થઈ જાઓ ત્યારે નિવૃત્તધર્મનું પાલન કરો એ બરાબર છે. પણ જ્યાંસુધી તમે સંસારથી નિવૃત્ત થયા નથી, પ્રવૃત્તિમાં પડેલા છો ત્યાંસુધી તમે પરાધીન રહો અને પરાધીનતાને પોષ્યા કરો એમ જૈનધર્મ કહેતો નથી. પ્રવૃત્તિમાં રહેવા છતાં પરાધીન રહો એમ જૈનશાસ્ત્ર કહેતું નથી.

ભગવાન મહાવીરે ગૃહસ્થધર્મનું જે વિધાન કર્યું છે એ વિધાન પ્રમાણે આચરણ કરવામાં આવે તો, ગૃહસ્થોના ઘરમાં અશુચિ કે અપવિત્રતા સંભવે નહિ. પણ આજકાલ કેટલાક લોકો ગૃહસ્થ હોવા છતાં સૂક્ષ્મ હિંસાનો તો વિચાર કરે છે પણ પરમ્પરાએ

જે સ્થૂલ હિંસા થાય છે તેનો વિચાર સરખો પણ કરતા નથી. જે સ્થૂલ હિંસા પરમ્પરાએ મનુષ્યહિંસા સુધીનું રૂપ ધારણ કરે છે તેને સરકારના કાયદાને માન આપી બંધ કરો છો, તેના કરતાં ધર્મના કાયદાને માન આપી સ્વેચ્છાએ એ સ્થૂલ હિંસાને શા માટે અટકાવતા નથી? મઘાએ યુવકોને કહ્યું કે, તમે મારા શિષ્ય ખરા દિલથી થવા ચાહો છો તો, હું જેમ કહું તેમ કરવું પડશે, તે તમને કબુલ છે? યુવકોએ મઘાની આજ્ઞાનુસાર ચાલવાનું કબુલ કર્યું.

આગળ શું થાય છે તે હવે પછી વિચારવામાં આવશે.

વ્યાખ્યાન : જન સેવા (૨)*



પ્રાર્થના

અરહનાથ અવિનાશી, શિવ-સુખ લીધો;
વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો. ॥ ૧ ॥
તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;
તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ કહાય. ॥ સાહબ૦૨ ॥

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. જેમને પ્રાર્થના ઉપર વિશ્વાસ છે અને જે પ્રાર્થનામાં શક્તિ રહેલી છે એમ માને છે તેમને પ્રાર્થના એક અપૂર્વ વસ્તુ છે. પ્રાર્થના એ વિશ્વાસની વસ્તુ છે માટે તેના ઉપર વિશ્વાસ રાખવાથી તો અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે; પણ જો વિશ્વાસ વિના પ્રાર્થના કરવામાં આવે તો, તે પ્રાર્થના પણ ઢોંગરૂપ બની જાય છે અને પરિણામે અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. કલ્પવૃક્ષમાં કઇ વસ્તુ રહેલી નથી ? બધી વસ્તુઓ રહેલી છે; પણ જોવામાં એકપણ વસ્તુ આવતી નથી તો પણ કલ્પવૃક્ષને નીચે ,બેસી જે વસ્તુની કલ્પના

* સ્થળ :-રાજકોટ જ્યુબિલિ દરબાર હૉલ તા. ૩-૧૨-૩૬.

કરવામાં આવે છે તે વસ્તુની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે પરમાત્મા
પાસે પણ કરવામાં આવે કે વસ્તુ આપે છે તેનું કારણ ન કરવામાં
આવે તો વસ્તુ મળતી નથી. આ જ કારણે પરમાત્માની પ્રાર્થનામાં
રહેલી શક્તિ અને પ્રત્યક્ષ ફળ માની ન લેવાય ત્યાં ન ઉપજે. ત્રિકાળ
ધ્યાનમાં આવે તો, તેની શક્તિ કાલ્પનિક રહેલી છે. કારણ કે
માટે શાંતિની પરમાત્માની પ્રાર્થના આપણા કલ્પવૃક્ષ કે ચિંતામણિ
કરતાં પણ ઉતરતી કરવી નથી. કારણ કે તેઓ પરમાત્માની પ્રાર્થના
આપણા એ વસ્તુની કદી ચિંતા કરતા નથી ત્યારે આપણે તો પણ
પરમાત્માની પ્રાર્થના ઉપર આપણો પૂરો દૃઢ વિશ્વાસ પણ થતો અને
પરમાત્માની પ્રાર્થના આપણા કલ્પવૃક્ષ કે ચિંતામણિથી કદી ઉતરતી
નહિ રહે, ત્યારે આપણને પરમાત્માની પ્રાર્થનામાં રહેલી ખરી શક્તિ
રહેલી છે તે સ્પષ્ટ સમજાશે. એટલા માટે પરમાત્માની પ્રાર્થનામાં
દૃઢ વિશ્વાસ રાખો. જ્યારે કેવળ ભૌતિક પદાર્થોની કામનાની પૂર્તિ
માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે તે ખરી પ્રાર્થના
નહિ પણ આડંબરના દેખાવરૂપ બની જાય છે. આ વિષે ભક્ત
કેશવલાલે ઠીક કહ્યું છે કે, "જો પરમાત્માની પ્રાર્થનામાં ઉપર
ઉપરથી તો મન લાગેલું હોય પણ કેવળ એક જ આ વ્યાવહારિક
પદાર્થોની ઇચ્છામાં મન ચોંટેલું હોય તો, તે પ્રાર્થના પણ ઢોંગ રૂપ
જ છે."

કોઈ એમ કહે કે, કોઈ ભોજની આવશ્યકતા પાર પાડવા
માટે અથવા કોઈ દુઃખના નિવારણ માટે બીજા ઉપાયો ન કરતાં
પરમાત્માની પ્રાર્થનાનો ઉપાય હાથ ધરવામાં આવે તો શું ખોટું
છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે, જ્યારે કોઈ વસ્તુની
આવશ્યકતા ઉભી થાય અથવા કોઈ સંકટ માથે આવી પડે ત્યારે
એમ વિચારવું જોઈએ કે પરમાત્માની પ્રાર્થના ન કરવાને લીધે જ

આવી સ્થિતિ ઉભી થવા પામી છે. એટલા માટે જ મારે પરમાત્માની પ્રાર્થનામાં મન પરોવવું જોઇએ.

આ પ્રમાણે માથે આવી પડેલા સંકટને પ્રાર્થનામાં પ્રવૃત્ત થવાનું કારણ બનાવવું જોઇએ; પણ જ્યારે કોઇ ચીજને મેળવવા માટે અથવા કોઇ કષ્ટના નિવારણની ઇચ્છાએ જ પરમાત્માની પ્રાર્થના કરવામાં નહિ આવે, ત્યારે સંકટો પણ તમારાથી દૂર ભાગશે.

ખેડુતને ઘાસની પણ જરૂર રહે છે પણ તેઓ કાંઇ ઘાસ જ માટે ખેતી કરતા નથી. પરન્તુ તેઓ તો સારો પાક કેમ થાય એ જ ઉદ્દેશથી ખેતી કરે છે. છતાં ધાન્યની સાથે ઘાસ પણ પેદા થઇ જાય છે. આજ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરતી વખતે એમ વિચારવું જોઇએ કે, પરમાત્માની કૃપા મેળવવા માટે હું પ્રાર્થના કરૂં છું. કારણ કે પ્રાર્થનાદ્વારા પરમાત્માની કૃપા મેળવવામાં આત્માનું કલ્યાણ રહેલું છે. આવી ઉન્નત ભાવના રાખવાથી જેમ અન્નની સાથે ઘાસ પણ ઉગી નીકળે છે, તેમ સાંસારિક વસ્તુની પણ સ્હેજે પ્રાપ્તિ થઇ જાય છે. પણ સંસારની બીજી વસ્તુઓની પ્રાપ્તિ કરવા કરતાં, આત્માનું કલ્યાણ સાધવું એ શ્રેષ્ઠ છે, માટે પરમાત્માની પ્રાર્થના આત્માના કલ્યાણ માટે જ કરવી જોઇએ. જે પરમાત્માની પ્રાર્થનાદ્વારા આત્મકલ્યાણ સાધી શકાય છે તે તુચ્છ વસ્તુઓની પ્રાપ્તિ માટે એ પ્રાર્થનાનો ઉપયોગ કરવો એ તો ચણાના બદલામાં રત્ન આપવા જેવી મૂર્ખતા છે. આત્માનું કલ્યાણ સાધનારે આવી મૂર્ખતા કરવી ન જોઇએ.

પરમાત્માની પ્રાર્થના ગમે તે સ્થાને અને ગમે તેવી પરિસ્થિતિમાં કરી શકાય છે, પણ પ્રાર્થનામાં આત્મસમર્પણની અનિવાર્ય

આવશ્યકતા રહે છે, કારણ કે પરમાત્માને આત્મસમર્પણ કર્યા વિના સાચી પ્રાર્થના થઇ શકતી નથી. એટલા માટે ભક્ત લોકો કહે છે કે:—

तन धन प्राण समर्पी प्रभुने इन पर वेग रिझास्यां राज.

અર્થાત—પરમાત્માની પ્રાર્થના કરવામાં હું તન, ધન અને પ્રાણનું પણ સમર્પણ કરી દઇશ. આવી ઉજ્જવલ ભાવનાપૂર્વક તમે પણ પરમાત્માની પ્રાર્થના કરો તો, તમે જરૂર આત્મકલ્યાણ સાધી શકશો. પરમાત્માની પ્રાર્થના એક એવી વસ્તુ છે કે, જે બધાને માટે સુલભ છે. એટલા માટે આ સુલભ વસ્તુનો આપણે સદુપયોગ કરી લેવો જોઇએ અને પરમાત્માની પ્રાર્થનાને જીવનમાં વણી લેવી જોઇએ. આમ કરવાથી વહેલી કે મોડી આત્મજાગૃતિ અવશ્ય થશે.

આજે કોઇ માણસ, મારે ત્રણ વાગે કે ચાર વાગે વહેલાં ઉઠવું છે એવો દઢ નિશ્ચય કરીને સુવે છે તે .પછી ભલે મોડો પણ સુવે તોપણ તે ધારેલા સમયે અવશ્ય જાગી ઉઠે છે. આવો તમે પણ કોઇ દિવસે અનુભવ કર્યો હશે. આપણામાં એવી કઇ શક્તિ કામ કરી રહી છે કે, જે ભર નિદ્રામાંથી પણ નિશ્ચય કર્યા પ્રમાણે જાગ્રત કરી શકે છે. આત્માની આ શક્તિને જાગ્રત કરવા માટે દઢ નિશ્ચયપૂર્વક પરમાત્માની આવી રીતે પ્રાર્થના કરો તો અવશ્ય આત્મજાગૃતિ થશે. ભક્ત લોકો કહે છે કે:—

कोइ जतन करता नहीं पामे एवी मोटो माम ।
ते जिनभक्ति करी ने लहिये मुक्ति अमोलक ठाम ॥

અર્થાત્—જે મુક્તિ બીજા અનેક ઉપાયો કરવા છતાં પ્રાપ્ત થઇ શકતી નથી તે પરમાત્માની પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થઇ શકે છે.

જેમને આ વાત ઉપર જ વિશ્વાસ જ નથી તેમને માટે આ વાત નિરર્થક છે પણ જેમને પ્રાર્થના ઉપર વિશ્વાસ છે તેમને આ વાત નક્કર લાગી છે.

કોઈ એમ કહે કે, પરમાત્માની પ્રાર્થનાથી આત્મકલ્યાણ કરવાનું કહો છો પણ પરમાત્મા છે એની પ્રતીતિ કેમ થાય? કારણ કે પરમાત્મા તો અગમ્ય અગોચર કહેવાય છે, એટલે એમની પ્રતીતિ કેવી રીતે થાય? એને માટે હું મારા એક સ્વાનુભવની વાત કહું છું:–

મારા જે પ્રદેશમાં જન્મ થયો છે ત્યાં વરસાદ ખૂબ વરસે છે. ત્યાં વર્ષાઋતુમાં વાદળાંઓથી હંમેશા આકાશ ઢંકાએલું રહે છે એટલે સૂર્ય અસ્ત પામ્યો છે કે નહિં? તેની કશી ખબર પડતી નહિ. પણ પોયણાના ફુલને જોઈને ખબર પડતી કે, હવે સૂર્ય અસ્ત પામ્યો છે. તે પ્રદેશમાં પોયણાનાં નામના એક જાતના ફુલ થાય છે, તે ફુલ જ્યારે વિકસિત થતાં ત્યારે સૂર્ય ઉગ્યો છે તેમ અને જ્યારે કરમાતાં ત્યારે સૂર્ય આથમ્યો છે તેમ ખબર પડતી હતી.

અત્રે એ વિચારવા જેવી વાત એ છે કે એક ફુલને સૂર્યના ઉદય-અસ્તની ખબર પડી જાય છે અને આપણા જેવા મનુષ્યોને ખબર પડતી નથી એ આપણી કેટલી બધી અપૂર્ણતા બતાવે છે? એક ફુલને સૂર્યના ઉદય–અસ્તની ખબર પડે છે, તો શું આપણને તેની ખબર પડતી નહિ હોય? ખબર તો પડતી હશે, પણ સંસારની બીજી ધમાલમાં પડી જવાથી એ જાણેલી વાતને પણ ભૂલાઈ જવાય છે. અને પરમાત્માના વિષયમાં પણ તેની પ્રતીતિ કેમ થાય? આવા પ્રશ્નો પૂછવા લાગીએ છીએ. આવા પ્રશ્નો ઉદ્‌ભવવાનું મુખ્ય કારણ પોતાનામાં રહેલી શક્તિનું અજ્ઞાન જ છે. પોતાનામાં રહેલી

શક્તિના આધારે પરમાત્માની પ્રતીતિ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્ન કરવા છતાં પણ જો પરમાત્માની પ્રતીતિ ન થાય તો, જેમ પાંડવોના કુલગુરુ દ્રોણના ઉત્તમ-જ્ઞાનની ખબર મેળવીને ઘડીને તેમ પૂર્ણ બતાવ્યો, કે જેમણે આત્મશક્તિ દ્વારા પરમાત્માની પ્રતીતિ કરી છે તેમના કહેવા પ્રમાણે આત્મશક્તિ કેળવી, પરમાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમે પરમાત્માની પ્રતીતિ કરો એટલા જ માટે તમને આધ્યાત્મિક અને વ્યવહારિક વાતો હમેશાં સંભળાવવામાં આવે છે.

કેટલાક લોકો એમ કહે છે કે, જો અમે આધ્યાત્મિકતામાં પડી જઈએ તો અમારો વ્યવહાર બિલકુલ બગડી જાય. પણ આ માન્યતા ભૂલભરેલી છે.

આધ્યાત્મિકતાથી તમારો વ્યવહાર કોઈ દિવસ બગડી શકે નહિ. હા, એટલું અવશ્ય થાય કે, તમે જે વ્યવહારને નામે ધમાલ કરો છો, તે ધમાલને પછી વ્યવહારમાં સ્થાન રહેવા ન પામે. જેમ રોટલી પકાવતી વખતે રોટલી બળી જાય એવો અગ્નિ સતેજ રાખવામાં આવતો નથી, તેમ રોટલી પાકે પણ નહિ એવો ઠરી ગએલો તાપ પણ રાખવામાં આવતો નથી. પણ રોટલી બળે પણ નહિ તેમ કાચી પણ રહે નહિ એવો સાધારણ તાપ રાખવામાં આવે છે આધ્યાત્મિકતાને આ રીતે જીવનમાં ઉતારવામાં આવે તો, જીવનવ્યવહાર એવા મધ્યમ માર્ગે વ્યવસ્થિત ચાલે છે કે, જીવનમાં છેલબટાઉ જેવી ઉડાઉગીરી આવતી નથી, તેમ કૃપણ જેવી કૃપણતા પણ આવતી નથી. પણ મધ્યમ સ્થિતિ રહે છે. માટે આધ્યાત્મિકતાને જીવન-વ્યવહારમાં સ્થાન આપવાથી, જીવનવ્યવહાર બરાબર ચાલતો નથી એ ભ્રમ કાઢી નાંખવો જોઈએ. આજકાલ કેટલાક લોકો આધ્યાત્મિકતાના ઓથે કૃપણ બની જાય છે. જેઓથી નાની પણ વસ્તુનું મમત્વ

છોડી શકાતું નથી, જેઓને દિવસ રાત, કે ખાદ્યાખાદ્યનો પણ વિવેક નથી અને જેઓ આધ્યાત્મિકતાને નામે ફ્રાગુના સેવે છે તે લોકો આધ્યાત્મિકતાના નામને બદનામ કરે છે એમ કહેવું જોઇએ.

આધ્યાત્મિકતા એ કાંઇ નાનીસૂની વસ્તુ નથી આધ્યાત્મિકતાને ગીતાએ બધી વિદ્યાઓમાં પ્રથમ સ્થાન આપ્યું છે. જ્યાં બીજાના હિત માટે નાની ચીજનો પણ ત્યાગ થઇ શકતો નથી ત્યાં ભલા ! આધ્યાત્મિકતા કેવી રીતે નભી શકે ? જ્યા લોભ દશા હોય છે ત્યાં આધ્યાત્મિકતા ટકી જ શકતી નથી. જ્યાં બીજાના હિત માટે પ્રાણ અર્પવાની પણ આનાકાની ન હોય ત્યાં આધ્યાત્મિકતા સહેજે આવે છે. જેમકે, રાજા મેઘરથે કબુતર માટે શરીર ત્યાગ કર્યો હતો. શું તેમનામાં આધ્યત્મિકતા ન હતી ? તેમનામાં આધ્યાત્મિકતા હતી અને એટલા જ માટે તેઓ બીજાના કલ્યાણ માટે શરીરત્યાગ કર્યો હતો. કારણ કે તેઓ સારી રીતે જાણતા હતા કે, બીજાના કલ્યાણ માટે આત્મસમર્પણ કરવું એ જ આધ્યાત્મિકતા છે. આ પ્રમાણે જે આધ્યાત્મિક હોય છે તે બીજાના હિતમાં પોતાનું હિત માને છે. બીજાના હિતમાં પોતાનું હિત કેવી રીતે રહેલું છે એ બતાવવા માટે મઘાની વાત કહેવામાં આવે છે :—

મઘાનું વૃત્તાન્ત

મઘો કુદરત પાસેથી એ બોધપાઠ શીખ્યો હતો કે, જે વાત મને પોતાને અનુકૂલ હોય તે જ બીજાના માટે પણ કરવી. કુદરત પાસેથી જેવો બોધપાઠ મળે છે તેવો બોધપાઠ બીજે ક્યાંયથી મળતો નથી, એવું જગતમાં ભૂતકાળના તેમજ વર્તમાનના અનેક દાખલાઓથી સ્પષ્ટ જણાય છે. જ્ઞાનીઓએ આખા બ્રહ્માણ્ડને પુરૂષાકાર બતાવેલ છે. એટલા માટે જો એનું ધ્યાન ધરવામાં આવે તો આત્માને અપૂર્વ આનંદ આવે.

કુદરતના તત્ત્વનું જે બારીકીથી અવલોકન કરવામાં આવે તો, તેમાંથી આત્માને અપૂર્વ શિક્ષા મળી શકે. એક નાનકડા ફૂલની પાંખડીમાં કયું તત્ત્વ રહેલું છે, તેની રચના કેવા પ્રકારની છે, તેમાંથી કેવી શિક્ષા મળે છે એ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો તે જાણી આશ્ચર્ય થશે.

મોટા મોટા કારીગરો, મોટા મોટા મહેલો બનાવવામાં જે કારીગરી વાપરે છે, તે કારીગરી ફૂલની પાંખડીની રચનામાં જે કારીગરી હોય છે તેના આગળ તુચ્છ છે. કુદરત જે હિતકારી શિક્ષા આપે છે તેવી શિક્ષા બીજું કોઇ આપતું નથી.

મઘો પ્રકૃતિની શિક્ષાનુસાર કામ કરવા લાગ્યો. આડોશી-પાડોશીનું આંગણું તથા ગામનો રસ્તો પણ સાફ કરતો. શેરીઓની સ્ત્રીઓ મઘાના આ કામની નિંદા કરતી એટલું જ નહિ પણ તેના કામમાં બાધા પહોંચાડવા માટે સાફ કરેલી જગ્યાએ કચરો પણ ફેંકી આવતી. આમ કરવા છતાં પણ તે મઘો હમેશાંની માફક પ્રસન્ન ચિત્ત રહેતો અને પ્રસન્નચિત્તે કચરાવાળી જગ્યાને વાળીને સાફ કરી નાંખતો. અને તે એમ વિચારતો કે, ખરેખર મારી બ્હેનોએ મારી ઉપર ઉપકાર કર્યો છે કે, ઘરમાં જે કચરો સડતો હતો તે બહાર કાઢીને મારા કાર્યમાં મને સહાયતા આપી છે.

તમને કોઈ ગાળો ભાંડે ત્યારે તમારે પણ એવો ઉજ્જવલ વિચાર કરવો જોઇએ કે, એ તો બહુ સારું થયું કે તેના મોઢામાં ગાળની જે ગંદકી હતી તે બહાર આવી ગઇ છે અને એ રીતે ગાળ ભાંડનારનું હૃદય પણ એટલા અંશમાં શુદ્ધ થયું.

ખેડુતો ગંદકીનો ખાતર તરીકે ખેતીમાં ઉપયોગ કરી સારો પાક ઉત્પન્ન કરે છે તેવી રીતે તમે પણ આત્માના કલ્યાણમાં એ ગાળોનો પણ સદુપયોગ કરી લો.

મઘો નિરાગી નારાયણ ભગવાનો નહિ. તે તો દુનિયામાં પોતાના નિયત કરેલા કાર્યમાં સંલગ્ન રહેતો. મઘાની આવી કાર્યપરાયણતા જોઈ, એ બન્ને યુવકો મઘાના શિષ્ય બનવા તૈયાર થયા. મઘાએ તે બન્નેને કહ્યું કે, મારે ત્યાં ખાવા પીવાનું કાંઈ નથી. પણ ઉલટું મારી સાથે કામ કરવામાં તમારે લોકોની નિંદા, ગાળો વગેરે સમતાભાવે સાંભળવાનું છે. શું તમે મારા શિષ્ય થઈ બીજાની નિંદા કે ગાળો સમતાભાવે, સાંભળવા તૈયાર છો ?

મઘાનું આ કથન સાંભળી બન્ને યુવકો પરસ્પર કહેવા લાગ્યા કે, "ગુરુ હોય તો ખરેખર આવા હોવા જોઈએ કે, જે શિષ્ય બનાવવા માટે બીજાને ખોટા પ્રલોભનો ન આપે." આ પ્રમાણે પરસ્પર વિચાર વિનિમય કરી બન્ને યુવકોએ મઘાને કહ્યું કે, "તમારા સ્પષ્ટ કથનથી અમારી તમારા શિષ્ય થવાની ભાવના વધવા પામી છે. માટે કૃપા કરીને આપ અમને ગુરુમન્ત્ર સંભળાવો અને અમને શિષ્યદીક્ષા આપો."

મઘાએ ઉત્તર આપ્યો કે, 'હું ભણેલો ગણેલો નથી એટલે તમને ગુરુમન્ત્ર શું સંભળાવું!"

યુવકોએ કહ્યું કે, "અમે ભણેલા ગણેલાનાં મન્ત્રો તો ઘણીવાર સાંભળીએ છીએ પણ અમે તો તમારા જેવા કર્ત્તવ્યપરાયણ વ્યકિત પાસેથી મન્ત્ર સાંભળવા ઉત્સુક છીએ. માટે તમારા કર્ત્તવ્યનો મન્ત્ર અમને સંભળાવો. અર્થાત્ અમારે તમારા શિષ્ય થઇ શું કાર્ય કરવાનું છે તે જણાવો. અમે યથાશકિત આપના કર્ત્તવ્યમન્ત્રનું જીવનપર્યંત પાલન કરીશું."

મઘાએ કહ્યું કે, સાંભળો, તમારે શું કામ કરવાનું છે તે જણાવું છું. જો કે હું ભણેલો ગણેલો નથી પણ કુદરત પાસેથી મેં

એવી શિક્ષા મેળવી છે કે, 'જે કામ પોતાને અનુકૂલ હોય તે બીજા માટે કરવું અને જે પોતાને પ્રતિકૂલ હોય તે બીજા માટે પણ ન કરવું.' સંક્ષેપમાં તમારે આટલું કામ કરવાનું છે કે:—

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन। । गीता

ભાવાર્થ:–પોતાના આત્માને જે અનુકૂળ હોય તે બીજા માટે કરવું, એ ઉપમા પ્રમાણથી પ્રત્યેક કાર્ય કરવું જોઇએ એવું જ્ઞાનીઓનું પણ કથન છે.

મધાએ કહ્યું કે, પ્રકૃતિ પાસેથી મેં આ શિક્ષા લીધી છે. મને એમ લાગ્યું કે, મને સાફ કરેલો રસ્તો ગમે છે તો બીજા લોકો એ ગંદકીવાળા રસ્તાને સાફ કરે અને હું એ સાફ કરેલ રસ્તા ઉપર ચાલું, એના કરતાં હું જ રસ્તો સાફ શા માટે ન કરું? કે જેથી હું અને બીજા લોકો સાફ કરેલા રસ્તા ઉપર ચાલી શકીએ. 'જે વાત પોતાને ગમતી હોય તે બીજાઓ માટે પણ કરવી' આ મારી પહેલી શિક્ષા છે. અને 'પોતાના આત્માની માફક બીજા જીવોને પણ સમાન માનવા' એ મારી બીજી શિક્ષા છે. એમ થવું ન જોઇએ કે, પોતાને માટે તો પાંચ અને પાંચ દશ ગણે અને બીજાને માટે અગિઆર ગણે. આમ જે આત્મવંચના કરે છે તે વિશ્વાસઘાત તો કરે છે, સાથે સાથે પોતાના આત્માને અપરાધી બનાવે છે. માટે તમારા આત્માને જે ગમે, તે જ બીજાઓ માટે પણ કરો. આ સિવાય અનિચ્છનીય પ્રવૃત્તિ ન કરવી. બીજાઓ ઉપર બળજબરી ન કરવી કારણકે આમ કરવાથી બીજાનાં આત્માને આઘાત પહોંચે છે. માટે આવી ખરાબ પ્રવૃત્તિઓથી બચતા રહેવું. માનો કે તમારી પાસે બે કોટ છે. તેમાં એક નકામો છે. ત્યારે જો તમારી સામે કોઇ ગરીબ માણસ સખત ઠંડીને લીધે થરથરતો

પ્રતીતિ થાય છે તેમ ભાવનાઓ દ્વારા પોતાના હૃદયમાં ઈશ્વર છે કે નહીં તેની પ્રતીતિ થાય છે. કદાચિત્ તમને તમારા આત્માની કે પરમાત્માની પ્રતીતિ થતી ન હોય તો, વિશુદ્ધ ભાવનાઓથી રંગાએલા પણ શૃંગારથી રહિત એવા માર્ગદર્શકને જુઓ તો તમને જણાશે કે, વાસ્તવમાં વિશુદ્ધ ભાવનામાં જ ઈશ્વર રહેલો છે.

મથાના હૃદયની વાત સાંભળી બન્ને યુવકો ખુબ પ્રસન્ન થયા, અને પગમાં પડી પ્રમજાગિને કહેવા લાગ્યા કે, "અમારા માથા ઉપર આશીર્વાદનો હાથ મૂકો. અમે આપના શિષ્ય થવા ચાહિએ છીએ. અમે આપની આજ્ઞાનુસાર વર્તવાની પ્રતિજ્ઞા કરીએ છીએ."

મથાએ યુવકોને ઉભા કરી છાતી સરસા ચાંપ્યા અને તેમને શિષ્ય તરીકે સ્વીકાર્યા. આ પ્રમાણે મથાને બે સાથી મળવાથી તે છ હાથવાળો થયો.

ઈશ્વરનું રૂપ ચતુર્ભુજ કહેવાય છે. તમે પણ વિવાહમાં જોડાઈને ચતુર્ભુજ બન્યા છો. પણ વાસ્તવમાં તમે ચતુર્ભુજ છો કે ચતુષ્પાદ છો એ કોણ કહી શકે? જેઓ સાચા સ્ત્રી-પુરુષ હશે તેઓ તો ચતુર્ભુજ બની પોતાનું કલ્યાણ કરવાની સાથે જગતનું પણ કલ્યાણ કરશે.

મથાને બે સાથીઓનો સાથ મળ્યો છતાં તે પ્રમાદી બન્યો ન હતો, પણ તે તો પહેલાં કરતાં વિશેષ કામ કરતો. કારણ કે, તે સારી રીતે જાણતો હતો કે, જેવું હું કાર્ય કરીશ તેવું આ મારા શિષ્યો કામ કરશે. આ પ્રમાણે વિચાર કરી તે આદર્શ કામ કરતો. તેને ઘણીવાર એવો વિચાર આવતો કે "હે પ્રભો! આ યુવકોના હૃદયમાં કોણે પ્રકાશનાં કિરણો ફેંક્યાં કે, તેઓ મારા સાથીઓ બન્યા? મને તો લાગે છે કે, હે! પ્રભો! એ તારી કૃપાનું જ

પરિણામ છે "આ બે યુવકોની માફક બીજા ૩૦ યુવકો મઘાના શિષ્યો બન્યા. આ પ્રમાણે ૩૨ શિષ્યો અને એક પોતે એમ ૩૩ જણા થયા. પ્રાતઃકાલમાં વહેલા ઉઠી મઘો પોતાના શિષ્યોની સાથે પરમાત્માની પ્રાર્થના કરતો અને પછી કામની વહેંચણી કરી આપતો. કોઇને એવું કામ સોંપતો કે, દારૂ પીનારને અનુનય-વિનય કરી દારૂ પીવાથી કેટલું નુકશાન થાય છે તે સમજાવવું અને એ રીતે દારૂ પીતાં અટકાવવા. કોઇને ગામના રોગી, દુઃખી લોકોની સાર-સંભાળ લેવાનું કામ સોંપતો, તો કોઇને ગામનો રસ્તો સાફ કરવાનું, તો કોઇને ગામના લોકોને હિતકારી શિક્ષા આપવાનું કામ સોંપતો.

મઘો કયું કામ કેવીરીતે કરતો હતો એ બધી વાતો વ્યાખ્યાનમાં કહી શકાય નહિ. કારણ કે વાણીમાં એટલું બધું સામર્થ્ય નથી કે, તે દ્વારા બધી વાતો બરાબર સમજાવી શકાય. કેવલજ્ઞાની જ્ઞાનથી પણ જેટલું જાણે છે તેનાથી અનંતમો ભાગ કહી શકે છે એમ શાસ્ત્ર કહે છે. જ્યાં નિષ્કામભાવે અને સાચા હૃદયથી કામ કરવામાં આવે છે ત્યાં તેનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. મઘાની નિષ્કામ સેવા-ભાવથી આખા ગામમાં એક પણ દારૂ પીનારો, વેશ્યાગમન કરનારો કે ચોર રહ્યો નહિ.

તે સમયે ચા-બીડીનો પ્રચાર હતો નહિ એટલે એ વિષે મઘાને સુધાર કરવો પડ્યો ન હતો. પણ વર્તમાન સમયમાં ચા બીડીનો પ્રચાર બહુ વધી જઇ પામ્યો છે. પહેલાના શ્રીમન્તમાં અને આજના શ્રીમન્તમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો છે. પહેલાની શ્રીમંતાઇ જુદા પ્રકારની હતી અને આજની શ્રીમંતાઇ પણ જુદા પ્રકારની છે. પહેલાના શ્રીમંતો પોતાને ઘેર ગાય ભેંસો પાળતા હતા અને દૂધ-ઘી પોતે પણ ખાતા અને બીજાને પણ [illegible]

પરોપકારના ત્યાગ કરવાથી નહિ તો દેવાદ ભરવા તો જરૂર નહીં લેખકો તેને ભણી જતી. પણ આજના શ્રીમંતોને ત્યાં તો મોટા આળસુઓ તૈયાર હોય છે. આવી કામમાં બીજા લોકોને નથી કે લાભ મળી શકે? આવા આળસથી બીજાને તો લાભ મળતો નથી પણ પોતાને પણ શારીરિક લાભ મળતો નથી, ઉલટી હાનિ થાય છે અને પરિણામે ડાક્ટરના શરણે જવું પડે છે. આજના શ્રીમંતો બીજાની સેવા કરવાનું તદ્દન ભૂલી ગયા છે. તેઓ તો બંગલામાં રહેવું, મોટર કે સાયકલદ્વારા ફરવું-હરવું એમાં જ પોતાની શ્રીમંતાઈ માને છે. ગાય-ભેંશને પાળવાથી મચ્છર વધે છે માટે બજારથી વેચાતું દૂધ ખરીદી લેવું એમાં પોતાની મોટાઈ માને છે. પણ ગાયને પાળવાથી મચ્છર વધે છે એમ કહેતા હોય તો ગાય ન રાખવા છતાંય બંગલામાં મચ્છર ક્યાંથી આવે છે? તમે શ્રીમન્ત છો તો તમારી શ્રીમંતાઇનો બીજાની સેવા કરવામાં ઉપયોગ કરો તો તો તમે સાચા શ્રીમન્ત અથવા મોટા છો. નહિ તો તમારી શ્રીમંતાઇ ઘોડાના પૂંછડાની માફક શા કામની? ભલે આજકાલ મોટા મોટા બંગલાઓ બનાવવામાં, બે ચાર કુતરાઓ પાળવામાં કે મોટરગાડી રાખવામાં અને તેને ચારે બાજુ ફેરવી લોકો ઉપર ધૂળ ઉડાવવામાં શ્રીમંતાઇ દેખાતી હોય, પણ જ્ઞાનીઓની દૃષ્ટિમાં એ સાચી શ્રીમંતાઇ નથી. પણ જે લોકો જનસમાજની વધારેમાં વધારે સેવા કરે છે તે જ સાચા શ્રીમંત છે અને તેમની આવી શ્રીમંતાઇ જ લોકોને હિતકારી છે. મથાના સતત પ્રયત્નથી તે ગામમાંથી દારૂ, પરસ્ત્રીગમન, ચોરી વગેરે પાપનું ભૂત નાસી ગયું. મથાએ ગામ-લોકોને એ પણ શીખડાવ્યું કે, તમારે એટલો બધો ખર્ચ ન રાખવો જોઇએ કે જેથી તમારે કરજ કરવું પડે. આવક પ્રમાણે જ ખર્ચ રાખવું કદાચિત કરજ કરવું પડે તો સમય પહેલાં તે કરજ ચુકવી

આપવું. જો તમે કરજ માથે ચડાવ્યું અને પછી યથાસમયે તે ન ચૂકવ્યું અને છેવટે લેણદાર તમારી ઉપર દાવો કરે તો તેમાં તમારું પતન છે. માટે સમય પહેલાં ઘેર જઈ કરજ ચૂકવી આપવાથી શું લાભ છે તે પણ મઘાએ ગામના લોકોને સમજાવ્યું. પરિણામે ગામના લોકો પહેલાં તો કરજ માથે ચડાવતાં જ નહિ અને કદાચ કરજે પૈસા લઈ આવતાં તો મુકરર કરેલા સમય પહેલાં જ ચૂકવી આપતા. એટલે કોઈને કોઈના ઉપર દાવો કરવાની તક સાંપડતી નહિ આ સિવાય લોકોમાં કોઈ પ્રકારનો ટંટોફીસાદ ઉભો થવા પામતો તો મઘો કે તેમના શિષ્યો વચમાં પડી સમાધાન કરતા અને લોકો એ સમાધાનને માન્ય રાખતા.

આ પ્રમાણે મઘાએ તેમ જ તેમના શિષ્યોએ લોકસેવા કરવામાં પોતાનું જીવન સમર્પી દીધું. લોકો પણ હવે તેમના કામમાં સહકાર આપવા લાગ્યા. ગામમાં એટલી બધી શાન્તિ ફેલાઇ ગઇ કે, ગામ છોડીને ચાલ્યા ગએલા લોકો પણ પાછા આવી રહેવા લાગ્યા. પહેલાં પુરુષો સ્ત્રીઓને ત્રાસ આપ્યા કરતા પણ મઘાના ઉપદેશથી સ્ત્રીઓને પણ શાન્તિ થઈ ગઇ. જે સ્ત્રીઓ મઘાના કામમાં ખલેલ પહોંચાડતી તે પણ મઘાને આશીર્વાદ આપવા લાગી અને પૂર્વ કૃત્ય માટે પશ્ચાત્તાપ કરવા લાગી કે, "અમે તો મઘાએ સાફ કરેલી જગ્યાએ કચરો ફેંકી આવતી, પણ મઘો તે કચરો ઉપાડી જતો. આ રીતે મઘાએ કેવળ બહારનો જ કચરો સાફ કર્યો નથી પણ અમારા હૃદયના કચરાને પણ સાફ કર્યો છે. પરમાત્મા એ પુણ્યજીવી મઘાને ચિરંજીવી બનાવો."

આ પ્રમાણે લોકો મઘાને માટે પરમાત્માની પ્રાર્થના કરતા અને મઘાના દર્શને પણ સવારમાં આવતા. પણ મઘો કાંઈ પ્રશંસાથી ફુલાઈ જાય એવો ન હતો. તે તો પોતાના નિત્ય કાર્યમાં મશગૂલ

[illegible] અને ગંદકીમાં વધારો કરો તો કહેવું તેનું કામ છે, તમે ગુરુની અને ધર્મની સેવા કેમ કરતા તેનું કામ એ વાત બરાબર સમજાતી નથી.

મથાની સત્પ્રવૃત્તિથી લોકોમાં ખૂબ શાન્તિ પ્રસરી એટલે લોકોમાં તે ખૂબ જ પ્રિય થઇ પડ્યો; પણ ગામમાં ત્રણ પ્રકારના લોકોને અપ્રિય અને ખારા ઝેર જેવો થઇ પડ્યો. એક તો દારૂ વેચનારા, બીજા રંડીબાજી કરનારા અને ત્રીજા કચેરીના રાજકર્મચારીઓ. આ ત્રણ પ્રકારના લોકો મથાની સત્પ્રવૃત્તિથી ખૂબ જ નારાજ રહેતા. કારણ કે, ગામમાં કોઇ દારૂ પીનાર રહ્યો ન હતો એટલે દારૂવાળાને કાંઇ આવક થતી નહિ. કોઇ રંડીબાજ માણસ પણ હતો નહિ

એટલે રંડીઓ પણ નારાજ રહેતી. અને ગામમાં કોઇ કલેશકંકાશ કરતું નહિ એટલે રાજકર્મચારીઓને પણ આખો દિવસ ખાલી હાથે બેસી રહેવું પડતું. એટલા માટે એ લોકો મધાની પ્રવૃત્તિથી બહુ જ નારાજ રહેતા કે, આ મધાએ જ અમારો ધંધો રોજગાર બંધ કરાવ્યો છે. માટે કોઇપણ રીતે આ મધાની બલા અહીંથી દૂર થાય તો જ અમારું કામ પહેલાંની માફક બરાબર ચાલે. આ માટે મધાને દૂર કરવા માટે તે લોકો પ્રયત્ન કરવા લાગ્યા.

જ્યારે કોઇ સારું કામ કરે છે ત્યારે તેનો વિરોધ કરનાર પણ કોઈ ઉભો થાય છે. જેમ દિવસનો થાક ઉતારવા માટે રાતની પણ જરૂર રહે છે તેમ સારા કામનો વિરોધ કરનારાઓની પણ જરૂર રહે છે. જ્ઞાની લોકો આ પ્રકારના વિરોધથી કે નિંદાથી જરાપણ ગભરાતા નથી પણ જેમ રાતને વિશ્રાન્તિનો સમય માનવામાં આવે છે, તેમ વિરોધને કે નિંદાને વિશ્રાન્તિનું કારણ માને છે, અને આવી પડેલા સંકટને પરમાત્માની પ્રાર્થના કરવામાં સહાયક માને છે.

જે લોકો આ પ્રમાણે સંકટના સમયે પરમાત્માની પ્રાર્થનાનો આશ્રય લે છે તેમને સંકટ પણ સહાયક નીવડે છે. માટે જો તમે પણ શુદ્ધચિત્તે પરમાત્માની પ્રાર્થના કરો તો, તેમાં કલ્યાણ જ છે.

વ્યાખ્યાન: જન સેવા (૩)*

પ્રાર્થના

મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, 'કુંભ' પિતા 'પરભાવતિ' મૈયા,
તિનકી કુમારી; મલ્લિ જિન બાલ બ્રહ્મચારી. ॥ ટેક ॥

શ્રી મલ્લિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આ પ્રાર્થનામાં ભગવાન મલ્લિનાથનું ચરિત્ર એવી રીતે બતાવવામાં આવ્યું છે કે, સાદો સીધો માણસ પણ એને સરલતાપૂર્વક હૃદયમાં ઉતારી જીવનસુધાર અને આત્મકલ્યાણ કરી શકે છે.

આ પ્રાર્થનાદ્વારા મારી ભાવનાને એટલું બધું પોષણ મળ્યું છે કે, જો આ પ્રાર્થનાના આધારે હું મારી અપૂર્ણતા દૂર કરી લઉં તો પછી મારે કશું કરવાનું બાકી ન રહે. આ પ્રાર્થનાદ્વારા મારી ભાવનાને કેવી રીતે પોષણ મળે છે તે વિષે હું એટલું જ કહેવા ચાહું છું કે, એક સિદ્ધ હોય છે, એક સાધક હોય છે અને એક સાધન હોય છે. સાધકે આત્મકલ્યાણ કરવા માટે અનેક

* સ્થળ:-રાજકોટ મ્યુનિસિ. ડૅનોટ હૉલ તા. ૪-૧૨-૧૯૩૬.

સાધનોનો ઉપયોગ કરવો પડે છે અને અનેક સાધનો દ્વારા સાધક સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. આ વાત ભગવાન મલ્લિનાથના ચરિત્રથી પણ સ્પષ્ટ થાય છે.

ભગવાન મલ્લિનાથના રૂપસૌંદર્યની પ્રશંસા ચારે બાજુ પ્રસરી હતી. રાજા કુંભને ત્યાં એક સુંદરીએ જન્મ લીધો છે એવું ઘણા રાજાઓએ સાંભળ્યું હતું અને તેથી અનેક રાજાઓ આ રૂપસુંદરી સાથે વિવાહ કરવા માટે લલચાયા હતા, અને તેમાં ભાન ભૂલેલા છ રાજાઓ તો કુંભ રાજા જો એ રૂપસુંદરીને ન પરણાવે તો તેની સાથે લડાઇ કરવા પણ તૈયાર થયા હતા.

ભગવાન મલ્લિનાથે, પિતા ઉપર આવી પડેલી આપત્તિને દૂર કરવા અને રાજાઓને પ્રતિબોધ આપવા માટે જે રચના કરી હતી તે એટલી બધી આકર્ષક અને વિચિત્ર હતી કે, તેનું મહત્ત્વ પૂરેપૂરું સમજાવી શકાય નહિ. ભગવાને એક એવી પુતળી બનાવી કે, તે દેખાવમાં તો સાક્ષાત્ તેમના જેવી જ લાગે પણ તેમાં એક ખાસ વિશેષતા રાખવામાં આવી હતી કે, જો પુતળીનો મુગટ ઉપાડવામાં આવે તો તેમાંથી દુર્ગંધ છૂટી નીકળે. અને પુતળીનું મોઢું ખોલવામાં ન આવે તો દુર્ગંધ પણ આવે નહિ અને રૂપમાં ભગવાન જેવું દેખાય. ભગવાને પિતાને સૂચના કરી કે, એ છ રાજાઓ ભલે જોવા આવે. હું એમને રચનાદ્વારા પ્રતિબોધ આપીશ. છએ રાજાઓ 'અમને મલ્લિ કન્યા જોવા મળશે' એમ માની અંદર આવ્યા. રાજાઓએ જોવા અંદર પ્રવેશ કર્યો તેવા તેઓ પુતળી જોઇ, જેમ દીપકને જોઇ પતંગ મોહમસ્ત બને છે તેમ, મોહમસ્ત બની ગયા.

ભગવાન તો પુતળીનુ અંદરનું સ્વરૂપ બતાવી તેઓની મોહમસ્તી ઉડાડવા ચાહતા હતા. એટલે ભગવાને જેવું પુતળીનું મોઢું ઉઘાડી

નાંખ્યું કે, ચારે બાજુ દુર્ગંધ ફેલાઈ ગઈ. રાજાઓ તો દુર્ગંધથી એવા ગભરાયા કે, પૂતળીની ઘૃણા કરતાં બહાર નીકળવા લાગ્યા. ત્યારે ભગવાને જાણ્યું કે, રાજાઓને પ્રતિબોધ આપવાનો આ સમય ઘણો જ ઉપયુક્ત છે.

ભગવાનની આ રચના ઉપર વિચાર કરવામાં આવે તો જાગૃતિ અને સુષુપ્તિ અવસ્થા વિષે પણ ઘણું જાણવાનું મળે. તમે લોકો જાગૃતાવસ્થાને બહુ મહત્ત્વ આપો છો પણ સુષુપ્ત અવસ્થાને મહત્ત્વ આપતા નથી. પણ જો તમને એક દિવસ પણ ઊંઘ ન આવે તો કેટલું કષ્ટ થાય? માટે અમુક અંશે સુષુપ્તિની પણ જરૂર રહે છે. ઊંઘમાં જે કાંઈ થાય છે તે સુષુપ્તિ અવસ્થાનું કામ છે. જાગતાં જે કાંઈ થાય છે તે જાગૃતાવસ્થાનું કામ છે. તમે બહારની રચના જુઓ છો પણ અંદરની રચના કેવી છે તે જોતા નથી. બહાર જે કાંઇ દેખાય છે તે કર્મનું ફળ છે. પણ એ કર્મફળની પાછળ શું છે તેને પણ તપાસો. ભગવાને તે રાજાઓને પ્રતિબોધ આપતાં કહ્યું કે, "હે! રાજાઓ તમે શા માટે વિમુખ થઇ બેઠા છો? જે તમને હમણાં જ પ્રિય લાગતી હતી તે અપ્રિય કેમ લાગવા લાગી? અત્યાર સુધી તમે બહારના રૂપને જ જોતા હતા, એટલે તમને તેનો મોહ હતો. પણ જ્યારે તમે અંદર પણ દૃષ્ટિ કરી ત્યારે તમને ઘૃણા પેદા થઇ માટે હવે તમે એ બરાબર જાણી લો કે,

महा असार उदारिक देही, पुतली इव प्यारी; ।
संग किया पटकै भवदुःखमें, नारि नरक-वारी. ॥

તમે બહારનું જ રૂપ જુઓ છો એટલા માટે ભાન ભૂલી જાઓ છો; પણ જ્યારે અંદર ડોકિયું કરો છો ત્યારે જેના ઉપર તમે મુગ્ધ થઇ જાઓ છો, તેની પણ તમને ઘૃણા થાય છે. કાલે શિલાલેખ

જોતાં અહીંનું મ્યુઝિયમ જોયું હતું. તેમાં એક જગ્યાએ મનુષ્યનું હાડપિંજર રાખવામાં આવેલું છે ને જોઈને મનુષ્યનું હાડપિંજર કેવું હોય છે તેનો ખ્યાલ આવે છે. શું હાડપિંજર જોઈને કોઈને વિકાર પેદા થાય છે? કોઈમાં કામભાવના જાગૃત થાય છે? પણ જ્યારે એ હાડપિંજર ચામડીથી ઢંકાએલું હોય છે ત્યારે તેમાં વિકાર કેમ જાગે છે?

સંસારના પદાર્થો કોઈ મનુષ્યને તો સામાન્ય લાગે છે, તો કોઈને વિશેષ લાગે છે. કોઈ હાડપિંજરને પોતાનું ભોજન સમજે છે તો કોઈ તેને પોતાની શોધનું સાધન માને છે. જેમકે કોઈ કુતરાની સામે હાડપિંજર મૂકવામાં આવે તો તે પોતાનો ખોરાક માની ખાવા માડે છે પણ જો એ જ હાડપિંજર કોઈ ડૉક્ટર સામે હોય છે તો તે શરીર રચના વિષેની શોધ કરવા માટે તેનો ઉપયોગ કરે છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે પણ આવું જ અન્તર છે. અજ્ઞાની લોકો હાડપિંજરનું બહારનું રૂપ જોઈ મોહ પામે છે પણ જ્ઞાની લોકો એ બહાર દેખાતા રૂપની પાછળ શું રહેલું છે તેનો વિચાર કરી વૈરાગ્ય પામે છે. છએ રાજાઓ ભગવાનને કહેવા લાગ્યા કે, અમે આ પુતળીને પુતળી માનતા ન હતા, પણ તેને સાક્ષાત્ મલ્લિકુમારી માનતા હતા. એ તો હવે જાણ્યું કે, એ તો કનકની (સુવર્ણની) પુતળી હતી. તમે અમને બોધ દેવા માટે આવી રચના કરી હતી એ અમે જ્યારે જાણ્યું ત્યારે અમને અમારા અજ્ઞાન માટે ખેદ થયો.

પોતાની મૂર્ખતા ઉપર રાજાઓને ખૂબ પસ્તાવો થયો. ભગવાને તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, "તમે ગભરાઓ નહીં. જો તમારી માફક હું પણ બહારનું રૂપ જોત, અંદર શું છે તેની ખબર ન રાખત તો તો ગજબ જ થઈ જાત. પણ હું કેવળ બહારનું રૂપ જ ન

જોતાં અંદર પણ નજર કરું છું અને એ જ કારણને લીધે મને તમારી ઉપર મોહ થયો નથી. જે થયું તે થયું. હવે તમે તમારા આત્માને જાગ્રત કરી આત્મકલ્યાણ સાધો."

તમને પણ મારે એ જ કહેવાનું છે કે, તમે બહારના રૂપમાં જ ભાન ભૂલી ન જાઓ પણ અંદર શું તે પણ જુઓ. અને ભગવાન મલ્લિનાથની પ્રાર્થના કરો તો તમારા ખોટા મોહનું ભૂત ભાગી જશે અને તમારા આત્માનું કલ્યાણ થશે.

મને આજે સવારની ભાવના ભાવતાં એવો વિચાર થયો કે, જેમની સહાયતા લેવામાં આવે છે તેમને ભૂલી જવું એ કેવી ગંભીર ભૂલ છે ! હું અન્ન સિવાય દૂધ આદિ બીજા પદાર્થો લઉં છું. જે પદાર્થોની સહાયતાથી આ શરીર નભે છે તથા જેના આધારે હું આત્મકલ્યાણ કરી શકું છું, તે પ્રાણીઓના ઋણથી હું ક્યારે મુક્ત થઇ શકીશ ? જેમ મને બીજા પ્રાણીઓની સહાયતાની જરૂર પડે છે તેમ શું તમારે સહાયતાની આવશ્યક્તા નહિ હોય ? આવશ્યકતા હોવા છતાં જો તેના ઋણથી મુક્ત થવા માટે પ્રયત્ન ન કરતાં, ફરનીચરને ઉપરનું પોલીશ લગાવવાની માફક જો બહારનું ઉપરછલ્લું કામ કરવામાં આવે તો તે શું ઉચિત કહેવાય ? તમે તમારા બંગલાને સાફસુફ રાખવા ચાહો છો, પણ જો તમે તમારું શરીર બરાબર સાફ ન રાખો તો બંગલાને સાફ કરવાથી શું વળ્યું ? તમે કબાટ વગેરે ફરનીચરને તો સાફ રાખો, પણ શરીર-સુધારા તરફ જરા પણ ધ્યાન ન આપો તો તે સુધાર છે કે બગાડ એ પણ વિચારવું જોઇએ. તમે જીવનની આવશ્યકતાઓ ઉપર તો બરાબર ધ્યાન આપતા નથી પણ બહારની કૃત્રિમતાને વધારવામાં જીવનને ખર્ચી નાંખો છો. જે પોતાની ગૃહિણીને ભૂલી જઇ સીનેમાની નટી પાછળ

વિસ્તૃત કરીને તમને કહી સંભળાવું છું. પણ આ કથા તો પ્રાચીન જ છે. જ્યારે લોકો બહારની વસ્તુઓ ઉપર વધારે મુગ્ધ બની જાય છે ત્યારે મહાપુરુષો એ બહારની વસ્તુ પાછળ રહેલા તત્ત્વને જગત સમક્ષ મૂકે છે. જગતને કલ્યાણનો માર્ગ બતાવવો એ સાધારણ મનુષ્યનું કામ નથી. પણ જેમણે અહંકાર ઉપર વિજય મેળવ્યો છે તે મહાપુરુષો જ જગતને કલ્યાણનો માર્ગ બતાવી શકે છે અને તેનો સુધાર કરી શકે છે.

મથાએ અહંકાર ઉપર વિજય મેળવ્યો હતો. તે લોકોની નિંદા કે ઘૃણાથી ગભરાતો નહિ તેમ 'મારી નિંદા શા માટે કરો છો' એમ કોઇની સાથે લડાઇ કરવા પણ તૈયાર થતો નહિ. પણ તે તો હમેશાં લોકનિંદાને જિતવાનો જ પ્રયત્ન કરતો. જ્યારે કોઇ તેને એમ કહેતું કે, 'તું ઘણું જ ખરાબ કામ કરે છે, તું લોકોને ઠગે છે,' ત્યારે તે એમ જ વિચારતો કે, પરમાત્માની પ્રાર્થનાને સફલ કરવાનો સમય નજદીક આવતો જાય છે. સાચા ભક્તો પરમાત્માની પ્રાર્થના કરતાં કહે છે કે:—

"मोसम कौन कुटिल खल कामी
तुम सें काहृ छिपाउं. कृपानिधि तुम उर अन्तर्यामी।"

આ પ્રમાણે જે ભક્તો પ્રભુપ્રાર્થના કરે છે તેઓમાં સંસારના કેટલાક માણસોમાં પાપ ભરેલું હોય છે, તેવું પાપ નહિ હોય, તોપણ તેઓ પાપને મોટું રૂપ આપી તેને દૂર કરવાની ભાવના ભાવે છે. જે મોટો પાપી હોય છે તે આ પ્રકારની પ્રાર્થના જ કરી શકતો નથી. જેનામાં થોડું પાપ હોય છે તે જ આ પ્રકારની પ્રાર્થના કરી શકે છે. જે પ્રમાણે કાળાં કપડાં ઉપર ડાઘ પડેલો

જોવામાં આવતો નથી પણ શ્વેત કપડાં ઉપર પડેલા ડાઘ તુરત જણાઈ આવે છે, તેમ જેમનું હૃદય ખૂબ પાપોથી ભરેલું હોય છે તેમને પોતાનું પાપ જણાતું નથી. પણ જેનામાં થોડું જ પાપ હોય છે તેઓ તો 'હું બહુ પાપી છું' એમ માની પોતાના પાપને પરમાત્મા સમક્ષ રજુ કરે છે અને એ રીતે પાપને ધોવાનો પ્રયત્ન કરે છે.

વૈજ્ઞાનિકોનું કથન છે કે, જો ઓરડામાં હવા ખરાબ થઈ ગઈ હોય તો તેને બહાર કાઢી નાંખવાથી તત્કાલ તાજી હવા આવે છે. તે માટે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી. આ જ પ્રમાણે જો હૃદયની ગંદકી દૂર કરવામાં આવશે તો હૃદયમાં પવિત્રતા જરૂર આવશે. પવિત્રતાને લાવવા માટે પ્રયત્ન કરવો પડશે નહિ. પણ સર્વ પ્રથમ તો ગંદકીને દૂર કરવી પડશે. લોકોને એવી આદત પડી ગઈ છે કે, પોતાના હૃદયની ગંદકી દૂર કરતા નથી અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે કે, મારા હૃદયમાં બહુ જ ગંદકી છે એટલે એને દૂર કરો. પણ જ્યારે કોઈ એમ કહે છે કે, તમારા હૃદયમાં બહુ મેલ છે ત્યારે લોકોની આંખો લાલચોળ થઈ જાય છે. આ પદ્ધતિ ખોટી છે. માટે એને તજી દઈ સાચા હૃદયથી પરમાત્માની સમક્ષ તમારા દોષો રજુ કરો અને પછી હૃદયશુદ્ધિ માટે પ્રયત્ન કરો તો જરૂર આત્મકલ્યાણ થશે.

મથાએ પોતાના ૩૨ શિષ્યોને પોતાનો આચારધર્મ સમજાવી પોતાના જેવા બનાવી લીધા. આચાર્ય માનતુંગે ભગવાનની પ્રાર્થના કરતાં કહ્યું કે :—

तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति। भक्तामरस्तोत्र

જે વૃક્ષને જલસિંચનદ્વારા ઉછેરવામાં આવે છે શું તે વૃક્ષ ફળ-ફુલ આપતું નથી ? જરૂર આપે છે. તે જ પ્રમાણે જે લક્ષ્મીવાનની સેવા કરે છે તે લક્ષ્મીવાન બની જાય છે. સાચો શ્રીમન્ત તો તે જ છે કે, જે સેવકને પણ શ્રીમન્ત બનાવી દે છે. કોઇ ઘોડાના પૂંછડા જેવા બહારના દેખાવવાળા પણ શ્રીમન્તો હોય છે. પણ સાચો શ્રીમન્ત તો તે છે કે, જે આશ્રિતને પણ પોતાના જેવા બનાવી દે છે.

ભક્તો કહે છે કે, જ્યારે શ્રીમન્તો સેવકને પોતાની જેવા બનાવી દે છે તો શું પરમાત્મા પોતાના સેવકને પોતાના જેવા નહિ બનાવે? પરમાત્મા તો-જો સાચો સેવક હોય તો-પોતાના જેવા અવશ્ય બનાવી દે છે.

મહાએ પોતાના ૩૨ શિષ્યોને પોતાના જેવા બનાવી લીધા. તેઓ લોકોની સેવાદ્વારા શાન્તિ અને આનંદ અનુભવવા લાગ્યા. અત્યારસુધી તો તેનું કાર્ય વ્યવસ્થિત ચાલ્યું અને તેના કાર્યદ્વારા તેમણે શાન્તિ અનુભવી. હવે એની સાચી પરિક્ષાનો કટાકટીનો સમય આવી પહોંચ્યો. જે સાચો સેવક હોય છે તે, જેમ નિયમિત અભ્યાસ કરતો વિદ્યાર્થી પરીક્ષાથી ગભરાતો નથી તેમ, જીવન-પરીક્ષાથી પણ ગભરાતો નથી. જે વિદ્યાર્થી નિયમિત અભ્યાસ કરતો નથી તે વિદ્યાર્થી પરીક્ષાને સમયે ડરવા લાગે છે અને હવે શું કરવું ? એવી ચિંતા કરે છે; પણ નિયમિત અભ્યાસ કરનાર વિદ્યાર્થી તો જેમ પરીક્ષા નજદીક આવતી જાય છે તેમ પ્રસન્ન થતો જાય છે, કારણ કે તે એમ સમજે છે કે, હવે હું પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ પ્રમાણપત્ર મેળવીશ.

આ જ પ્રમાણે જે જ્ઞાની અને વિવેકશીલ લોકો હોય છે તે લોકો કષ્ટના સમયે ગભરાતા નથી, પરંતુ કષ્ટને પોતાની જીવન-

પરીક્ષા માની તેને વધાવી લે છે અને તેથી પ્રસન્ન થાય છે. કારણ કે તેઓ એમ માને છે કે, જો આ કષ્ટની પરીક્ષામાંથી ઉત્તીર્ણ થઇ ગયા તો પરમાત્માની ભક્તિનું અમને પ્રમાણપત્ર અવશ્ય મળશે.

મધાની સત્પ્રવૃત્તિથી ગામલોકોને ઘણો જ લાભ પહોંચ્યો હતો. રાજા કે પ્રજા બન્નેમાંથી કોઇને કાંઇ પણ નુકશાન પહોંચ્યું ન હતું. મધાના શુભ પ્રયત્નથી લોકોએ વેશ્યાગમન, દારૂ, ચોરી આદિ પાપપ્રવૃત્તિને છોડી દીધી હતી. તે સમયે હોટલ તો હતી નહિ એટલે હોટલના વિષયમાં તેને કશું કહેવાનું હતું નહિ. જો મધા જેવો સુધારક આજે પણ હોય તો તે પણ હોટલનું વ્યસન છોડાવી દે. આજે હોટલોને લીધે કેવી પાપપ્રવૃત્તિ વધવા પામી છે અને લોકો એ પાપપ્રવૃત્તિમાં પડી જઈ કેટલા બધા પતિત થઈ જાય છે એ તો પ્રત્યક્ષ દેખાય છે જે જાતિમાં, કે જે ઘરમાં માંસ મદિરાનું સેવન તો શું! નામ પણ સાંભળવામાં આવતું નથી, તે લોકો માંસ-મદિરાનું સેવન કરતા નથી; પણ તે લોકોના પુત્રો હોટલોમાં જતાં શીખે છે અને ત્યાં માંસ-મદિરાને ખાવાની પાપપ્રવૃત્તિમાં પડે છે એવું સાંભળવામાં આવે છે. જે લોકો માંસનો સ્વાદ ચાખવા માટે અથવા બીજાનું માંસ ખાવાથી અમે હૃષ્ટપુષ્ટ બનીશું એ આશાએ માંસનું સેવન કરે છે તેઓએ એ ભૂલવું ન જોઇએ કે, માંસના સેવનથી મનોવૃત્તિ તામસિક બની જાય છે અને પરિણામે અનેક અનર્થો પોતાના હાથે થવા પામે છે. આ સિવાય માંસ ખાનારે એ પણ જાણવું જોઇએ કે, જેમ અમને જીવિતના આનંદને ઉપયોગમાં લાવવા ઇચ્છીએ તેમ બકરાંને પણ જીવિતના ઉપયોગમાં ન આવી જાય ! દારૂ પીનારાઓને એ ભાન રહેતું નથી કે, દારૂ પીવાથી તેમના શરીરની કેવી અવદશા થાય છે. દારૂ ખાનારાઓ

તો એટલું જ સમજે છે કે, અમારી પાસે પૈસા છે તો તેનો આવા મોજશોખમાં ઉપયોગ ન કરીએ તો પૈસાથી જીવનનો લાભ શો! આ પ્રકારની દુર્ભાવના સેવનારાઓ દારૂ જેવા માદક પદાર્થોની પાછળ પોતાના પૈસાનો અને જીવનનો સર્વ નાશ કરી નાંખે છે. એવું કહેવામાં આવે છે કે, જો છત્રપતિ શિવાજીનો પુત્ર શંભાજી 'સુરા અને સુંદરી'ના ફંદામાં ન પડ્યો હોત તો તે 'બાપ કરતાં બેટો સવાયો નીકળ્યો, એ લોકોક્તિને સાર્થક કરી શકત. પણ તે સુરા અને સુંદરી પાછળ મોહાંધ બની ગયો અને આખરે તેની ખૂબ જ દુર્દશા થઈ.

મઘાના શુભ પ્રયત્નથી બધાને તો શાન્તિ થઈ પણ દારૂ વેચનાર, રંડીઓ તથા રાજ્યકર્મચારીઓને તો તે અશાન્તિકર્તા થઈ પડ્યો. મઘો તો તેમને આંખમાં પડેલા કણાની માફક ખટકવા લાગ્યો. તેઓએ વિચાર્યું કે, આ મઘાને કારણે જ અમારો ધંધો-રોજગાર ચાલતો નથી. લોકો ઉપર તેનો પ્રભાવ ઘણો છે એટલે તેના કહેવાથી કોઇ અમારે ત્યાં આવતું નથી. માટે મઘો આપણા કામમાં બાધક છે એટલે તેને દૂર કરવો જોઇએ એમ વિચારી તેઓએ પોતાનું એક મંડલ ઉભું કર્યું અને મઘાને દૂર કરવાનો ઉપાય વિચારવા લાગ્યા કે, રાજાને કહી મઘાને તથા તેના ૩૨ શિષ્યોને અહીંથી ગામબહાર કાઢવા. પણ મઘાનો તથા તેના ૩૨ સાથીઓનો કોઈ અપરાધ બતાવ્યા વિના રાજાને કહીશું તો તેઓ કહેશે કે, મઘો તો સાધુપુરુષ છે તો તેને શા માટે ગામબહાર કાઢવો? માટે રાજાને એમ કહેવું કે, "આ મઘો તથા તેના સાથીઓ લુંટારાઓ છે અને તેમનાથી પ્રજાને પણ ઘણો જ ત્રાસ થાય છે. તેમના ત્રાસ આગળ રાજસત્તાનું પણ કાંઇ ચાલતું નથી." આ પ્રમાણે સાંભળી રાજા મઘા ઉપર કુપિત થશે અને આપણી ઉપર

રાજાનો વિશ્વાસ છે એટલે મઘાને તથા તેના સાથીઓને ગામબહાર કાઢવાની આપણી યોજના પણ પાર પડશે.

આ પ્રમાણે વિચાર કરી, રાજ્યકર્મચારીઓએ પોતાનું સંગઠન-બળ મજબૂત કરવાનો નિશ્ચય કર્યો. સંગઠનબળનો ઉપયોગ સારાં કામો ઉભાં કરવા માટે પણ વપરાય છે, તેમ સારાં કામો થતાં હોય તેને અટકાવવા માટે પણ વપરાય છે. રાજ્યકર્મચારીઓએ સંગઠન-બળને મજબૂત કરવા માટે જે મંડલ ઉભું કર્યું હતું, તેમાં પાપપ્રવૃત્તિદ્વારા પૈસો કમાતા હતા તે લોકો પણ સામેલ થઇ ગયા અને બધાએ એકઠા મળી મઘા તથા તેના સાથીઓ વિરુદ્ધ એક નિવેદનપત્ર તૈયાર કરી રાજા પાસે લઇ ગયા.

અમુક રાજ્યકર્મચારીઓ આપને મળવા આવ્યા છે એ ખબર મગધનરેશને પહોંચાડવામાં આવી. પણ તે વખતે રાજા પણ દારૂના ઘેનમાં પડ્યો હતો. જ્યારે દારૂનું ઘેન ઉતર્યું ત્યારે રાજા રાજ્યકચેરીમાં આવ્યો. આવતાં વેંત જ રાજાને રાજ્યકર્મચારીઓ કહેવા લાગ્યા કે, "મહારાજ ! રાજ્યમાં બહુ વિપ્લવ ફેલાઇ ગયો છે. ચારે બાજુ રાજ્યમાં લુટારાઓનો ઉપદ્રવ ઉભો થવા પામ્યો છે અને તેથી પ્રજા ત્રાસી ગઇ છે. અને એ ત્રાસ દૂર કરવા માટે અમને પ્રજાએ આપની સમક્ષ આ નિવેદનપત્ર લઇ મોકલ્યાં છે, જે આપ વાંચી યોગ્ય પ્રબંધ કરવાની કૃપા કરો."

રાજ્યકર્મચારીઓએ મઘા તથા તેના સાથીઓની વિરુદ્ધ જે નિવેદનપત્ર તૈયાર કર્યું હતું તે નિવેદનપત્ર રાજા સમક્ષ રજુ કર્યું અને તે લોકોએ જેમ મનમાં આવ્યું તેમ સાચી ખોટી ફરીયાદ રાજાને કહી સંભળાવી

અત્યારે પણ રાજ્યકર્મચારીઓ રાજાને વાસ્તવિક વાત ન કહેતાં, મનગમતી વાત કહી રાજાના કાન ભભેરે છે. લોકો બહારની ચોગાન

કે નહીં એની જવાબદારી આપણા ઉપર નથી. એની જવાબદારી તો આ મુસલમાન સિપાહીઓ ઉપર છે."

સૈનિકોએ મઘાને તથા તેના સાથીઓને કહ્યું કે, "અમે રાજાના આપના ગામ ઉપર આવી જણાવીએ છીએ કે આપ સૌ આ હાથકડી તથા બેડી વગર વિરોધે પહેરી લો અને અમારી સાથે ચાલો. અમને રાજાએ તમને પકડવાની આજ્ઞા આપી છે."

સૈનિકોનું કથન સાંભળી મઘાએ તથા તેના સાથીઓએ હાથ લાંબા કર્યા. સૈનિકોએ તેમને હાથકડી પહેરાવી દીધી. પછી પગ લાંબા કરવાનું કહ્યું. મઘાએ તથા તેના સાથીઓએ પગ લાંબા કર્યા એટલે સૈનિકોએ પગમાં પણ બેડી પહેરાવી દીધી. સૈનિકો બેડી તથા હાથકડી પહેરાવી અભિમાનપૂર્વક આનંદ કરવા લાગ્યા. જ્યારે મઘો તથા તેના સાથીઓ પણ હાથ અને પગમાં સેવાના આભૂષણો પહેરવાં મળ્યાં એમ વિચારી હર્ષ પામવા લાગ્યા. ચોરી, વ્યભિચાર કે અન્યાય કરી હાથ પગમાં બેડી પહેરવી ખરાબ છે પણ અત્યાચાર અનાચારને દૂર કરવા માટે કદાચ હાથકડી કે બેડી પહેરવી પડે તો સેવકોએ એમ સમજવું જોઇએ કે 'અમને સેવાના આભૂષણો પહેરવાનાં મળ્યાં છે.' સેવકોને આવાં આભૂષણો વધારે શોભા આપનારાં હોય છે.

સૈનિકોએ જ્યારે મઘાને તથા તેના સાથીઓને પકડી હાથ-પગમાં બેડી પહેરાવી ત્યારે ગામના લોકો બધા એકત્રિત થઈ ગયા અને મઘા સામું જોવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે, "મઘો જો થોડો ઘણો ઈશારો કરી દે તો આપણે આ આખી સેનાને મારી નસાડી મૂકીએ. કદાચ સેના આપણને મારવા દોડશે પણ તે આપણામાંથી કેટલા જણાને મારશે! મઘાએ ઉશ્કેરાયેલા લોકોને

વ્યાખ્યાન: જન સેવા (૪)*

પ્રાર્થના

શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવા તણા દેવ કે;
તરણતારણ પ્રભૂ મો ભણી, ઉજ્જ્વલ ચિત્ત સમર્કે નિત્ય મેવકે;
શ્રી મુનીસુવ્રત સાહબા.

શ્રી મુનિસુવ્રત ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. પોતાની લઘુતાનું ભાન થવું એ પ્રાર્થના કરવાંનો સાર છે. પરમાત્માની પ્રાર્થના કરવા માટે પોતાની મોટાઇ, પોતાનું અભિમાન, પોતાનો અહંકાર વગેરેને છોડી દેવાં જોઇએ કારણ કે, ત્યારે જ પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રગટે છે.

આ પ્રાર્થનામાં પરમાત્માને 'દીનદયાળુ' કહેવામાં આવ્યા છે. જ્યારે પરમાત્મા 'દીનદયાળુ' છે ત્યારે તેની પ્રાર્થના કરનારે દીન બનવું જોઇએ. દીન બનીને જ જ્યારે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે જ પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રગટે છે. દીન બે પ્રકારે થવાય છે. એક તો સાચા હૃદયથી દીન બનવું અને બીજું દીન બનવાનો ઢોંગ કરવો. પોતાનામાં કયા પ્રકારની દીનતા છે

* સ્થળ:-રાજકોટ જ્યુબિલિ કૉનોટ હૉલ તા. ૫-૧૨-૧૯૩૬.

એ બતાવવા માટે હું મારી પોતાની જ અપૂર્ણતા પરમાત્માની સમક્ષ રજુ કરું છું. તે ઉપરથી તમે તમારી અપૂર્ણતાને જુઓ અને તમે સાચા હૃદયથી દીન બન્યા છો કે દીન બનવાનો ઢોંગ કરો છો, એ વાતનો નિર્ણય કરો. જો તમે સાચા હૃદયથી દીન બન્યા નથી પણ દીન બનવાનો કેવળ ઢોંગ કરો છો તો તમે પરમાત્માની પ્રાર્થના કરવાને યોગ્ય બન્યા નથી એ નક્કી માનજો. આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે:—

"हूं अपराधी अनादिनो जनम जनम गुना किया भरपूरके।"

"હે પ્રભો! હું અપરાધી છું. મેં ઘણાં પાપો કર્યા છે, વગેરે." આ પ્રમાણે પરમાત્મા પ્રત્યે હું વિનયપૂર્વક પ્રાર્થના કરું છું.

મારી આવી પ્રાર્થના સાંભળી કદાચ તમે એમ કહેશો કે, અનેક પાપો કરનારો અપરાધી તો કોઈ હત્યારો કે ચોર જ હોઇ શકે; પણ જે સાધુ કે શ્રાવક છે તે આવો અપરાધી હોઇ ન શકે અને જ્યારે તે અપરાધી નથી ત્યારે પરમાત્મા પ્રત્યે 'હે પ્રભો! મેં અનેક પાપો કર્યા છે, હું બહુ અપરાધી છું' આ પ્રમાણે પ્રાર્થના કરવી તે શું ઠીક છે? હું કેવો અને કેવો અપરાધી છું એ હું શાસ્ત્રની દૃષ્ટિએ મારી ઉપર વિચાર કરી શકું. પોતાના વિષે જે નિશ્ચિત વિચાર કરી શકાય છે તે બીજા ઉપર કરી શકાતો નથી. શાસ્ત્ર તો કહે છે કે, બહારના પાપોને સમજવાં તો સરલ છે પણ પાપના સૂક્ષ્મ માર્ગને શોધવો તે બહુ જ મુશ્કેલ છે. કેવળ બહારથી હિંસાદી પાપ ન કરવાને કારણે પોતાને નિરપરાધી માનવો એ ભૂલભરેલું છે. કારણ કે,

अह पंचहिं ठाणेहिं जेहिं सिक्खा न लब्भई ।
थम्भा कोहा पमाएणं रोगेणालस्सएण य ॥ ઉત્તરાધ્યયન સૂત્ર

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે, ગર્વ, ક્રોધ, પ્રમાદ, રોગ અને આલસ્ય એ પાંચ કારણોને લીધે પરમાત્માની ભક્તિ અને પ્રાર્થનાની શિક્ષા મળી શકતી નથી. આ પાંચ કારણોને દૂર કરી પરમાત્માની શિક્ષાના પાત્ર બનો. જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકી શકે છે, સામાન્ય પાત્રમાં ટકી શકતું નથી તેમ પરમાત્માની શિક્ષા પણ યોગ્ય પાત્ર હોય તો જ તેમાં ટકી શકે. સામાન્ય પાત્ર હોય તો પરમાત્માની શિક્ષા ટકી શકતી નથી. માટે પરમાત્માની શિક્ષાના યોગ્ય બનવા માટે ક્રોધ, પ્રમાદાદિ દોષોને નષ્ટ કરી આત્માને પાવન કરવો જોઈએ. પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે મેં તો દીક્ષા લીધી છે એટલે મારે તો પહેલાં શિક્ષાને પાત્ર બનવું જોઈએ. પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે આત્મા ક્રોધાદિ દોષોથી રહિત થયો છે કે નહિ એ પહેલાં જોવું જોઈએ.

તમે લોકોએ વ્યાવહારિક શિક્ષા લીધી છે એટલે તમે થોડામાં જ સમજી શકશો. મારે તમને એટલું જ કહેવાનું છે કે, તમારી શિક્ષાનો દુરુપયોગ ન કરો, તેને ઉલટે માર્ગે લઇ ન જાઓ પણ તેનો આત્માના હિત માટે ઉપયોગ કરો.

પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે અને તેમની પ્રાર્થનાની યોગ્યતા મેળવવા માટે સર્વ પ્રથમ આત્મામાં ક્રોધ, અભિમાન વગેરેનું પાપ કેટલું છે તે જોવાની જરૂર છે.

જો આ આત્મા ભલે ઉપરથી દેખાતી હિંસા કરતો ન હોય તો પણ એને એવું અભિમાન હોય કે, 'હું હિંસા કરતો જ નથી' તો એવું અભિમાન પણ હિંસા છે. આ જ પ્રમાણે આ આત્મા ભલે ઉપરથી જૂઠું બોલતો ન હોય પણ હું જૂઠું બોલતોજ નથી

એવું અભિમાન હોય તો તે અભિમાન પણ એક પ્રકારનું જૂઠું જ છે. અને તે પણ હિંસા જ છે. કોઇ સદ્‌ગુણીના સદ્‌ગુણ જોઇ પ્રમોદ પામવાને બદલે તેના તરફ દ્વેષ કરવો અને એ સદ્‌ગુણીને નીચે પાડવાનો પ્રયત્ન કરવો એ પણ હિંસા જ છે. આ બધાં આત્માના અપરાધો છે. સૂત્રમાં આઠ પ્રકારનાં મદોનું વર્ણન કરવામાં આવ્યું છે. જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, લાભમદ, તપમદ, સૂત્રમદ અને સત્તામદ. આ આઠે પ્રકારના મદોથી—અહંકારોથી પાપની પ્રવૃત્તિ થાય છે માટે પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે અને તેમની પ્રાર્થનાની યોગ્યતા મેળવવા માટે આ આઠેય મદોમાંથી કોઇપણ મદ હોવો ન જોઇએ.

આ દૃષ્ટિએ જ્યારે હું મારા આત્માના અપરાધો તપાસું છું ત્યારે મારામાં ઘણી ત્રુટિઓ હજી રહેલી છે એવું મને જણાય છે. એટલે હું પરમાત્મા પ્રત્યે

'हूं अपराधी अनादिनो जनम जनम गुना किया भरपूर कै'

આવી પ્રાર્થના કરું તો એ દૃષ્ટિએ કાંઇ ખોટું કહેતો નથી. મોટા મોટા વિદ્વાનોએ પણ એ વાત બહુ વિચારીને જ કહી છે કેઃ—

હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પરપુદ્‌ગલે;
ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણાજલે
આશ્રવ બન્ધ વિભાવ કરુ રુચિ આપણી,
ભૂલ્યો મિથ્યાવાસ દોષ દઉં પરભણી
અવગુણ ઢાંકણ કાજ કરુ જિનમત ક્રીયા;
ન તજું અવગુણની ચાલ અનાદિની જે પ્રીયા.

દેવચંદજી ચોવીશી

આ ઉપરથી આપણે એમ સમજવું જોઇએ કે, "આ આત્મા ક્યાં ક્યાં ભૂલો પડ્યો છે ? આ આત્મા જે ક્રિયાઓ અવગુણોને

ત્યાગવા માટે કરતો હતો તે જ ક્રિયાઓદ્વારા તે અવગુણોને ઢાંકવા તો ચાહતો નથી ને ? જેમ આજના લોકો સારા દેખાવવા માટે ભાડે કપડાં લઇને પણ ફોટો પડાવે છે, તેમ હે ! આત્મા તું બીજાની આગળ સારા દેખાવવા માટે અવગુણોને નાશ કરનારી ક્રિયાને અવગુણોને જ ઢાંકવા માટે તો નથી કરતોને ને ? જો તું આવી જ ચાલાકી કરી તારા જ આત્માને ઠગતો હો તો હવે એ ચાલાકી છોડી દે અને અવગુણોને ઢાંકવા માટે નહિ પણ તેને દૂર કરવા માટે ક્રિયાઓ કર તો તેમાં તારું જ કલ્યાણ છે."

જ્યારે લોકો બિમાર પડે છે ત્યારે કર્મનો દોષ કાઢે છે પણ જ્ઞાનીઓ કહે છે કે, કેવળ કર્મને દોષ દેવાથી કાંઇ રોગ ચાલ્યો જતો નથી પણ રોગનો નાશ કરવા માટે રોગના મૂળ—પાપનો નાશ કરવો જોઇએ. પાપને લીધે જ્યારે સંકટ માથે આવી પડે છે ત્યારે લોકો વધારે પાપ કરવા લાગે છે આ એ લોકોની ગંભીર ભૂલ છે. સંકટના સમયે ધૈર્ય રાખી પરમાત્માની સાથે પ્રેમસંબંધ જોડવો જોઇએ. જ્યારે લોકો રોગી થાય છે ત્યારે તેમને ડૉક્ટર પ્રિય લાગે છે; વિદ્યા ઓછી હોય છે ત્યારે વિદ્વાન પ્રિય લાગે છે; ધનની જરૂર હોય છે ત્યારે ધનવાન પ્રિય લાગે છે; તે જ પ્રમાણે જ્યારે પોતાનામાં પાપ વધે ત્યારે પરમાત્મા પણ પ્રિય થવા જોઇએ. જો પોતાના પાપોને જોઈ સંવેદના પ્રગટશે તો પરમાત્મા પ્રત્યે પ્રેમ પણ વિશેષ જાગશે. પણ લોકો પાપને છુપાવવા ચાહે છે, દૂર કરવા ચાહતા નથી. તેઓ પાપ કરતાં જાય છે પણ પાપી કહેવડાવવા ચાહતા નથી. પણ પાપને છુપાવવાથી પાપ ઘટતું નથી ઉલટું વધે છે. માટે પાપનુ નિરીક્ષણ કરી તેનો જેટલો પશ્ચાત્તાપ કરશો તેટલા તમે પરમાત્માની સમીપ જઈ શકશો. હું બહેનોને પણ એ જ કહું છું કે, પાપને છુપાવશો કે દબાવશો નહિ પણ પાપનું પ્રાયશ્ચિત

કરી તેને દૂર કરવાનો પ્રયત્ન કરશો તો પરમાત્મા પ્રતિ પ્રેમ જાગશે. એમ ન થવું જોઇએ કે, ઉપરથી તો નગ્ને પતિવ્રતા સ્ત્રી હોવાનો ડોળ કરો અને અંદરખાને અનીતિમય ભાવના ભાવો. માટે પોતાના પાપોનું હમેશાં નિરીક્ષણ કરતા રહો અને તેને દૂર કરવા માટે સક્રિય પ્રયત્ન કરતા રહો.

સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાનો ઉદ્દેશ પણ આપણાથી જે આખા દિવસ કે આખી રાતમાં જે પાપો થયાં હોય એ પાપોથી પાછા ફરવાનો છે. પ્રતિક્રમણનો શાબ્દિક અર્થ 'પાછા ફરવું' થાય છે, પણ શુભ કાર્યથી પાછા ફરવું એવો કોઈ તેનો અર્થ ન કરે. અશુભ (પાપ) કાર્યથી પાછા ફરવું એ પ્રતિક્રમણનો ઉદ્દેશ અને અર્થ છે. ભગવાન મહાવીરે આપણા માટે પ્રતિક્રમણ ધર્મ બનાવ્યો છે. ભગવાન પાર્શ્વનાથના શિષ્યો તો કોઇ વખત પ્રતિક્રમણ કરતા હતા અને કોઇ વખત નહિ. જ્યારે કોઇ પાપપ્રવૃતિ થઈ છે એમ તેમને જણાતું તો તેઓ તેનું પ્રતિક્રમણ કરી લેતા, નહિ તો નહિ. પણ ભગવાન મહાવીરે તો પ્રતિક્રમણ કરવું આવશ્યક-અવશ્ય કરવા યોગ્ય-બતાવ્યું છે. તેમણે તો પોતાના શિષ્યોને સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાની આજ્ઞા આપી છે. માટે પાપનું પ્રાયશ્ચિત કરવા માટે પ્રતિક્રમણ કરો અને એ રીતે પાપને દૂર કરો અને આમ કરી જ્યારે નિષ્પાપ બનશો ત્યારે પરમાત્માની શિક્ષાના પાત્ર અને પરમાત્માની પ્રાર્થના કરવાને યોગ્ય બની શકશો.

મન, વચન અને કાયાના યોગથી પાપ થાય છે. મનથી પણ પાપ થાય છે, વચનથી પણ પાપ થાય છે, કાયાથી પણ પાપ થાય છે અને ત્રણેયના યોગથી પણ પાપ થાય છે.

વચનનાં પાપો તો પ્રકટ પણ થઇ જાય છે પણ મનના પાપોને કોણ જાણે છે? અને જ્યાંસુધી મનનાં પાપો બહાર નીકળતાં

નથી ત્યાંસુધી કેમ કહી શકાય કે, હું અપરાધી નથી! એટલા માટે મનનાં પાપોને સર્વથા દૂર કરવા જોઇએ અને તે માટે હંમેશાં આત્માને જાગૃત રાખવો જોઇએ. જ્યારે આત્મા, મન, વચન અને કાયાનાં પાપોથી રહિત થઇ નિષ્પાપ બને છે ત્યારે પરમાત્માની શિક્ષાને અને પ્રાર્થનાને યોગ્ય બને છે. આત્માને નિષ્પાપ બનાવવા માટે એક ભાવના હમેશાં ભાવવી જોઇએ. એ ભાવનાને કવિઓએ બહુ જ સરલ રીતે વ્યક્ત કરી છે. એ ભાવનાને તમે જ્યાં લઇ જવા ચાહો ત્યાં લઇ જઈ શકો છો. મારે તો એ ભાવનામાં શું તત્ત્વ રહેલું છે એ જૈનદૃષ્ટિએ સ્પષ્ટ કરવું જોઇએ. એ ભાવના કઇ છે? તે માટે કવિઓએ કહ્યું છે કે:—

सुनेरी मैंने, निर्वल के वल राम
पिछली साख भरूं सन्तनकी आडे सँवारे काम,
जवलग गज वल अपनो वरत्यो नेक सर्यो नहीं काम
निर्वल हो वलराम पुकारे आये आधे नाम. सुनेरी०

આત્માને રામબલની આવશ્યકતા રહે છે એટલા માટે રામબલ આવે એવી હંમેશાં ભાવના ભાવવી જોઇએ. રામબલને આત્મબલ અથવા પરમાત્મિક બળ પણ કહી શકાય. નામમાં ભેદ ગમે તે હોય પણ સાચી આત્મશક્તિને પ્રાપ્ત કરવાની ભાવના રાખવી જોઇએ.

જ્ઞાની લોકો દશરથના પુત્ર રામને જ રામ કહેતા નથી પરન્તુ તેઓ તો કહે છે કે,

रमन्ति योगिनो यस्मिन् इति रामः

અર્થાત્:—યોગી લોકો જેનામાં રમણ કરે છે તે રામ છે. આ કથનથી દશરથના પુત્ર રામનો નિષેધ કરવામાં આવ્યો નથી પણ જેઓ વીતરાગ છે એ જ સાચા રામ છે એમ કહેવામાં આવ્યું છે.

તમે કોઈ પણ આવું જ સામર્થ્ય પ્રગટાવો. પણ આવું સામર્થ્ય પ્રગટાવવા માટે તમારે આત્માના વિકારને દૂર કરવો પડશે. જેમ જેમ તમારો આત્માનો વિકાર દૂર થતો જશે તેમ તેમ તમારી આત્મશક્તિ પ્રગટ થતી થશે. આત્મશક્તિ ઉપર તમને વિશ્વાસ હશે તો તે શક્તિ તમારી પાસે જ છે. આ શક્તિ તમારા પોતાનામાં જ છે એ વાતની ખાત્રી માટે બીજાની સાક્ષી આપવાની જરૂર નથી; કારણ કે, સાક્ષી તો તેમની હોવી જોઇએ કે, જેમાં પોતાને સંદેહ હોય અને જેમાં સંદેહ ન હોય ત્યાં સાક્ષીની જરૂર રહેતી નથી. જો તમે શક્તિ પ્રાપ્ત કરવા માટે તૈયાર હો તો તો બીજાની સાક્ષી લેવી ઠીક ગણાય. દાવો માંડવો હોય તો બીજાની સાક્ષી લેવાની જરૂર પડે છે. પણ જો દાવો જ માંડવો ન હોય તો સાક્ષી લેવાની પણ જરૂર રહેતી નથી.

આજ પ્રમાણે જો તમારે આત્મશક્તિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો હોય તો હજારો મહાપુરુષોની સાક્ષી આ વિષે આપી શકાય એમ છે. હું જતી વખતે તમને બીજું તો શું કહું? હું તો તમને એટલું જ કહું છું કે, આ આત્મશક્તિને પ્રગટાવો તો બધી શક્તિઓ તમારામાં પ્રગટી જશે.

આ આત્મશક્તિ તમારામાં ક્યાં રહેલી છે તે જોવા માટે, પહેલાં તમારો આત્મા ક્યાં છે ? એ તપાસો. આ શરીર આત્માના આધારે ટકેલું છે. શરીરમાં જે કાંઇ થાય છે તે આત્માની શક્તિને લીધે થાય છે. આંખની પલક ઊંચી કે નીચી થાય છે તે પણ આત્માની શક્તિને લીધે થાય છે. તમે એ આત્માને આ ચર્મચક્ષુથી જોઇ શકતા નથી; પણ તમે જરા ને ઊંડો વિચાર કરશો તો તમને જણાશે કે, આત્મશક્તિદ્વારા જ શરીરની બધી ક્રિયાઓ થાય છે. જે આત્મશક્તિદ્વારા શરીરના બધાં કામો થાય છે તે

[illegible]

[illegible]

[illegible] ને સોદાને સુવરાવો. હું મંદિરના ઝરૂખામાં [illegible] છું અને નગરજનોની સમક્ષ એ બેનીએ [illegible] કચ્ચરઘાણ કરાવી નાંખો."

એ સોદાએ શો અપરાધ કર્યો છે એ વિષે રાજાએ કશો વિચાર પણ ન કર્યો, પણ સત્તાના મદમાં આવી જઈ કર્યાદી-

ઓના કહેવા પ્રમાણે વગર વિચાર્યે તેત્રીશે જણાને હાથીના પગ તળે કચડાવી કરી નાખવાનો હુકમ આપી દીધો.

રાજાઓના સિપાહીઓએ રાજાના હુકમ પ્રમાણે બધી વ્યવસ્થા કરી લીધી. નગરના બધાં સ્ત્રીપુરુષો મેદાનના ચોગાનમાં રાજાનું આ નવું કૌતુક જોવા એકઠા થવા લાગ્યા. મઘાને તથા તેના સાથીઓને પણ યથાસમયે મેદાનના ચોગાનમાં લાવવામાં આવ્યા અને તેમને કહેવામાં આવ્યું કે, તમે તમારા ઇષ્ટદેવનું અંતિમ સ્મરણ કરી લો. કારણકે, તમને તમારા કૃત્યનું આજે ફળ મળવાનું છે.

મઘો તો આ સાંભળી ખૂબ પ્રસન્ન થયો અને વિચારવા લાગ્યો કે, "આજે અમારા કૃત્યનું ફળ મળશે એ તો સારું જ છે ને?" તેણે તેના શિષ્યોને કહ્યું કે, "તમે મારા કહેવાથી નહિ પણ સ્વેચ્છાએ મારા શિષ્યો થયા છો માટે તમે જરાપણ સંકટના સમયે ગભરાશો નહિ. સૌથી આગળ હું છું એટલે હાથી પહેલાં મને જ કચડશે. તમે બધા મારી પાછળ રહેજો. તમે ગભરાશો નહિ પણ ધૈર્ય રાખશો તો બધું સારું થશે."

મઘાએ શિષ્યોને જે ઉપદેશ આપ્યો તે વિષે ચંદનબાલાની કથામાં જે કવિતા કહેવામાં આવી છે, તે કવિતા અહીં કહેવામાં આવે તો અસ્થાને તો નહિ જ ગણાય. આ કવિતાનો ભાવ મઘાના ઉપદેશ સાથે સંબંધ ધરાવે છે, માટે અહીં પણ તે કવિતા કહેવી ઉચિત છે. તમે પણ આ કવિતાની ભાવના આત્મામાં ઉતારો તો તેમાં તમારું કલ્યાણ જ રહેલું છે.

મઘો પોતાના શિષ્યોને કહે છે કે:—

શાન્તિ સમર મેં કભી ભૂલ કર ધૈર્ય નહીં ખોના હોગા ।
વજ્રપ્રહાર ભલે સિર પર હો કિન્તુ નહીં રોના હોગા ॥

હે! મારા વ્હાલા શિષ્યો! આ સમયે ઉચ્ચ ભાવના વડે તમારા ચિત્તને ખૂબ જ પ્રસન્ન રાખજો; કારણ કે ઉચ્ચ ભાવના ભાવવાથી ચિત્ત હમેશાં પ્રસન્ન રહે છે. એવો ખોટો વિચાર મનમાં લાવશો નહિ કે, "અમે સારાં કામો કર્યાં તો પછી અમને જ દંડ કેમ મળે છે? જ્યારે અમને સારાં કામોનું આવું ફળ મળે છે તો શું આ જ ધર્મ કે ઇશ્વરની આરાધનાનું ફળ છે! જ્યારે અમને હાથીના પગ તળે કચડી નાંખવામાં આવે છે ત્યારે અમારો ધર્મ ક્યાં ગયો?" આ પ્રકારનાં ખોટાં વિચારોને મનમાં લાવશો નહિ.

આવા સંકટના સમયે ઉચ્ચ ભાવના ભાવવી એ સામાન્ય જનતા માટે સરલ નથી. જો આવા સંકટના સમયે ઉચ્ચ ભાવના ભાવવામાં આવે તો કોઇને કોઇ વખતે આત્માનું કલ્યાણ અવશ્ય થાય છે, કહ્યું પણ છે કે:—

'अनेकजन्मसंसिद्धिस्ततो याति परां गतिं ।'—गीता

મથાએ કહ્યું કે, કોઇ આ સમયે ખરાબ ભાવના ભાવશો નહિ. પરન્તુ સામાન્ય વૃક્ષ કે પૃથ્વીની જેવી ભાવના ભાવશો. વૃક્ષ ઉપર કોઇ પત્થર ફેંકે છે તો વૃક્ષ સામું પત્થર ફેંકતું નથી પણ બદલામાં મીઠું ફળ આપે છે. વૃક્ષ એવી તકરાર કરતું નથી કે મને પત્થર મારનારને મીઠાં ફળ શા માટે આપું?

શું વૃક્ષની જેવી ઉચ્ચ ભાવના તમે ભાવો છો? તમે વૃક્ષનાં મીઠાં ફળ તો ખાઓ છો પણ તેના બદલામાં કડવાશ પેદા કરો તો તમે વૃક્ષથી પણ ઉતરતા નથી? માનો કે, કદાચિત્ વૃક્ષ એમ કહે કે, તમે મારા ફળ ખાનારાઓ કોણ છો? તો તમે એ વૃક્ષને નકામું કહી ઉખેડી ફેંકી દેવા પણ તૈયાર થઇ જશો પણ જ્યારે તમારી જ ઉપર સંકટો આવી પડે ત્યારે તમે એમ કહો કે "એવા ધર્મને શું

કરે ! એવા ધર્મની શી જરૂર છે ? [illegible] નથી ? એટલા માટે ગમે તેટલા [illegible] 'भावनातः [illegible]' એ [illegible] પ્રશ્ન જ રાખ્યું [illegible]. અત્યારે આ [illegible] શક્ય નથી. એટલે [illegible] તેને જીવનમાં ઉતારો તો પણ [illegible] જ છે

મથાએ પોતાના શિષ્યોને કહ્યું કે, આ આપણા કાર્યનું ફળ મળી ગયું છે એમ માનશો નહિ. આ સંકટ તો આપણા કાર્યની પરીક્ષા છે, ફળ નથી. પ્રકૃતિ પણ એવી શિક્ષા આપે છે કે, જ્યારે આંબામાં મંજરી આવે છે ત્યારે કોયલ કુહૂ-કુહૂ એમ મીઠા સ્વરે કૂજવા લાગે છે અને કાગડાઓ તેને મારવા માટે તેની પાછળ પડે છે પણ કોયલ એવી કાંઈ એમ વિચારતી નથી કે, કાગડાઓનું મારવું એ મારા સ્વરનું ફળ છે ? કાગડાઓ પાછળ પડવા છતાં અને મારવા છતાં પણ કોયલ તો મીઠા સ્વરે કૂજવાનું છોડી દેતી નથી.

જ્યારે કોયલ પણ મારવા છતાં બદલામાં મીઠો સ્વર સંભળાવે છે, ત્યારે તમારા જેવા વિવેકબુદ્ધિને ધારણ કરનારાઓને ગાળી-ગાળીની સામે ગાળો ભાંડવી અને મારના બદલામાં સામો માર મારવો એ શું ઉચિત છે ? ત્યારે કોઇ એમ કહે કે, "શું ત્યારે અમારે ગાળો અને માર સહી લેવાં ? આ તો કાયરતા છે." આ ભૂલ છે. સહિષ્ણુતા કેળવવામાં કાયરતા નહિ પણ વીરતા છે. જે વીર હોય છે તે જ સહિષ્ણુતાનું મહત્ત્વ સમજી શકે છે અને તેને અપનાવી શકે છે.

મથાએ પ્રકૃતિની શિક્ષા સમજાવતાં આગળ કહ્યું કે, "જુઓ ! કોઇ ગમે તેવું કરે તો પણ પ્રકૃતિ તો પોતાનો સ્વભાવ છોડતી નથી. આ જ પ્રમાણે તમે પણ તમારો સ્વભાવ છોડી વિભાવમાં

[illegible] નહિ. જુઓ ! [illegible] કરવા [illegible]
[illegible] કરવા આવે છે, અને આપ અને [illegible] નાંખે તો પણ
[illegible] કર્મનો કે [illegible] ઉપર કે [illegible] ઉપર [illegible]
કોપ કરશો નહિ. તેમ જ અન્ય પક્ષીઓનો નાશ થાય એવો વિચાર
પણ કરશો નહિ એમાં જ આપણા [illegible] વિજય રહેલો છે.
જો તે અનુયાયીઓનું પણ ભલું ચાહો અને તેમનું [illegible] ન
[illegible] તમારી કાંઈ ભૂલ થઈ હોય તે તપાસો અને તેને દૂર
કરો. પણ જો તમારી કાંઈ ભૂલ થઈ નથી તો એ નિશ્ચય માનજો
કે, તમારો કોઈ વાળ વાંકો કરી શકે એમ નથી."

શ્રી આચારાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધમાં એવી ભાવના બતાવવામાં આવી છે કે, એ ભાવનાને જીવનમાં સ્થાન આપવાથી પાપ થઈ જ ન શકે. તેમાં કહેવામાં આવ્યું છે કે:—

'एस खलु निरए, एस खलु मोहे, एस खलु मारे'

અર્થાત્—આ હિંસાનું પાપ જ નરક છે, આ હિંસાનું પાપ જ મોહ છે અને આ હિંસાનું પાપ જ માર-કષ્ટ છે. એ પાપને પોતાના આત્મામાં છુપાવી રાખવાનો અર્થ જ નરકને આમંત્રણ દેવાનો છે. શાસ્ત્ર કહે છે કે, પાપને પાપ જ ન માનો પણ નરક માનો. જ્યારે આત્મામાં પણ પાપ હોય ત્યારે આત્મામાં જ નરક છે એમ માનવું.

શ્રી અનાથી મુનીએ પણ કહ્યું છે કે:—

अप्पा नई वेयरणी—[શ્રી ઉ૦ ૨૦-૩૬]

અર્થાત્:—વૈતરણી નદી આત્મા જ છે.

આ પ્રમાણે ઉચ્ચ ભાવનાને જીવનમાં તમે સ્થાન આપો તો તમારામાં પાપ રહેવા પામશે નહિ.

"[illegible]"

તેમ પણ ધર્મના મનના ઉપર દૃઢ વિશ્વાસ રાખો અને બરાબર ધર્માચરણ કરતા રહો, પછી ગમે તેટલા જુલમી ધર્મનો ઉચ્છેદ કરવા તૈયાર થઇ જાય તોપણ ધર્મનો ઉચ્છેદ કોઇ કરી શકે એમ નથી. ગીતામાં પણ કહ્યું છે કે :—

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥–गीता

આ આત્માને કોઇ શસ્ત્રો છેદી શકતા નથી તેમ કોઇ અગ્નિ પણ તેને બાળી શકતો નથી. આ આત્મા તેત્રીશ સાગરોપમ સુધી નરકની અવસ્થા ભોગવી આવ્યો છે છતાં તે અસ્તિત્વ ધરાવે છે. ધર્મ આત્માનો સ્વભાવ છે જ્યારે આત્માનો સ્વભાવ આવો છે તો પછી ધર્મને કોઇ કેવી રીતે નષ્ટ કરી શકે?

મઘાએ પોતાના શિષ્યોને ભાવનાદ્વારા આત્મશક્તિનો પરિચય આપ્યો. મઘાના હૃદયમાં તો તે ભાવના સાકાર રમતી હતી. તે કેવળ બીજાને ઉપદેશ આપવામાં માનતો ન હતો. તે તો પોતાના જીવનમાં ઉપદેશને મૂર્તરૂપ આપતો હતો. મઘાએ સામેથી મદોન્મત્ત હાથીને દોડતો આવતો જોયો એટલે તે હાથી પહેલવહેલાં પોતાની ઉપર પગ મૂકે એ દૃષ્ટિએ બધાની મોખરે તે જઈ સૂઈ ગયો અને શિષ્યોને પાછળ સૂઈ જવાનું કહ્યું. લોકો આ દશ્ય જોઈ શોરબકોર કરવા લાગ્યા અને પરસ્પર કહેવા લાગ્યા કે, "આ લૂંટારાઓ કે ચોર કયાં જણાય છે! તેમની મુખમુદ્રા ઉપર તો કેવી શાન્તિ પથરાએલી છે! આવી શાન્તિ લૂંટારાઓની મુખમુદ્રા ઉપર હોય ખરી કે?" આ પ્રમાણે નગરવાસીઓ કલ્પાંત કરવા લાગ્યા અને તેમાંના કેટલાક તો રોવા પણ લાગ્યા. મઘાએ જાણે પોતાની ભવ્ય ભાવનાદ્વારા બધા લોકોનું હૃદય છતી લીધું ન હોય એવું જણાતું હતું.

દારૂના ઘેનમાં અને સત્તાના મદમાં મસ્ત બનેલો રાજા અભિમાનપૂર્વક આજ્ઞા દેવા લાગ્યો કે, "એ બદમાશો ઉપર હાથીને છોડી દો અને એ હાથીના પગતળે એ બદમાશોને કચડાવી નાંખો."

રાજાના આ હુકમ પ્રમાણે માવતોએ હાથીને છૂટો મૂકી દીધો અને એ મદોન્મત્ત હાથી દોડતો દોડતો મઘા વગેરેની પાસે આવ્યો. પણ મઘાને સૂંઘીને, જેમ નાગ દમનીને સૂંઘતા જ પાછો ભાગે તેમ, પાછો ભાગ્યો. આ દશ્ય જોઈને લોકો ખૂબ જ પ્રસન્ન થયા પણ મઘાના વિરુદ્ધના જે કર્મચારીઓ વગેરે હતા તેઓ રાજાને કહેવા લાગ્યા કે, "મહારાજ! આ લોકો કેટલા બધા બદમાશો છે તે આપે જોયું ને? એ લોકો જાદુ પણ જાણે છે!"

રાજાએ કહ્યું કે, "તમારું કહેવું બરાબર છે. જાદુનો પ્રભાવ પડે છે એવું સાંભળવામાં આવે છે, એટલે કદાચ એ લોકોના

જાદુના પ્રભાવથી જ હાથી પાછો ભાગ્યો હોય ! ખેર ! કાંઇ વાંધો નહિ. બીજો હાથી લાવો અને એ હાથીદ્વારા એ લોકોનો કચ્ચરઘાણ કઢાવી નાંખો."

રાજાના હુકમથી બીજો હાથી લાવવામાં આવ્યો પણ તે પણ પહેલા હાથીની માફક મઘાને સૂંઘીને પાછો ભાગી ગયો.

આ પ્રમાણે ત્રીજો, ચોથો એમ ક્રમશઃ સાત હાથીઓ લાવવામાં આવ્યા પણ તે બધા પહેલા હાથીની માફક મઘાને સૂંઘીને પાછા ભાગ્યા.

રાજા આ બધી આશ્ચર્યજનક ઘટના જોઇ વિચારવા લાગ્યો કે, "આ કાંઇ જાદુની અસર નથી. આમાં કોઇ બીજું કારણ હોવું જોઇએ. એમ ધારી તેને મઘાને પોતાની પાસે બોલાવવાની આજ્ઞા કરી."

રાજાના હુકમથી સિપાહી મઘાની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "ઉઠો ! ઉઠો ! તમને રાજા બોલાવે છે."

મઘાએ કહ્યું કે, "અમને બોલાવીને રાજા શું કહેવા ધારે છે ? અમે તો એ જ જોવા ચાહિએ છીએ કે, અમારામાં પાપ છે કે નહિ ? અને જો પાપ હોય તો હાથી અમને કચડી નાંખે એ જ સારું છે."

સિપાઇએ કહ્યું કે, "તમારે જે કાંઇ કહેવું હોય તે રાજાને કહેજો."

મઘાએ કહ્યું કે, "ઠીક, ચાલો હું ઉઠું છું."

મઘો ઉઠ્યો અને પોતાના શિષ્યોને કહેવા લાગ્યો કે, "હું હમણાં આવું છું. તમે લોકો આ જ પ્રમાણે સુતા રહેજો, જરાપણ ડરશો નહિ અને હું તમને છોડીને ચાલ્યો જાઉં છું એમ પણ ન માનજો. હું હમણાં જ પાછો આવું છું."

મઘો રાજાની સમક્ષ આવ્યો. રાજાએ તેને પૂછ્યું કે, "તમે કાંઇ મંત્ર જાણો છો?"

મઘાએ કહ્યું કે, 'હા.'

રાજાએ કહ્યું કે, "કયો મન્ત્ર જાણો છો?"

મઘાએ જવાબ આપ્યો કે, "જે કામ પોતાના માટે સારૂં લાગે તેજ કામ બીજાને માટે કરવું. હું આ મન્ત્ર જાણું છું."

રાજાએ કહ્યું કે, "બીજું કાંઇ જાણો છો?"

મઘાએ ઉત્તર આપ્યો કે, "આ સિવાય તો મન્ત્રનાં સાધનો જાણું છું."

રાજાએ પૂછ્યું કે, "એ સાધનો કયાં છે! જણાવો તો!"

મઘાએ કહ્યું કે, "કોઇની હિંસા ન કરવી, કાંઇ જુઠું ન બોલવું, કોઇની ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને દારૂ ન પીવો. આ એ મંત્રના સાધનો છે."

રાજાએ પૂછ્યું કે, "શું આ જ મન્ત્ર જાણો છો?"

મઘાએ કહ્યું કે, "હા, હું તો એ જ મન્ત્ર જાણું છું."

રાજાએ મઘાનો હાથ પકડી કહ્યું કે, "આ મન્ત્ર તો બહુ સારો છે. શું તમે આ જ મન્ત્રનો પ્રચાર કરતા હતા?"

મઘાએ કહ્યું કે, "હા, હું એ જ મન્ત્રનો પ્રચાર કરતો હતો."

રાજાએ કહ્યું કે, "ત્યારે તો તમે રાજ્યની જ સહાયતા કરતા હતા. તેમાં તમે ખોટું શું કરતા હતા?"

મઘાના આ વચનો સાંભળી રાજાએ મઘાની વિરૂદ્ધ ફરીયાદ કરનાર રાજ્ય કર્મચારીઓને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે,

"આ લોકોએ શો અપરાધ કર્યો હતો ? તેઓએ ગામના લોકોને શો ત્રાસ આપ્યો હતો ?"

કર્મચારીઓ રાજાનો આવો પ્રશ્ન સાંભળી વિચારમાં પડી ગયા અને જવાબ શું આપવો તેના વિમાસણમાં પડી ગયા.

કર્મચારીઓને વિમાસણમાં પડેલા જોઇ રાજા સમજી ગયો કે, "આ કર્મચારીઓ જૂઠા છે." આ લોકોએ આના ઉપર ખોટો આરોપ મૂક્યો લાગે છે. માટે ગામના લોકોને આ વિષે પૂછી જોઉં તો ખબર પડે.

રાજાએ ગામના લોકોને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે, આ તેત્રીશે જણામાંથી કોઇએ તમને હાનિ પહોંચાડી હોય કે બીજાને હાનિ પહોંચાડતા જોયા તો સાચેસાચું કહી બતાવો !

ગ્રામલોકોએ કહ્યું કે, "મહારાજા ! એ લોકોએ અમારી એ જ હાનિ કરી છે કે અમને દારૂ પીતાં, વેશ્યાગમન કરતાં, જુગાર રમતાં અને કલેશ-કંકાસ કરતાં અટકાવ્યાં છે. બાકી અમારી કશી હાનિ કરી નથી."

રાજા ગ્રામજનોની આ વાત સાંભળી આશ્ચર્યચકિત થયો અને કર્મચારીઓને કહેવા લાગ્યો કે, "આ લોકોએ શો અપરાધ કર્યો હતો તે તમે બતાવો. ગામના લોકોએ શું કહ્યું તે તમે સાંભળ્યું. મેં તમારા કહેવા ઉપર વિશ્વાસ રાખી આ નિર્દોષી લોકો ઉપર અત્યાચાર કર્યો. તમે લોકોએ મારી સામે ખોટી ફરિયાદ કરી આ નિર્દોષી લોકોને સતાવ્યા તે બદલ તમને બધાને હાથીના પગ તળે કચડાવી નાંખવાનો દંડ આપવો જોઇએ, કે જેથી ભવિષ્યમાં કોઇ ખોટી ફરિયાદ કરવાનું સાહસ ન કરે."

રાજાનો આ હુકમ સાંભળી મઘો રાજાને વિનવવા લાગ્યો કે, "હે ! રાજન્ ! આપ આ શું ગજબ કરી રહ્યા છો ?"

રાજાએ કહ્યું કે, "આવા અપરાધીઓને આવી કડક સજા જ આપવી જોઇએ."

મઘાએ કહ્યું કે, "રાજન્! એ લોકો અપરાધી નથી પણ અમારા મહાન ઉપકારી છે. જે લોકોએ આપની સાથે અમારી મુલાકાત કરાવી આપી છે એ ઉપકારી લોકોને આવો કડક દંડ આપવો યોગ્ય નથી."

રાજાએ કહ્યું કે, "તમારી નીતિ જુદી છે અને અમારી રાજનીતિ પણ જુદી છે. જો આવા અપરાધીઓને દંડ ન આપતાં તેમને છોડી મૂકવામાં આવે તો રાજ્યમાં બહુ જ અત્યાચાર ફેલાઇ જાય. એટલા માટે એવા શેતાનોને તો આવો દંડ આપવો જ જોઇએ."

મઘાએ કહ્યું કે, "આપનું કહેવું બરાબર છે. પણ આપને સવિનય પૂછું છું કે, આ લોકો વાસ્તવમાં શેતાનો જ છે તો, એ શેતાનીયત આવી ક્યાંથી? આપે જ રાજ્યનાં કાયદાકાનૂનો બનાવ્યાં છે અને આપે જ એમને રાજ્યનાં કર્મચારી બનાવ્યા છે. એટલે એ દૃષ્ટિએ આપ જ સર્વપ્રથમ અપરાધી ઠરો છો!"

રાજા સાચો ક્ષત્રિય હતો. એટલે મઘાના આ સત્યવચનને ઠીક માની પોતાના અપરાધનો સ્વીકાર કર્યો અને કહ્યું કે, "હું પણ દંડ લેવાને તૈયાર છું અને તેમની પહેલાં દંડસ્વરૂપ હું જ હાથીની આગળ સૂઉં છું."

મઘાએ પૂછ્યું કે, "આપ હાથીના પગ તળે શા માટે કચડાવા તૈયાર થયા છો?"

રાજાએ કહ્યું કે, "મેં પાપ કર્યું છે એટલે પાપના પ્રાયશ્ચિત માટે."

મઘાએ કહ્યું કે, "હાથીના પગ તળે કચડાઇ જવાથી કાંઇ પાપનું પ્રાયશ્ચિત થતું નથી પણ પાપનો પશ્ચાત્તાપ કરવાથી પાપનો

[illegible]

આપણે પણ આપણા પાપના પ્રાયશ્ચિત્ત [illegible] કરીને અને પરમાત્મા આગળ પ્રાર્થના કરવી જોઈએ કે.

'હું અપરાધી [illegible]'

આ પ્રમાણે પોતાને અપરાધી માની પોતાના પાપોને ધોવા માટે પશ્ચાત્તાપ કરશો તો તમે પણ નિષ્પાપ અને પવિત્ર બની શકશો.

મઘાએ રાજાને કહ્યું કે, " અજ્ઞાનને લીધે આ પ્રકારના અનેક જોરજુલમો થયાં હશે, પણ હવે એ અજ્ઞાન ગયું છે, અને જ્ઞાન પ્રગટ્યું છે, તો એ બધાં જોરજુલમોને દૂર કરી તમે પવિત્ર બનો અને પછી બીજાને પણ તમારા જેવા પવિત્ર બનાવો."

રાજા કહેવા લાગ્યો કે, " હે મઘા ! તમે એવા સત્પુરુષ છો કે, સાક્ષાત્ ઈશ્વર જ સામે ઉભા હોય એમ લાગે છે. જ્યારે તમને જોઉં છું ત્યારે ઈશ્વરને જોતો હોઉં એમ લાગે છે. ખરેખર, તમે આત્મબળને પ્રાપ્ત કરી શક્યા છો."

આ પ્રમાણે કહીને રાજા મઘાનો હાથ પકડી, " રાજ્ય સિંહાસન ઉપર તમે બેસો અને હું તો તમારી સામે જમીન ઉપર બેસવાને યોગ્ય છું " એમ તેમને કહેવા લાગ્યો.

મઘાએ કહ્યું કે, " રાજ્યનો ભાર મારી ઉપર લાદો નહિ, કારણ કે જો હું રાજ્યનો ભાર માથે લઇશ તો હું જે સેવાનું કાર્ય કરી

રહ્યો છું તે પણ કરી શકીશ નહિ. આપ હવે નિષ્પાપ બન્યા છે એટલે આપ જ સુખેથી રાજ્ય કરો અને પ્રજાને સુખી કરો."

જેમ પારસમણિનો સ્પર્શ થતાં લોઢું પણ સુવર્ણ બની જાય છે તેમ પરમાત્માનો સત્સંગ થતા પાપી પણ પવિત્ર બની જાય એમાં શું આશ્ચર્ય ! હે રાજન્ ! તમે પરમાત્માને પીછાની શક્યા છો એટલે હવે પવિત્ર થઇ ગયા છો માટે હવે આપ શાન્તિથી રાજ્ય કરો."

રાજા મધાને કહેવા લાગ્યો કે, "હે સત્પુરુષ ! તમારાં દર્શનથી મને પરમાત્માની જેવી પ્રતીતિ થઇ છે તેવી પ્રતીતિ મને લાખો પુસ્તકો વાંચવાથી કે લાખો વિચારો કરવાથી થઇ ન હતી. વાસ્તવમાં તમારામાં ઈશ્વરીય બલ છે. હવે મને બરાબર સમજ પડી કે,

'सुनेरी मैंने निर्बल के बलराम'

તમે પોતે જાણી જોઇને નિર્બલ બની ગયા અને કોઇની પ્રતિ વૈરભાવ ન રાખ્યો તો તમારામાં રામબળ આવ્યું. તમે ત્યારે એમ પણ ન વિચાર્યું કે, "અમુક મારું અહિત કરે છે તો હું પણ તેનું અહિત કરું. પણ તમે અહિત કરનારનું પણ હિત ચાહ્યું. હું પણ હવે એ સમજી શક્યો છું કે, "કોઇ બીજો આપણું અહિત કરે છે એ અજ્ઞાન છે. પોતાનું પાપ જ પોતાનું અહિત કરે છે. જો કોઇ બીજો અહિત કરી શકતો હોત તો હાથી તમને સૂંઘીને શા માટે પાછો ભાગી જાત ?"

તમે લોકો કદાચ એમ કહો કે, પોતાનું અહિત બીજા પણ કરી શકે છે, કારણ કે રાજસત્તા તો આપની જેમ બીજાને કરડવામાં જરાપણ વિચાર કે વિલંબ કરતી નથી.

મધાએ કહ્યું કે—આ ઠીક છે, પણ આ કહેવા પહેલાં તો તમે પોતે નિર્દોષ કે પવિત્ર છો કે નહિ એ જોવાની જરૂર છે. જો તમે પોતે પવિત્ર નથી તો પછી બીજાને દોષ જ કેમ આપી શકો ? સિદ્ધાન્ત તો એવો છે કે,

'सत्यं शिवं सुन्दरम्'

જે સત્ય છે તે જ શિવ–કલ્યાણકારી છે અને જે શિવ છે તે જ સુંદર છે. જેનામાં વિકાર નથી પણ સત્ય છે તે જ સુંદર અને કલ્યાણકારી છે. એટલા માટે બીજાના દોષો ન જોતાં સત્યને પોતાના જીવનમાં સ્થાન આપો તો જેટલા પ્રમાણમાં સત્યને સ્થાન આપશો તેટલા પ્રમાણમાં કલ્યાણ પણ અવશ્ય થશે.

રાજાએ મધાને કહ્યું કે, "આ રાજ્યની લગામ તમે તમારા હાથમાં લો અને રાજ્યશાસન કેવી રીતે કરવું તે મને બતાવો."

મધાએ જવાબ આપ્યો કે, "હે ! રાજન્, તમારે રાજ્યશાસન કેમ ચલાવવું તે જ જોવું છે ને ! તો ઠીક છે. હું જરૂર બતાવીશ."

આજે મધાના જેવા સાચા પ્રજાસેવક કર્મચારીઓ મળતા નથી અને શોધ્યા જડતા નથી. આજના કર્મચારીઓ તો સર્વપ્રથમ પોતાના બંગલાને સુશોભિત કરે છે. આવા લોકો રાજ્યની સેવા કરે છે કે પોતાના પેટની સેવા કરે છે એ કહેવું મુશ્કેલ છે; પણ એટલું તો કહેવું જોઇએ કે, જેઓ પોતાના પરિશ્રમથી ઉપાર્જન કરી ખાય છે અને પ્રજાની સેવા કરે છે તેવા કર્મચારીઓની રીતિનીતિ તો કોઇ જુદા જ પ્રકારની હોય છે.

રાજાએ મધાને પોતાનો પ્રધાન બનાવ્યો અને મધાના ૩૨ શિષ્યને કર્મચારી બનાવ્યા એવો ગ્રન્થોમાંથી ઉલ્લેખ મળે છે.

મઘાએ પોતાના શિષ્યોને કહ્યું કે, "બન્ધુઓ! આપણામાં જો પાપ ન હતું તો હાથીએ પણ આપણને કચડ્યા નહિ. જ્યારે હાથી જેવું પ્રાણી પાપ અને પુણ્યનો ભેદ સમજે છે તો આપણે તો એટલું સમજવું જ જોઈએ કે, "શ્રમ કર્યા વિના ખાવું હરામ છે. અને પાપપ્રવૃત્તિ જરાપણ ન કરવી તેવો નિયમ લેવો જોઈએ."

મઘાએ રાજ્યનું પ્રધાનપદ હાથમાં લઈ મગધ દેશને ઘણો જ સુખી અને સુંદર બનાવી દીધો અને પ્રજા સુખેથી દેશમાં રહેવા લાગી.

ગ્રન્થના કથનાનુસાર આ કથા ભગવાન મહાવીર અને રાજા શ્રેણિકના સમય પહેલાની છે. તેમની પહેલાં મઘાના શાસનપ્રબંધથી મગધ પ્રદેશ એવો ધર્મપ્રધાન બની ગયો હતો કે ઇન્દ્ર પણ એ પ્રદેશને હાથ જોડતો હતો.

તમે થોડો પણ તમારા હૃદયમાં ધર્મને સ્થાન આપો અને સાથેસાથે એટલો પણ દૃઢ નિશ્ચય કરી લો કે, "જે વાત તમને પોતાને સારી લાગે તે જ બીજાને માટે કરવી અને જે તમને સારી ન લાગે તે બીજાને માટે પણ ન કરવી." આ પ્રમાણે જેનો તમે દૃઢ નિશ્ચય કરો તેને બરાબર વળગી રહેજો અને તમે જે વ્રત-પ્રત્યાખ્યાન લીધાં છે તેને આત્મસાક્ષીએ બરાબર પાળજો તો તેમાં કલ્યાણ જ છે.

અન્તમાં હું તમારી બધાની મારી ભૂલો માટે ક્ષમા ચાહું છું અને તમારા બધાનું આત્મકલ્યાણ થાઓ તથા મારા શરીરની સાથે નહિ પણ મારા સદ્વિચારો સાથે પ્રેમ કરો એ જ હું ઇચ્છું છું.*

---

* સંવત ૧૯૯૨નું રાજકોટનું ચાતુર્માસ પૂરું કરી સંવત્ ૧૯૯૩ના કારતક વદી ૧ તા. ૨૯-૧૧-૩૬ રવીવારના રોજ વિહાર કરી પૂજ્ય મહારાજશ્રી રાજકોટ સીવિલ સ્ટેશનમાં એક અઠવાડીયું રોકાયેલા, તે દરમ્યાન જ્યુબિલી દરબાર હોલમાં તેઓશ્રીએ પાંચ વ્યાખ્યાનો ફરમાવેલ હતાં તે પાંચે અહીં પરિપૂર્ણ થાય છે.

વ્યાખ્યાન : માનવધર્મ*

પ્રાર્થના

ચેતન જાણ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે,
શાસ્ત્ર પ્રમાન પિછાન પ્રભૂ ગુન, મન ચંચલ થિર કર રે,
શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥ ૧ ॥

શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આત્માએ પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી જોઇએ? એ વિષે યથાસાધ્ય હું કાંઇક કહેતો જ રહું છું. આજે જો કે મારે 'માનવધર્મ' એ વિષય ઉપર બોલવાનું છે પણ પ્રાર્થના એ મારા આત્માનો વિષય છે અને પ્રાર્થના કરવી એ પણ માનવધર્મ છે, એટલા માટે એ વિષે થોડુંક કહું છું.

આ પ્રાર્થનામાં 'હે! આત્મા ઉઠ! જાગ! અને પરમાત્માનું સ્મરણ કર' એમ કહેવામાં આવ્યું છે તો એ ઉપરથી એવો પ્રશ્ન ઉભો થાય છે કે, પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી?

---

* સાં. ૧૯૯૨ના શ્રાવણ શુદી ૮ ને રવીવારના રોજ શ્રી રાજકોટ દશા શ્રીમાળી વાણીક ભોજનશાળામાં પૂજ્યશ્રીએ આપેલું જાહેર વ્યાખ્યાન.

આ પ્રશ્નનો ઉત્તર એક સાધારણ ઉદાહરણદ્વારા આપું છું:—

એક છોકરો શેરડીનો સાંઠો લઇ ચૂસી રહ્યો છે અને બીજો છોકરો સાકરનો ગાંગડો ચૂસી રહ્યો છે. પહેલો છોકરો બીજા છોકરાને સાકરનો ગાંગડો બતાવી કહી રહ્યો છે કે, "જો ! આ સાકર કેવી મીઠી છે !" ત્યારે પેલા છોકરાએ જવાબ આપ્યો કે, "એ સાકર આવી ક્યાંથી ? આ શેરડીના સાંઠામાંથી જ સાકર નીકળી છે ! મારી આ શેરડીમાં તો સાકર જ ભરેલી છે !"

'શેરડીમાં સાકર જ ભરેલી છે' એમ કહેનાર છોકરો શું ખોટું કહે છે ? જો સાચું કહે છે તો શું શેરડીમાંથી મહેનત કરી સાકર કાઢવાનો પ્રયત્ન નકામો છે ? ના, પ્રયત્ન પણ નકામો નથી તેમ શેરડીમાં સાકર રહેલી છે એ વાત પણ ખોટી નથી. કારણ કે, શેરડીમાં સાકર હોય છે ત્યારે જ પ્રયત્ન કરવાથી સાકર નીકળી શકે છે. સાકરમાં તો નિખાલસ શુદ્ધ મીઠાશ હોય છે, જ્યારે શેરડીમાં મીઠાશની સાથે બીજી ચીજો મળેલી હોય છે એટલે બન્નેમાં તફાવત છે !

આ જ પ્રમાણે પ્રાર્થના ક્યાંય બહારથી આવતી નથી, પણ જે પ્રમાણે શેરડીના સાંઠામાં સાકર વ્યાપ્ત છે તે જ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના પણ આત્મામાં વ્યાપ્ત છે. એ વાત જુદી છે કે, શેરડીમાં વ્યાપ્ત સાકરની સાથે જેમ બીજી ચીજો મળેલી રહે છે તેમ આત્મામાં વ્યાપ્ત પ્રાર્થના પણ બીજી વસ્તુઓમાં મળેલી હોય; પણ જેમ ક્રિયાદ્વારા શેરડીમાંથી સાકર કાઢી શકાય છે તે પ્રમાણે પ્રયત્નદ્વારા આત્મામાં વ્યાપ્ત થયેલી પ્રાર્થના પણ બહાર કાઢી શકાય છે. આત્મામાં વ્યાપ્ત પ્રાર્થનાને મહાત્મા લોકોએ કડીઓના રૂપમાં આપણી આગે મૂકી છે, પણ તે પ્રાર્થનાની કડીઓ પણ આત્મામાંથી જ નીકળી છે.

પ્રાર્થના પોતાના આત્મામાંથી જ નીકળે છે, અને પોતાના આત્મામાં પ્રાર્થના શેરડીમાં જેમ સાકર વ્યાપક છે તેમ વ્યાપેલી છે. એમ માનીને જો પરમાત્માની પ્રાર્થના આનંદ માટે કરવામાં આવે તો તે પ્રાર્થનાથી બહુ જ લાભ થાય છે અને આવી પ્રાર્થનાથી આત્મા પોતાનું કલ્યાણ પણ સાધી શકે છે ! અમે શું કરીએ ? એ પ્રમાણે એમાં નિરાશ થવાની કાંઇ જરૂર નથી. જો નિરાશ થઇ જઇએ તો કાંઇ પણ બની શકે નહિ.

જે મહાત્માઓએ આત્મામાંથી પ્રાર્થનાની કડીઓ કાઢી છે તેઓ જ પ્રાર્થના કરી શકે અને અમે કાંઇ કરી ન શકીએ; જો એમ જ નિરાશ થઇ કાંઇ કરો નહિ તો વાસ્તવમાં તમે કાંઇ કરી નહિ શકો. પણ સાહસ અને પ્રયત્ન કરવાથી જેમ શેરડીમાંથી સાકર કાઢી શકાય છે, અને જો એમ બની ન શકે તો શેરડીનો રસ ચૂસી તેના મીઠા સ્વાદનો આનંદ લઇ શકાય છે, તેજ પ્રમાણે તમે પણ પ્રાર્થનાનો આનંદ અનુભવી શકો છો. જો તમે પોતે પ્રાર્થનાની કડીઓ બનાવી ન શકો તો પણ જે મહાત્માઓ પ્રાર્થનાની કડીઓ બનાવી છે તેમને હૃદયમાં ધારણ કરી પ્રાર્થના કરવાથી આત્માનો આનંદ લઇ શકો છો. પણ જે કાંઇ થશે તે બધું પ્રયત્ન કરવાથી જ બનશે. પ્રયત્ન વિના કાંઇ બની શકશે નહિ.

કોઇ માણસ શેરડીના સાંઠાને હાથમાં જ લઇ બેઠો રહે તો તે શેરડીનો મીઠો સ્વાદ ચાખી શકશે નહિ પણ જો તે પ્રયત્ન કરે તો શેરડીમાંથી સાકર પણ કાઢી શકે છે અને છેવટે તેને ચૂસી તેનો મીઠો સ્વાદ તો ચાખી જ શકે છે. એટલા માટે પ્રાર્થના કરી આત્માનો આનંદ લેવાનું ભૂલો નહિ. કહેવત પણ છે કે, **याद से आबाद और भूलसे बरबाद** અર્થાત્ પરમાત્માને યાદ કરવાથી આબાદી અને તેમને ભૂલી જવાથી બરબાદી થાય છે. આમ સમજીને પરમાત્માની પ્રાર્થના કરો તો કલ્યાણ છે.

માનવધર્મ.

મને શ્રુતકો તરફથી એવી સૂચના મળી છે કે, આજે હું માનવધર્મ ઉપર વ્યાખ્યાન આપું. એમ તો હું હમેશાં જે વ્યાખ્યાન આપું છું તે માનવધર્મ ઉપર જ હોય છે પણ આજે આ એક જ વિષય ઉપર બોલવાનું છે. હું એ વિષે બરાબર કહી શકીશ કે નહિ એ વાતનો નિર્ણય તો શ્રોતાઓ જ કરી શકશે પણ એટલું તો અવશ્ય નિશ્ચિત છે કે, અમે ભાડુતી મજુરો નથી કે જે કેવળ વ્યાખ્યાન આપીને જ દૂર રહી જઇએ. અમારા વ્યાખ્યાનને કે અમે કહેલા માનવધર્મને બીજા કોઇ માને કે ન માને, પણ અમે જે કાંઇ કહીએ છીએ તેને અમે તો પ્રાણ આપીને પણ પાળીએ છીએ!

માનવધર્મ વિષે બોલતાં પહેલાં માનવ એટલે શું એ જોઇએ! જેમને આંખ-કાન-નાક વગેરે હોય અને આપણા જેવી આકૃતિ હોય તે શું માનવ છે? પણ આવી આકૃતિ તો જાનવરની પણ હોઇ શકે છે તો શું તેને પણ માનવ કહી શકાય? શું વાંદરાની આકૃતિ મનુષ્યની આકૃતિને મળતી નથી આવતી! કેવળ તેને એક પુંછડું વધારે હોય છે! આ તેની વિશેષતા છે; એટલે શું તેને પણ માનવ કહી શકાય? કેટલાક જલજંતુઓ પણ મનુષ્યની આકૃતિવાળા હોય છે તો તેમને પણ માનવ કહી શકાય? નહિ. એટલા માટે કેવળ નાક, કાન, આંખ, રૂપ તથા આકૃતિ આદિને કારણે કોઇને માનવ કહી શકાય નહિ! સંસ્કૃતમાં માનવની વ્યુત્પત્તિ કરતાં કહેવામાં આવ્યુ છે કે:—

मनु ते इति मनुः तस्यअय मानवः

મનુ ધાતુમાંથી મનુ શબ્દ બન્યો છે; અને મનુનાં જે સંતાનો હોય તે માનવ કહેવાય છે! અર્થાત જેમનામાં ધર્મ-અધર્મ, પાપ-

[illegible]

માનવનું મહત્ત્વ વેદાન્ત અને ઉપનિષદમાં ઘણું જ બતાવવામાં આવેલ છે. તેમાં મનુષ્યને અગ્નિ તરીકે વર્ણવેલ છે. જેને અન્ન અને પાણી કહેવામાં આવે છે તે અન્ન અને પાણી પણ મનુષ્યના પેટમાં જઈ ભસ્મ થઈ જાય છે. એ કારણે મનુષ્યને અગ્નિ પણ કહેલ છે. પેટમાં જઈ અન્ન અને પાણી કેવી રીતે ભસ્મ થઈ જાય છે અને રસભાગ અને ખલભાગ કેવી રીતે જુદા જુદા થઈ જાય છે એ વિષય ઘણો લાંબો છે, એટલે એ વિષે કાંઈ ન કહેતાં ટુંકમાં એટલું જ કહું છું કે, મનુષ્યના પેટમાં અન્ન અને પાણી પણ ભસ્મ થઈ જાય છે. એટલા માટે મનુષ્યને વેદાંત અને ઉપનિષદમાં અગ્નિ પણ કહેલ છે. ડૉક્ટરો પણ કોઈ બીમાર માણસની પહેલાં અગ્નિ તપાસે છે. મનુષ્ય એક જીવિત અને હરતી ફરતી અગ્નિ

છે. આ અગ્નિમાં જે કાંઈ નાંખવામાં આવે છે તે નકામું જતું નથી પણ આહુતિના રૂપમાં ફેરવાઈ જાય છે. એ અન્ન-પાણીથી વીર્ય બને છે અને એ વીર્યથી પછી તે જ પ્રકારનાં સંતાન પેદા થાય છે. આ આવી પરંપરા છે. પણ આ પરંપરામાં એ ધ્યાન રહે કે, જેવાં અન્ન-જલ હશે તેનું જ વીર્ય બનશે, અને જેવું વીર્ય હશે તેવું જ સંતાન થશે. એટલા માટે જે પોતાના ધર્મ-કર્મ, પોતાની પરંપરા અને પોતાના ભાવિ સંતાનોનું ધ્યાન રાખે છે તે જ માનવ કહેવાય છે.

આ ઉપરથી એક એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે, આ દૃષ્ટિએ તો વિદ્વાન કે મૂર્ખ, વૃદ્ધ કે બાળક, જંગલી કે નાગરિક બધાય 'માનવ' કહી શકાય! આ પ્રશ્નનો ઉકેલ કરતાં જ્ઞાનીઓ કહે છે કે, જેમનામાં માનવધર્મ હોય તે જ માનવ કહી શકાય. જેમનામાં માનવધર્મ નથી તે ભલે પરંપરાનુસાર માનવ કુળમાં ઉત્પન્ન થયેલ હોય છતાં તે માનવ નથી. એક કવિ કહે છે કે:—

दीसत के नर दीसत है, पर लच्छन तो पशु के सबही हैं,
पीवत खावत ऊठत बैठत, वो घर, वो वनधाम वही हैं;
सांझ पडे रजनि फिर आवत, सुंदर यों फिर भोर भई है,
और तो लच्छन आन मिले, सब एक कमी सिर सिंग नहीं है॥

જેમનામાં માનવધર્મ નથી તેમને બધાએ શીંગડાં અને પૂછડાં વિનાના પશુ જ કહ્યા છે. જ્ઞાનીઓનું કથન છે કે, જેમનામાં દ્રવ્ય માનવતા છે પણ ભાવ માનવતા નથી, અર્થાત્ માનવધર્મ નથી તે 'માનવ' નથી. આકૃતિ આદિને કારણે તેને દ્રવ્ય-માનવ તો કહી શકાય પણ તેનામાં ભાવ માનવતા ન હોવાને કારણે ભાવથી માનવ કહેવાય નહિ. જે કેવળ દ્રવ્યને જ જુએ છે અને દ્રવ્યમાં જ રહે છે

આપને જોતો નથી, તેનામાં માનવતા પણ હોતી નથી. જે કોઈમાં સોનાનો ધર્મ નથી તેને કોણ સોનું કહેશે અને પારખશે ? આ જ પ્રમાણે જેમનામાં માનવધર્મ માનવતા નથી તેને માણસ પણ કોણ કહેશે ? એટલા જ માટે જ્ઞાનીઓનું કહેવું છે કે, કેવળ રૂપ માનવતામાં રહી માનવધર્મની ઉપેક્ષા ન કરો !

આજે કેટલાક લોકોને ધર્મ એક ભારરૂપ અને અનાવશ્યક જણાય છે; પણ એમ માનવાનું કારણ એ છે કે, તેઓ ધર્મને બરાબર સમજી શકતા નથી. વાસ્તવમાં ધર્મ વિના જીવન પણ ટકી શકતું નથી અને આજના યુવકો સુધાર કરવા ચાહે છે પણ ધર્મની સહાયતા વિના સુધાર થયો શકતો નથી. ધર્મની આવશ્યકતા બધી જગ્યાએ છે.

આજે ધર્મને ભારરૂપ માનવાનું એક એ પણ કારણ છે કે લોકો ધર્મનું ફળ રૂપિયાની માફક તાત્કાલિક અને પ્રત્યક્ષ જોવા ચાહે છે અને દલીલ કરે છે કે, ધર્મનું ફળ પરલોકમાં મળે તેથી અમને શો લાભ ! જેમ અહીં અમે એક રૂપિયાનો સવા રૂપિયો કરીએ છીએ તેવો ધર્મદ્વારા લાભ મળતો હોય તો લાભ કહેવાય, નહિંતો તે ભારરૂપ જ છે. આ પ્રમાણે લોકો ધર્મને ભારરૂપ માને છે પણ એટલું વિચારતા નથી કે, જીવનમાં ધર્મનો ઉપક્રમ કર્યા વિના તે મનુષ્યનું જીવન જ અસંસ્કારી બની જાય છે. જેમ કોઇ માણસને શરીર ઉપર કપાસ લપેટવાનું કહેવામાં આવે તો કોઇ એમ કરતું નથી. પણ એ જ કપાસનો સંસ્કાર કરવામાં—ઉપક્રમ કરવામાં આવે અર્થાત્ એ કપાસમાંથી રૂ કાઢી, સૂતર બનાવી કપડાં બનાવવામાં આવે અને તેને ઇચ્છાનુસાર શીવડાવવામાં આવે તો એ જ કપાસ શરીર ઉપર ધારણ કરી શકાય છે. તે જ પ્રમાણે બાળકને જન્મ્યા બાદ સંસ્કાર – ઉપક્રમ કરવામાં ન આવે તો તેનું જીવન કાચા કપાસ

જેવું અસંસ્કારી જ રહે છે. જ્ઞાનીજનો કહે છે કે, શરમના જેવો ખીજો કોઈ જુલમી નથી! કેટલાક લોકો પોતાને બાબાપ કહેવડાવે છે પણ પોતાના બાળકોને શરમને કારણે એવા અસંસ્કારી રાખી મૂકે છે કે આગળ જતાં તે જ બાળકો ભારરૂપ જણાય છે! કાચા કપાસની તો થોડીઘણી કીંમત પણ ઉપજે છે, પણ અસંસ્કારી સંતાનોનો તો સંસારમાં કોઈ ભાવ પણ પૂછતું નથી. આ પ્રમાણે ધર્મનો ઉપક્રમ કર્યા વિના જીવનનો સુધાર થઈ શકતો નથી ધર્મ તો માનવ-જીવનનો સંસ્કર્તા છે.

અનુયોગદ્વાર સૂત્રમાં ઉપક્રમના નામઉપક્રમ, સ્થાપનાઉપક્રમ, દ્રવ્ય ઉપક્રમ, ક્ષેત્ર ઉપક્રમ, કાલ ઉપક્રમ અને ભાવ ઉપક્રમ એમ છ પ્રકારના ભેદ બતાવવામા આવ્યાં છે. આ બધાં ઉપક્રમોનું વર્ણન કરવાનો અત્યારે અવકાશ નથી એટલા માટે જે ઉપક્રમ સાથે વિષયનો સંબંધ છે તેનું જ અત્રે વર્ણન કરું છું. ભૂત અને ભવિષ્યને છોડી જે વર્તમાનમાં વર્તે છે તેનો ઉપક્રમ કરવો તે દ્રવ્ય ઉપક્રમ છે. દ્રવ્ય ઉપક્રમના સચિત્ત અને અચિત્ત એમ બે ભેદ છે. સચિત્ત દ્રવ્યઉપક્રમના દ્વિપદ, ચતુષ્પદ અને અપદ એમ ત્રણ ભેદ છે. દ્વિપદમાં મનુષ્યો, ચતુષ્પદમાં પશુઓ અને અપદમાં વૃક્ષોનો સમાવેશ થાય છે. આ બધાંનો ઉપક્રમ થાય છે. આ ઉપક્રમના વસ્તુવિનાશ અને પરિક્રમ એવા બે ભેદ છે. વસ્તુને ભ્રષ્ટ કરવી એ તો વસ્તુવિનાશ છે અને વસ્તુનો ભિન્નભિન્ન પ્રકારે વિકાસ કરવો એ પરિક્રમ છે. મનુષ્યનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ કરવો એ પરિક્રમ છે. જેમ માટીમાં વાસણ બનવાની શક્તિ છે, પણ કુંભાર જો ક્રિયાદ્વારા એ શક્તિને બહાર ન લાવે અને માટીનાં વાસણ ન બનાવે તો શક્તિ હોવા છતાં પણ માટીમાંથી વાસણ બની શકે નહિ, અર્થાત્ માટીનો ઉપક્રમ બની શકે નહિ અને

ઉપક્રમ ન હોવાને કારણે માટીના ઢેફામાં કોઇ ખીચડી પકાવી શકાય નહિ. જ્યારે માટીનો પરિક્રમ થશે—માટીમાંથી હાંડલું બનાવવામાં આવશે ત્યારે જ તેમાં ખીચડી પકાવી શકાય. જો કે હાંડલું માટીમાંથી જ બનાવવામાં આવેલ છે પણ કુંભારના પ્રયત્ન વિના બનેલ નથી; એ જ પ્રમાણે મનુષ્યશરીર પણ માટીની સમાન જ છે; અને તેનો પરિક્રમ કરવામાં આવે તો એમાં પણ શક્તિનો એવો વિકાસ થઇ શકે કે જેને જોઇ આશ્ચર્યચકિત થઇ જવાય.

કહેવાનો આશય એ છે કે, કેવળ આકૃતિ કે ઇન્દ્રિયોને કારણે જ કોઇ માનવ થઇ શકે નહિ. પણ જેમનામાં માનવધર્મ હોય અને એ માનવધર્મનો પરિક્રમ કરવામાં આવ્યો હોય, ત્યારે જ 'માનવ' બની શકે! "પરિક્રમ" એ શાસ્ત્રીય પારિભાષિક શબ્દ છે. અત્યારે એ પરિક્રમને અનુશીલન કે વિકાસ કહેવામાં આવે છે. જેમનો પરિક્રમ કરવામાં આવેલ હોય છે તે પ્રત્યેક કામને સરલતાથી જ કરી શકે છે. એ વાત જૂદી છે કે જેનો પરિક્રમ જે બાજુ થયો હોય તે તે જ કામ સરલતાથી કરી શકે; પણ કોઇપણ કામ તે જ કરી શકે છે કે જેમનો પરિક્રમ થએલો હોય! જેમકે તમે ભણેલા ગણેલા છો એટલે તમે ઘણા કાગળો લખવા હોય તો થોડીવારમાં લખી શકો છો અને તેમાં બહુ મહેનત માનતા નથી; પણ જેઓ ભણેલા નથી તેઓને એક અક્ષર લખવાનુ પણ કહેવામાં આવે તો લખી શકતા નથી. આનું શું કારણ? એ જ કે તમારો લખવામાં પરિક્રમ થએલ છે અને તેમનો એમાં પરિક્રમ થએલ નથી. આજે ભણેલાગણેલાઓની સંખ્યા વધી ગઇ છે એટલે એ પરિક્રમની બહુ કદર થતી નથી. નહિં તો એ પણ આશ્ચર્યચકિત કરે એવો પરિક્રમ છે. ધર્મ, મર્મ અને કર્મ લખવામાં લખનારે એવું ધ્યાન રાખવું પડે છે કે, પહેલાં કયો સ્વર લખવો, કયો વ્યંજન લખવો અને કેવીરીતે લખવું ?

આ પ્રમાણે સ્વર-વ્યંજન બનાવવાનો પહેલાં પરિક્રમ-અભ્યાસ કરવામાં આવે છે અને જ્યારે બહુ અભ્યાસ વધી જાય છે ત્યારે જ શ્રમ માન્યા વિના ધારો છો એટલું લખી શકો છો. કોઇ ખેડુતને તમારી માફક લખવાનું કહો તો તે લખી નહિં શકે, કારણકે, લખવાનો તેનો પરિક્રમ થએલ નથી. પણ જો ખેડુત એમ કહે કે, જેમ હું ખેતર ખેડું છું તેમ તમે ખેતર ખેડો તો તે ખેડવાનું કામ તમે કરી નહિ શકો! આનું કારણ પણ એ જ છે કે, ખેડવા વિષે તમારો પરિક્રમ થએલ નથી. ખેડુતનો લખવા-વાંચવામાં પરિક્રમ થએલ નથી પણ ખેતર ખેડવામાં તો પરિક્રમ થએલ છે. તેથી ઉલટું તમારો લખવા-વાંચવામાં પરિક્રમ થએલ છે પણ ખેતર ખેડવામાં પરિક્રમ થએલ નથી. ખેડુતોના ખેડવાના પરિક્રમથી જ આજે બધાનું જીવન ચાલી રહ્યું છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, કલા-કૌશલ્યના વિકાસને શાસ્ત્રકારો કર્મ પરિક્રમ કહે છે. આજે કોઇ માણસમાં સંપૂર્ણ પરિક્રમ-સંપૂર્ણ વિકાસ થએલો જોવામાં આવતો નથી! પણ જો કોઇમાં સંપૂર્ણ પરિક્રમ થયો હોત તો તેની અને પરમાત્માની વચ્ચે કશું અંતર રહે નહિ. તે તો પરમાત્મા જ થઈ જાય. એટલો વિકાસ સાધી ન શકવાને કારણે નિરાશ થવાની જરૂર નથી. પ્રયત્ન કરવાથી સંપૂર્ણ વિકાસ પણ સાધી શકાય છે.

શાસ્ત્રમાં મેઘકુમારના અધ્યયનમાં કહ્યું છે કે, મેઘકુમાર રાજકુમાર હતો અને તેણે બહુ જ નાનપણમાં બધી ક્રિયાઓ શીખી લીધી હતી. છતાં મોટો થયો એટલે તેને કલાચાર્ય પાસે સોંપવામાં આવ્યો હતો. ત્યાં તે લેખનશિક્ષાથી લઇ શકુનશાસ્ત્રની શિક્ષા સુધી બોંતેર કલાની શિક્ષા પામ્યો હતો. આ બોંતેર કલાઓમાં મનુષ્ય જીવનની આવશ્યકતાઓ સંબંધી બધી વાતોનો સમાવેશ થઇ જાય છે.

ગાનું સંપૂર્ણ વર્ણન જ્ઞાતાસૂત્રમાં આપવામાં આવ્યું છે તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવાનો અત્યારે સમય નથી. અત્યારે કેવળ એટલું જ કહેવાનું છે કે, પહેલાં બધાને ૭૨ કલાની સૂત્રથી, અર્થથી અને કર્મથી શિક્ષા આપવામાં આવતી હતી. અત્યારે હાઇસ્કુલ અને કૉલેજોમાં આપવામાં આવતી શિક્ષામાં અને પ્રાચીન સમયમાં આપવામાં આવતી શિક્ષામાં કેટલું બધું અંતર રહેલું છે તે ઊંડા ઉતરી જુઓ તો જણાશે કે, અત્યારે જે પુસ્તકો ભણાવવામાં આવે છે તેનું સક્રિય શિક્ષણ આપવામાં આવતું નથી અને તેજ કારણે આજે શિક્ષાની દુર્દશા થવા પામી છે! આજના વિદ્યાર્થીઓને અમુક ચીજ કરી આપવાનું કહેવામાં આવે છે તો તેનો ઉત્તર એ મળે છે કે, 'એ ચીજ કેમ બને છે એ અમે પુસ્તકમાં વાંચ્યું છે–ભણ્યા છીએ પણ અમે બનાવી શકતા નથી!' આવી શિક્ષાથી ઉગતિ પ્રજાને શું લાભ પહોંચતો હશે એ એક વિચારવા જેવી વાત છે!

શાસ્ત્રમાં મેઘકુમારની શિક્ષા વિષે કહેવામાં આવ્યું છે કે, તેણે પહેલાં સૂત્રરૂપે શિક્ષા લીધી, બાદ અર્થરૂપે અને પછી ક્રિયારૂપે શિક્ષા લીધી. અન્ન કેવીરીતે પેદા કરવું, કેવીરીતે તેને ખાવાને યોગ્ય બનાવવું અને કેવીરીતે અન્નને પકાવવું. આ પ્રમાણે સૂત્રતઃ, અર્થતઃ અને કર્મતઃ એમ ત્રણ પ્રકારે શિક્ષાનો ઉપયોગ કરવાથી જ શિક્ષા જીવનમાં સાર્થક નીવડી શકે છે.

ભણેલી શિક્ષા જો ગણવામાં ન આવે, અર્થાત્ જ્ઞાનને સક્રિય બનાવવામાં ન આવે તો તે શિક્ષા સાર્થક નિવડી શકતી નથી. એટલા માટે યુવાનોએ સમજવું જોઇએ કે, કેવળ પુસ્તકો વાંચી લેવા માત્રથી જ અભિમાન ન કરો પણ સક્રિય કાર્ય કરો એમાં જ શિક્ષાની સાર્થકતા રહેલી છે. પણ જે કાંઇ વાંચો, જે કાંઇ કહો તે

કાર્યમાં કરી બતાવો. આજે ભારતની જે દીનાવસ્થા જોવામાં આવે છે તેનું કારણ એ છે કે, લોકો થોડું વાંચતા લખવાનું શીખે છે એટલામાં તો અભિમાનમાં પડી જાય છે અને કાર્યને છોડી દે છે !

સાંભળ્યું છે કે, એક અમેરિકન ગૃહસ્થ ભારતમાં કોઈ મોટા પદે ઘણાં વર્ષો કામ કરી પેન્શન મેળવી અમેરિકામાં ગયો. ત્યાં તેમનો એક ભારતીય મિત્ર તેમને મળવા ઘેર ગયો. ઘેર જઈ તેણે અમેરિકન મિત્રની તપાસ કરી. તપાસ કરતાં જણાયું કે તે બહાર ગયેલ છે. તેની સ્ત્રીએ તેને સન્માન આપી ઘેર બેસાડ્યો અને કહ્યું કે, " આપ જરા બેસો હમણાં તે આવશે." થોડીવાર બાદ તે અમેરિકન મિત્રની સ્ત્રીએ કહ્યું કે, 'જુઓ ! સાહેબ આવી રહ્યા છે !' ભારતીયે જોયું કે, ચડ્ડી પહેરી, હાથમાં કોદાળી લઈ, અને માટીથી ખરડાએલા શરીર સાથે તે આવી રહ્યો હતો. આ જોઈ ભારતીય સજ્જન આશ્ચર્યમાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે, આ જ સાહેબ ભારતમાં કેટલા ઉંચા પદે હતા અને અહીં કેવી સ્થિતિમાં રહે છે ! સાહેબ ઘેર આવી સીધો સ્નાનગૃહમાં ગયો અને નાહી ધોઈ, કપડાં બદલાવી બેઠકમાં આવ્યો, અને ભારતીય મિત્રને મળ્યો. ભારતીય મિત્રે પૂછ્યું કે, " આપ ભારતમાં તો બહુ ઠાઠમાઠપૂર્વક રહેતા હતા અને અહીં આવી સ્થિતિમાં કેમ રહો છો ?" સાહેબે જવાબ આપ્યો કે, "ભારતમાં તો એ જ મોટી ખામી છે કે ત્યાંના લોકો થોડીક સાહેબી મળે છે ત્યાં તો ફુલાઈ જાય છે અને કામ કરવાનું છોડી દે છે. એટલે અમે ત્યાં જઈએ છીએ ત્યારે તેમની દેખાદેખીથી અમારે પણ તેમજ કરવું પડે છે. પણ અમે ગમે તેટલી ઉંચી પાયરીએ ચડેલા હોઈએ પણ અમારું કામ છોડી દેતા નથી ! મારી પાસે ધનની કાંઈ ખામી નથી પણ આ મારો ખેતીનો ધંધો જે મારા પૂર્વજો ઘણા વર્ષોથી કરતા આવ્યા છે તેને હું કેમ છોડી શકું ? જો હું મારા

[illegible]

અમેરીકા, યુરોપ આદિ [illegible] દેશોના [illegible] દશા છે. ભારતે [illegible] દશા છે કે તેઓ [illegible] માટે [illegible] ભારતનું સદ્ભાગ્ય છે કે આર્યોના [illegible] નથી. નહિ તો ભારતને [illegible] પડે. અસ્તુ.

કહેવાનો આશય એ છે કે, શાસ્ત્રમાં જે પરિશ્રમની વાત કહી છે તે જુઓ. શાસ્ત્રમાં જે [illegible] વર્ણન કરવામાં આવ્યું છે તે દ્રવ્ય પરિશ્રમ છે. તમે કહેશો કે, એ દ્રવ્ય પરિશ્રમ અને વસ્તુવિનાશ તો દુનિયામાં ઘણા જ કરે છે. આપ તો ભાવપરિશ્રમની વાત કહો. પણ એ ભૂલવું ન જોઈએ કે, દ્રવ્યોન્નતિ વિના ભાવોન્નતિ પણ થઇ શકતી નથી. જેમનું શરીર અને મન દુર્બળ છે શું તે ધર્મનું આરાધન બરાબર કરી શકશે? અને ધર્મને જીવનમાં સ્થાન આપી શકશે? આજે શરીરનો પરિશ્રમ કરવામાં આવતો નથી અને તેથી શરીર પણ સશક્ત થતું નથી. બાળકના શરીરનો શારીરિક પરિશ્રમ કરવાથી જ વિકાસ થઇ શકે છે અને શરીર સશક્ત બની શકે છે.

અહમદનગરમાં રામમૂર્તિ પહેલવાને કહ્યું હતું કે, મને ગમે તેવો નબળો અને અશક્ત પાંચ વર્ષનો છોકરો સોંપવામાં આવે તો વીશ વર્ષની ઉંમરે હું તેને બીજો રામમૂર્તિ બનાવી શકું છું. આ પ્રમાણે ભાવ પરિશ્રમ કરવા માટે દ્રવ્ય પરિશ્રમની પણ જરૂર રહે છે.

આ દ્રવ્ય ધર્મની વાત થઇ. ભાવધર્મને માટે દ્રવ્ય ધર્મની પણ આવશ્યકતા રહે છે પણ કેવળ દ્રવ્ય ધર્મ હોય અને ભાવ ધર્મ ન હોય તો તે દ્રવ્ય ધર્મ આત્માને માટે ઉપયોગી થઇ શકે નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

सव्वं कला धम्मकला जिणइ

અર્થાત્—ભાવ ધર્મ વિના દ્રવ્ય ધર્મથી આત્માનું કલ્યાણ થઇ શકતું નથી તમે કદાચ કહેશો કે, જ્યારે જીવનવ્યવહારનાં કામો દ્રવ્ય ધર્મથી ચાલી શકે છે તો પછી ભાવ ધર્મની શી આવશ્યકતા છે? ભાવધર્મ વિના શું અમારું કામ અટકી જશે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જેને માટે દ્રવ્ય ધર્મ કરવામાં આવે છે, એ ભાવ ધર્મને જ જો ભૂલી જવામાં આવે તો પછી તમારી દ્રવ્યોન્નતિ કેમ થઇ શકે? તમે જે કાંઇ કરો છો તે કોના માટે કરો છો? આત્મા માટે જ કરો છો ને? જ્યારે એ આત્માને જ જાણો નહિ તો પછી તેની ઉન્નતિ કેવીરીતે કરી શકો! અને આ રીતે આત્માને જ્યાંસુધી જાણો નહિ ત્યાંસુધી ભાવધર્મ પણ કેમ થઇ શકે?

કોઇ એમ કહે છે કે, આત્મા કોને કહેવાય? એ જ અમે જાણતા નથી! તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમે જે શરીરને જોઇ રહ્યા છો તે શરીરને માટે એમ વિચારો કે એ શરીર કાર્ય છે કે કારણ? શરીર કાર્ય છે, કારણ નથી. તેનું કારણ પંચભૂત છે. જેમ ઘડીયાળ કાર્ય છે અને તેનાં સંચાઓ કારણ છે, તે જ પ્રમાણે શરીર કાર્ય છે અને પંચભૂત કારણ છે. અહીંસુધી સમજવામાં તો ભૂલ થતી નથી પણ આગળ સમજવામાં ભૂલ થાય છે. હવે આગળ એમ સમજો કે, જ્યારે આ શરીર કાર્ય છે તો તેનો કર્તા કોણ છે? બસ! આ વાત સમજવામાં જ ભૂલ થઇ જાય છે. કેટલાક

કોઈ કહે છે કે, સંયોગો ગોઠવવાથી જ જેમ ઘડીયાળ ચાલવા લાગે છે તે જ પ્રમાણે પાંચ ભૂતોનાં ભાગ મિલન થવાથી આ શરીર પણ બોલતું ચાલતું થઈ જાય છે. જેમ ઘડીયાળનાં સંયોગો જુદાં થઈ જવાથી ઘડીયાળ બંધ પડી જાય છે તેમ આ શરીર પણ પાંચ ભૂતો જુદાં થઈ જવાથી બોલી ચાલી શકતું નથી! એટલા માટે પરલોક કે આત્માને માનવાની શી જરૂર છે?

સંયોગોને ગોઠવવાથી ઘડીયાળ ચાલે છે એ તો ઠીક છે પણ એ સંયોગોને ગોઠવ્યાં કોણે અને બનાવ્યાં કોણે? આ મકાન તો છે પણ તેને બનાવ્યું કોણે? જો કે મકાન બનાવવામાં ઇંટ–ચુનો વગેરે કારણભૂત છે પણ એથી કાંઇ ઇંટ–ચુનાને કોઇ મકાન કહેતું નથી, પણ જ્યારે કોઇ કારીગર ઇંટ–ચુનાવડે મકાન બનાવે છે ત્યારે જ તે મકાન કહેવાય છે. આ જ પ્રમાણે કર્ત્તા કારીગર હતો ત્યારે જ મકાન બની શક્યું. કેવળ ઇંટ ચુનો વગેરે કારણોથી મકાન બન્યું નહિ! ઇંટ ચુનાના કારણનો કારીગરે ઉપયોગ કર્યો ત્યારે જ મકાન બની શક્યું. જે ઇંટ–ચુનો આદિ કારણોમાં કારીગરની શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે પછી ઇંટ–ચુનો કહેવામાં આવતો નથી પણ મકાન કહેવામાં આવે છે! આ જ પ્રમાણે શરીર પણ પાંચ ભૂતોથી બનેલું છે એટલે પંચભૂતને શરીર કહી શકાય નહિ પણ પંચભૂતોથી બનેલું આ શરીર છે એમ કહી શકાય. જે પ્રમાણે ઇંટ અને ચુના વડે મકાન બને છે પણ તેને બનાવનાર કોઇ અવશ્ય હોય છે; તે જ પ્રમાણે પંચભૂત શરીર બનેલું છે પણ તેને કોઇ બનાવનાર છે કે નહિ? મકાનને કારીગર બનાવે છે અને ઘડીયાળને પણ કોઇ કારીગર બનાવે છે તો પછી શું શરીરને કોઇ બનાવતું નથી; આ શરીરનું કારણ પંચભૂત છે અને કાર્ય શરીર છે પણ આ કાર્યનો કર્ત્તા તો કોઇ હશે જ ને? તમે શરીર

અને પંચભૂતને તો માનો અને પંચભૂતમાંથી જેણે શરીર બનાવ્યું છે તેને ન માનો એ ઠીક કેમ કહેવાય? શરીરના કર્તાને ન માનવા એ જ તો ભૂલ છે!

મેં, મેરીકરેલી નામની એક પાશ્ચાત્ય વિદૂષીના લેખનો અનુવાદ વાંચ્યો છે. તેમાં લખ્યું હતું કે, સંસારનાં પદાર્થોનું રૂપાન્તર તો થાય છે પણ તેનો નાશ થતો નથી! મીણબત્તી બળ્યા બાદ એમ માનવામાં આવે છે કે મીણબત્તી નાશ પામી પણ વાસ્તવમાં તે નષ્ટ થઇ નથી પણ તેનું રૂપાન્તર થયું છે! જો કોઇ બળતી મીણબત્તીની આસપાસ આજના વિજ્ઞાનના બે યંત્રો મૂકવામાં આવે તો મીણબત્તીના પરમાણુઓ તે યંત્રમાં એકત્રિત થઇ જશે અને પછી તે એકત્રિત થએલાં પરમાણુઓનો સમુચ્ચય કરવાથી પાછી મીણબત્તી બનાવી શકાય છે! પાણી સુકાઇ જવાથી લોકો એમ જાણે છે કે, પાણીનો નાશ થઇ ગયો પણ વાસ્તવમાં પાણી નાશ પામતું નથી. પણ તે હવાના રૂપમાં બદલાઇ ગયું છે. પાણી બે પ્રકારની હવાના સંયોગથી બને છે એટલે એ બન્ને હવાનો સંયોગ કરવાથી પાછું પાણી બની શકે છે! કોઇ ઘડાને ફોડવામાં આવે તો તેની ઠીકરીઓ બની જશે અને એ ઠીકરીઓને ફોડવામાં આવે તો તેની માટી કે રેતી જેવું કાંઇ થઇ જશે પણ તે દ્રવ્યનો નાશ કદાપિ નહિ થાય! તે દ્રવ્ય ઘડાની ઠીકરી કે માટીના રૂપમાં રૂપાન્તર પામશે પણ તેનો સર્વથા નાશ તો નહિ જ થાય! આ જ પ્રમાણે જ્યારે કોઇ સાધારણ વસ્તુ પણ નાશ પામતી નથી તો પછી આ શરીરને બનાવનાર કર્તાનો નાશ કેમ થઇ શકે? આ શરીરને બનાવનાર કર્તા કદાપિ નષ્ટ થઇ શકે નહિ!

કહેવાનો આશય એ છે કે, શરીર છે તો તેનો કર્તા પણ છે અને જે તેનો કર્તા છે તે જ આત્મા છે. તે આત્માના અજર

અમર અને અવિનાશી છે. આ પ્રમાણે આત્મા છે એ વાત સિદ્ધ છે અને આત્માને જે ધર્મની આવશ્યકતા રહે છે તેનું જ નામ માનવધર્મ છે.

માનવધર્મને જૈન, બૌદ્ધ, વેદાન્ત કે ખ્રીસ્તી વગેરે સામ્પ્રદાયિક ધર્મની દૃષ્ટિએ ન બતાવતાં માનવધર્મ સામાન્ય ધર્મ છે એ હું બતાવું છું. સામાન્ય ધર્મમાં કોઈને કોઈ પ્રકારનો વિરોધ હોતો નથી. જે ધર્મ ઉપર સામ્પ્રદાયિકતાનો કાંઈ રંગ ચડેલો નથી અને જે ધર્મને બધા લોકો સ્વીકારે છે તેને સામાન્ય ધર્મ કહે છે. સામાન્ય ધર્મ વિષે બધા સમ્પ્રદાયવાળાઓએ ઘણો વિચાર કર્યો છે. સામાન્ય ધર્મમાં સકળ સંસારનો વિચાર કરી શકાય છે પણ તે બધાનું વર્ણન થઈ શકતું નથી. એટલા માટે "થાલીપુલાક ન્યાયે" કેટલીક એવી વાતો બતાવું છું કે જે બધાં શાસ્ત્રોમાં મળે છે અને બધાના કામમાં આવે છે.

જે શાસ્ત્રમાં સામાન્ય ધર્મની વાતો નથી તે શાસ્ત્ર પણ નથી, તેને એકપક્ષીય શાસ્ત્ર કહી શકાય, પણ માનવજાતિને માટે તે શાસ્ત્ર ઉપયોગી થઈ શકે નહિ.

સામાન્ય ધર્મનું વર્ણન બધાએ કર્યું છે એ બતાવવા માટે હું પહેલાં કુરાનની સાક્ષી આપું છું. કુરાનમાં કહ્યું છે કે:—

'ला तो अज़ेवो खलकुल्ला'

અર્થાત્ હે મુહમ્મદ! દુનિયાને વિશ્વાસ આપી દે કે, અલ્લાની દુનિયાને કોઈ સતાવે નહિ!

હવે જોવાનું એ છે કે, અલ્લાનાં સંતાનો કોણ છે? શું હિન્દુઓ અલ્લાનાં સંતાનો નથી? જો કેવળ મુસલમાનો જ અલ્લાનાં સંતાનો

હોય તો તો અલ્લા પક્ષપાતી કહેવાય ! જ્યારે તે બધાંના માલિક છે, આખી દુનિયા તેમની છે તો તો હિન્દુ-મુસલમાન બધાં તેનાં જ સંતાનો છે. કોઇ હિન્દુને કોઇ મુસલમાન સતાવે તો શું તે હિન્દુ પેલા મુસલમાનને એમ કહેતો નથી કે, તું તારા માલિકને જાણે છે ! તારા માલિકને તું આખી દુનિયાનો માલિક કહે છે તો શું તેમણે કોઇને સતાવવાનું કહ્યું છે ! આ જ પ્રમાણે કોઇ મુસલમાનને કોઇ હિન્દુ સતાવે તો શું તે મુસલમાન પેલા હિન્દુને એમ કહેતો નથી કે, 'શું તારા પરમાત્મા મને સતાવવાનું કહે છે ! શું તારા પરમાત્મા આખી દુનિયાના માલિક નથી ! અને જો છે તો શું હું એ દુનિયામાં નથી ?' આ પ્રમાણે જ્યારે અલ્લા કે પરમાત્મા આખી દુનિયાના માલિક છે તો એ દુનિયામાં બધાનો સમાવેશ થઇ જાય છે.

માનો કે, કોઇ વૃદ્ધ માણસ હાથમાં માળા લઇ પરમાત્માનું નામ જપી રહ્યો છે. એટલામાં એક માણસે આવી તેને ગાળો ભાંડી. તે વૃદ્ધ કહેવા લાગ્યો કે, જોતો નથી કે, હું પરમાત્માના નામની માળા જપી રહ્યો છું. મારો પરમાત્મા તારો નાશ કરી નાંખશે; ત્યારે તે બીજો માણસ પણ કહેવા લાગ્યો કે, શું પરમાત્મા તારો જ છે, મારો નથી ? મારો પણ માલિક છે એટલા માટે તે તારો નાશ કરી નાંખશે.

આ પ્રમાણે બન્નેય જણા 'પરમાત્મા તારો નાશ કરી નાંખશે' એમ અરસપરસ કહેવા લાગ્યા. હવે પરમાત્મા કોનો પક્ષ લઇ કોનો નાશ કરશે ? આવી જ વાતોથી આજના યુવકોને ધર્મ અને ઇશ્વર તરફ ઉપેક્ષા પેદા થઇ છે અને આ જ કારણે કેટલાકો ધર્મ અને ઇશ્વરનો બહિષ્કાર કરવાની વાતો કરે છે. અને કેટલાકો ધર્મ અને ઇશ્વરની મશ્કરી પણ કરે છે પણ આ તેમની ભૂલ છે. આવી ભૂલ

થવાનું કારણ, ધર્મ અને ઈશ્વરનો ઉપર કહ્યા પ્રમાણે દુરુપયોગ કરે છે તેમનો વ્યવહાર છે. પણ વાસ્તવમાં એ વિષે વિચાર કરવામાં આવે તો જે ધર્મને માટે છ ખંડની ઋદ્ધિનો પણ ત્યાગ કરવામાં આવે છે તે ધર્મનું મહત્ત્વ કાંઈ ઓછું નથી! ધર્મનું જીવનમાં કેટલું બધું મહત્ત્વનું સ્થાન છે તે વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો ધર્મમાં કેટલી બધી મહત્તા રહેલી છે તેનો ખ્યાલ આવે!

આ તો કુરાનની વાત થઈ. હવે ગીતામાં શું કહ્યું છે તે જોઈએ. ગીતામાં કહ્યું કે, તમે ગમે તે વાંચો તે વેદપુરાણ વગેરેનો સાર સંક્ષેપમાં એ જ છે કે:—

निर्वैर: सर्वभूतेषु य: स मामेति पाण्डव !।

ભાવાર્થ:— બધા ભૂત પ્રાણીઓ પ્રત્યે વૈરભાવ ન રાખો, નિર્વૈર રહો. આ પ્રમાણે જે કાંઈ કુરાનમાં કહ્યું છે તે જ જુદી ભાષામાં ગીતામાં પણ કહ્યું છે.

હવે જે શાસ્ત્રનો હું જવાબદાર છું તે શાસ્ત્રની વાત સંભળાવું છું. એ જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે:—

सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइं पासओ ।
पिहिआसवस्स दंतस्स पावकम्मं न बंधई ॥ दश०

અર્થાત્- હે! શિષ્ય! તું બધાં પ્રાણીઓને તારા આત્માની સમાન માન. જેવો તારો આત્મા અવિનાશી છે તેવો જ બધાનો આત્મા પણ અવિનાશી છે. માટે બધા જીવોને તારા આત્માની સમાન માન. કોઈની સાથે વૈર બાંધી પાપનો ભાગીદાર બન નહિ.

ઉદયપુરમાં એક વકીલે મને પ્રશ્ન પૂછ્યો કે, આત્મા જ્યારે અવિનાશી છે, કોઈનો માર્યો મરતો નથી તો પછી કોઈને મારવાથી પાપ

કેમ લાગી શકે? આ પ્રશ્નના ઉત્તરમાં મેં કહ્યું કે, આત્મા અવિનાશી છે એટલા જ માટે પાપ લાગે છે અને તેનું ફળ ભોગવવું પડે છે! જો આત્મા નાશવાન હોય તો તો પછી કોઇ ઝગડો જ રહેતો નથી. મારનાર અને મરનાર નાશ પામ્યા તો પછી ઝગડો કઇ વાતનો રહ્યો? વ્યવહારમાં પણ જે મરી ગયા હોય છે તેની ઉપર દાવો થઇ શકતો નથી.

આ જ પ્રમાણે જો આત્મા વિનાશી હોય તો તો કોઇ પ્રકારનો ઝગડો જ રહે નહિ! દાવો મરી ગએલા ઉપર તો થતો નથી પણ જીવિત મનુષ્ય ઉપર તો થાય છે ને? આ જ પ્રમાણે મારનાર પણ નાશ પામ્યો નથી તેમ મરનાર પણ નાશ પામ્યો નથી એટલા માટે કોઇને મારવાથી પાપ પણ થાય છે અને પાપને ધોવા માટે ધર્મની પણ જરૂર રહે છે!

કહેવાનો અભિપ્રાય એ છે કે, જે બધા જીવોને આત્મતુલ્ય માનશે, તે કોઇની સાથે વેર પણ બાંધશે નહિ અને તેથી પાપ પણ બંધાશે નહિ. આ સાધારણ માનવધર્મ છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ વગેરે દશ ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. મેં આ દશ ધર્મ ઉપર વ્યાખ્યાન કરેલ છે, જે પુસ્તકાકારે પણ છાપવામાં આવ્યું છે. એ પુસ્તક* લોકોને ઘણું ઉપયોગી નીવડ્યું છે એવું જાણવામાં આવ્યું છે. આ જ પ્રમાણે મનુએ પણ ગ્રામધર્મ વગેરે ધર્મો બતાવ્યાં છે. એ બધા સામાન્ય ધર્મો છે. આ સામાન્ય ધર્મનું જે પાલન કરે છે તે જ માનવ છે અને એ ધર્મનું પાલન જ માનવધર્મનું પાલન છે. મહાભારતમાં મનુષ્યનો સામાન્ય ધર્મ બતાવતાં કહ્યું છે કે :—

* જુઓ "ધર્મ અને ધર્મનાયક" પ્રસિદ્ધકર્તા; શાન્તિલાલ વનમાળી શેઠ.

श्रद्धाकर्म तपश्चैव सत्यमक्रोध एव च
स्वेषु दारेषु संतोषः शौचं विद्यानसूयिता
आत्मज्ञानं तितिक्षा च धर्मः साधारणो नृप ।

મહાપુરુષ કોઇ રાજાને કહે છે કે, "હે ! રાજન્! હું મનુષ્ય માત્રનો સામાન્ય ધર્મ કહું છું, જે આ પ્રમાણે છે:—શ્રદ્ધા રાખવી, સત્કર્મ કરવું, તપ કરવું, સત્ય બોલવું, ક્રોધ ન કરવો, પોતાની સ્ત્રીમાં સંતોષ માનવો, પવિત્ર રહેવું, વિદ્યાધ્યયન કરવું, ક્ષમા રાખવી અને કોઇની સાથે વૈર ન બાંધવું એ મનુષ્યમાત્રનો સામાન્ય ધર્મ છે." આ ધર્મનું જે ઘરમાં પાલન થતું નથી, તે ઘરમાં હાહાકાર મચી જાય છે.

આ માનવધર્મની વ્યાખ્યા થઇ. હવે કોઇ કદાચ એમ કહે કે, અમે જન્મથી મનુષ્ય તો છીએ જ તો પછી અમારે આ સામાન્ય ધર્મને પાળવાની શી જરૂર છે! આ તો જે વૃક્ષની છાયામાં તમે બેઠા છો તે જ વૃક્ષને કાપવા જેવી જ વાત છે! આમ કહેનારે વિચારવું જોઇએ કે, તેમની પોતાની રક્ષા પણ ધર્મદ્વારા થઇ રહી છે. માનો કે તમારી માતા સાધારણ ધર્મનું પાલન ન કરતાં તમારો જન્મ થતાં જ બહાર ફેંકી દેત તો શું તમારું જીવન ટકી શકત ? માતામાં સાધારણ માનવધર્મ હતો એટલે જ તેણે તમારું પાલન કર્યું અને તમારું જીવન ટકી શક્યું ! આમ હોવા છતાં તમે માનવધર્મની શી જરૂર છે એમ કહો છો ? જીવનમાં વસ્ત્ર અને ભોજનની જેટલી જરૂર છે તેથી વિશેષ માનવધર્મની જરૂર છે.

તમારું લગ્ન થયું હશે ! તમે કેવી સ્ત્રી ચાહો છો ? જે તમને અનુકૂલ વર્તે તેવી સ્ત્રી ચાહો છો કે પ્રતિકૂલ ચાલે એવી ? બધા પોતાને અનુકૂલ વર્તે એવી સ્ત્રી ચાહે છે પણ જો સ્ત્રી પોતે સાધારણ

ધર્મનું પાલન ન કરે તો અનુકૂલ રહી શકે ખરી? સાધારણ ધર્મનું પાલન કરવા માટે જ પિતા સંતાનનું પાલન કરે છે. ધર્મની સહાયતા વિના સંસાર એક શ્વાસ પણ લઈ શકતો નથી. ધર્મનો અર્થ નિયમ થાય છે. નિયમ વિરુદ્ધ એક શ્વાસ પણ લેવો નહિ એ જ માનવધર્મ છે. તમે બીજામાં નિયમો જોવા ચાહો છો પણ તમે પોતે પણ નિયમનું પાલન કરો તો કેટલો બધો લાભ થાય.

આ તો ધર્મ વિષે સામાન્ય વાત થઇ, પણ હવે ધર્મનું એક બારીક તત્ત્વ તમારી સમક્ષ મૂકું છું. કોઇ એમ કહી શકે કે, તમે જે કાંઇ કહી રહ્યા છો તે તો નીતિ છે પણ નીતિ પણ ધર્મનું એક અંગ છે. નીતિનો આધાર લઇ તેની ઉપર ધર્મનો મહેલ કેમ બનાવવો એનો વિચાર કરો. નીતિ પણ ધર્મની કેવીરીતે પોષક બને છે એ બતાવવા માટે "હિતોપદેશ"માં આવેલી એક કથા કહું છું કે જેથી તે વાત તમારી સમજમાં જલ્દી આવી શકે.

'હિતોપદેશ'ની પક્ષીકથા.

કબુતરોનું એક ટોળું જંગલમાં વિચરતું હતું. એ ટોળાનો ચિત્રગ્રીવ નામનો નેતા હતો. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, લોકો જેમને પોતાથી મોટા માને છે તેમનામાં કંઇ અલૌકિક ગુણ હોય છે. આ કથન પ્રમાણે ચિત્રગ્રીવમાં કબુતરોએ નેતાને યોગ્ય ગુણો જોઇ તેને પોતાનો નેતા બનાવ્યો હતો અને તેની સમ્મતિથી બધાં સાથે વિચરતાં હતાં. વિચરતાં વિચરતાં કબુતરોએ જંગલમાં ચોખા વિખરાયેલાં જોયાં. એક પારધીએ ચોખા વિખેરી નાંખી તેની ઉપર જાળ પાથરી હતી. ચોખાને જોઇ કેટલાંક કબુતરો કહેવા લાગ્યાં કે, ચાલો! ચોખા પડ્યા છે. તેનું ભોજન કરીએ. પણ રાજા ચિત્રગ્રીવે વિચારીને કહ્યું કે:—

अत्र निर्जनवने कुत्र तन्दुलकणानां सम्भवः निरूप्यताम् तावदृष्टं इदं न पश्यामि ।

આ [illegible] તો [illegible] જશો. હું [illegible] છું.

[illegible] આ પ્રમાણે કહ્યું, પણ [illegible] માટે તો તે કબૂતરો [illegible] [illegible] પણ તેથી [illegible] ભૂખથી [illegible]! આ જ પ્રમાણે એક વૃદ્ધ કબૂતરને રાજા ચિત્રગ્રીવનું કહેવું ઠીક લાગ્યું નહિ. તેણે કહ્યું કે, વડીલોની વાત તો સંકટના સમયે માનવી જોઈએ, ભોજનના સમયે વડીલોની વાત માનવાથી તો નુકસાન થાય છે. જો આવી શંકા જ કરતા રહીશું તો તો પછી [illegible] શંકા જ પેદા થશે અને ભૂખ્યા મરવું પડશે! આંખની સામે ચોખા પડેલાં જણાય છે છતાં ચોખા [illegible] તો 'આમ થશે તેમ થશે' એમ કારણ-કાર્યભાવનો વિચાર કરી ભૂખ્યા મરવું એ ઉચિત કેમ કહી શકાય! અમને તો રાજાની આ વાત પસંદ પડતી નથી!

આજના નવયુવકો પણ એવું કહેવા લાગે છે કે, જો અમે આ વૃદ્ધ લોકોના કહેવા પ્રમાણે વર્તીશું તો તો કંઇ સુધાર થઇ જ નહિ શકે! કબુતરો પણ એમ કહેવા લાગ્યાં પણ જે નેતા હોય છે તેનું શું કર્તવ્ય હોય છે તે જુઓ :—

ચિત્રગ્રીવે વિચાર્યું કે, આ બધાં કબુતરો એક મતનાં થઇ ગયાં છે. જો હું તેમના મતથી વિરુદ્ધ જઇશ તો કુસંપ પેસી જશે. આ પ્રમાણે વિચાર કરી તેણે કબુતરોને કહ્યું કે, જો બધાનો વિચાર જ ચોખા ખાવાનો છે તો ચાલો. ભૂખ તો મને પણ લાગી છે. ચિત્રગ્રીવે એમ ન કહ્યું કે, તમે લોકો માનતા નથી તો તમે તમારું જાણો. હું તો તમારાથી જુદો પડી જઇશ. ચિત્રગ્રીવ સારીરીતે

જાણતો હતો કે, અહીં સંકટ છે, છતાં તેણે એમ જ વિચાર્યું કે, સંકટના સમયે મારે બધાની સાથે રહેવું એ જ ઠીક છે. સંકટ માથે પડશે ત્યારે મારું કહેવું માનશે.

આ પ્રમાણે વિચાર કરી રાજા પણ બધા કબુતરોની સાથે ગયો. કબુતરોએ ચોખાનાં દાણાં તો ખાધાં પણ બધાનાં પગ જાળમાં ફસાઈ ગયા; ઊડી ન શકાયા. ત્યારે બધાં કબુતરો પેલા જુવાન કબુતરને ઠપકો આપવા લાગ્યાં કે, તેં રાજાનું કહેવું માન્યું નહિ અને બધાંને જાળમાં ફસાવ્યાં. રાજાએ બધા કબુતરોને સાંત્વન આપતાં કહ્યું કે, જે થવાનું હતું તે થયું. હવે તેને દોષ ન આપતાં જાળમાંથી નીકળવાનો રસ્તો શોધો, ઠપકો આપવાથી કાંઇ આપણું નહિ વળે!

आपदामपातन्तीनाम् हितोऽपि याति हेतुताम् ।
मातृजंघा हि परसस्य स्थंभीभवति बंधने ॥

જ્યારે આપત્તિ માથે આવી પડે છે ત્યારે મિત્રોથી પણ શત્રુનું કામ થઇ જાય છે. આ સાધારણ નિયમ છે. આ કબુતરનો વિચાર આપણને ફસાવવાનો નહિ પણ આપણને બધાને ભોજન મળે એ હતો. પણ એમાં અચાનક આ આપત્તિ આવી પડી એમાં એનો શો દોષ! હવે એને દોષ દેવાથી આપણે કાંઇ છૂટી તો શકવાના નથી, માટે તેને ઠપકો આપવાથી શો લાભ?

આજના લોકો બીજાને ઠપકો આપવાનું વધારે જાણે છે. 'આ ખરાબ છે તે ખરાબ છે' એમ બીજાઓને કહે છે પણ પોતાનામાં કઇ કઇ ખરાબી છે તેનો વિચાર સરખો પણ કરતા નથી. મેં એક લેખમાં વાંચ્યું હતું કે એક વ્યક્તિ ભાષણ તો બહુ લાંબા લાંબા આપે છે પણ પોતે વ્યભિચારના દોષથી મુક્ત રહી શકતો નથી. આવા લોકોથી શું સુધાર થઇ શકે ભલા?

[illegible] કરીશું."

[illegible] છે. શાસ્ત્રો કહે છે, [illegible] તો બંધનથી મુક્ત થઈ શકાય. [illegible] તો બંધનથી મુક્ત થઈ શકાય નહિ. માટે [illegible] એક સાથે [illegible] પણ સાથે [illegible] તો [illegible] પણ છૂટી શકાશે.

આજે ભારતમાં કુસંપ છે અને તે જ કારણે પારકીઓ ભારતની મજા માણી રહ્યા છે. જો કુસંપ ન હોત તો ભારત કોઈની જાળમાં ફસાઈ પડયો ન રહે.

બધા કબુતરો હળીમળી એક સાથે જાળને લઈ આકાશમાં ઉડયાં. પારધી કબુતરોને ઉડતાં જોઈ તેની પાછળ દોડયો અને વિચારવા લાગ્યો કે, હું તો આ કબુતરોને જાળમાં ફસાવવા ચાહતો હતો પણ આ તો મારી જાળને જ લઈ ઉડયાં. અત્યારે તો આ બધા કબુતરો એક મતના છે એટલા માટે નીચે પડતા નથી, પણ જ્યારે તેમનામાં કુસંપ પડશે ત્યારે તેઓ બધાં નીચે પડશે. આ પ્રમાણે વિચાર કરી પારધી પાછળ પાછળ દોડવા લાગ્યો. પારધીને પાછળ દોડતો જોઈ રાજા બધા કબુતરોને કહેવા લાગ્યો કે, જુઓ! પાછળ આપણો શત્રુ આવી રહ્યો છે, માટે પરસ્પર લડશો નહિ અને એમ પણ વિચારશો નહિ કે બધા ઉડવામાં પોતાના

જાળનો ઉપયોગ કરે છે તો હું પણ જાળનો આ માટે ઉપયોગ કરું. જો આ પ્રમાણે પરસ્પર સહકો અને એક બીજાને પરસ્પર સહકાર નહિ આપો તો બધા નીચે પડશું અને મરી જઈશું. રાજાનું આ કથન સાંભળી બધાં હિંમતથી ઊડવા લાગ્યાં. પારધી થોડી દૂર તો પાછળ પાછળ દોડયો પણ આખરે તે થાક્યો અને પાછો ફર્યો. પારધીને પાછો ફરતો જોઈ કબુતરોએ રાજાને કહ્યું, કે, શત્રુ પાછળ જઈ રહ્યો છે, હવે અમારે શું કરવું ! રાજાએ કહ્યું કે, આપણે એક આપત્તિમાંથી તો છૂટયા, પરંતુ હજી આ જાળના બંધનમાંથી છૂટવાનું બાકી છે. આપણામાં જાળને તોડવાની તો શક્તિ નથી. એ શક્તિ તો જમીન ખોદનારમાં જ હોય છે; એટલા માટે આપણે આગળ ઉડતા જઈએ. આપણે કેવળ ઉડવાનું જાણીએ છીએ. જાળ કાપવાનું જાણતા નથી.

આજે સ્વતંત્રતા તો બધા ચાહે છે પણ જે લોકો આકાશમાં સ્વૈરવિહાર કરવાની માફક કેવળ લાંબા લાંબા ભાષણો જ આપે છે તેમની દ્વારા પરતંત્રતાની જાળ કાપી શકાતી નથી. પરતંત્રતાની જાળ તો જમીનને ખોદનાર ખેડૂતો જ કાપી શકે છે.

રાજાએ કબુતરોને કહ્યું કે, ગંડકી નદીને કિનારે હિરણ્યક નામનો મારો મૂષક મિત્ર રહે છે. જો કે હું કબુતર છું અને તે ઉંદર છે પણ વખતે કવખતે એક બીજાને સહાયતા મળી શકે એ માટે અમે મિત્રતા બાંધી છે. એટલા માટે આપણે બધા તેની પાસે જઈએ. તે મારો મિત્ર આ જાળનાં બંધનો તોડી નાખશે અને આપણને બંધનમુક્ત કરી દેશે.

બધાં કબુતરો જાળની સાથે ઉડતાં ઉડતાં ગંડકી નદીના કિનારે આવી પહોંચ્યાં. કબુતરોને જાળની સાથે ઉડતા જોઈ હિરણ્યક વિચારવા લાગ્યો કે, આ વળી શું આફત આવી. તેણે પોતાના

[illegible]
[illegible]
[illegible] ગયા.

હિરણ્યકના દર આગળ આવી ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર હિરણ્યક! બહાર નીકળો. હું તો તમારો મિત્ર છું. મિત્રનો અવાજ ઓળખી હિરણ્યક બહાર નીકળ્યો અને ચિત્રગ્રીવને કહેવા લાગ્યો કે, તું આવો બુદ્ધિમાન હોવા છતાં જાળમાં કેમ ફસાઈ ગયો! ચિત્રગ્રીવે જવાબ આપ્યો કે, એ તો ભાગ્યની બલિહારી છે. ચિત્રગ્રીવે એમ ન કહ્યું કે આ કબૂતરોએ મારું કહ્યું માન્યું નહિ એટલે જાળમાં ફસાઈ ગયો. હિરણ્યક આ સાંભળી ચિત્રગ્રીવ મિત્રની જાળ કાપવા તેની પાસે આવ્યો. પણ ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર! પહેલાં આ મારા સાથીઓનાં બંધન તોડ. ચિત્રગ્રીવ ધારત તો પહેલાં પોતાનાં બંધનો તોડાવી શકત. પણ તેણે તેમ ન કરતાં પોતાના સાથીઓનાં બંધન તોડવાનું હિરણ્યકને કહ્યું. હિરણ્યકે કહ્યું કે, મિત્ર! હું તો બહુ નાનું પ્રાણી છું. મારાથી આટલા બધાનાં બંધનો કેમ કાપી શકાશે? મારા દાંત પણ એટલા બધા મજબૂત નથી કે બધાનાં બંધનો તોડી શકું. માટે પહેલાં તારાં બંધનો કાપી આપું. પછી જો મારા દાંતમાં શક્તિ હશે તો બીજાનાં બંધનો પણ તોડી આપીશ.

હિરણ્યકે આમ કહ્યું પણ ચિત્રગ્રીવે એ વાતનો સ્વીકાર ન કર્યો. નીતિ તો એમ કહે છે કે:—

आपदर्थे धनं रक्षे-द्दारान्रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षे-द्दारैरपि धनैरपि ॥

ભાવાર્થ—આપદ્ વખતે ધનની રક્ષા કરવી અને ધન ખોઈને પણ સ્ત્રીની રક્ષા કરવી; પરંતુ આત્માની રક્ષા વખતે દારાની કે ધનની ખોટ પણ જોવી નહીં. જ્યારે નીતિ આમ કહે છે તો પછી ચિત્રગ્રીવે

પોતાનાં બંધનો પહેલાં કેમ તોડાવ્યાં નહિ? નીતિ આમ કહે છે પણ ધર્મ તો કાંઇ બીજું જ કહે છે. હિરણ્યકે જ્યારે પોતાના મિત્રને ઉપરની નીતિ બતાવી ત્યારે રાજાએ કહ્યું કે:—

नीतिस्तावदीदृश्येव किन्त्वहमस्मदाश्रितानां दुःखं सोढुं सर्वथा असमर्थः।

રાજાએ કહ્યું કે—નીતિ ભલે એમ કહે પણ હું નીતિથી આગળ વધેલ છું. નીતિ મગજની પેદાશ છે અને ધર્મ એ હૃદયની પેદાશ છે. નીતિ તો એમ શીખડાવે છે કે, પોતાની જ રક્ષા કરો. પછી ભલે આશ્રિતોને પડતાં મૂકવાં પડે! પણ ધર્મ કહે છે કે, પોતે કષ્ટ સહન કરીને પણ બીજાને સુખી કરો. રાજાએ કહ્યું કે, હું તો ધર્મનું પાલન કરીશ. પ્રિય મિત્ર! હું તારી ઉપર વધારે બોજો લાદતો નથી. તારામાં જેટલી શક્તિ હોય તે શક્તિ પ્રમાણે મારા આ સાથીઓના બંધનો તોડ. તું કદાચ એમ કહીશ કે, બીજાઓના માટે પોતે બંધનમાં શા માટે પડયા રહેવું? પણ મિત્ર! મારો ધર્મ મને એમ કહે છે કે:—

धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।
सन्निमित्ते वरं त्यागो विनाशे नियते सति ॥

બીજાઓને માટે ધન અને જીવનનું પણ અર્પણ કરી દેવું એમ ધર્મ કહે છે, જ્યારે નીતિ પોતાની રક્ષા કરવાનું કહે છે.

ધર્મ અને નીતિમાં આ જ અંતર છે. ધર્મ કહે છે કે, 'આપો;' અને નીતિ કહે છે કે 'લાવો.' નીતિ સ્વાર્થ જુએ છે અને ધર્મ પરમાર્થ જુએ છે. જે પ્રમાણે માતાનો ધર્મ બાળકનું ચુંબન કરવું એ જ નથી પણ બાળકનું પાલન-પોષણ કરવું તે છે, તે જ પ્રમાણે આગળ વધતા જઇએ અને આ જ નીતિદ્વારા ધર્મને જીવનમાં સ્થાન આપવા [illegible]

ચિત્રગ્રીવે હિરણ્યકને કહ્યું કે, હું પહેલાં મારાં બંધનો ન કપાવતાં મારા સાથીઓનાં બંધનો કાપવાનો આગ્રહ શા માટે કરું છું તે સાંભળ:—

जातिद्रव्यगुणानाञ्च साम्यमेषां मया सह ।
मत्प्रभुत्वफलं ब्रूहि कदा किं तद् भविष्यति ॥

હે! મિત્ર! જાતિથી તો હું પણ કબુતર છું અને તેઓ પણ કબુતર છે. દ્રવ્યથી તેમને પણ બે પાંખો છે અને મને પણ બે પાંખો છે. ગુણની દૃષ્ટિએ પણ અમે સમાન છીએ. તેમ છતાં તેઓ મને રાજા માને છે તો તેનો તેમને શો લાભ?

આજે બળીયાના બે ભાગ એમ કહેવામાં આવે છે. શું રાજા પણ બે ભાગ લેનારો હોય છે? વાસ્તવમાં જે એમ કહે છે તે બળવાન નથી, પણ પોતાના ભોગે જે પોતાના આશ્રિતોની રક્ષા કરે છે તે જ સાચો બળવાન છે.

ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર! જ્યારે હું રાજા છું તો રાજા તરીકે આશ્રિતોની રક્ષા કરવી એ મારું કર્ત્તવ્ય છે કે નહિ? એટલા માટે મિત્રતાના સંબંધે મારા આશ્રિતોનાં બંધનો તોડી મારા બંધનો તોડવાની તારી ફરજ છે. મિત્ર! મારા આશ્રિતોનાં બંધનો પહેલાં તોડી મારા આ ભૌતિક શરીરના ભોગે પણ મારા યશઃશરીરની રક્ષા કર. આ ભૌતિક શરીર તો નાશવાન છે પણ યશઃશરીર અવિનાશી છે. માટે હે! મિત્ર! આ અવિનાશી યશઃશરીરની રક્ષા માટે આ ભૌતિક શરીરના ભોગે પણ મારા આશ્રિતોનાં બંધનો તોડી તેમની રક્ષા કર.

આજના વૃદ્ધો પણ સ્વાર્થમાં ડુબેલા છે અને તેથી યુવાનો પણ અમને વૃદ્ધોની શી ગરજ છે એમ કહે છે.

મિત્રની વાત સાંભળી હિરણ્યકને પસ્તાવો થયો. તેણે તે કબૂતરોનાં બધાનાં બંધનો તોડી નાંખ્યાં. અને ચિત્રગ્રીવને કહેવા લાગ્યો કે, મિત્ર! તમારા આ ઉત્તમ વિચારો તમને ત્રિલોકપતિ બનાવવાને યોગ્ય છે. વાસ્તવમાં ત્રિલોકપતિ તે છે કે, જે પોતે કષ્ટ સહન કરી બીજાને કષ્ટોમાંથી મુક્ત કરે! આ જ માનવધર્મ છે.

પોતે કષ્ટ સહન કરીને પણ બીજાને સુખ આપવું એ જ માનવધર્મ છે.

હિરણ્યકે બધાનાં બંધનો તોડ્યા બાદ ચિત્રગ્રીવનાં બંધનો તોડ્યાં. રાજાએ બધાં કબુતરોને કહ્યું કે, જે થયું તે થયું. હવે પછી બહેલી વાતને યાદ કરશો નહિ. નહિ તો પરસ્પર લડાઇ થશે. બધાનાં બંધનો છેદી હિરણ્યક કહેવા લાગ્યો કે, હું તમારો શું સત્કાર કરું! મારી પાસે એટલું ખાવાનું પણ નથી કે તમને બધાને ખાવાનું આપી શકું! રાજાએ ઉત્તર આપ્યો કે, ખાવાનું દેવું એ કાંઇ મોટું કામ નથી. તમે અમારાં બંધનો કાપી નાંખ્યા હવે ખાવાની શી મના છે!

આ પ્રમાણે તમે પણ બીજાને કષ્ટોથી મુક્ત કરવાનો પ્રયત્ન કરો અને એવી ભાવના ભાવો કે હું કષ્ટ સહન કરીને પણ બીજાને સુખ પહોંચાડું! બધાને આત્મતુલ્ય માનું. એના માટે પરમાત્માને એવી પ્રાર્થના કરો કે:—

दयामय ऐसी मति हो जाय,
औरोंके सुखको सुख समझूं सुखका करूं उपाय
अपना दुःख मैं सहूं किन्तु परदुःख देखा न जाय ! दया०

બીજાને કષ્ટમુક્ત કરવા માટે તમે પોતે કષ્ટસહિષ્ણુ બનો અને બીજાના સુખમાં તમારું સુખ માનો તો એ જ માનવધર્મ છે. અને એ માનવધર્મના પાલનમાં જ સ્વપરનું કલ્યાણ રહેલું છે.

વ્યાખ્યાન : બ્રહ્મચર્ય *



પ્રાર્થના

કુંથુ જિનરાજ તૂ ઐસો, નહિ કોઇ દેવ તો જૈસો, ।
ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દૃઢ ગહિએ; ॥ કુંથુ. ॥

શ્રી કુંથુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. પરમાત્માની પ્રાર્થના કેવીરીતે કરવી જોઇએ એ વિષે જ્ઞાનીઓ અને ભક્તોએ પોતાના હૃદયગત ભાવો વ્યક્ત કરી જનતાની સમક્ષ અનેક માર્ગો બતાવ્યાં છે. તેમ છતાં બધા લોકો સરળ રીતે પ્રાર્થના કરી શકે એ માટે કોઇ સાધારણ નિયમ હોવો જોઇએ. મહાન્ જ્ઞાનીઓ અને ભક્ત લોકો ગમે તે રીતે પ્રાર્થના કરે, તેમનો માર્ગ તેમના પોતાના માટે સુલભ અને સરળ હોઇ શકે પણ જન સાધારણ માટે એમનો માર્ગ સરળ હોઇ શકે નહિ! એટલા માટે સાધારણ જનતા માટે ભગવાનમાં તન્મય થવાનો સરળ માર્ગ કયો છે તે જોવું જોઇએ. આ પ્રકારની જીજ્ઞાસા ઘણા લોકોને થાય છે. જો કે આજે કેટલાક લોકોને તો પરમાત્માના નામથી ચીડ ચડે છે અને ઈશ્વર તો બહુ જ ઉપાધિ કરનારો છે એમ કહે છે. અજ્ઞાનને

* રાજકોટ દશા શ્રીમાળી વણીક ભોજનશાળામાં સાં. ૧૯૯૨ના શ્રાવણ સુદી ૧૫ ને રવીવારના રોજ પૂજ્યશ્રીએ આપેલું જાહેર વ્યાખ્યાન

કારણે જ તેઓ આમ કહે છે; પણ તેમના અંતરાત્મામાં જે સ્વાભાવિક તરંગ ઉઠે છે તે તો દરેકને ઈશ્વરની તરફ ધકેલી રહ્યો છે, એવો જ્ઞાનીઓનો વિશ્વાસ છે. અને એ વિશ્વાસના કારણે તેમણે શાસ્ત્રમાં પણ પ્રગટ કર્યો છે. આજે મને 'બ્રહ્મચર્ય' વિષય ઉપર બોલવાનું કહેવામાં આવ્યું છે પણ પ્રાર્થના એ મારા આત્માનો વિષય હોવાથી એ વિષે બે ચાર શબ્દ બોલ્યા વિના મારા આત્માને શાન્તિ થતી નથી, એટલા માટે પ્રાર્થના વિષે થોડુંક કહું છું. મારા આત્માને શાન્તિ થશે તો તેથી તમને પણ લાભ થશે.

હમણાં મેં જે પ્રાર્થના કરી તે પ્રાર્થના કેવળ મારા એકલાની જ નથી પણ બધાની છે. તમે કહેશો કે, અમે પ્રાર્થના કરવા ચાહિએ છીએ કે નહિ એ જાણ્યા વિના આમ કેમ કહો છો! ઉપરથી પ્રાર્થના કરવા અમે ચાહતા નથી એમ ભલે કોઇ કહે પણ મારો તો એવો વિશ્વાસ છે કે, પ્રાર્થના વિના જીવન નભી શકતું નથી. કદાચ કોઇ કહે કે, મને સૂર્યના પ્રકાશની જરૂર નથી, હું દીપક વગેરેના પ્રકાશથી મારું કામ ચલાવી લઇશ તો આમ કહેનારનું કથન શું બરાબર છે? નહિ, કારણ કે સૂર્યની સહાયતા વિના જીવન રહી જ શકતું નથી; જીવનની ગતિ ચાલી શકતી નથી. એટલા માટે સૂર્યના પ્રકાશની અનાવશ્યકતા બતાવનાર ભૂલ કરી રહ્યો છે. સૂર્ય જીવનને માટે અત્યુપયોગી છે. સૂર્યની પ્રશંસા કરનાર કે નિંદા કરનાર બન્નેને સૂર્ય સરખો પ્રકાશ આપે છે, તે કોઇની સાથે ભેદભાવ રાખતો નથી જ્યારે સૂર્યને માટે આમ કહેવામાં આવે છે તો પરમાત્માને માટે જ્ઞાનીઓ તો એમ કહે છે કે:—

सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके—ભક્તામરસ્તોત્ર

અર્થાત્—હે ! પ્રભો ! તારી મહિમા અનન્ત સૂર્યથી પણ વધારે છે. આ પ્રમાણે જ્યારે પરમાત્મા અનન્ત સૂર્યથી પણ વધારે

મહિમાવાળો છે તો શું તેમની પ્રાર્થના વિના જીવન નભી શકે ખરું? કદાચ તમે એમ કહો કે, સૂર્ય તો પ્રત્યક્ષ જીવનોપયોગી જણાય છે, પણ ઇશ્વર તો પ્રત્યક્ષ દેખાતા નથી, આવી દશામાં ઇશ્વર છે અને જીવનને માટે તેમની પ્રાર્થના કરવી ઉપયોગી છે એમ અમે કેવીરીતે માની શકીએ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કે, તમારી ચર્મ-ચક્ષુઓથી પરમાત્મા જોવામાં આવતા નથી એથી શું થયું? ચર્મચક્ષુ સિવાય હૃદયચક્ષુ પણ છે અને તે દ્વારા પરોક્ષ વસ્તુ જાણી શકાય છે અને તે ઉપર વિશ્વાસ કરી શકાય છે! પરમાત્માની પ્રાર્થના વિષે જ્ઞાનીઓ પણ એમ જ કહે છે કે, તમે ચર્મચક્ષુઓ ઉપર જ આધાર રાખો નહિ પણ અમારી વાત ઉપર વિશ્વાસ રાખો! તમે નાનપણમાં ઘણી વસ્તુઓને જોઇ હોતી નથી પણ માતાના કહેવા ઉપર વિશ્વાસ રાખવાથી તમને લાભ થયો કે હાનિ થઇ? બચપણમાં તમે કદાચ સાપને પણ સાપ માનતા નહિ હો, પણ માતાના કહેવા ઉપર વિશ્વાસ રાખવાથી તમે સર્પને સર્પ માની શકયા અને સર્પના ડંશથી પણ દૂર રહી શકયા! જ્યારે માતાના કથન ઉપર વિશ્વાસ રાખવાથી તમને લાભ થયો, સર્પના ડંશથી બચી શકયા—તો જેઓમાં માતાના જેવી દયા રહેલી છે એ જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખવાથી તમને હાનિ કેવી રીતે થશે? જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખવાથી તમને હાનિ નહિ પણ લાભ જ થશે! એટલા માટે જ્ઞાનીઓ જ્યારે એમ કહે છે કે પરમાત્મા છે, અને તેમની પ્રાર્થના કરવાથી જીવનમાં શાન્તિ મળે છે, તો તેમના કથન ઉપર વિશ્વાસ રાખો. તેથી તમને હાનિ નહિ પણ લાભ જ થશે.

પરમાત્મા પ્રત્યે વિશ્વાસ કેમ સ્થિર રહેતો નથી? એવો પ્રશ્ન ઘણાને થાય છે તો એના ઉત્તરમાં જ્ઞાનીઓ કહે છે કે, સાધનની

આત્માને હાથે પરમાત્મા પ્રત્યે વિશ્વાસ સ્થિર રહેતો નથી. પરમાત્મા પ્રત્યે વિશ્વાસ થવાનાં જે સાધનો છે તેમાંનું એક સાધન બ્રહ્મચર્ય છે. જો આ સાધન જીવનમાં સ્થાન પામ્યું હોય તો ઈશ્વર ઉપર આપમ વિશ્વાસ સ્થિર રહી શકે.

બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય એ કોઈ સાધારણ માણસના મગજની ઊપજ નથી, પણ આ તો મહાપુરુષોએ બતાવેલા સિદ્ધાન્તોમાંનો એક પરમ સિદ્ધાન્ત છે. આ બ્રહ્મચર્યનો વિષય જ એવો છે કે, તે ઉપર અનેક વ્યાખ્યાનો આપવામાં આવે તો પણ તેનું પૂરેપૂરું વર્ણન થઈ શકે નહિ! તો પછી એક દિવસના વ્યાખ્યાનમાં બ્રહ્મચર્યનું સંપૂર્ણ વર્ણન કેમ થઈ શકે? છતાં બ્રહ્મચર્ય વિષે આજે કહેવાનું છે એટલે પૂર્ણ ને પણ અપૂર્ણ કરી કહેવું પડે છે. તમે પણ એને સાવધાન થઈ સાંભળો.

દુનિયામાં કોઈપણ એવો ધર્મ નથી કે જેણે બ્રહ્મચર્યનો મહિમા વર્ણવ્યો ન હોય. બીજા ધર્મો બ્રહ્મચર્ય વિષે શું કહે છે તે વિષે આજે ન કહેતાં જૈનધર્મ બ્રહ્મચર્ય વિષે શું કહે છે તે કહું છું. જૈન શાસ્ત્ર બ્રહ્મચર્યનો મહિમા વર્ણવતાં કહે છે કે:—

"जम्बू! एत्तो य बंभचेरं तवनियमणाणदंसणचरित्तसम्मत्त-विणयमूलं जमनियमगुणप्पहाणजुत्तं हिमवंत महंत तेयमंतं पसत्थ गंभीर थिमिय मज्झं" (—પ્રશ્ન વ્યાકરણ સં.દ્વા ચોથું)

ભગવાન સુધર્મા સ્વામી પોતાના મોટા શિષ્યને કહે છે કે, હે! જંબૂ! હવે હું તને બ્રહ્મચર્યનો વિષય કહું છું.

બ્રહ્મચર્ય એટલે શું? તે આપણે પહેલાં જોઈએ. બ્રહ્મચર્યમાં 'બ્રહ્મ' અને 'ચર્ય' એ બે શબ્દો છે. બ્રહ્મ શબ્દનો આત્મા કે સત્ય તપ, સમાધિ ગુણ એવો અર્થ થાય છે. 'બ્રહ્મ' શબ્દના અર્થ:

સદ્ગુણોનો સમાવેશ થઈ જાય છે અને જે ક્રિયાદ્વારા એ ગુણોની પ્રાપ્તિ થાય છે તે ક્રિયાનું નામ 'ચર્ય' છે. આ પ્રમાણે જે ગુણો અને જે સાધનોદ્વારા આત્માનો સાક્ષાત્કાર થાય તે બ્રહ્મચર્ય કહેવાય છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે, "બ્રહ્મચર્ય, તપનિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ અને વિનયનું મૂળ છે. જે પ્રમાણે વૃક્ષમાં થડ, ડાળી, ફળ–ફુલ–પાંદડાં વગેરે હોય છે પણ એ બધાનો આધાર તો મૂળ જ હોય છે. મૂળ છે તો તેના આધારે વૃક્ષ ફાલેફુલે છે, પણ જો મૂળ જ ન હોય તો વૃક્ષ પણ ટકી શકતું નથી. આ જ પ્રમાણે બ્રહ્મચર્ય પણ બધી ઉત્તમ ક્રિયાઓનું મૂળ છે. જ્યાં બ્રહ્મચર્ય છે ત્યાં જ બધી ઉત્તમ ક્રિયાઓ પાર પડી શકે છે." શુભ ક્રિયાઓમાં પહેલાં તપ બતાવવામાં આવ્યું છે પણ એ તપ પણ બ્રહ્મચર્ય વિના સાર્થક સિદ્ધ થતું નથી. કહ્યું છે કેઃ—

तपो वै ब्रह्मचर्यम्—ઉપનિષદ્

અર્થાત—બ્રહ્મચર્ય એ જ તપ છે. જે તપમાં બ્રહ્મચર્યને સ્થાન નથી, વાસ્તવમાં તે તપ જ નથી; કારણ કે જ્યારે મૂળ જ નથી તો વૃક્ષ ક્યાંથી હોય! બ્રહ્મચર્ય એ તપનું મૂળ છે. આ જ પ્રમાણે નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ, વિનય વગેરેનું પણ મૂળ બ્રહ્મચર્ય છે. યમ–નિયમમાં પણ બ્રહ્મચર્ય પ્રધાન છે. યમ અર્થાત્ મહાવ્રત અને નિયમ અર્થાત્ ત્યાગ–પ્રત્યાખ્યાન. જે પ્રમાણે પર્વતોમાં હિમાલય પર્વત પ્રધાન છે. તે જ પ્રમાણે યમનિયમમાં પણ બ્રહ્મચર્ય પ્રધાન છે.

આપે કદાચ હિમાલય પર્વત ન પણ જોયો હોય પણ તેને કારણે તમને જે સુખશાન્તિ મળી રહી છે તેનો વિચાર કરો તો તેના ઉપકાર આગળ તમારું માથું નીચે નમી જશે. આ જ પ્રમાણે

બ્રહ્મચર્યની શક્તિ ઉપર વિચાર કરવામાં આવે તો એવો કોઇક જ સભ્ય માણસ હશે કે જે એમ ન કહે કે, જે પોતાનામાં શક્તિ છે તે બ્રહ્મચર્યની જ શક્તિ છે. બ્રહ્મચર્યનો જે મહિમા તમે ગાઓ છો તેથી ઘણો વિશેષ મહિમા શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યો છે! કદાચ તમે એમ કહો કે, શાસ્ત્રમાં બ્રહ્મચર્યનો જેવો ચમત્કાર વર્ણવવામાં આવ્યો છે તેવો ચમત્કાર બતાવનાર બ્રહ્મચારી અમારા જોવામાં આવે તો અમે માની શકીએ; પણ અમને કોઇ એવો ચમત્કારી બ્રહ્મચારી જોવામાં જ આવતો નથી એટલે અમે કેવીરીતે એમ માની શકીએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, એવો ચમત્કાર જોવામાં આવતો નથી પણ કલ્પનામાં તો આવે છે કે નહિ? તમે કહેશો કે કલ્પનામાં આવેલી વાત શા કામની? પણ કેટલીક વાતો એવી હોય છે કે જે સાક્ષાત્ જોવાથી જ કામમાં આવે છે અને કેટલીક વાતો એવી હોય છે કે જે કલ્પનાથી જ કામમાં આવે છે. હું આ વાતનો તમને પરાણે સ્વીકાર કરાવવા ચાહતો નથી પણ જો તમે મારા કથન ઉપર ઊંડો વિચાર કરશો તો તે વાત તમે પોતે માનતા થઇ જશો. આજે બુદ્ધિવાદનો જમાનો ચાલે છે એટલે પ્રત્યેક વાત બુદ્ધિની કસોટીએ ચડાવ્યા બાદ જ માનવામાં આવે છે. હું પણ એ જ કહું છું કે, તમે મારા કથનને હૃદયની કસોટી ઉપર ચડાવ્યા બાદ જ સ્વીકાર કરો. જો કોઇ વાતનો હૃદય સ્વીકાર ન કરે તો તેને માનો નહિ! જ્ઞાનીઓ પણ એ જ કહે છે કે, અમારી પ્રત્યેક વાતને હૃદયની કસોટીએ ચડાવ્યા બાદ જ સ્વીકાર કરો.

જે વાત પ્રત્યક્ષ નથી પણ કલ્પનામાં આવે છે તે વાતને અમલમાં કેમ ઉતારી શકાય? એવો પ્રશ્ન ઊભો થાય છે. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, નિશાળમાં ભણનાર છોકરાઓ રેખાગણિતમાં સૂક્ષ્મ રેખાની કલ્પના માની એક લીટી બનાવે છે પણ વાસ્તવમાં સૂક્ષ્મ

[illegible] નથી. ત્યારે ભ્રૂમધ્યરેખાની જાડાઈ જ નથી [illegible] કલ્પવામાં આવે છે અને તે શા માટે [illegible] એમ કહેવામાં આવે છે કે, ભ્રૂમધ્યની [illegible] કર્યા વિના—આગળ કામ જ [illegible]

[illegible] શક્તિ પ્રાપ્ત થાય છે, [illegible] તે શક્તિ પ્રત્યક્ષ દેખાતી [illegible] હોય તો એ કલ્પનાને [illegible] તે કથન કલ્પનાયુક્ત [illegible] તે તરફ ગતિ [illegible] ભ્રૂમધ્યરેખાને [illegible] પણ પૂર્ણ [illegible] તે આદર્શ

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૬મા અધ્યયનની નિર્યુક્તિમાં બ્રહ્મચર્યના ચાર ભેદ બતાવવામાં આવ્યા છે. નામ બ્રહ્મચર્ય, સ્થાપના બ્રહ્મચર્ય દ્રવ્ય બ્રહ્મચર્ય અને ભાવ બ્રહ્મચર્ય.

જેઓ નામથી તો બ્રહ્મચારી છે પણ બ્રહ્મચર્યનું પાલન કરતા નથી તેમને માટે શાસ્ત્ર કહે છે કે, તે નામથી બ્રહ્મચર્ય છે. આ પ્રમાણે કેવળ નામ બ્રહ્મચર્યથી કાંઇ વળતું નથી. તેની સાથે ભાવથી પણ બ્રહ્મચર્ય હોવું જોઇએ. જેઓ ભાવથી બ્રહ્મચર્ય પાળતા ન હોય પણ કેવળ નામથી બ્રહ્મચારી છે, તેઓ દુનિયામાં સન્માન પ્રાપ્ત કરવા માટે પોતાને નામથી બ્રહ્મચારી કહેવડાવે છે. જેમકે દુનિયામાં હીરા-મોતી પહેરનારાઓ આદર પામે છે એ જોઇ, કેટલાક લોકો પોતાની પાસે સાચા હીરા-મોતી પહેરવા ન હોવાથી કેવળ આદર-સન્માન પામવા માટે, ખોટાં હીરા-મોતી પણ પહેરે છે. તેમનો ખોટા હીરા-મોતી પહેરવાનો ઉદ્દેશ કેવળ લોકોને નખરાં કરી ઠગવા સિવાય બીજો કાંઇ હોતો નથી. આ જ પ્રમાણે દુનિયામાં બ્રહ્મચારીનું આદર-સન્માન થતું જોઇ તેવું આદર-સન્માન પામવા માટે કેટલાક લોકો નામના બ્રહ્મચારી બની જાય છે, પણ બ્રહ્મચર્યનું પાલન કરતા નથી. આવા બ્રહ્મચર્યને શાસ્ત્રકારો નામથી બ્રહ્મચર્ય કહે છે. આ નામ બ્રહ્મચર્યની વાત થઇ.

સ્થાપના બ્રહ્મચારી તે છે, કે જે પોતે બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી પણ બ્રહ્મચર્ય કે બ્રહ્મચારીની મૂર્તિ બનાવી, તેને માનવાથી પોતાનું કામ ચાલી જશે એમ વિચાર કરી તે મૂર્તિ સ્થાપિત કરી માને છે. તે સ્થાપના બ્રહ્મચર્ય છે એમ જ્ઞાનીઓ કહે છે. આ સ્થાપના બ્રહ્મચર્યથી કોઇ ખાસ લાભ થતો નથી. જે ગુણને કારણે તમે તેની મૂર્તિને માની રહ્યા છો એ ગુણનું પાલન તમે પોતે કરો તો જ લાભ થઇ શકે.

[illegible]

[illegible] છે :—

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः । —योगसूत्र

આંખમાં જે શક્તિ અને તાકાત છે તે વીર્યના પ્રતાપથી જ છે. જો શરીરમાં વીર્ય ન હોય તો મનુષ્ય હરવું-ફરવું, ઊઠવું-બેસવું આદિ ક્રિયા પણ કરી શકે નહિ.

આ પ્રમાણે વીર્યની રક્ષા કરવામાં લાભ છે અને વીર્યને નષ્ટ કરવામાં નુકશાન છે. આજે ભારતની જે દીન-હીન અવસ્થા જોવામાં આવે છે તેનું પ્રધાન કારણ વીર્યનાશ જ છે. જે વીર્યના પ્રતાપથી સો વરસ સુધી વાળ સફેદ થયા વિના, દાંત પડયા વિના, આંખની શક્તિ ઓછી થયા વિના જીવી શકાય છે એ વીર્યને ખરાબ કામોમાં કે સામાન્ય રમત-ગમતમાં નષ્ટ કરવું એ કેટલું બધું ખરાબ છે? જે લોકો બ્રહ્મચર્યની મર્યાદા બરાબર સાચવતા નથી તે લોકોદ્વારા જ ભારતની આવી અવદશા થવા પામી છે. તમને બ્રહ્મચર્ય તરફ પ્રેમ હોય પણ કેવળ વાતો કરવાથી કાંઇ વળતું નથી. માટે બ્રહ્મચર્યને જીવનમાં ઉતારો તો જ બ્રહ્મચર્ય તરફ તમને સાચો પ્રેમ છે એમ કહી શકાય! આજે તો બ્રહ્મચર્યના સાદા નિયમોનું પણ પાલન થતું નથી અને તેથી જ હાનિ થઇ રહી છે.

ચોથું ભાવ બ્રહ્મચર્ય છે. શાસ્ત્રકારોએ ભાવ બ્રહ્મચર્યના દશ નિયમો બનાવ્યાં છે. આ દશ નિયમો પૂર્ણ બ્રહ્મચારી અને મુનિઓને માટે છે. અપૂર્ણ બ્રહ્મચારીને માટે પણ દશ નિયમો છે જે વિવાહિત-અવિવાહિત, યુવાન-વૃદ્ધ, બધાને માટે લાભપ્રદ છે. તમે પણ એ નિયમો ઉપર શ્રદ્ધા રાખી તેનું પાલન કરો. તમે બીજી અનેક પ્રકારની દવા લીધી હશે પણ વીર્યરક્ષાની દવા કરી નહિ હોય! આ નિયમો એ વીર્યરક્ષાની દવા છે. તમે આ દવાનો ઉપયોગ કરી જુઓ કે તેથી કેટલો બધો લાભ થાય છે!

અપૂર્ણ બ્રહ્મચર્ય માટે જે દશ નિયમો બતાવવામાં આવે છે તેમાં પહેલો નિયમ ભાવના છે. માતા-પિતાએ એવી ભાવના

[illegible] છે, મારો પુત્ર નીતિમાન બને અને જગતનું કલ્યાણ [illegible] તેમ કરો છો, આ પ્રમાણે ભાવના કરવાથી શું [illegible] ભાવનાથી પણ બહુ જ લાભ થાય છે. તમે લોકો [illegible] તમને જુદાં જુદાં સ્વપ્નો આવતાં હશે. [illegible] છે કે, બધાની ભાવના જુદી જુદી [illegible] તમે જાણો જ છો કે, જેવી ભાવના હોય છે, [illegible] જ આવે છે. આ જ પ્રમાણે સંતાનના વિષયમાં [illegible] ભાવના હોય છે, સંતાનના વિચારો પણ તેવા જ થાય છે. [illegible] જે પ્રમાણે ભાવનાથી સ્વપ્નનું નિર્માણ થાય છે, તે જ પ્રમાણે ભાવનાથી સંતાનોનાં વિચારોનું અને કાર્યોનું નિર્માણ થાય છે નીચ વિચાર કરવાથી શું ખરાબ સ્વપ્નું આવતું નથી! આવે જ છે, આ જ વાત સંતાનના વિષે પણ સમજો. સંતાન વિષે તમે જેવી ભાવના ભાવશો આગળ જતાં સંતાન પણ તેવાં જ બનશે; એટલા માટે સંતાન વિષે તથા તમારા પોતાના વિષે બ્રહ્મચર્યની જ ભાવના ભાવો.

બ્રહ્મચર્યનો બીજો નિયમ ભોજનના વિવેક વિષે છે. કેટલાક લોકો એમ સમજે છે કે જે ખાનપાનમાં આનંદ આવે તે જ ભોજન છે; પણ આ ભૂલ છે. બ્રહ્મચારીના ભોજનમાં અને અબ્રહ્મચારીના ભોજનમાં ઘણું અંતર હોય છે. ગીતામાં રજોગુણી, તમોગુણી અને સતોગુણીનું ભોજન જુદું જુદું બતાવ્યું છે. વૈદિક શાસ્ત્રમાં પણ બ્રહ્મચારીનું ભોજન જુદું બતાવ્યું છે; પણ આજે ઘણાય લોકો જીભને વશ થઇ ભોજનના ગુલામ બની રહ્યા છે! જો તમે તમારી જીભ ઉપર પણ કાબુ મેળવી શકશો નહિ તો આગળ કેમ વધી શકશો! વિદ્યાભ્યાસ અને શાસ્ત્રશ્રવણનું ફળ એ જ છે કે ખરાબ કામોમાં પ્રવૃત્તિ ન કરવી; પણ આજે ખાન-

પાનના સંબંધમાં ઘણી જ ભૂલ થઈ રહી છે અને વિલાસપ્રેમનું રંગ લાગે ખાનપાનમાં ભાન ભૂલી જવું એમ ન હોય એવી સ્થિતિ થઈ રહી છે!

આજે ચા પીવાનો એટલો બધો શોખ વધવા પામ્યો છે કે, તે વિષે વાત જ પૂછો નહિ! રોગને કારણે કોઈક વખતે ચા પીવી એ વાત જુદી છે. પણ ચા એ 'પેય' વસ્તુ છે એમ માની સ્ત્રીઓ પોતાના બાળકોને ચા પીવડાવે; અને ચા પીવાથી બાળકમાં તેજ આવશે એમ માની ચા પીવી અને બીજાને પીવડાવવી એ વાત પણ જુદી છે. ચા એક ઝેરી પદાર્થ છે; એટલે એના સેવનથી શરીરને કેટલી બધી હાનિ થાય છે તે જરા જુઓ. આજે ચાએ કેટલું બધું પોતાનું આધિપત્ય જમાવ્યું છે એ વિષે એક કવિએ કહ્યું છે કે:—

"ચાહ તારી ચાહના જ્યાં ત્યાં વિશેષ વધી પડી;
પોર ફાટતાં મુંહ ફાટતાં જ ચાહ તલપે છમકી,
દાતણ કર્યું કે ના કર્યું પણ રાંડ તું તો ઝટ ખડી;
તારો અમીને હિંદમાં, જોટો બીજો મળતો નથી.

અટકી નહિં તું એટલે જ્યાં શાક લેવા જન જતાં,
બજારમાં સુખ શાન્તિ ગૃહમાં દેખી તુજને બેસતાં.
બકવાદ. પણ તારો થતો ને જાગવું તુજ જાપથી;
નાસી ગયાં એ દુધ દહીં પાપિણી તારા પાપથી.

મિજમાન જ્યાં આવ્યા ઘરે સત્કાર તારાથી થતો;
ઉત્સવ અને મીજલીસ વિષે વૈભવ ન તુજ વિણ છાજતો.
નાટક વિષે ચેટક વિષે મુસાફરીમાં તું ખરી;
ખૂબ ગરમ ફરફરતી કલેજું બાળીને કરી ઠીકરી.
આચાર ભ્રષ્ટ કર્યો વળી ને પાપને તું પોષતી;
કરી મંદ જઠર અનુપ તું ધાતુને બાળી નાંખતી.

બરિસ યુગે રતન નિગાહેન ભાનના રોગી કર્યાં
આશ્ચર્ય તેં લગામ ફિકર સર્વને મેં વશ કર્યાં;
— ન્યાયના દાતાર ન્યાયાધીશ પણ દુર્જને વર્યાં;
હરિયાદ નહીં કર્યાં જન સર્વને મેં તો વશ કર્યાં.

ભક્તો તન ઢાંક હોય દેતાં નું ભિખારી શું કરે,
ત્યાં મખમલ જન આંખ થઈને દીપ લઈ ફરે પડે.

... ગંદેલા ના કરતાં વાર શું ?
... ત્યાં હોય તુજ લગાર શું ?

ચા ને તંબાકુ રૂપ અંધકાર ફેલાએલો છે અને એ અંધાધુંધીમાં લોકો અર્ધાંતર ભટકી રહ્યા છે. કોઈ માણસ નાગણને માળા સમજી ગળામાં પહેરે અથવા ઘરમાં સંઘરી રાખે તો તે માણસ શું અંધકારમાં પડેલો છે એમ કહી ન શકાય? તમે કહેશો કે, એવો કયો માણસ હશે કે, જે ઝેરીલી નાગણને પોતાના ઘરમાં સંઘરી રાખે, પણ હું પૂછું છું કે શું આ નાગણની માફક ઝેરીલી નથી? જે સમયે પ્રભુની પ્રાર્થના કરવાનો હોય છે અને પોતાનો દૈનિક કાર્યક્રમ ગોઠવવાનો હોય છે તેવા સમયે ચાનો જાપ કરવો કયાંસુધી યોગ્ય છે તેનો વિચાર કરો! તમે કહેશો કે, ચા તો લાભ પહોંચાડે છે તો તમે કોઈ ડાક્તરને પૂછી જુઓ કે, ચા લાભ પહોંચાડે છે કે હાનિ પહોંચાડે છે? જે ચાનો ગુલામ હશે તે ડાક્તર ભલે ચાને સારી કહે બાકી ચાની કોઈ પ્રશંસા કરતું નથી. જ્યારે ગરમાગરમ ચા બાળકોના પેટમાં જતી હશે ત્યારે બાળકોની ધાતુઓને કેટલી બધી હાનિ પહોંચતી હશે! અને ધાતુ ક્ષીણ થવાથી કેટલા બધા રોગો પેદા થતાં હશે! જો ચાથી થએલી હાનિનો ઇતિહાસ જોવામાં આવે તો ઘણું રહસ્ય જાણવામાં આવે. આજે ચૂડેલનો વહેમ તો લોકોમાંથી ઓછો થવા પામ્યો છે પણ આ ચા ચૂડેલ એવી છે કે

ને દિવસ ને રાત માણસોના રક્તને ચૂસી રહેલ છે. આ જુલ્મની ફરિયાદ પણ કોની પાસે કરવી? ન્યાયાધીશ અને રાજા વગેરે બધા તો ચાના ગુલામ બની ગયા છે. આવી દશામાં ચાની ફરિયાદ કરવી તો કોની પાસે? આમ હોવા છતાં ચાની ફરિયાદ સાંભળનાર છે કે જેઓ ચાનો ત્યાગ કરવાનું કહે છે આ કથનને માનો કે ન માનો એ વાત જુદી છે. પણ આવી ખાન-પાન વિષે આવી બહુ અસાવધાની જોવામાં આવે છે.

બધાં ગ્રન્થો અને શાસ્ત્રોમાં શરાબનો તો નિષેધ કરવામાં આવ્યો છે છતાં પણ શરાબના શોખીનો શરાબને લાલ શરબતનું નામ આપી પી જાય છે. ચા, શરાબ, તમાકુ, બીડી વગેરે બધી ચીજો વીર્યને નષ્ટ કરનારી છે. આવી વીર્યનો નાશ કરનારી ચીજોને ખાવા-પીવાથી આજની પ્રજા વીર્યહીન થઇ રહી છે. જ્યારે આજની પ્રજા વીર્યહીન છે તો પછી ભવિષ્યની પ્રજા પણ એવી જ વીર્યહીન બનશે એ વાત નક્કી છે. એટલા માટે વીર્યરક્ષા માટે એવી એવી કેફી ચીજોનો ત્યાગ કરવો આવશ્યક છે. અપૂર્ણ બ્રહ્મચર્યનો આ બીજો ઉપાય છે. જે ચીજોના ખાન-પાનથી વીર્યનો નાશ થાય એવી દરેક ચીજોનો ત્યાગ કરો અને ખાદ્યાખાદ્યનો વિવેક રાખો અને વીર્યરક્ષા કરો તો શરીર, મન અને બુદ્ધિનો પણ વિકાસ થાય. કેવળ શરીરની ચરબી વધારવી એ જ તાકાતનું પ્રતીક નથી પણ મનોબળ વધારવું અને તેને કાબુમાં રાખવું એ જ સાચી તાકાત છે. આજે પણ એવા માણસો જોવામાં આવે છે કે જેઓનું શરીર ચરબીથી પુષ્ટ જણાતું નથી તેમ છતાં મોટા મોટા પહેલવાનો પણ તેમને પહોંચી શકતા નથી. એટલા માટે કેવળ ચરબી વધારવામાં શરીરની શક્તિ વધે છે એમ ન માનતાં ખાદ્યાખાદ્યનો વિવેક કરી મનોબળ કેળવવાનો પ્રયત્ન કરો!

[illegible] ખાનપાન પણ એક મહત્ત્વનું [illegible] બાળકોને [illegible] પોતાની સાથે જ ભોજન કરવા [illegible] છે, બાળકોને સાથે બેસાડ્યા વિના ભોજન [illegible] એટલું વિચારતા નથી કે, જે ભોજનમાં [illegible] આવ્યો છે, જે ભોજન ગરિષ્ઠ છે અને જે ભોજન [illegible] તામસિક છે તે બાળકોને માટે કેમ યોગ્ય કહી શકાય? એવા ભોજનથી તો બાળકોની ધાતુઓનો ક્ષય થાય છે.

આજે [illegible] પણ ખાનપાનમાં વિવેક રાખવાની જરૂર છે. સધવા અને વિધવા, વિવાહિતા અને કુમારી સ્ત્રીઓએ પણ ભોજનનો વિવેક રાખવો જોઈએ. ખાન-પાનનો વિવેક ન રાખવાને કારણે તથા આચાર શુદ્ધ ન રાખવાને કારણે આજની કુમારિકાઓ નાની વયમાં ઋતુમતી બની જાય છે અને પછી તેમના મનમાં વિકાર પેદા થાય છે. એટલા માટે બ્રહ્મચર્યની ભાવના કુમારિકાઓમાં પણ ભરવી જોઈએ. આજના માતાપિતા પોતાના પુત્ર-પુત્રીઓને "તારા માટે કેવી વહુ લાવીએ," કે "તારા માટે કેવો વર લાવીએ" વગેરે વાતો કહી પોતે વિનોદ કરે છે એમ માને છે પણ વાસ્તવમાં આવા પ્રકારના વિનોદથી પુત્ર-પુત્રીઓમાં નાનપણથી ખરાબ સંસ્કારો પડે છે. આજે સ્ત્રીઓનું અધિક મરણ પ્રસૂતિગૃહમાં થાય છે તેનું કારણ નાની ઉંમરે સગર્ભા થવું એ પણ છે.

પ્રસવવેદના વધવામાં પુરુષોનો અત્યાચાર પણ એક કારણ છે. મન ઉપર કાબુ ન રાખવાથી તથા ખાનપાન વગેરેનો વિવેક ન રાખવાથી જ આવી ખરાબ સ્થિતિ પેદા થવા પામી છે! આજે જે કેટલાક લોકો ધનવાન છે તે લોકો એમ વિચારે છે કે, અમે તો મોજ કરીએ! જો સ્ત્રી મરી જશે તો બીજી સ્ત્રી ક્યાં મળતી નથી!

આ ખરાબ ભાવનાને કારણે ઉચિત-અનુચિતનો તેઓ વિવેક રાખતા નથી! જો એકપત્નીવ્રતની ભાવના હોય તો આવી ખરાબ સ્થિતિ ઉભી થાય નહિ! પણ એકપત્નીવ્રતની ભાવના ન હોવાને કારણે અનેક સ્ત્રીઓ પુરુષોની વિષયવાસનાની ભોગ થઈ પડે છે!

કહેવાનો આશય એ છે કે, બ્રહ્મચર્યના પાલન માટે સર્વપ્રથમ ભાવના શુદ્ધ રાખવી, બીજું ભોજન ઉપર નિયંત્રણ રાખવું અને ત્રીજું પહેરવેશ કેવો રાખવો તેનું ધ્યાન રાખવું. પોશાકનો ભાવનાની સાથે પણ ગાઢ સંબંધ છે. અમે સાધુજનો બ્રહ્મચર્યનું પાલન કરીએ છીએ એટલા માટે અમારે વસ્ત્રનું બહુ ધ્યાન રાખવું પડે છે. જો અમે લોકો સફેદ વસ્ત્રને બદલે રંગીન કપડાં પહેરીએ તો તમે લોકો અમને ઉપાલંભ આપશો અને સાધુઓને માટે રંગીન વસ્ત્રો પહેરવાં અનુચિત છે એમ કહેશો. પણ વસ્ત્રના વિષયમાં જેમ સાધુઓને માટે જુઓ છો તે જ પ્રમાણે તમે તમારા પોતાના વિષે કેમ જોતા નથી!

કેટલાક લોકો 'અમે ખાદી પહેરીએ કે વિલાયતી કપડાં પહેરીએ' એમાં શું થયું? વસ્ત્રો તરફ રાગદ્વેષ શા માટે રાખવો એમ વસ્ત્રો વિષે પોતાની 'ફીલોસફી'નું પ્રદર્શન કરે છે. આ પ્રમાણે વસ્ત્રની વાતને રાગદ્વેષનું રૂપ અને કેટલાક લોકો ખાદીના વસ્ત્રને રાજનૈતિક રૂપ આપે છે, પણ વાસ્તવમાં ખાદીમાં, મીલના વસ્ત્રમાં અને વિલાયતી વસ્ત્રમાં ઘણું અંતર રહેલું છે. પહેલાં તો એ જુઓ કે, મીલનાં અને ચરબી લાગેલાં વસ્ત્રોનો પ્રારંભ ક્યારથી થયો છે!

વસ્ત્ર બનાવવાની કળા ભગવાન ઋષભદેવે બતાવી હતી. શું તેઓ યંત્રકળાથી અનભિજ્ઞ હતા કે તેમણે મિલનું નિર્માણ કરવું અને તે દ્વારા વસ્ત્ર બનાવવાનું બતાવ્યું નહિ? વાસ્તવમાં તેઓ યંત્રકલાથી અનભિજ્ઞ ન હતા પણ યન્ત્રકલામાં જગતનો નાશ રહેલો

છે એમ તેઓ માનતા હતા ! એટલા માટે તેમણે યંત્રકલા જેવી તોફાની કળા બતાવી નહિ, પણ જનતાનું જીવન નભી શકે અને કોઇ પ્રકારની હાનિ પણ થાય નહિ એવી સાદી કલા બતાવી. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં કહ્યું છે કે, ભગવાન ઋષભનાથે જે કળા બતાવી તે **जणहियट्ठयाए** અર્થાત્–જનતાના હિત માટે બતાવી. ભગવાન યંત્રકલાને એક પ્રકારનું તોફાન માનતા હતા એટલા માટે તેમણે એ કળા બતાવી નહિ પણ જનતાના જીવનનો નિર્વાહ સારી રીતે થઇ શકે એવી સાદી કલા બતાવી.

કહેવાનો ભાવાર્થ એ છે કે, પહેરવેશમાં પણ વિવેક રાખવાની જરૂર રહે છે. સાદાં પહેરવેશ અને ચમકીલાં પહેરવેશ પહેરનારની ભાવનામાં પણ અંતર હોય છે. જે લોકો મીલનાં ચમકીલાં વસ્ત્ર પહેરે છે તેઓ ખાદી પહેરી જુએ તો તેમને જણાશે કે, વાસ્તવમાં વસ્ત્રની સાથે ભાવનાનો કેટલો બધો સંબંધ છે! કદાચ કોઇ કહે કે, કેટલાક ખાદી પહેરનારાઓ પણ લુચ્ચા અને નઠારા હોય છે ! તો આ પ્રશ્નનો ઉત્તર એ કે, સાધુવેશ ધારણ કરનારાઓમાં પણ કેટલાક લોકો ખરાબ નથી હોતા શું ? સાધુઓમાં કોણ સારો અને કોણ ખરાબ છે તેનો નિર્ણય જેમ કરો છો તેમ ખાદી પહેરનારાઓમાં પણ સારા–નરસા માણસનો નિર્ણય કરી શકો છો. કોઇ ખાદી ધારણ કરનારો માણસ લુચ્ચો કે ખરાબ હોય એથી કાંઇ બધા ખાદી ધારણ કરનારાઓ ખરાબ કે લુચ્ચા છે, એમ કહી શકાય નહિ ! કહેવત છે કે, 'ફેશનની ફાંસી અને સાદાઇ આઝાદી' અર્થાત્ ફેશનથી બંધન વધે છે અને સાદાઇથી આઝાદી મળે છે. એટલા માટે વીર્યરક્ષા માટે સાદાઇ ધારણ કરી પોશાક પહેરવામાં ધ્યાન રાખવું પરમાવશ્યક છે.

વીર્યનાશનું એક કારણ 'એક જ ઓરડામાં એક જ પથારી ઉપર સ્ત્રી-પુરુષે શયન કરવું' એ પણ છે. એક જ મકાનમાં એક જ પથારી

ઉપર સુવાથી વીર્ય સ્થિર રહી શકતું નથી. શાસ્ત્રમાં જ્યાં સ્ત્રી અને પુરુષના સુવાનું વર્ણન આવ્યું છે ત્યાં બન્ને ઠેકાણે સ્ત્રી-પુરુષો જુદા જુદા શયનાગારમાં સુતા હતા એવું વર્ણન મળે છે. પણ આજે આ નિયમનું પાલન થતું જોવામાં આવતું નથી.

વીર્યનાશનું એક કારણ નિષ્ક્રિય બેઠા રહેવું એ પણ છે. જે લોક શરીર અને મનને સારાં કામમાં રોકતા નથી તે લોકોનું પણ વીર્ય સ્થિર રહી શકતું નથી. જો શરીર અને મનને નિષ્ક્રિય રાખવામાં ન આવે તો વીર્યને હાનિ પહોંચતી નથી.

શયનના સમયે ખૂબ જાગતા રહેવું, સૂર્યોદય થયા પછી સુતા રહેવું અને અશ્લીલ સાહિત્ય વાંચવું એ પણ વીર્યનાશનાં બધાં કારણો છે. અશ્લીલ ચિત્ર જોવાથી અને અશ્લીલ પુસ્તકો વાંચવાથી પણ વીર્ય સ્થિર રહેતું નથી. આજે જ્યાં ત્યાં અશ્લીલ પુસ્તકો વાંચવાનો, અશ્લીલ ચિત્રો જોવાનો પ્રચાર થએલો જોવામાં આવે છે. આજે મહાપુરુષો અને સતીઓનાં જીવનચરિત્રો વાંચવાને બદલે અશ્લીલતાથી ભરેલાં પુસ્તકો લોકો શોખપૂર્વક વાંચે છે પણ તેથી જીવનમાં કેવો વિકાર પેદા થાય છે તેનો વિચાર કરતા નથી. કહેવત છે કે, 'વાંચન તેવો વિચાર' આ કહેવત પ્રમાણે અશ્લીલ પુસ્તકોનાં વાંચનથી લોકોના વિચારો પણ અશ્લીલ બનતા જાય છે.

નાટક-સીનેમા જોવાં એ પણ વીર્યનાશનું એક કારણ છે. આજકાલ નાટક-સીનેમાની ધમાલ પણ બહુ વધવા પામી છે. જ્યાં જુઓ ત્યાં ગરીબથી લઇ ધનિકો સુધી બધાંને નાટક-સીનેમામાં ખેંચવાનાં પ્રયત્નો કરવામાં આવે છે અને એ રીતે વીર્યનાશ કરવામાં નાટકો સાધનભૂત નીવડે છે.

કદાચ કોઇ કહે કે, બધાં નાટકો કાંઇ ખરાબ હોતાં નથી, કેટલાંક નાટકો ઘણાં સારાં હોય છે. ઘણાં નાટકોમાં રાજા-હરિશ્ચંદ્ર

જેવા મહાત્માઓનું ચિત્ર બતાવવામાં આવે છે એટલા માટે નાટક જોવામાં શું વાંધો છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જો કોઈ બાગમાં બે ચાર વૃક્ષો સારાં હોય અને બાકીનાં બધાં વૃક્ષો ઝેરી હોય તો શું તમે તે બાગમાં જશો? આ જ પ્રમાણે નાટકમાં થોડાંક પાત્રો નામ માત્રનાં સારાં હોય છે. બાકીનાં વધારે પાત્રો ખરાબ હોય છે કે જેની ખરાબ અસર મન ઉપર પડે છે. નાટકની માફક કેટલાક સિનેમાઓને પણ આનંદનું કારણ માને છે પણ તેની દ્વારા કેટ[illegible] સંસ્કારો પડે છે તે તરફ ધ્યાન આપતા નથી.

[illegible] પણ શક્તિનો નાશ થાય છે. કેટલાક લોકો ક[illegible] [illegible] સ્વપ્નદોષ થાય છે પણ આ તેમની ભૂલ છે [illegible] કલ્પનામાં એ સ્વપ્નદોષ થવાનું શું કારણ છે [illegible] અને કારણ જેથી દોષ-નિવારણનો ઉપાય વિચારો

આજે બ્રહ્મચર્યના વિષયમાં પણ યુવકો અને વૃદ્ધો વચ્ચે સંઘર્ષણ થઈ રહી છે. કેટલાક કહે છે કે, "કન્યાને ગમે તેની સાથે લગ્ન કરવાનો અધિકાર છે પણ જાતિભેદ આદિ કારણોને લીધે એ અધિકારમાં બાધા ઉભી થઈ રહી છે." બીજી બાજુ વૃદ્ધ લોકો—જુની ઘરેડના લોકો—કહે છે કે, "યુવાનો સ્વચ્છંદી થઈ ગયા છે એટલા માટે છોકરાઓ કે છોકરીઓને કાંઈ અધિકાર નથી; પણ અમે જેની સાથે વિવાહ કરીએ તેમણે અમારી સાથે રહેવાનો સ્વીકાર કરવો પડશે."

આ પ્રમાણે વૃદ્ધો અને યુવાનોની વચ્ચે વૈષમ્ય ચાલી રહ્યું છે. આ વૈષમ્યને કેવી રીતે દૂર કરવું તે આ પ્રાચીન કથાથી જાણી શકાય.

ભીષ્મકુમારની કથા

આ ભીષ્મકુમારની કથા છે. ભીષ્મનું પહેલાં ગંગકુમાર નામ હતું, બાદ દેવવ્રત નામ પડ્યું અને પછી ભીષ્મ પ્રતિજ્ઞા કરવાને કારણે 'ભીષ્મ' નામ પડ્યું.

એક વખતે ભીષ્મને કોઈએ કહ્યું કે, "આપે વિવાહ કર્યો નથી તે બહુ ખોટું કર્યું, તેથી ભારતને બહુ હાનિ પહોંચી છે. જો તમે વિવાહ કરત તો આપનાં સંતાનો પણ આપની જેવા પરાક્રમી અને વીર્યવાન થાત પણ આપે વિવાહ કર્યો નહિ એટલા માટે ભારતને એ હાનિ થઈ છે."

ભીષ્મકુમારે ઉત્તર આપ્યો કે, હું વિવાહ કરત પણ સંતાનો મારા જેવાં થાત એમ કહી શકાય નહિ. કારણ કે ક્ષીરસાગરમાં વિષ પણ હોય છે. પણ મારા બ્રહ્મચર્યને આદર્શ માનીને ન જાણે કેટલાક લોકો બ્રહ્મચર્યનું પાલન કરશે અને એ રીતે પોતાનું તથા

જગતનું કલ્યાણ કરશે. ગંગકુમારનો વિચાર પહેલાં બ્રહ્મચર્ય પાળવાનો ન હતો પણ તેમણે વિચાર્યું કે, જ્યાંસુધી હું બ્રહ્મચર્ય પાળતો નથી ત્યાંસુધી પિતાની ઇચ્છાની પૂર્તિ થઇ શકતી નથી. એટલા માટે પિતાની ઇચ્છા પાર પાડવા માટે તેમણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું. આ કથા ઉપરથી પિતાનો ધર્મ શું છે અને પુત્રનું શું કર્તવ્ય છે તે પણ જાણી શકાશે.

સત્યવતી જેનું બીજું નામ મત્સ્યગંધા કે યોજનગંધા છે તેને જોઇ રાજા શાન્તનુએ તેની સાથે વાતચીત કરી નિશ્ચય કર્યો કે, એ કન્યા સર્વોત્કૃષ્ટ હોવાથી તેની સાથે વિવાહ કરી તેને પોતાની રાણી બનાવવી; પણ પોતાના એ નિશ્ચયને પાર કેવીરીતે પાડવો એ વિષે વિચાર કરવા લાગ્યા. રાજાએ તે કન્યાને પૂછ્યું કે, "તું કોની પુત્રી છે?" કન્યાએ ઉત્તર આપ્યો કે, "હું સુદાસની કન્યા છું."

રાજા હુકમ કરી સુદાસને પોતાને ત્યાં બોલાવી શકતો હતો, પણ આમ હુકમ કરવો એ તો બુદ્ધિનું કામ છે; હૃદયનું કામ તો ધર્મનો વિચાર કરવો એ છે. શાન્તનુ રાજા ધર્મનો વિચાર કરી, પોતે યાચક બનીને સુદાસની પાસે ગયા. તેને દાતા બનાવ્યો અને રાજા પોતે યાચક બન્યા. હવે અહીં એ જોવાનું છે કે, કન્યાના પિતાનું શું કર્તવ્ય છે? સુદાસ એમ વિચારી શકતો હતો કે, જો હું મારી કન્યા રાજાને આપીશ તો મારો વૈભવ પણ વધશે અને હું ભાગ્યવાન પણ થઇ જઇશ, પણ તે પ્રલોભનમાં પડતાં કન્યાનું જ અહિત [illegible] જોયું અને રાજાએ કન્યાની માગણી કરવા છતાં તેણે રાજાને કહ્યું કે, "હું આપને મારી કન્યા આપી શકું એમ નથી. આપનો પુત્ર ગંગકુમાર બહુ વીર છે. રાજ્યનો માલિક તો તે બનશે, અને મારી કન્યાને જે પુત્ર થાય તો તેને રાજ્ય મળે નહિ [illegible] એટલા માટે હું મારી કન્યાને

આપને આપી શકું નહિ." માતાપિતાએ પોતાના સંતાનના આત્મહિતનું ધ્યાન પહેલાં રાખવું જોઇએ; તેમને ગુલામ બનાવવાં ન જોઇએ.

સુદાસનો ઉત્તર સાંભળી રાજા વિચારવા લાગ્યો કે, જોકે આ કન્યા મને બહુ પ્રિય લાગે છે પણ એને માટે પ્રિયપુત્ર ગંગકુમારનો અધિકાર નષ્ટ કેમ કરી શકું ? હું મારી ઇચ્છાને દબાવી રાખીશ, પણ ગંગકુમારના અધિકારને નષ્ટ થવા દઇશ નહિ.

આ પ્રમાણે વિચાર કરી રાજા ઘેર પાછો ફર્યો. મેં સુદાસની કન્યાની માંગણી શા માટે કરી એ વાતનો તેમને પશ્ચાત્તાપ થઇ રહ્યો હતો. જ્યારે બીજી બાજુ સુદાસની કન્યા પ્રતિ તેનું ચિત્ત આકૃષ્ટ થયું હોવાથી અને તેનું જ સ્મરણ થવાથી તે ચિંતાતુર રહેતો હતો. ચિંતાના કારણે તે દિન પ્રતિદિન સુકાતો જતો હતો.

પિતાની ચિંતાનું કારણ મન્ત્રીઓ દ્વારા જાણી ગંગકુમારે પિતાનું કષ્ટ દૂર કરવા માટે સુદાસને ત્યાં જવાનો વિચાર કર્યો મન્ત્રીઓએ કહ્યું કે, સુદાસને અત્રે જ બોલાવી લઇએ તો ! ગંગકુમારે કહ્યું કે, જ્યારે આપણે તેની કન્યા લેવી છે તો ધર્મનો નાશ ન કરવો જોઇએ, એટલા માટે તેને ઘેર જવું એ જ ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી મન્ત્રીઓની સાથે ગંગકુમાર સુદાસને ઘેર ગયો, ગંગકુમાર મન્ત્રી વગેરેને પોતાના ઘર તરફ આવતા જોઇને સુદાસ વિચારવા લાગ્યો કે, મેં તેના પિતાને કન્યા આપવાની ના પાડી છે એટલે મને દંડ આપવા માટે એ લોકો તો આવતા નહિ હોય ! પણ મેં તેમને કોઇ અનુચિત જવાબ આપ્યો નથી, એટલે ભલે મૃત્યુ પણ આવે તો પણ મારે ડરવાની શી જરૂર છે ?

ગંગકુમારે સુદાસને કહ્યું કે, તમારાં સદ્‌ભાગ્ય છે કે, પિતાજી તમારી કન્યાને ચાહે છે અને તમારા જમાઇ બને છે. અને એ

સંબંધની દૃષ્ટિએ તમે પણ મારા માતૃપિતા (અદા) બનો છો. છતાં તમે આ સંબંધના વિષે મારા પિતાને ના કેમ પાડી? સુદાસે ઉત્તર આપ્યો કે, એ સંબંધમાં તમે જ બાધક કારણ છો! જો તમે એવી પ્રતિજ્ઞા કરો કે સત્યવતીનો પુત્ર જ રાજ્યાધિકારી બનશે તો રાજાની સાથે મારી કન્યાનો વિવાહ કરાવી આપવામાં મને કોઇ પ્રકારની આપત્તિ નથી.

સુદાસનું કથન સાંભળી ગંગકુમાર વિચારવા લાગ્યા કે, વાસ્તવમાં આજે યજ્ઞનો સમય છે. લોકો યજ્ઞનો અર્થ કેવળ અગ્નિમાં ઘી હોમવું એટલો જ કરે છે પણ વાસ્તવમાં યજ્ઞ એટલે શું! એને માટે કહેવામાં આવ્યું છે કે:—

श्रोत्रादीनीन्द्रियान्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ॥
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥

આજે શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયને હું પિતાના હિત માટે યજ્ઞમાં સમર્પણ કરું છું. "હે! કાન! તેં ઘણીવાર સાંભળ્યું છે કે, ગંગકુમાર યુવરાજ છે પણ હવે એ કથનને પિતાના હિતની આગમાં સમર્પણ કરવું પડશે અને સત્યવતીનો પુત્ર યુવરાજ છે એ કથન સાંભળવામાં જ આનંદ માનવો પડશે. હે! આંખો! આ રાજસી પોશાક જોઇ આનંદ માનતી હતી પણ હવે એ ઇચ્છાને યજ્ઞમાં હોમી ભાઇને રાજા તરીકે જોવામાં આનંદ માનવો પડશે. હે! જીભ! તું પણ તારા વિષયો તરફ નિર્મમત્વ કેળવી લે કારણ કે તારાં વિષયોને પણ હું પિતાના હિતના હોમમાં હોમી દઇશ. હે! મસ્તક! તું ઘણા દિવસો સુધી ઉન્નત અને અણનમ રહેલ છે પણ હવે સત્યવતીના

પુત્રી આગળ તારે નમવું પડશે અને તેને રાજા તરીકે માન આપવું પડશે !

અગ્નિમાં ઘીનો હોમ કરી યજ્ઞ કરનારા તો ઘણાય મળી આવશે પણ આવા યજ્ઞ કરનાર બહુ ઓછા મળશે.

ગંગકુમાર કહે છે કે, "હે ! શરીર ! તું રાજા બનવા ચાહતું હતું પણ હવે બાપને રાજા બનાવી પોતાને હાથે તેમના ઉપર છત્ર ધરવું પડશે. આ પ્રમાણે પિતાના હિત માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો પડશે."

પુત્રોને માટે આ એક આદર્શ છે. દેશ, ધર્મ અને માતાપિતાને માટે આવો ત્યાગ કરનારની વાત કોણ નહિ માને ! આ જ પ્રમાણે પિતાનું શું કર્તવ્ય છે તે શાન્તનુ રાજાના વિચારો ઉપરથી જુઓ. શાન્તનુ રાજા ધારત તો સુદાસને તારી કન્યાને જે પુત્ર થશે તે જ રાજ્યાધિકારી બનશે એમ કહી સત્યવતીની સાથે વિવાહ કરી શકતા હતા પણ તેમણે વિચાર્યું કે મારી ઇચ્છાની પૂર્તિ માટે હું તેના અધિકાર ઉપર તરાપ કેમ મારી શકું ! આ પ્રમાણે વિચાર કરી તેમણે પોતાની ઇચ્છાને દબાવી દેવાનું પસંદ કર્યું, પણ પુત્રના અધિકારને ઝૂંટવી લેવાનો વિચાર સરખો પણ ન કર્યો. આ જ પ્રમાણે જ્યાં પિતા-પુત્ર એક બીજાના હિતનો વિચાર કરે છે ત્યાં કોઈ દિવસ વૈમનસ્ય ઉભું થવા પામતું નથી. તે જ પ્રમાણે વૃદ્ધ અને તરુણ બન્ને હળીમળીને ચાલે તો તેમાં ઉત્થાન અને આનંદ છે.

ગંગકુમારે સુદાસને કહ્યું કે, "મેં પિતાના હિતના યજ્ઞમાં સ્વાર્થનો હોમ કરી દીધો છે માટે સુદાસ ! હું તમારી સામે પ્રતિજ્ઞા કરું છું કે, હું રાજ્ય લઈશ નહિ પણ તમારી પુત્રીને જે પુત્ર થશે તે જ રાજ્યનો અધિકારી થશે !" ગંગકુમારની આ ભીષ્મપ્રતિજ્ઞા

સાંભળી સુદાસ કહેવા લાગ્યો કે, "વાસ્તવમાં આપ વીરપુરુષ છો! આપના જેવી ભીષ્મપ્રતિજ્ઞા કોઇ બીજો કરી શકે નહિ! પણ હું ભૂલ્યો! આપનો પુત્ર પણ આપના જેવો જ પરાક્રમી થશે. આપ તો રાજ્ય કરશો નહિ પણ આપનો પુત્ર મારી પુત્રીના પુત્રને રાજ્ય ઉપર બેસવા ક્યાંથી દેશે? તે તો એમ કહેશે કે, રાજ્ય તો મારા પિતાના અધિકારમાં છે એટલા માટે રાજ્યનો સ્વામી હું છું. મારા પિતાએ રાજ્ય ન કર્યું તેથી શું થયું? પણ રાજ્યના ઉત્તરાધિકારી તરીકે હું મારો અધિકાર શા માટે છોડી દઉં? આ પ્રમાણે આપનો પુત્ર મારી પુત્રીના પુત્રને રાજ્યગાદીએ બેસવા ન દે એટલા માટે હું મારી કન્યાને આપના પિતાને આપી કેમ શકું?"

જે લોકો પોતાની કન્યાનો વિક્રય કરી દે છે તેમણે સુદાસના કથન ઉપર વિચાર કરવો જોઇએ કે, એક સાધારણ માણસ પણ પોતાની પુત્રીના અધિકારની રક્ષા માટે આટલા ઉન્નત વિચારો રાખે છે, તો પછી તમારે તમારી પુત્રીના અધિકાર વિષે કેટલા ઉન્નત વિચારો રાખવા જોઇએ!

સુદાસનું આ કથન સાંભળી ગંગકુમારે કહ્યું કે, "તું ઠીક કહે છે. તને મારા ભાવિ સંતાનનો ભય રહે છે પણ જો હું વિવાહ જ ન કરું તો સંતાન ક્યાંથી થશે! એટલા માટે હું દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે, હું જીવનપર્યંત વિવાહ જ કરીશ નહિ. આજીવન બ્રહ્મચારી રહીશ."

ગંગકુમારે તો વિવાહ કરવાનો પણ ત્યાગ કર્યો પણ આજે એથી વિપરીત વિવાહ કરીને પણ નૈમિત્તિક લગ્નસંબંધ જોડવામાં આવે છે; પણ યુરોપમાં તો એમ કહેવામાં આવે છે કે, "વિવાહ કરી બંધનમાં શા માટે પડવું જોઇએ! વિવાહ કરવો એ તો સ્વેચ્છાએ બંધનોમાં પડવા જેવું છે!" આ પ્રમાણે કહી ત્યાં

વિવાહ કરતા નથી તેમ બ્રહ્મચર્ય પણ પાળતા નથી, પણ એથી ઊલટું દુરાચાર સેવવામાં આવે છે. આ પતનનો માર્ગ છે; પણ તમારી સામે તો ભીષ્મનો ઉચ્ચ આદર્શ છે તો એ બ્રહ્મચર્યના આદર્શને અનુસરવામાં જ કલ્યાણ રહેલું છે.

ગંગકુમારની ભીષ્મપ્રતિજ્ઞા સાંભળી સુદાસ અને સત્યવતી વગેરે મુગ્ધ થઈ ગયાં. ગંગકુમારે આવી ભીષ્મપ્રતિજ્ઞા કરી હતી એટલા જ માટે તેમનું નામ ભીષ્મ પડ્યું. અન્તે ભીષ્મ સત્યવતીને પોતાના પિતાની પાસે લઇ ગયા સત્યવતીનો શાન્તનુ રાજાની સાથે વિવાહ થયો. ભીષ્મે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું તેમણે વિવાહ કર્યો ન હતો છતાં પણ તેમના બ્રહ્મચર્યને કારણે તેઓ જગતના પિતામહ કહેવાયા.

તમે પણ બ્રહ્મચર્યના આદર્શને અનુસરો અને વૃદ્ધ તથા યુવક બધા એક બીજાની સાથે હળીમળીને રહો તો તેમાં સ્વપરનું કલ્યાણ છે.



વ્યાખ્યાન : સંતતિનિયમન *



'સમુદ્રવિજય' સુત શ્રી નેમીશ્વર, જાદવ કૂલકો ટીકો, ।
રતનકૂખ ધારણી 'સિવાદેવી,' તેહનો નન્દન નીકો; ।
શ્રી જિન મોહનગારો છે, જીવનપ્રાણ હમારો છે. ॥ ૧ ॥

શ્રી અરિષ્ટનેમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આજે મને જે વિષય ઉપર બોલવાનું કહેવામાં આવ્યું છે તે વિષય ભગવાન અરિષ્ટનેમિની પ્રાર્થનામાં જ જોઇ રહ્યો છું.

મહાપુરુષોએ સંસારની દશા સુધારવા માટે જે આચરણ કર્યું છે અને જે માર્ગે તેઓ ગયા છે તે માર્ગે આવવા માટે તેઓ આખી દુનિયાને આહ્વાહન કરી ગયા છે કે, "હે! જગજ્જીવો! કાળની વિચિત્રતા અને વિપરીતતાને કારણે તમારી સામે એવી એવી પરિસ્થિતિ ઉપસ્થિત થશે કે, તે સ્થિતિમાં શું કરવું તેની તમને સૂઝ પડશે નહિ પણ તમે લોકો અમારા આચરણને દૃષ્ટિમાં રાખી, જે માર્ગે અમે ચાલ્યા છીએ, તે માર્ગે તમે ચાલશો; તે માર્ગને છોડી ઊલટા માર્ગે જશો નહિ, તો તમારું કલ્યાણ જ થશે;

* રાજકોટ દશા શ્રીમાળી વણીક ભોજનશાળામાં સં૦ ૧૯૯૨ના આસો વદી ૧૦ ને રવીવારના રોજ પૂજ્યશ્રીએ આપેલું જાહેર વ્યાખ્યાન

આચરણ વડે યાદ. આ પ્રમાણે મહાપુરુષો પોતાના આચરણનો આદર્શ જગતના હિત માટે વારસામાં મૂકી ગયા છે.

આ મહાપુરુષોમાં ભગવાન અરિષ્ટનેમિનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. તેઓ સંસારની સમક્ષ બ્રહ્મચર્યનો ઉચ્ચ આદર્શ ઉપસ્થિત કરી ગયા છે. આજે જો તેમની માફક બ્રહ્મચર્યને પાળી ન શકાય તો પણ તેમના બ્રહ્મચર્યના આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખી જીવનવ્યવહાર ચલાવવામાં આવે તો પણ કલ્યાણ થઈ શકે છે.

ભગવાન અરિષ્ટનેમિએ બાલ્યાવસ્થામાં વિવાહ કરવાનો ત્યાગ કર્યો હતો. જો કે તેઓ બ્રહ્મચારી જ રહેવાના હતા અને તેમની પહેલાંના એકવીસ તીર્થંકરો પણ તેમને માટે એ જ કહી ગયા હતા કે, ભગવાન અરિષ્ટનેમિ બાલબ્રહ્મચારી રહેશે છતાં પણ ભગવાન અરિષ્ટનેમિએ "હું બાલબ્રહ્મચારી રહીશ કે બ્રહ્મચર્યનું પાલન કરીશ" એમ ઘોષિત કર્યું ન હતું. આનું કારણ મારી બુદ્ધિમાં એ જણાય છે કે, તે વખતે સંસારમાં હિંસાનું મહાન પાપ થઈ રહ્યું હતું. તે વખતે અહિંસા પ્રવર્તતી જ ન હતી કે બ્રહ્મચર્યને ખરાબ માનવામાં જ આવતું ન હતું એમ કહી શકાય નહિ પણ ઇન્દ્રિયલોલુપતાને કારણે તે વખતે હિંસાનું તાંડવ નૃત્ય થઈ રહ્યું હતું. રસેન્દ્રિયના લોલુપી લોકો પોતાની રસલોલુપતાને પોષણ આપવા માટે ઘોર હિંસા કરતા હતા. મારી સમજમાં, આ ઘોર હિંસાને દૂર કરવા માટે જ ભગવાને 'હું બાલબ્રહ્મચારી રહીશ' એમ ઘોષિત કર્યું ન હતું.

સંતતિનિયમન

ભગવાન અરિષ્ટનેમિના સમયમાં રસેન્દ્રિયની લોલુપતા વધવા પામી હતી એવો જ ઉલ્લેખ મળે છે પણ આજકાલ તો જનનેન્દ્રિયની લોલુપતા વધી રહી છે અને તે કારણે સંતાનોત્પત્તિની વૃદ્ધિ થતી

જોઈએ એવી માન્યતા પ્રચલિત થઈ છે કે, આ પૃથ્વીના ભાર ઉપર સંતાનોની વૃદ્ધિ થવી એક ભારરૂપ છે; આ ભારથી ભારને બચાવવા માટે એવો ઉપાય શોધી કાઢવામાં આવ્યો છે કે, સંતાનના ઉત્પત્તિસ્થાનને જ નાબૂદ કરી નાંખવામાં આવે તો પછી સંતાનોત્પત્તિ થશે કેવી રીતે ?

આ ઉપાયને સંતતિનિયમન કે સંતતિનિરોધ કહેવામાં આવે છે. આ જ વિષય ઉપર મને થોડું કહેવાને માટે કહેવામાં આવ્યું છે. આ વિષય ઉપર મારો વધારે અભ્યાસ કે મારું અધ્યયન નથી પણ સમાચાર પત્રો અને કેટલાંક પુસ્તકોદ્વારા જાણી શકાયું છે કે, કેટલાક લોકોનું એવું કથન છે કે, વધતી જતી સંતતિનો અટકાવ કરવા માટે શસ્ત્ર કે ઔષધદ્વારા સ્ત્રીઓની જનનશક્તિનો નાશ કરી નાંખવામાં આવે, તેમના ગર્ભાશયનું ઑપરેશન કરી નાંખવામાં આવે, કે તેમના ગર્ભાશયને શક્તિહીન બનાવી નાંખવામાં આવે કે જેથી સંતતિ પેદા થઈ શકે જ નહિ ! આ પ્રમાણે સંતતિનો નિરોધ કરવાની આવશ્યકતા તેઓ એટલા માટે જણાવે છે કે :—

"અત્યારે દુનિયામાં બેકારી વધી રહી છે અને બેકારીના ભારથી દુનિયા દબાઈ રહી છે. આવી અવદશામાં વિશેષ ખર્ચ વધારવું ઉચિત કેમ કહી શકાય ? અને સંતતિ વધવાથી ખર્ચ પણ વધે છે. સંતાનો પેદા થાય છે ત્યારે પણ ખર્ચ થાય છે અને તેના ખાનપાન, તથા શિક્ષાદિ માટે પણ ખર્ચ કરવું જ પડે છે. જ્યારે પોતાનું કે પોતાની સ્ત્રીનું પેટ ભરવું પણ મુશ્કેલ થઈ રહ્યું છે તો પછી સંતતિને પેદા કરી ખર્ચમાં વધારો કરવો એ તો આર્થિક સંકટને વધારવા જેવું છે. આર્થિક સંકટને કારણે દુઃખ પણ વધી જાય છે એટલા માટે સ્ત્રીઓની જનનશક્તિને નષ્ટ કરી સંતાનોત્પત્તિને રોકવામાં આવે તો કોઈ પ્રકારનું દુઃખ જ રહેવા પામે નહિ !"

આ આજના સુધારકોની કે સંતતિનિયમનના કૃત્રિમ ઉપાયોના પ્રચારકોની દલીલો છે. આ દલીલો ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો આ દલીલો કેવળ પોકળ નથી. દુનિયામાં બેકારી અને ગરીબી વધી રહી છે અને તેને કારણે દુઃખ પણ વધવા પામ્યું છે એટલા માટે સંતતિનિયમનની આવશ્યકતા પણ છે. આ બધું તો ઠીક છે, પણ ગરીબી કે બેકારીના દુઃખથી બચવા માટે સંતતિનિયમનનો જે ઉપાય બતાવવામાં આવે છે તે ઉપાય દરેક દૃષ્ટિએ ખૂબ જ હાનિપ્રદ, નિંદનીય અને ખરાબ છે. આ સંબંધમાં મારી સમજમાં જે કાંઇ આવે છે તે હું પ્રગટ કરું છું, પણ મારા કથનને કોઇ માને કે ન માને એ તો પોતાની ઇચ્છા ઉપર આધાર રાખે છે. આજના લોકો કહે છે કે, આ યુગ વિચારસ્વાતંત્ર્યનો છે એટલા માટે બધાને પોતપોતાના વિચારો પ્રગટ કરવાનો અધિકાર છે. આ કથનાનુસાર મને પણ વ્યક્તિગત વિચાર પ્રકટ કરવાનો અધિકાર છે એટલા માટે આ સંબંધમાં મારા મનમાં જે કાંઇ આવ્યું છે તે હું પ્રકટ કરું છું.

કલ્પના કરો કે, એક બહુ જ સુંદર બાગ છે. એ બાગમાં અનેક પ્રકારનાં વૃક્ષો છે, તેમાં એક વૃક્ષ બહુ જ સુંદર છે. ભારતીયતાની દૃષ્ટિએ એ સુંદર વૃક્ષને આંબાનું ઝાડ કહી શકાય કારણ કે આંબાનું ઝાડ એ ભારતનું જ વૃક્ષ છે એમ સાંભળવામાં આવે છે.

કાલપરિવર્તનને કારણે કે જમીન નીરસ થઇ જવાને કારણે તે આંબાના ઝાડમાં ફળ તો ઘણાં આવે છે પણ જ્યાં સુંદર, સ્વાદિષ્ટ અને ખાનારને લાભ પહોંચાડે એવાં મીઠાં ફળ થતાં હતાં, તેના સ્થાને હવે એ જ આંબામાં નીરસ અને હાનિપ્રદ ફળો આવવાં લાગ્યાં છે.

હવે કેટલાક, પોતાને જનસમાજના હિતૈષી માનનારા મિત્રો ભેગા મળી વિચાર કરવા લાગ્યા કે, આ આંબાના ઝાડની કેરીઓથી

જનતામાં જે રોગ ફેલાય છે તે રોગથી જનતાને કોઈરીતે બચાવવી જોઈએ! તે મિત્રોમાંથી એક મિત્રે કહ્યું કે, "આમાં આંબાના ઝાડનો શો અપરાધ છે! ઝાડ શું કરી શકે! તેના ફળદ્વારા જનતાની જે હાનિ થઈ રહી છે તે હાનિથી જનતાને બચાવવાનો ભાર બુદ્ધિમાન લોકો ઉપર છે; એટલા માટે બુદ્ધિમાનોએ એવો કોઈ ઉપાય શોધવો જોઈએ કે, જેથી આ સુંદર આંબાનું ઝાડ પણ નષ્ટ ન થાય અને તેનાં ફળદ્વારા જનતાની જે હાનિ થઈ રહી છે તે હાનિ પણ ન થાય!"

બીજા મિત્રે કહ્યું કે, "હું એક એવી રસાયણિક દવા જાણું છું કે, જે દવા આ વૃક્ષના મૂળમાં રેડવાથી વૃક્ષમાં ફળ જ આવવાં બંધ થઇ જશે અને એ રીતે બધો ઝગડો પણ મટી જશે. તે દવાના પ્રયોગથી તે વૃક્ષમાં ફળ જ આવશે નહિ એટલે લોકો તે ફળ ખાવા પામશે નહિ અને તેથી લોકોની હાનિ પણ થશે નહિ!"

ત્રીજા મિત્રે કહ્યું કે, "વૃક્ષમાં ફળ જ આવવા ન દેવાં એ સ્વાભાવિકતાનો જ નાશ કરવા બરાબર છે. આમ કરવાથી તો આંબાના ઝાડનું નામ પણ રહેવા પામશે નહિ! એટલા માટે એ ઉપાય ઠીક જણાતો નથી."

ચોથા મિત્રે કહ્યું કે, "હું એક એવો ઉપાય બતાવું છું કે, જે ઉપાયદ્વારા વૃક્ષમાં વધારે ફળ નહિ આવે પણ જેટલાં ફળોની આવશ્યક્તા હશે તેટલાં જ ફળો આવશે બાકીનાં ફળો નાશ પામશે."

પાંચમા મિત્રે કહ્યું કે, "એથી શું લાભ થશે? જે ફળો વૃક્ષ ઉપર આવશે તે તો હાનિ કરનારાં જ આવશે ને? તે પણ નિઃસત્ત્વ અને ખરાબ જ હશે ને? તો પછી એ ઉપાયથી દુનિયાને શું લાભ થશે! હું એક એવો ઉપાય જાણું છું કે, જે ઉપાયદ્વારા આ વૃક્ષ

પણ સુંદર અને સુદૃઢ બનશે, તેનાં ફળ પણ સુંદર અને સ્વાસ્થ્યકારી આવશે અને જેટલાં ફળોની આવશ્યકતા હશે તેટલાં જ ફળો આવશે. વધારે નહિ આવે ! એ ફળો એવાં મિષ્ટ અને સ્વાસ્થ્યકારી થશે કે જેથી કોઇને હાનિ થવાનો સંભવ નથી; તેથી બધાને લાભ જ થશે."

ચોથા મિત્રે પૂછ્યું કે, "એ વાત તદ્દન અસંભવિત છે. એવો ઉપાય સહજ નીકળી શકે નહિ. એ ઉપાયદ્વારા વૃક્ષ પણ સુધરી શકે નહિ અને બધાને લાભ પહોંચાડે એવાં ફળો પણ જોઇએ તેટલાં પ્રમાણમાં આવી શકે નહિ !"

પાંચમા મિત્રે જવાબ આપ્યો કે, "ભાઇ ! તારી વાત તો બની શકે અને મારી વાત બની ન શકે એમ કેમ ? મારી વાતના તો અનેક એવાં પ્રમાણો પણ છે કે, જે મારી વાતને પુષ્ટ કરે છે. મારી વાત તો પ્રાચીનકાળથી પણ સિદ્ધ છે, શાસ્ત્રથી પણ સિદ્ધ છે અને વર્તમાનના વ્યવહારથી પણ સિદ્ધ છે. તો પછી આ પ્રત્યક્ષ વાતને અસંભવનીય કહીને ન માનવી એ ક્યાંસુધી ઠીક છે ?"

પાંચમા મિત્રે પોતાની વાતની પુષ્ટિમાં કેટલાંક એવાં પ્રમાણો આપ્યાં કે જેથી તે વાતને બધાએ માન્ય રાખી અને બધાને તેનો ઉપાય પસંદ પડ્યો. આ દૃષ્ટાન્ત છે. આ દૃષ્ટાન્તને સંતતિનિયમન ઉપર નીચે પ્રમાણે ઘટાવી શકાય :—

આ સંસાર એક બાગની સમાન છે. સંસારી જીવો એ બાગનાં વૃક્ષો છે. આ જીવવૃક્ષોમાં મનુષ્યવૃક્ષ સૌથી ઉત્કૃષ્ટ છે. આ મનુષ્યરૂપી વૃક્ષમાં કોઇ કારણે અતિ સંતતિરૂપી ફળો બહુ આવે છે અને એ ફળો નિઃસત્ત્વ અને હાનિ કરનારાં હોવાથી ભારરૂપ જણાય છે. આ પ્રમાણે અતિસંતતિને કારણે મનુષ્યના બળવીર્યનો

હ્રાસ થઇ રહ્યો છે, ખર્ચનો ભાર વધી રહ્યો છે અને બેકારી વધી જવાને કારણે સંતાનો પણ દુઃખ પામી રહ્યાં છે.

આજના સુધારકો કે જેઓ પોતાને દુનિયાના અને મનુષ્ય-સમાજના હિતૈષી માને છે, તેઓ આ વાત સમજ્યા અને એ વાતનો નિકાલ લાવવા માટે ઉપાય વિચારવા લાગ્યા.

એક કહે છે કે, "અમે વિજ્ઞાનદ્વારા એવો ઉપાય શોધ્યો છે કે, જે ઉપાયદ્વારા મનુષ્યરૂપી વૃક્ષ તો સારું રહે, તેના સુખસૌંદર્યને હાનિ ન પહોંચે અને સાથે સાથે તેમની ઉપર અતિ સંતતિરૂપી બોજો પણ પડે નહિ. એના માટે ગર્ભાશયને જ શસ્ત્ર કે ઔષધના પ્રયોગથી નષ્ટ કે શક્તિહીન કરી દેવામાં આવે કે જેથી સંતતિ જ પેદા થવા ન પામે."

સંતતિનિયમન માટે એક તો ગર્ભાશયને જ શક્તિહીન કરી દેવાનું કહે છે. બીજો કહે છે કે, આમ કરવાથી તો મનુષ્યજાતિનો જ વિનાશ થઇ જશે. એટલા માટે આ ઉપાયને જ કામમાં લાવવો તે ઠીક નથી. આ ઉપાયનો ઉપયોગ તો આવશ્યકતાથી વધારે સંતાનો થતાં હોય ત્યારે જ કરવો જોઇએ.

આજના સુધારકો વધતી જતી સંતતિને રોકવા માટે આને જ એક અંતિમ ઉપાય માને છે. ઘણા લોકોને આ ઉપાય પસંદ પણ પડયો છે અને તેઓ આ ઉપાયનો પ્રચાર પણ કરે છે. એવું પણ સાંભળવામાં આવ્યું છે કે, સરકાર પણ આ ઉપાયના પ્રચારમાં સહાયતા આપી રહી છે.

લોકો એમ વિચારે છે કે, "આ ઉપાયના પ્રયોગથી અમારા વિષયભોગને પણ બાધા પહોંચશે નહિ તથા અમારા ઉપર સંતતિનો

પોતાને પણ પડશે નહિ. અતિ સંતતિને કારણે વધતાં જતાં ખર્ચોથી પણ અમે બચી જઈશું અને અમે મોજશોખ પણ માણી શકશું." આ વિચારથી આજના લોકો સંતતિનિયમનના આ ઉપાયને પસંદ કરતા હોય એમ લાગે છે.

ભગવાન અરિષ્ટનેમિના જમાનામાં જેમ લોકો રસેન્દ્રિયલોલુપ બની રહ્યા હતા તે જ પ્રમાણે આજના લોકો જનનેન્દ્રિય કે સ્પર્શેન્દ્રિયને વશ થઈ રહ્યા છે. વિષયલોલુપતાને કારણે આજના લોકોમાં પોતાની સંતતિ પ્રતિ પણ દ્રોહભાવના પેદા થવા પામી છે અને તેથી જ તેઓ સંતતિને પોતાના વિષયભોગમાં બાધકરૂપ છે એમ માની રહ્યા છે. તેઓ સંતતિને પોતાના સુખોપભોગમાં વિઘ્નરૂપ માને છે તથા એ વિઘ્નને દૂર કરી, પોતાના વિષયભોગને નિર્વિઘ્ન બનાવવા માટે સંતતિનિયમનના ઉપર બતાવેલા ઉપાયને પસંદ કરે છે. વિષય-ભોગની વાસના વધી જવાને કારણે એમ થવું એ સ્વાભાવિક છે. ગીતામાં કહ્યું છે કે:—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

ઇન્દ્રિયલોલુપતાને કારણે વિનાશ કેવી રીતે સ્વાભાવિક બને છે એને માટે ગીતામાં કહ્યું છે કે:—

વિષયવાસનાની ઇચ્છા કરવાથી સંગ પેદા થાય છે અને સંગથી કામવાસના પેદા થાય છે. જ્યારે કામવાસના પેદા થાય છે ત્યારે ક્રોધ પેદા થાય છે. ક્રોધથી સંમોહ અર્થાત્ અજ્ઞાન પેદા થાય છે, અજ્ઞાનથી સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિનાશથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને બુદ્ધિભ્રષ્ટતાથી પરિણામે વિનાશ થાય છે

આજે જે દૃષ્ટિએ સંતતિનિયમનને માટે ઉપાય કામમાં લેવામાં આવે છે અથવા એ ઉપાયને સારો માનવામાં આવે છે એનું ભાવિ પરિણામ જોતાં એમ જ કહી શકાય કે, એ નાશનો માર્ગ છે.

લોકો એમ વિચારે છે કે, વિષયભોગ છોડી શકાતો નથી. આ વિચારને કારણે વિષયલાલસાથી સ્ત્રીનો સંગ કરવામાં આવે છે. સ્ત્રીનો સંગ કરી વધારેમાં વધારે વિષયભોગ સેવવામાં આવે એવી ઇચ્છા લોકો કરે છે અને આ ઇચ્છાની પૂર્તિ માટે મદનવર્ધક ગોળી, યાકુતી ગોળી આદિ જીવનભ્રષ્ટ કરનારી કામોત્તેજક ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે. અત્યારે વિષયભોગની લાલસા એટલી બધી વધવા પામી છે કે, જીવનભ્રષ્ટ કરનારી કામોત્તેજક ચીજોનાં વિજ્ઞાપનોનો તો અટકાવ તો કોઇ કરતું નથી અને ઊલટું સંતતિને રોકવા માટે કૃત્રિમ ઉપાયોનો પ્રચાર કરવામાં આવે છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, સ્ત્રીનો સંગ કરવાથી કામવાસના જાગે છે અને તેથી ક્રોધ પેદા થાય છે કારણ કે જેઓ કામભોગમાં બાધા નાખે છે તેની ઉપર ક્રોધ આવે એ સ્વાભાવિક છે. કામભોગને કારણે જ સંતાનો ઉપર પણ ક્રોધ આવે છે અને પોતાના સંતાનોને પણ શેતાનરૂપે માનવામાં આવે છે. એટલું જ નહિ પણ સંતાનો ખર્ચમાં વધારો કરે છે અને કામભોગમાં બાધા નાખે છે માટે સંતાનો જ પેદા ન થાય એવાં ઉપાયો યોજવામાં આવે છે. પણ જે વાતને દૃષ્ટિમાં રાખીને આજે સંતાનો પ્રતિ ક્રોધ કરવામાં આવે છે, તેમના પ્રતિ દ્રોહ કરવામાં આવે છે અને તેમની ઉત્પત્તિનો નાશ કરવામાં આવે છે એ દૃષ્ટિ ઉપર થોડો વિચાર કરવામાં આવે તો જણાશે કે, આ દૃષ્ટિએ તો [illegible] [illegible] કામ કરી શકતા નથી [illegible] આવશ્યક હોવાથી [illegible] [illegible] કરવાની વૃત્તિ પેદા થઈ, અને જે પ્રમાણે સંતાનો પ્રતિ

નિર્દયતાનો વ્યવહાર કરવામાં આવે છે તે પ્રમાણે વૃદ્ધો પ્રતિ પણ નિર્દયતાનો વ્યવહાર કરવાની ભાવના પેદા થશે. આ જ પ્રમાણે સ્ત્રીઓ એમ વિચારશે કે, આ મારા પતિ હવે અશક્ત અને અયોગ્ય થઈ ગયા છે એટલે મારા માટે તે ભારરૂપ અને બાધકરૂપ છે માટે તેનો નાશ શા માટે કરવામાં ન આવે! આ જ પ્રમાણે પુરુષો પણ સ્ત્રીઓને અશક્ત કે અયોગ્ય જાણી તેનો નાશ કરવાની ઇચ્છા કરશે. આ પ્રમાણે શસ્ત્ર કે ઔષધનો જે ઉપાય, ખર્ચના ભારથી બચવા માટે સંતતિનિયમનના કામમાં લાવવામાં આવે છે તે જ ઉપાય સ્ત્રી કે પુરુષોનો નાશ કરવાના કામમાં પણ લાવવામા આવશે. પરિણામે અહિંસાનો પણ નાશ થશે અને જે દુઃખદાયક કાળ હજી દૂર છે તે પણ નજદીક જ આવી જશે.

કહેવાનો આશય એ છે કે, ક્રોધથી સંમોહ પેદા થશે. સંમોહ-અજ્ઞાન પેદા થયા બાદ આ સંતાન છે કે પતિપત્નિ છે કે માતાપિતા છે એનો વિવેક રહેતો નથી. પછી તો ખર્ચથી કેમ બચી શકાય અને પોતાના વિષયભોગનો માર્ગ કેમ નિર્વિઘ્ન બને! બસ એ એક જ દૃષ્ટિ રહે છે. આ પ્રમાણે સંમોહથી સ્મૃતિ નષ્ટ થશે, બુદ્ધિ ભ્રષ્ટ થશે અને પરિણામે વિનાશ જ થશે. વિષયભોગની લાલસાને કારણે આ પ્રમાણે અનર્થપરંપરા ઊભી થાય છે.

સંતતિનિયમનને માટે શસ્ત્રના પ્રયોગનો ઉપાય વિચારવામાં આવે છે પણ આ ઉપાયના વિષે સ્ત્રીઓ એમ પણ વિચારી શકે છે કે, સંતાનોના કારણે જ મારા ગર્ભાશયનું ઑપરેશન કરવામાં આવે છે એટલા માટે એ શસ્ત્રક્રિયાથી બચવા માટે હું સંતાન પેદા થયા બાદ જ તેનો નાશ કરું તો? જ્યારે શસ્ત્રપ્રયોગથી સંતતિની ઉત્પત્તિ રોકી શકાય છે અને એ પ્રમાણે સંતાનો પ્રતિ હૃદયમાં રહેલી દયાનો નાશ કરવામાં આવે છે ત્યારે કોઇ દિવસ

એમ પણ બની શકે કે એ સંતાનો લૂલાં-લંગડાં છે કે અવિનીત છે તો એનો પણ નાશ કરતાં લોકો અચકાશે નહિ! આ પ્રમાણે સંતતિનિયમનને માટે કરવામાં આવતાં કૃત્રિમ ઉપાયોને કારણે ઘોર અનર્થ ફેલાવા પામશે અને સંસારમાંથી દયાભાવનો હ્રાસ થવા પામશે.

કદાચ કોઇ કહે કે, કોઇ પેદા થએલ સંતાનને મારી નાંખવાં એ તો પાપ છે અને અમે તો સંતતિનિયમનને માટે કેવળ ગર્ભાશયનું ઑપરેશન કરવાનું જ કહીએ છીએ જે પાપરૂપ નથી!

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે, માનો કે કોઇ એક માણસ એક નૌકામાં કે જેમાં અનેક માણસો બેઠેલાં છે તેમાં કાણું પાડી રહ્યો છે. તે નૌકામાં બેઠેલાં માણસોને તો મારતો નથી કેવળ નૌકામાં કાણું પાડે છે. આ ઉપરથી નૌકામાં કાણું પાડનાર માણસ નૌકામાં બેઠેલાં માણસોને મારતો નથી એમ કહી શકાય નહિ. જો એમ કહી શકાય તો પછી ઉત્પત્તિસ્થાનને નષ્ટ કરી પોતાના વિષય-ભોગ ચાલુ રાખવામાં હત્યા કરવામાં આવે છે એમ કેમ કહી શકાય નહિ? આ સિવાય જ્યારે મનુષ્યની પરોક્ષ હિંસાથી ઘૃણા થશે નહિ પણ જાણી જોઇને જ તેમની હિંસા કરવામાં આવશે તો પછી પ્રત્યક્ષ હિંસાથી પણ ઘૃણા થશે નહિ અને તે પણ કરવામાં આવશે.

હવે કોઈ એમ કહે કે, તો પછી વધતી જતી સંતતિનો અટકાવ કેવી રીતે કરવો જોઇએ! જો સંતતિનું નિયમન કરવામાં ન આવે તો શું કૂતરાંનાં ગલુડીયાંની માફક સંતતિનો વધારો કરતાં જ જવું શું? આ પ્રશ્નના ઉત્તરમાં સૌથી પહેલાં અમે એ જ કહીએ છીએ કે, વિષયવાસનાને સદાને માટે જ શા માટે શાન્ત કરી દેવામાં ન આવે! કામવાસનાને વધારવામાં જ શા માટે આવે અને શા

માટે ખોસીને કરવામાં આવે? આ પ્રશ્નનો ઉકેલ કરવા માટે ભીષ્મપિતામહ અને ભગવાન અરિષ્ટનેમિના આદર્શોને દૃષ્ટિ સમક્ષ રાખી બ્રહ્મચર્યનું પાલન જ શામાટે કરવામાં ન આવે! જો બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે તો આ પ્રશ્ન જ કેમ ઉપસ્થિત થાય!

ભીષ્મને કોઇએ કહ્યું કે, તમે વિવાહ ન કરી દુનિયાને ઘણી હાનિ પહોંચાડી છે. જો તમે વિવાહ કર્યો હોત તો તમારાં સંતાનો પણ તમારાં જેવાં બળવાન થાત અને એવાં બળવાન સંતાનોથી દુનિયાનો પણ ઘણો ઉપકાર થાત!

આના ઉત્તરમાં ભીષ્મે કહ્યું કે, બુદ્ધિ ભ્રષ્ટ થવાને કારણે જ આવા પ્રશ્નો પેદા થાય છે. પહેલાં તો વિવાહ કરવાથી પુત્ર થાત કે નહિ એ કહી શકાય નહિ અને કદાચ થાત તો મારા જેવો વીર થાત કે નહિ એ કોણ કહી શકે!

ભીષ્મના આ કથનના વિષયમાં આજે પણ અનેક એવાં ઉદાહરણો જોવામાં આવે છે કે, પિતાના જેવા પુત્રો બન્યા ન હોય! શિવાજી જ્યારે ગુફામાં હતા તે વખતે તેમનો એક સરદાર તેમની પાસે એક સુંદરીને પકડીને લઇ ગયો હતો. પણ શિવાજીએ ગુફામાંથી બહાર નીકળી સરદારને પૂછ્યું કે, "આ મારી માતાને પકડીને શા માટે લાવ્યા?" આ પ્રમાણે શિવાજી તો પરસ્ત્રીને માતા સમાન માનતો હતો પણ શિવાજીનો પુત્ર શંભાજી એવો થયો કે, તેણે 'સુરા અને સુંદરી'ના ભોગોપભોગમાં જ પોતાનું જીવન સફળ માન્યું હતું. આ પ્રમાણે પિતા અને પુત્ર એક સરખા સ્વભાવના હોતા નથી એવું અનેક જગ્યાએ જોવામાં આવે છે.

ભીષ્મે કહ્યું કે, મારો પુત્ર મારા જ જેવો થાત કે દુષ્ટ થાત એ કોણ કહી શકે! પણ મેં વિવાહ ન કર્યો અને બ્રહ્મચર્યનું પાલન કર્યું તો આજે આખી દુનિયા મારા સંતાનરૂપ બની રહી છે!

ભગવાન નેમિનાથે પણ સંસારની સામે બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો હતો. તેઓ સંતતિનિયમનનાં ઉપાયો પણ જાણતા હતા અને બળવાન પુત્રો પણ ઉત્પન્ન કરી શકતા હતા તેમ છતાં તેઓ બ્રહ્મચર્યને જ સારું સમજતા હતા અને એટલા જ માટે તેમણે વિવાહ ન કર્યો પણ સંસારની સામે બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો. આ જ પ્રમાણે જો તમે પણ વિવાહ ન કરો પણ બ્રહ્મચર્યનું જ પાલન કરો તો શું વાંધો છે! જો તમે બ્રહ્મચર્યનું પાલન કરો તો પછી સંતતિનિયમનનો કોઇ પ્રશ્ન જ પેદા થવા પામતો નથી.

આ ઉપરથી કોઈ એમ કહે છે કે, અમે ભીષ્મ કે ભગવાન અરિષ્ટનેમિની માફક બ્રહ્મચર્યનું પાલન કરી શકીએ નહિ એટલા માટે વધતાં જતાં સંતાનોનો નિરોધ થાય એવો ઉપાય બતાવો? આના માટે મેં પહેલાં આંબાનું જે ઉદાહરણ આપ્યું છે તેને જુઓ. જે પ્રમાણે આંબાનું ઝાડ પણ સારું રહે, તેને ફળો પણ આવશ્યકતાનુસાર આવે અને તે ફળો સુંદર તથા બધાને લાભકારી થાય તેને માટે જે ઉપાય આગળ વિચારવામાં આવ્યો હતો તે જ પ્રમાણે સંતતિ વિષે એવો કોઇ ઉપાય છે કે નહિ! તેનો વિચાર કરો. જો કોઇ એવો ઉપાય છે તો પછી એ ઉપાયને કામમાં ન લેતાં શસ્ત્ર કે ઔષધના પ્રયોગદ્વારા ગર્ભાશયને નષ્ટ શા માટે કરવામાં આવે?

સૌથી સારો ઉપાય તો એ છે કે, તે માટે પૂર્ણ બ્રહ્મચર્યનું જ પાલન કરવામાં આવે પરન્તુ જો એમ બની શકે એમ ન હોય તો જ્યાંસુધી પોતાનામાં પોતાની સ્ત્રી અને પોતાનાં સંતાનોને પાળવાની શક્તિ ન આવે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોવો જોઈએ. અથવા જ્યાંસુધી પતિપત્નિમાં સંતાનોનું પાલન કરવાની શક્તિ નથી ત્યાંસુધી સંતાનોની ઉત્પત્તિ નહિ કરતાં બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. અથવા બે ચાર સંતાનો થયા બાદ સંતોષ માની વિષયસેવનથી નિવૃત્ત થઇ બ્રહ્મચર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ.

આ પ્રમાણે જ અર્થનો આશ્રય લેવાથી સંતતિનિયમનના પ્રશ્નનો ઉકેલ સહેજે થઇ જાય છે. પછી એને માટે હાનિજનક કૃત્રિમ ઉપાયોનો આશ્રય લેવાની જરૂર રહેતી નથી. સંતતિનિયમન માટે બ્રહ્મચર્ય એ અમોઘ ઉપાય છે પણ લોકો એ ઉપાયને ઉપયોગમાં ન લેતાં, અમારો વિષયભોગ તો ચાલુ રહે અને સંતાનોની ઉત્પત્તિ ન થાય એમ ચાહે છે; અને પોતાની ઇચ્છાની પૂર્તિ માટે શસ્ત્ર-પ્રયોગ વગેરે દ્વારા જનનશક્તિનો જ નાશ કરવાનો ઉપાય વિચારે છે; પણ જો આ પ્રમાણે બ્રહ્મચર્યનું પાલન ન કરતાં કૃત્રિમ ઉપાયો દ્વારા સંતતિનું નિયમન કરવામાં આવશે તો તેથી બહુ જ હાનિ થવાનો સંભવ છે. બ્રહ્મચર્યનું પાલન ન કરતાં સંતતિને કૃત્રિમ ઉપાયો દ્વારા રોકવામાં આવશે અને વીર્યનો પાણીની માફક દુરુપયોગ કરવામાં આવશે તો એ અવસ્થામાં પોતાનામાં પણ એવી નિર્બળતા આવી જશે કે પોતે જ સંતાનને બદલે વધારે ભારરૂપ થઇ પડશે અને ત્યારે પોતાનો ભાર ઉપાડવો પણ તેને મુશ્કેલ થઇ પડશે.

વિષયભોગની કામના કાબુમાં રહી શકતી નથી એવી ભાવના જો તે કામેચ્છુક પુરુષમાં પેદા થવા પામશે તો એ દુર્ભાવનાને કારણે પણ અનર્થપરંપરા ઊભી થવા પામશે.

આજકાલ પણ ઘણા લોકોની એવી ભાવના દૃઢ થઇ ગઇ છે કે, વિષયભોગની કામનાને કાબુમાં લાવી શકાતી નથી. પણ આ વિષે પ્રાચીન લોકોનો અનુભવ ઊલટો છે. પોતે બ્રહ્મચર્યને પાળી ન શકે એ વાત જુદી છે અને બ્રહ્મચર્ય પાળી જ શકાતું નથી એમ કહી સંસારમાં વિષયવાસનાનો પ્રચાર કરવો એ વાત પણ જુદી છે. આજે યુરોપ અને અમેરીકામાં એવી અનેક કુમારિકાઓ સાંભળવામાં આવે છે કે, જેઓ નાનપણથી જ બ્રહ્મચર્યનું પાલન કરી રહી છે અને જનસેવા કરી રહી છે. આમ હોવા છતાં પણ જેમની સામે

ભગવાન નેમિનાથે પણ સંસારની સમક્ષ બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો હતો. તેઓ સંતતિનિયમનનાં ઉપાયો પણ જાણતા હતા અને બળવાન પુત્રો પણ ઉત્પન્ન કરી શકતા હતા તેમ છતાં તેઓ બ્રહ્મચર્યને જ સારું સમજતા હતા અને એટલા જ માટે તેમણે વિવાહ ન કર્યો પણ સંસારની સામે બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો. આ જ પ્રમાણે જો તમે પણ વિવાહ ન કરો પણ બ્રહ્મચર્યનું જ પાલન કરો તો શું વાંધો છે! જો તમે બ્રહ્મચર્યનું પાલન કરો તો પછી સંતતિનિયમનનો કોઇ પ્રશ્ન જ પેદા થવા પામતો નથી.

આ ઉપરથી કોઈ એમ કહે છે કે, અમે ભીષ્મ કે ભગવાન અરિષ્ટનેમિની માફક બ્રહ્મચર્યનું પાલન કરી શકીએ નહિ એટલા માટે વધતાં જતાં સંતાનોનો નિરોધ થાય એવો ઉપાય બતાવો? આના માટે મેં પહેલાં આંબાનું જે ઉદાહરણ આપ્યું છે તેને જુઓ. જે પ્રમાણે આંબાનું ઝાડ પણ સારું રહે, તેને ફળો પણ આવશ્યક્તાનુસાર આવે અને તે ફળો સુંદર તથા બધાને લાભકારી થાય તેને માટે જે ઉપાય આગળ વિચારવામાં આવ્યો હતો તે જ પ્રમાણે સંતતિ વિષે એવો કોઇ ઉપાય છે કે નહિ! તેનો વિચાર કરો. જો કોઇ એવો ઉપાય છે તો પછી એ ઉપાયને કામમાં ન લેતાં શસ્ત્ર કે ઔષધના પ્રયોગદ્વારા ગર્ભાશયને નષ્ટ શા માટે કરવામાં આવે?

સૌથી સારો ઉપાય તો એ છે કે, તે માટે પૂર્ણ બ્રહ્મચર્યનું જ પાલન કરવામાં આવે પરન્તુ જો એમ બની શકે એમ ન હોય તો જ્યાંસુધી પોતાનામાં પોતાની સ્ત્રી અને પોતાનાં સંતાનોને પાળવાની શક્તિ ન આવે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોવો જોઈએ. અથવા જ્યાંસુધી પતિપત્નિમાં સંતાનોનું પાલન કરવાની શક્તિ નથી ત્યાંસુધી સંતાનોની ઉત્પત્તિ નહિ કરતાં બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. અથવા બે ચાર સંતાનો થયા બાદ સંતોષ માની વિષયસેવનથી નિવૃત્ત થઇ બ્રહ્મચર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ.

આ પ્રમાણે બ્રહ્મચર્યનો આશ્રય લેવાથી સંતતિનિયમનના પ્રશ્નનો ફેંસલો થઇ જાય છે. પછી એને માટે હાનિજનક કૃત્રિમ ઉપાયોનો આશ્રય લેવાની જરૂર રહેતી નથી. સંતતિનિયમન માટે બ્રહ્મચર્ય એ અમોઘ ઉપાય છે પણ લોકો એ ઉપાયને ઉપયોગમાં ન લેતાં, અમારો વિષયભોગ તો ચાલુ રહે અને સંતાનોની ઉત્પત્તિ ન થાય એમ ચાહે છે; અને પોતાની ઇચ્છાની પૂર્તિ માટે શસ્ત્રપ્રયોગ વગેરે દ્વારા જનનશક્તિનો જ નાશ કરવાનો ઉપાય વિચારે છે; પણ જો આ પ્રમાણે બ્રહ્મચર્યનું પાલન ન કરતાં કૃત્રિમ ઉપાયો દ્વારા સંતતિનું નિયમન કરવામાં આવશે તો તેથી બહુ જ હાનિ થવાનો સંભવ છે. બ્રહ્મચર્યનું પાલન ન કરતાં સંતતિને કૃત્રિમ ઉપાયો દ્વારા રોકવામાં આવશે અને વીર્યનો પાણીની માફક દુરુપયોગ કરવામાં આવશે તો એ અવસ્થામાં પોતાનામાં પણ એવી નિર્બળતા આવી જશે કે પોતે જ સંતાનને બદલે વધારે ભારરૂપ થઇ પડશે અને ત્યારે પોતાનો ભાર ઉપાડવો પણ તેને મુશ્કેલ થઇ પડશે.

વિષયભોગની કામના કાબુમાં રહી શકતી નથી એવી ભાવના જો તે કામેચ્છુક પુરુષમાં પેદા થવા પામશે તો એ કુભાવનાને કારણે પણ અનર્થપરંપરા ઊભી થવા પામશે.

આજકાલ પણ ઘણા લોકોની એવી ભાવના દૃઢ થઇ ગઇ છે કે, વિષયભોગની કામનાને કાબુમાં લાવી શકાતી નથી. પણ આ વિષે પ્રાચીન લોકોનો અનુભવ ઊલટો છે. પોતે બ્રહ્મચર્યને પાળી ન શકે એ વાત જુદી છે અને બ્રહ્મચર્ય પાળી જ શકાતું નથી એમ કહી સંસારમાં વિષયવાસનાનો પ્રચાર કરવો એ વાત પણ જુદી છે. આજે યુરોપ અને અમેરીકામાં એવી અનેક કુમારિકાઓ સાંભળવામાં આવે છે કે, જેઓ નાનપણથી જ બ્રહ્મચર્યનું પાલન કરી રહી છે અને જનસેવા કરી રહી છે. આમ હોવા છતાં પણ જેમના સામે

ભીષ્મ અને ભગવાન નેમિનાથ જેવા બ્રહ્મચારીના ઉચ્ચ આદર્શ છે એ ભારતમાં "વિષયભોગને કાબુમાં રાખી શકાતો નથી" એવી દુર્ભાવનાનું ભૂત ક્યાંથી ઘુસી ગયું તેની કાંઇ ખબર પડતી નથી. "બ્રહ્મચર્યનું પાલન કરવું અતિ મુસ્કેલ છે, સાધુ થયા વિના બ્રહ્મચર્યનું પાલન થઇ જ શકતું નથી અને ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્યનું પાલન કરવું શકય નથી." આ પ્રકારની માન્યતા તદ્દન ભૂલભરેલી છે. જો મનોબળ મજબૂત હોય તો પૂર્ણ કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પણ પાલન થઈ શકે છે અથવા વિવાહ કરીને પણ ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્યનું પાલન થઇ શકે છે. બ્રહ્મચર્યના પાલનથી કશું નુકશાન થતું નથી, લાભ જ થાય છે. કહ્યું પણ છે કે;—

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः—યોગસૂત્ર

અર્થાત્—બ્રહ્મચર્યનું પાલન કરવાથી વીર્યનો લાભ થાય છે; અને વીર્યશક્તિ સુરક્ષિત રહે છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરવાથી પણ વીર્યલાભ થાય છે અને વિવાહ કરીને બ્રહ્મચર્ય પાળવાથી પણ વીર્યલાભ થાય છે. આથી વિરુદ્ધ વિષયભોગને કાબુમાં લાવી જ શકાતો નથી એવી જ ભાવના ભાવવામાં આવે અને એ દુર્ભાવનાને કારણે શસ્ત્ર-પ્રયોગાદિદ્વારા સંતતિનો નિરોધ કરવામાં આવે તો તેથી પોતાની તથા બીજાની ઘણી હાનિ થવાનો સંભવ રહે છે.

કેટલાક લોકો એમ કહે છે કે, બ્રહ્મચર્યનું પાલન કરવાથી શરીરમાં રોગ પેદા થવા પામે છે! પણ બ્રહ્મચર્યનું પાલન કરવાથી કોઇને રોગ પેદા થયો હોય એવું અત્યારસુધી કોઇવાર સાંભળવામાં આવ્યું નથી તેમ તેનું ઉદાહરણ પણ જોવામાં આવ્યું નથી આથી વિપરીત જે લોકો વિષયી હોય છે તેઓને જ રોગ પેદા થએલો નજરે પ્રત્યક્ષ જોવામાં આવે છે. બ્રહ્મચર્યથી રોગ પેદા થતો નથી પણ વીર્યલાભ જ થાય છે.

કહેવાનો આશય એ છે કે, સંતતિનિયમન માટે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. સંતતિનિયમન માટે બ્રહ્મચર્ય જ અમોઘ સાધન છે. આ અમોઘ સાધનને મૂકી કૃત્રિમ ઉપાયોદ્વારા સંતતિનો નિરોધ કરવો અને વિષયભોગની પ્રવૃત્તિ ચાલુ રાખવી એ પ્રાકૃતિક નિયમથી વિરુદ્ધ અને મહાહાનિનું કારણ છે. જો સંતતિનિયમનનું કારણ વિષયભોગનું સેવન નથી; પણ આર્થિક અને શારીરિક નિર્બલતાને કારણે જ સંતતિનિયમન કરવામાં આવે છે તો આ દૃષ્ટિએ પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ જ એક અમોઘ ઉપાય છે.

હવે કોઈ એમ કહે કે, સંતતિનિયમન માટે બ્રહ્મચર્યનો ઉપાય છે તો સારો, પણ અમે વિષયભોગની ઇચ્છાને રોકી શકતા નથી તો પછી અમે બ્રહ્મચર્યના ઉપાયને કામમાં કેવીરીતે લાવી શકીએ?

કોઈ ઉપવાસચિકિત્સકને ત્યાં કોઈ રોગી જાય અને કહે કે, મારો રોગ દૂર થાય એમ હું ચાહું છું પણ ઉપવાસ આદરી શકતો નથી તો ચિકિત્સક તે રોગીને શું કહેશે? એ જ કે, જો તમે ઉપવાસ કરી શકતા નથી તો તમારા રોગની દવા આ દવાખાનામાં નથી. આ જ પ્રમાણે જ્યારે તમે વિષયભોગની ઇચ્છાને રોકી જ શકતા નથી તો એનો બ્રહ્મચર્ય સિવાય બીજો ઉપાય બાકી કયો છે? તમે બ્રહ્મચર્યનું પાલન કરવા પણ ચાહતા નથી અને વિષય-ભોગની પ્રવૃત્તિ ચાલુ રાખીને સંતતિનું નિયમન કરવા ચાહો છો તો એનો અર્થ એ થયો કે, તમે સંતતિનિયમનના સાચા ઉપાયને કામમાં લાવવા ચાહતા નથી પણ તમારી વિષયવાસનાની પૂર્તિ કરવામાં જે સંતાનો બાધકભૂત જણાય છે તેમને જ રોકવા ચાહો છો!

કોઈના મનમાં એવી ભ્રમણા પેદા થઈ ગઈ છે કે, કામભોગની ઇચ્છાને કાબુમાં રાખવી એ અસંભવ છે. પણ જે પ્રમાણે નેપોલીયને 'અસંભવ' શબ્દને કોશમાંથી કાઢી નાંખવાનું કહ્યું હતું તેમ તમે

પણ તમારા હૃદયમાંથી કામભોગને કાબુમાં રાખવો અસંભવ જેવું છે એ વાતને કાઢી નાંખો તો તમને પણ વિષયભોગને કાબુમાં લાવવામાં જરાપણ મુશ્કેલી જણાશે નહિ !

હનુમાનની કથા

મર્યાદિત બ્રહ્મચર્યનું પાલન કરી, પેદા કરવામાં આવેલાં સંતાનો કેવાં બળવાન હોય છે તેને માટે હનુમાનની કથા ઉપર વિચાર કરો. લોકો હનુમાન અમને બળ આપશે એમ માની હનુમાનની પૂજા કરે છે પણ શું હનુમાનને તેલ કે સિંદૂર ચડાવવા માત્રથી જ બળની પ્રાપ્તિ થઇ જશે ? હનુમાનને જે બળ મળ્યું હતું તે બ્રહ્મચર્યના પ્રતાપથી જ મળ્યું હતું. તે શીલના જ પુત્ર હતા. પવનજી મહાસુંદરી સતી અંજનાની સાથે વિવાહ કરી તેને ઘેર લાવ્યા પણ અંજના પ્રતિ તેમના હૃદયમાં થોડો સંદેહ પેદા થઇ જવાને કારણે પવનજીએ અંજનાને છોડી મૂકી અને પોતાના મનને વશમાં રાખ્યું. અંજના પણ સમજી ગઇ કે, પતિને મારા વિષે સંદેહ પેદા થયો છે અને એ જ કારણે મનને વશમાં રાખી મારાથી દૂર રહે છે. અંજનાએ આ વાતને લક્ષ્યમાં રાખી પોતે પણ મનને વશમાં રાખવાનો નિશ્ચય કર્યો.

અંજનાની દાસીએ એકવાર અંજનાને કહ્યું કે, પવનજી તમારા માટે પતિ નથી પણ પાપી છે, કારણ કે પતિ હોય તો કાંઇ પોતાની સ્ત્રીને આમ છોડી મૂકે !

અંજનાએ જવાબ આપ્યો કે, દાસી ! તું મારા પતિની નિંદા કર નહિ. તે સાચા ધર્માત્મા છે. તે રાજપુત્ર છે અને અનેક કન્યાઓ સાથે વિવાહ પણ કરી શકે છે તેમ છતાં કેવળ મારા માટે તેઓ મનને કાબુમાં રાખી રહ્યા છે. મારા પાપને કારણે તેમને

મારા વિષે સંદેહ પેદા થયો છે. જ્યારે મારું પાપ દૂર થઈ જશે ત્યારે મારા પતિનો સંદેહ પણ દૂર થઈ જશે અને ત્યારે મારા પતિ પોતે જ મને ચાહવા લાગશે.

એક દિવસ એવો હતો કે, જ્યારે સ્ત્રીઓ આ પ્રમાણે પતિના પ્રેમને સંપાદન કરવા માટે આત્મસમર્પણ કરતી અને આજે એવો દિવસ છે કે, જ્યારે સ્ત્રીઓને પુનર્વિવાહ કરવા માટે જબરદસ્તી ઉત્તેજિત કરવામાં આવે છે અને તેમના હૃદયમાં કામવાસનાની અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે છે. પુરુષો પોતે કામવાસનાના ગુલામ બની રહ્યા છે અને એ કારણે જ આજે વિધવાવિવાહ કે પુનર્વિવાહનો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે. જો વિધવાઓની માફક પુરુષો પણ સ્ત્રીના મૃત્યુ બાદ બ્રહ્મચર્યનું પાલન કરે અને ત્યાગમય જીવન વ્યતીત કરે તો એ પ્રશ્નનો ઉકેલ સરળ રીતે થઈ જાય; પણ પુરુષો સ્ત્રીના મૃત્યુ બાદ ભલે ઉપરથી રોતા હોય પણ બીજી સ્ત્રી આવશે એ વિચારથી હૃદયથી તો પ્રસન્ન થાય છે.

જે પ્રમાણે સ્ત્રીઓને માટે અંજનાનો આદર્શ છે તે જ પ્રમાણે પુરુષોને માટે પવનકુમારનો આદર્શ છે. પવનકુમાર અને અંજનાએ બન્નેએ આ જ પ્રમાણે બ્રહ્મચર્ય પાળવામાં બાર વર્ષો વ્યતીત કર્યાં. અંજના તો બાર વર્ષ સુધી બ્રહ્મચારિણી તો રહી જ પણ પવને પણ તેટલાં વર્ષો સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેઓ રાજકુમાર હતા. જો તેઓ ચાહત તો બીજો વિવાહ કરી શકતા હતા અથવા આજની માફક દુર્વ્યવહાર કરી શકતા હતા; પણ તેઓ તો એમ વિચારતા હતા કે, જ્યારે હું મારી સ્ત્રીને પતિવ્રતા જોવા ચાહું છું તો પછી હું પોતે દુર્વ્યવહાર કરી જ કેમ શકું ? કારણ કે એવો અનર્થ થઈ શકે નહિ. આજના લોકો સ્ત્રીઓની તો ટીકા કરે છે પણ પોતે કેવા કામો કરે છે તે તરફ ધ્યાન આપતા નથી. પુરુષો

કારણે જ મારાં શુકન લીધાં ન હતાં. દુશ્ચરિત્રાનાં શુકન સારાં ગણાતાં નથી. મારા પતિ એવા મહાપુરુષ અને વીર છે કે તેમણે પિતાને યુદ્ધમાં જવા ન દેતાં પોતે યુદ્ધમાં ગયા. તેઓ એવા વીરપુરુષ છે અને બાર વર્ષથી બ્રહ્મચર્યનું પાલન કરી રહ્યા છે. એટલા માટે જો એવા સચ્ચરિત્ર વીરપુરુષની જીત નહિ થાય તો કોની જીત થશે?"

આ પ્રમાણે અંજના અને તેની દાસી વચ્ચે થએલી વાતચીત પવનકુમારે શાંતચિત્તે સાંભળી અને સાંભળીને તે ગળગળા થઇ પ્રહસ્તને કહેવા લાગ્યા કે, "હે મિત્ર! મેં આ સતીનો બહુ જ અપરાધ કર્યો છે; એટલા માટે તેને કેવીરીતે મળવું!"

પ્રહસ્તે કહ્યું કે 'થોડીવાર રાહ જુઓ!' આ પ્રમાણે કહી પ્રહસ્તે અંજનાના ઘરનું બારણું ખખડાવ્યું. બારણાને કોઇ ખખડાવતું જોઇ તે જોરથી બોલી ઉઠી કે, "એ કોણ દુષ્ટ છે કે, જે કુમારને બહાર ગએલા જોઇ અત્યારે આવ્યો છે? જે કોઇ હોય તે અહીંથી જલદી ચાલ્યા જાઓ નહિ તો તારું મૃત્યુ થઇ જશે."

પ્રહસ્તે જવાબ આપ્યો કે, "બીજું કોઇ નથી. બીજો કોણ અહિં આવવાની હિંમત કરે! એ તો પવનકુમાર છે અને તેમની સાથે હું તેમનો મિત્ર પ્રહસ્ત છું." આ સાંભળી અંજના પ્રસન્ન થઇ પણ નિશ્ચિત ખાત્રી કર્યા વિના ઘરનાં બારણાં ખોલ્યાં નહિ, પણ પાછળથી અકસ્માત બની વાતે ખાત્રી કર્યા બાદ જ તેણીએ ઘરનું બારણું ખોલ્યું.

અંજનાએ અર્ઘ-પૂજન વડે પવનકુમારની આરતી ઉતારી અને પછી 'મેં આપને બહુ કષ્ટ આપ્યું છે' એમ કહેવા લાગી.

પવનકુમારે અંજનાને કષ્ટ આપ્યું હતું કે અંજનાએ પવનકુમારને કષ્ટ આપ્યું હતું? વાસ્તવમાં તો પવનકુમારે જ અંજનાને

કષ્ટ આપ્યું હતું તેમ છતાં અંજનાએ એમ ન કહ્યું કે, તમે મને કષ્ટ આપ્યું છે; પણ એમ કહ્યું કે, "મેં આપને બહુ કષ્ટ આપ્યું છે. અને તમે મારા કારણે જ બાર વર્ષ સુધી બ્રહ્મચર્યનું એકનિષ્ઠાપૂર્વક પાલન કર્યું છે. મારા આ કષ્ટને આપ ક્ષમા આપો. આજે આપનો સંદેહ દૂર થયો છે એ જાણી મને બહુ પ્રસન્નતા થાય છે!"

પવનકુમાર અંજનાને કહેવા લાગ્યા કે, "હે સતી! ક્ષમા કરો. મેં અજ્ઞાનને કારણે આપના જેવી સતી ઉપર પણ ખોટું કલંક ચઢાવ્યું. મારા આ અપરાધને તમે ક્ષમા કરો!"

આખરે બન્નેનો સંસારસંબંધ થયો. બન્નેએ બાર વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું એટલા માટે પવનના વીર્યથી હનુમાનનો જન્મ થયો.

કહેવાનો આશય એ છે કે, બ્રહ્મચર્યપૂર્વક મર્યાદિત જીવન ગાળવાથી સંતાનો પણ બળવાન થાય છે. એટલા માટે સંતતિ-નિયમનને માટે પવનકુમારનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ.

જો તમે ભીષ્મ કે ભગવાન અરિષ્ટનેમિની માફક પૂર્ણ બ્રહ્મચારી રહી ન શકો તો પવનકુમારની માફક બ્રહ્મચર્યપૂર્વક મર્યાદિત જીવન તો ગાળી શકો છો. કામવાસનાને કાબુમાં રાખી શકાતી નથી એ ભાવનાનો ત્યાગ કરો; એ દુર્ભાવનાને કારણે જ વિષયવાસનાને વેગ મળે છે.

કહેવાનો સારાંશ એ છે કે, અત્યારે સંતતિનિયમન કરવાની આવશ્યકતા અવશ્ય છે પરંતુ સંતતિનિયમન માટે આજે જે શસ્ત્રક્રિયા કે ઔષધનો ઉપાય બતાવવામાં આવે છે તે સાચો ઉપાય નથી. તે ઉપાય તો દરેક દૃષ્ટિએ લાભને બદલે હાનિકર્તા જ છે. એટલા માટે એ હાનિકારક ઉપાયોને કામમાં ન લેતાં સંતતિનિયમન માટે બ્રહ્મચર્યના અમોઘ ઉપાયને કામમા લેવો જોઈએ.

વિચારણી એ જેમાં કોઈ જાતનું ગરબડ ન રાખો. જૈનોએ ગાંધીજી ખાદી પહેરવા માટે જે કાર્ય કર્યું છે તેની વિરુદ્ધ જૈનદૃષ્ટિએ આ દલીલ કરવામાં આવે છે. આપણે તો અહીં ગાંધીજીના કથન ઉપર અને આ દલીલ ઉપર તટસ્થ રહીને વિચાર કરવાનો છે.

એમ કહેવામાં આવે છે કે, ખાદીમાં જૂ પડે છે અને ખાદીને ધોવા માટે વધારે પાણી વાપરવું પડે છે, પરંતુ આ રીતે આરંભસમારંભ જોવા લાગશું તો અનેક અનિતિવાળાં કાર્યો થવાં લાગશે. દૃષ્ટાંતરૂપે એક માણસ કહે છે કે, "હું બ્રહ્મચર્ય પાળી શકતો નથી, પરંતુ જો વિવાહ કરું તો આરંભ થાય. વિવાહ કરવાથી સંતતિ પણ થાય અને ધમાલમાં પડવું પડે. એથી આરંભ નહી થાય માટે રૂપીઓ, બે રૂપીઆ આપીને વેશ્યાગમન કરી મારી કામવાસનાને તૃપ્ત કરી લઉં કે જેથી આરંભના પાપમાંથી બચી જાઉં." કોઈ માણસ આ પ્રમાણે કહે તો તમે તેને શું કહેશો? એ જ જવાબ આપશો કે, તેમ કરવું 'તે મહા પાપ છે.' આ પ્રમાણે માત્ર દેખીતા આરંભને પકડી રાખવામાં આવે અને પરોક્ષરૂપે મહા આરંભ વગેરે મોટાં પાપ ન જોવામાં આવે તો નૈતિક જીવન છોડીને અનૈતિક જીવનમાં પડી જવું પડે. સંસારમાં જેટલાં કૃત્યો થાય છે તે દરેકની સાથે પાપ અને પુણ્ય લાગેલાં જ રહે છે. પરંતુ પ્રત્યેક કૃત્યમાં પાપ અને પુણ્યનું વધતા-ઓછાપણું જોવું જોઇએ.

જે કૃત્યથી વધારે પાપ થાય છે તે કૃત્યને પહેલું જ તજવું જોઇએ. જે પ્રમાણે વેશ્યાગમન અને નૈતિક વિવાહના વિષયમાં જોવામાં આવે છે કે, વેશ્યાગમન એ ભયંકર પાપ છે અને નૈતિક વિવાહ કરવો તે ભયંકર પાપ નથી. આ વાત કાપડના સંબંધમાં પણ વિચારો. જો તમે કાપડના વિષયમાં વિચાર કરશો તો વેશ્યા-

ગમનથી દેશને અને ધર્મને જેટલું નુકશાન નથી પહોંચ્યું તેથી અધિક નુકશાન ચરબી લાગેલાં કાપડની વપરાશથી થયું છે. પરંપરાએ જોતાં જેવી રીતે વેશ્યાગમનથી વધારે નુકશાન થાય છે તેવી જ રીતે ચરબી લાગેલાં કાપડથી પણ પરંપરાએ વધારે નુકશાન થાય છે. આ દશામાં જેવી રીતે આરંભના બ્હાના નીચે વિવાહ કરતાં વેશ્યાગમનને અલ્પારંભી માનવામાં આવે છે, તેવી જ રીતે આરંભના બ્હાના નીચે ખાદીના સંબંધમાં વિરુદ્ધ બોલવું તે ઠીક છે કે નહિ તેનો વિચાર કરો.

ચરબી લાગેલાં કપડાને ધોવા માટે ઓછું પાણી વપરાતું હશે પરંતુ તેથી પરંપરાએ કેટલું પાપ થાય છે તે તો જુઓ. ખાદીને ધોવા માટે વધારે પાણી વપરાતું હશે પરંતુ ચરબી લાગેલાં કાપડ કરતાં ખાદીનાં કાપડથી પરંપરાએ થતાં પાપની સરખામણી કરશો તો બન્ને વચ્ચેનો ભેદ સમજાશે.

ભારત તરફ રાગ અને વિલાયત તરફ દ્વેષ શા માટે? એ વિષયમાં કહું છું કે, જૈનધર્મ રાગદ્વેષ કરવાનું કદી પણ કહેતો નથી, પરંતુ તમે સંસારમાં હોવાથી નૈતિક રાગદ્વેષથી બચી શકતા નથી. દૃષ્ટાંતરૂપે તમે તમારા પુત્રને તમારો માનો છો, પરંતુ પાડોશીના પુત્રને તમારો પુત્ર માનતા નથી. દયા તો પાડોશીના પુત્ર ઉપર પણ રાખો છો છતાં તેને તમારો પુત્ર માનતા નથી. એ રીતે ભારત તમારો દેશ છે, તમે આ દેશમાં જ રહો છો અને પોષણ પામો છો તેથી તમોને ભારત તરફ રાગ હોય તો તે સ્વાભાવિક છે.

ભારત તરફ પ્રેમ રાખવો તેનો અર્થ એ નથી કે, ઇંગ્લંડ તરફ દ્વેષ રાખવો. ભારત ઉપર પ્રેમ રાખવા સાથે ઇંગ્લંડ ઉપર પણ દયા રાખવી જોઇએ. આજે તે દેશ પણ ખરાબ થઇ રહ્યો છે. તમે ત્યાંનું કાપડ વાપરો છો તેથી તે દેશ બીજા દેશનું કાંઇ ખૂંચવાનું

[illegible] થાય. આ વાતોને સમજ્યા પછી તમોને જેવું વ્યાજબી લાગે તેવું તમે કરવાના છો; પરંતુ આ વાતોને સમજવાની આવશ્યકતા છે. આ વાતોને સમજીને તમે મહાઆરંભથી બચી શકો છો. શાસ્ત્રમાં શ્રાવકને અલ્પારંભી, અલ્પપરિગ્રહી કહ્યા છે અને ગોશાલકના આજી-વિક પણ ધર્મને શોધ કરે છે એમ કહ્યું છે. શ્રાવકોનું વર્ણન કરતાં એમ કહેવામાં આવ્યું છે કે, શ્રાવકોએ આરંભનો સર્વથા ત્યાગ કર્યો ન હતો પરંતુ તેઓ મહાઆરંભથી મુક્ત રહેતા. જેઓ મહા આરંભથી મુક્ત રહ્યા છે તેઓને અલ્પારંભી હોવા છતાં પણ શાસ્ત્રકારો ધર્મી કહે છે, પાપી કહેતું નથી. માટે ચરબી લાગેલાં કાપડ અને ખાદીના સંબંધમાં એ જુઓ કે, અલ્પારંભ કોનાથી થાય છે અને મહા આરંભ કોનાથી થાય છે? આ વિવેક રાખીને જેમાં મહા આરંભ હોય તે વસ્તુનો ત્યાગ કરો.

ખાદીને ધોવામાં વધારે પાણી વપરાય છે તે કારણથી ખાદીની નિન્દા કરવી અને ચરબી લાગેલાં કાપડને ધોવામાં પાણી ઓછું વપરાય તેથી ખાદી કરતાં તેને સારું માનવું અને તે પાછળના મહા-આરંભનો વિચાર ન કરવો તે વ્યાજબી નથી. ખાદી વાપરવાથી પાણીની વધારે વપરાશથી હિંસા થાય છે પરંતુ ચરબી લાગેલાં કાપડથી તો મનુષ્ય સુધીની પણ હિંસાઓ થાય છે.

હું એમ કહું છું કે, મહાઆરંભ અને અલ્પારંભને સમજીને મહાઆ-રંભથી છૂટો, અલ્પારંભથી પણ છૂટવાની ભાવના રાખો. પરંતુ અલ્પારં-

શથી ન છૂટી શકો તો મહા આરંભનો તો ત્યાગ કરો. જો તમે કદાચ કપડાં ન પહેરતાં હો અને નગ્ન રહેતા હો તો તો ઠીક છે. પરંતુ તેમ નથી કરી શકતા તો મહા આરંભનો તો ત્યાગ કરવો જોઇએ. જે કપડામાં ચરબી લાગેલી હોય તે આરંભની દૃષ્ટિથી ત્યાજ્ય છે. હું એમ નથી કહેતો કે ખાદી પહેરો, એમ કહેવું તે જૈન સાધુની ભાષા નથી. અમારો ઉપદેશ તો નિષેધાત્મક હોય છે. જેમ સાધારણ માણસ એમ કહી શકે છે કે, પાણી ગાળીને પીઓ. પરંતુ અમે તેમ કહી શકતા નથી. અમે તો એમ કહીએ કે ગાળ્યાં વિનાનું પાણી ન પીવું. આ પ્રમાણે ભાષામાં અંતર રહે છે. અમારે સાધુઓને ભાષાનો વિવેક રાખવો જોઇએ. દીકરીનો માટી કહો કે જમાઇ કહો. બન્નેનો અર્થ એક જ છે, પરંતુ એક વિવેકની ભાષા છે જ્યારે બીજી વિવેકવાળી ભાષા નથી. આ પ્રમાણે કહેવામાં અર્થ એક હોવા છતાં ભાષાની દૃષ્ટિએ અંતર પડી જાય છે તેથી હું તો એમ કહું છું કે, ચરબી લાગેલું કાપડ ત્યાજ્ય છે.

ગાંધીજી એક તો એ કહે છે કે "ખાદી પહેરો," અને બીજું એ કહે છે કે "રેંટિયો કાંતો." એમનો કહેવાનો આશય છે કે, જ્યારે હું ખાદી પહેરવાનું કહું છું ત્યારે ખાદી કાંઇ આકાશમાંથી આવશે નહિ. ખાદી ઉત્પન્ન કરવા માટે રચનાત્મક કામ કરવું પડે છે અને ત્યારે જ ખાદી મળી શકે છે. જ્યારે રેંટિયો ચલાવવામાં આવે ત્યારે જ ખાદી બની શકે છે. રેંટિયો કાંતવાથી ખાદી બને છે અને કાપડના કારણે દેશના જે પૈસા પરદેશમાં ઘસડાઇ જાય છે તે પણ બચી શકે છે. આમ કરવાથી ચરબી લાગેલાં કાપડ માટે થતી હિંસાથી પણ બચી જશો અને સાથે સાથે જે પૈસા વિદેશમાં જઇ પાપના કાર્યમાં મદદગાર બને છે તે પૈસા દેશમાં રહેશે અને તેનાથી ગરીબોનું પાલન થશે. રેંટિયા માટે ગાંધીજીનું આ કથન છે. હવે આ કથનને જૈનદૃષ્ટિએ વિચારીએ :—

એમ કહેવામાં આવે છે કે, [illegible] નથી. [illegible] એમ કહેતા પણ નથી કે "હું [illegible]." પરંતુ [illegible] એમ કહી શકાય કે, તમે તો "[illegible] અને તેથી તમારે [illegible] રેંટિયાનો [illegible] કરવો [illegible] કારણ કે, રેંટિયો [illegible] કરીને [illegible] જે આપે છે [illegible] હિંસા થાય છે. આ માટે તમારે તો એવો ઉપદેશ આપવો જોઈએ કે, રેંટિયો ન કાંતવો." એ પ્રમાણે કહી શકાય. પરંતુ એ ઉપદેશ ત્યારે જ આપી શકાય કે, જ્યારે તમે કોઈ કપડાં ન પહેરતાં હો. કપડાં પહેરવાનું તમે છોડી શકતા નથી અને એવી સ્થિતિમાં તમોને રેંટિયો ન કાંતવાનું કહેવું એ તો [illegible] મહા પાપમાં નાંખવાનું થાય. દાખલા તરીકે, કોઈ બાઈને એમ કહેવામાં આવે કે, "તમે ઘંટી ફેરવવી બંધ કરી દો." આ ઉપદેશ હું આપી શકું, પરંતુ તે બાઈને લોટનો ખોરાક બંધ થયો નથી, તેથી ઘંટી ફેરવવી બંધ કરી દેશે તો મશીનથી ચાલતી ઘંટીનો આશ્રય લેશે અને તેમ કરીને અલ્પારંભમાંથી મહાઆરંભમાં પડશે. પરંતુ જો હું એમ ઉપદેશ આપું કે, મીલનો દળેલો લોટ ખાવાનું છોડી દો તો એ બહેન કહેશે કે, હું મીલનો લોટ ખાવાનું છોડી દઉં તો મારે ઘંટી ફેરવવી પડશે. આ પ્રમાણે મીલમાં દળેલો લોટ ખાવાનો ત્યાગ કરવાથી તેને ઘંટી ફેરવવી પડશે તો તે પાપ શું મને લાગશે? જ્યારે મારે મીલમાં દળેલા લોટનો ઉપયોગ છોડી દેવાનો ઉપદેશ આપવો પડે ત્યારે મીલ અને ઘંટી એ બન્નેથી થઇ રહેલાં પાપમાં શું અંતર છે તે બતાવવું પડશે. એમ કહેવું પડશે કે, મીલમાં દળેલા લોટમાં અને ઘંટીથી દળેલા લોટમાં નૈતિક દષ્ટિએ એ જાતનું અંતર રહે છે કે, જેવું અંતર ઘી નીકળેલા દૂધ અને ઘી નીકળ્યા વગરના દૂધ વચ્ચે હોય છે. દેખાવમાં તો બન્ને દૂધ એક સરખા રંગનાં લાગે છે પરંતુ ખરીરીતે બન્નેમાં તફાવત છે. આ

પ્રમાણે જ યંત્રથી ચાલતી ઘંટી અને હાથઘંટીમાં જે આરંભ થાય છે તેમાં પણ મહાન્ અને થોડા આરંભનું અંતર રહે છે. આવી જ રીતે નૈતિક-પારમાર્થિક દૃષ્ટિએ જોઇને મીલમાં દળેલો લોટ ખાવાનું છોડી દો. ચરબી લાગેલું કાપડ, ચરબીથી બનેલું ઘી, વેચાતા લીધેલાં દૂધ અને દહીં વગેરે છોડી દેશો તો તમારા હૃદયમાં અહિંસાનું કોઇ જુદું જ મહત્ત્વ દેખાશે. આ પ્રમાણે જ્યારે મહા આરંભથી બચવાનું હોય છે ત્યારે તે સ્થિતિમાં અલ્પારંભ સિવાય કોઇ માર્ગ રહેતો નથી. અલ્પારંભથી ત્યારે જ બચી શકાય કે, જ્યારે લોટ વગેરે વસ્તુઓ ઉપભોગમાં લેવાનું છોડી દેવામાં આવે. આ જ પ્રમાણે ગાંધીજી પણ કહે છે કે, જો ખાદી પહેરવી હોય તો રેંટિયો કાંત્યા સિવાય બીજો માર્ગ નથી. જો રેંટિયો નહિ કાંતો તો પછી મીલનું શરણું લેવું પડશે અને તેથી એ વિચારવું આવશ્યક છે કે, મીલમાં આરંભ વધારે કે રેંટિયામાં? મીલમાં વધારે આરંભ થાય છે એ વાતનો કોઇ ઇન્કાર કરી શકશે નહિ. રેંટિઓ કાંત્યા સિવાય જેમાં વધારે આરંભ થાય છે તે મીલ બંધ થઇ શકતી નથી અને મીલ બંધ થયા સિવાય મહા આરંભ અટકી શકે નહિ.

ગાંધીજી વણિક છે, વ્યાપારી છે. તેઓ એવી વાત બતાવે છે કે, જેમાં થોડો ખર્ચ થાય અને લાભ વધારે થાય; અને તેથી જ તેઓ તમને મહા આરંભથી ફરવાનું કહે છે. તમે વ્યાપાર કેવો પસંદ કરશો? જેમાં થોડો ખર્ચ થાય અને લાભ વધારે થાય તે પસંદ કરશો કે, જેમાં થોડો લાભ થાય અને ખર્ચ વધારે થાય તે પસંદ કરશો? જો તમે વ્યાપાર છોડી દો તો તે જુદી વાત છે, પરંતુ તમે ગૃહસ્થ છો અને વ્યાપાર છોડી શકતા નથી અને અને પણ તમને ભીખ માંગવાનું કહી શકત. નહીં. જો કોઇ સાધુ આવો ઉપદેશ આપે તો તેને માટે એમ જ કહેવું કે, તે સાધુ અજ્ઞાન છે. આ પ્રમાણે જ્યારે ભીખ માંગીને ખાવું નથી ત્યારે વ્યાપાર સિવાય

બીજો કયો માર્ગ રહેશે? ખેતી, વ્યાપાર વગેરે નૈતિક ઉપાયોથી જીવન નભી શકે છે. તેથી હું એમ નથી કહી શકતો કે, તમે એ બધું છોડીને ભીખ માંગો. પરંતુ એમ કહી શકું કે, પંદર કર્માદાનનો ત્યાગ કરો. આ પ્રમાણે ગાંધીજીના કહેવામાં રેંટિયાના આશ્રયથી મીલથી થતા પાપનો ત્યાગ થાય છે. અલ્પારંભથી આજીવિકા ચલાવી મહાઆરંભથી બચે તેમાં શું ખરાબ થાય છે? જૈન દૃષ્ટિએ એવાં કૃત્યને કેમ ખરાબ કહી શકાય? કોઇ એમ પૂછશે કે, રેંટિયો કોઇએ કાંત્યો હોય તેવું વર્ણન શાસ્ત્રોમાં આવ્યું છે? એને માટે એમ કહેવાનું છે કે તે માટે તમે શાસ્ત્રનાં દાખલાઓ તપાસો તો મળી શકશે.

શંકરભાષ્યમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે તે દૃષ્ટિ સન્મુખ રાખીને જૈન શાસ્ત્રો તરફ નજર કરશો તો જૈનશાસ્ત્રનું મહત્ત્વ જાણી શકશો. શંકરભાષ્યમાં અર્થવાદનાં ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. અનુવાદ, ગુણવાદ અને ત્રીજો સદ્ભૂત અર્થવાદ. જે વસ્તુ બીજા પ્રમાણથી પ્રસિદ્ધ છે તે વસ્તુના ગુણદોષ કહેવા, તે અનુવાદ છે. જેમ કોઇ કહે કે અગ્નિ શીતળતા મટાડે છે, પાણી તરસ છીપાવે છે. આ બન્ને વાતો અનાદિથી પ્રસિદ્ધ છે, તેથી આ પ્રમાણે કહેવું તે અનુવાદ છે. બીજો ભેદ ગુણવાદ છે. જેમ કોઇ સ્ત્રીને ચંદ્રમુખી કહેવામાં આવે, જો કે તેનું મોઢું ચંદ્ર હોતું નથી, પરંતુ તેના મોઢા ઉપર શીતલતા અને સૌમ્યતા હોવાને કારણે ચંદ્રની શીતલતા અને સૌમ્યતાની અનુસાર બતાવવામાં આવે છે. ચંદ્રમાં રહેલી શીતલતા અને સૌમ્યતાને લઇને સ્ત્રીને ચંદ્રમુખી કહેલી છે, તેથી તે ગુણવાદ છે. ત્રીજો સદ્ભૂત અર્થવાદ છે. જેમ કોઇ માણસ કહે કે સ્વર્ગ અને નરક નથી; પરંતુ તેને એમ પૂછવામાં આવે કે તેનું શું પ્રમાણ છે, તો તે કહેશે કે કોઇ જોઇ આવ્યું છે? તેના જવાબમાં એમ કહેવામાં આવે કે, સ્વર્ગ અને નરક નથી એ શું તમે જોઇ આવ્યા છો? જો નથી જોઇ આવ્યા, તો પછી નિષેધ

શા માટે કરો છે? આ પ્રશ્નના જવાબમાં પૂછનાર કહેશે કે સ્વર્ગ અને નરક છે તેનાં સદ્‌ભૂત પ્રમાણુ છે. બીજા કોઇપણુ પ્રમાણુના વિષયમાં સંદેહ થઇ શકે; પરંતુ શાસ્ત્રના વિષયમાં કોઇ પ્રકારનો સંદેહ થઇ શકતો નથી. અને જ્યારે તમે, સ્વર્ગ અને નરક નથી, એમ જોઇ આવ્યા નથી, તો તમે કયા પ્રમાણુથી સ્વર્ગ અને નરકનું ખંડન કરો છો? જે વીતરાગના શાસ્ત્ર છે તે સદ્‌ભૂત પ્રમાણુ છે. આ પ્રમાણે જે વાત વગર, બીજા પ્રમાણુનું ખંડન કરી શકાતું નથી તેનું પ્રતિપાદન વીતરાગભાષિત શાસ્ત્રોમાં છે, તે વાત સદ્‌ભૂત અર્થવાદ છે. આ પ્રમાણે શાસ્ત્રને માટે પણુ જુઓ કે કોઇ જગ્યાએ શાસ્ત્રમાં રેંટિયાનું કોઇપણુ પ્રમાણુ મળે છે કે નહિ?

ગાંધીજી રેંટીપો કાંતવાનું કહે છે તેથી હું તે કાર્યને આરંભ-રહિત છે તેમ નથી કહેતો; પરંતુ જે વાત જેવા સ્વરૂપમાં છે તેવા સ્વરૂપમાં બતાવવી જોઇએ. પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ જ્યારે કાઠિયાવાડમાં બિરાજતા હતા ત્યારે નાનાલાલ કવિ અને હરિશંકર પંડ્યા તેઓને મળ્યા હતા. તેઓએ પૂજ્યશ્રીને ગાંધીજીના વિચારો કહેલા હતા. આ સમય પહેલાં પૂજ્યશ્રીએ ગાંધીજીના વિચારો સાંભળ્યાં ન હતાં. પરંતુ ગાંધીજીના વિચારો સાંભળ્યા પછી તેઓશ્રીએ કહ્યું હતું કે, "આ વિચારો તો મારા હૃદયના છે. આમાં ગાંધીજી શું ખરાબ કહે છે?" આ પ્રમાણે જે વાત વ્યાજબી હતી તેનો પૂજ્યશ્રીએ પણુ સ્વીકાર કર્યો હતો. આ પ્રમાણે જે વાત સત્ય છે તેને તો હું સત્ય કહીશ અને અસત્ય હશે તેને અસત્ય કહીશ. એમ કરવામાં હું અટકીશ નહિ.

સૂયગડાંગજી સૂત્રના બીજા શ્રુતસ્કંધના ઉપોદ્‌ઘાતમાં નિર્યુક્તિકારે જે વર્ણન કર્યું છે અને તેના ટીકાકારે જે સ્પષ્ટીકરણુ કર્યું છે, તેમાં આર્દ્રકુમારની કથા આવે છે. તે કથામાં કહ્યું છે કે:—

આર્દ્રકુમાર મુનિ થઇ ગયા હતા અને એક જગ્યાએ ધ્યાન ધરીને ઊભા હતા. ત્યાં નજીકમાં કેટલીક બાળાઓ રમતી હતી. જેમાં શ્રીમતી નામની એક પૈસાદારની પુત્રી પણ હતી. એ બાળાઓ દોડી દોડીને થાંભલો પકડીને કહેતી હતી કે, "આ અમારો પતિ છે." શ્રીમતીએ આર્દ્રકુમારને માટે એમ ન જાણ્યું કે, આ મનુષ્ય છે. આર્દ્રકુમાર અંધારામાં ઊભા હતા તેથી શ્રીમતીએ દોડીને તેને થાંભલો સમજીને પકડી લીધા અને કહેવા લાગી કે, "આ મારા પતિ છે." તેની સખીઓ કહેવા લાગી કે, "તું ઠગાઇ ગઇ, તે થાંભલો નથી; પરંતુ પુરુષ છે." કથામાં એમ પણ કહ્યું છે કે, શ્રીમતી પૂર્વભવમાં આર્દ્રકુમારની પત્ની હતી. પૂર્વ ભવના સંસ્કાર પણ રહે છે તેથી શ્રીમતીએ હઠ પકડી કે, "હવે આ પુરુષ મારા પતિ છે." શ્રીમતી હઠ પકડીને ત્યાં બેસી ગઇ. તે હકીકત સાંભળીને તેના પિતા શ્રીમતીને સમજાવવા માટે ત્યાં આવ્યા અને શ્રીમતીને ખૂબ સમજાવી કે, "આ તારે યોગ્ય પતિ નથી, તેમજ મારા ઘરને લાયક જમાઇ નથી." શ્રીમતીએ પિતાની વાત ન માની. છેવટે તેના પિતાએ વિચાર્યું કે "વિવાહ તો તે કરવાની છે, તો હું નકામી હઠ શા માટે કરું? અને તેને શા માટે રોકું?" શ્રીમતીની દરેક રીતે પરીક્ષા કર્યા પછી તેના પિતાએ તેની ઇચ્છા મુજબ વર્ત્તવાની છૂટ આપી. તે વખતે ત્યાં સુવર્ણમહોરોની વૃષ્ટિ થઇ. ત્યાંના રાજા સુવર્ણમહોરો જોઇને લલચાયા અને મહોરો લેવા લાગ્યા; પરંતુ દૈવી કોપ થયો અને તેથી રાજાને શાંત થવું પડયું. આ સઘળું જોઇને આર્દ્રકુમાર વિચારવા લાગ્યા કે, "જેની સહાયતા દેવતા કરે છે અને જે મને આ રીતે ચાહે છે તેનો કેવી રીતે અસ્વીકાર કરવો?" આ પ્રમાણે વિચારીને તેણે શ્રીમતીને કહ્યું કે "હું દેવતાઓથી પણ મોહિત થઇ શકયો ન હતો, પરંતુ તારી સરલતા અને પ્રેમથી હું મોહિત થયો છું. તારા નિશ્ચયે મને

ત્યાગી દીધો છે; પરંતુ તું મને એ કહી દે કે, તારી સાથે મારે કેટલાં દિવસ રહેવું પડશે? કારણ કે, મારા હૃદયમાં વૈરાગ્ય છે. હું તો ફક્ત તારા સ્નેહને ખાતર તને સાથ આપવા ઇચ્છું છું." શ્રીમતીએ આર્દ્રકુમાર પાસે બાર વર્ષ સુધી સાથે રહેવાની માંગણી કરી. વચનથી બંધાઇને આર્દ્રકુમાર શ્રીમતીની સાથે રહેવા લાગ્યા. આર્દ્રકુમારથી શ્રીમતીને એક પુત્ર થયો. શ્રીમતી પોતાના પતિને જવાનો દિવસ ગણ્યા કરતી હતી. જ્યારે પતિને જવાનો દિવસ નજીક આવ્યો ત્યારે શ્રીમતી વિચારવા લાગી કે, "પતિ તો ચાલ્યા જશે પરંતુ તેમના ગયા બાદ હું કેવી રીતે જીવન વ્યતીત કરીશ?" શ્રીમતીને દેવોએ રષ્ટિકાર બાર કરોડ સુવર્ણ મહોરો આપી હતી અને શ્રીમતીના પિતા પણ ધનવાન હતા તેથી તેઓએ પણ શ્રીમતીને ધન આપ્યું હશે. પરંતુ તે વિચારતી હતી કે, "આ બધું ધન મારે મોજમઝા કરવા માટે નથી. જો હું આ ધનને આધારે રહીશ તો મારું શીયળ નહિ રહી શકે. આ બધું ધન પુત્રની માલિકીનું છે. મારા જીવન-નિર્વાહને માટે કોઇ આધાર તો જોઇએ. પરંતુ કોનો આધાર લઉં? પુત્ર તો બાળક છે તેથી તેને છોડીને સંયમ પણ લઇ શકીશ નહિ; તેથી રેંટિયો કાંતીને જીવન વીતાવવું એ માર્ગ મારા માટે સારો છે. પતિ તો મને અનાથ બનાવે છે, પરંતુ રેંટિયો કાંતવાથી હું સનાથ રહીશ."

આર્દ્રકુમાર મુનિ, ગૃહસ્થ થયા હતા, પરંતુ તેમનામાંથી ધર્મનાં સંસ્કાર ગયાં ન હતાં. જો ધર્મનાં સંસ્કાર ચાલ્યાં ગયાં હોત તો તેઓ ફરીથી મુનિ ન થાત અને તેમની પત્ની પણ આરંભ-સમારંભને ન જાણતી હોય તેવી વાત પણ નથી; છતાં પણ તે રેંટિયો કાંતતી. તે વિચારતી હતી કે, "પતિ છોડીને ચાલ્યા જશે, ત્યાર પછી હું મારો ધર્મ કેવી રીતે પાળી શકીશ? મારી પાસે જે પૈસા છે તેનો જો હું આશ્રય લઇશ તો તે મને

વિકારી બનાવશે, તેથી મારે માટે તો રેંટિયો કાંતવો અને તેની સહાયતાથી જીવન વીતાવવું એ જ સારું છે. રેંટિયાની સહાયતા લેવાથી મારા શીયળનું પણ રક્ષણ થશે અને મારો ધર્મ પણ રહેશે. ઉપરાંત મારી આજીવિકા પણ ચાલશે. જો હું બીજા કામમાં ગૂંથાઈશ રેંટિયો થોડો કાંતીશ તો મને ખાવાનું પણ થોડું મળશે. જો મારે વધારે ખાવાની ઇચ્છા થાય તો મારે રેંટિયો વધારે વખત કાંતવો પડશે. તેથી હું મારો વખત બીજી રીતે વીતાવી શકીશ નહિ. અને તેમ થવાથી વિકારોથી બચી જઈશ."

હું જે શબ્દો કહી રહ્યો છું તે કથામાં નથી. પરંતુ જેવી રીતે બીજથી વૃક્ષોનો વિસ્તાર થાય છે તેવી જ રીતે મૂળ વાતનો આ વિસ્તાર છે. શ્રીમતીએ વિકારોથી બચવા માટે રેંટિયાનો આશ્રય લીધો. આજે વિધવા સ્ત્રીઓ ગમે તેટલું ખાવા–પીવા માંડશે તો કોઈ પણ તેની નિંદા કરશે નહિ, પરંતુ જો તે રેંટિયો કાંતવા માંડશે તો તેની નિન્દા કરશે. મતલબ એ છે કે, શ્રીમતીએ સાદું જીવન જીવવા માટે રેંટિયાનો સ્વીકાર કર્યો હતો. આજે ગાંધીજી સાદું જીવન જીવવા માટે રેંટિયાનો સ્વીકાર કરવાનું કહે છે, તો તેમાં જૈનદૃષ્ટિએ શું નુકશાન થાય છે? જે વસ્તુથી અહિંસાનું પાલન થતું હોય અને મહાઆરંભથી છૂટાતું હોય તે વસ્તુ જો કોઈ સ્વીકારે એ જૈનદૃષ્ટિથી વિરુદ્ધ નથી અને કદાચ કોઈ અહિંસાની વિરુદ્ધમાં કાંઈ વાત કહે તો તેનો અસ્વીકાર કરવો જોઈએ. પછી તે વાત કરનાર ગમે તે હોય. જે વાત અનુચિત હોય તેનો વિરોધ કરી શકાય. વાસ્તવિક વાતોને માન્ય રાખી શકાય અને અવાસ્તવિક વાતોનો તો વિરોધ જ કરવો જોઈએ.

ખાદી પહેરવાનો અને રેંટિયો કાંતવાનો ઉપદેશ આપનાર ગાંધીજીની હજુસુધી મારે મુલાકાત થઈ નથી. દિલ્હીમાં તેમની

મુસલમાની સ્ત્રીઓએ ઓઢવણુ પણ કરી હતી, પરંતુ અનાયાસે તેમને એક કામ આવી પડ્યું તેથી તેમના મહેમાન પુરુષોએ કહ્યું કે આપણને ભગવાની ગાંધીજીને ઘણી ફુરસદ છે પરંતુ અત્યારે તો ત્યાં આવે તે શીખ કામ અટકી પડી છે તેથી તમે જેમ કહો તેમ કરીએ. અહીં સ્ત્રીઓએ કહેવું પડ્યું કે, અમે એ દેશના કામને મુસલમાન પ્રોત્સાહન ઇચ્છતા નથી. આ રીતે ગાંધીજી સાથે મારે રૂબરૂ મુલાકાત થઇ ન શકી, પરંતુ તેમના સિદ્ધાંતો હું જોઉં છું. ભગવાન મહાવીરને પણ સાક્ષાત્ જોયા નથી છતાં તેમના સિદ્ધાંતો એ જોઇએ છીએ અને એ સિદ્ધાંતો વડે ભગવાન મહાવીરને માનીએ છીએ. જે પુરુષ પોતાનું સર્વસ્વ ત્યાગીને અહિંસાના પ્રચારમાં લાગી ગયા છે તેને મહાપુરુષ તરીકે ઓળખવામાં આવે છે.

ગાંધીજીએ પોતાનો સાંસારિક આનંદ અને ધીકતી કમાણીવાળો બેરીસ્ટરનો ધંધો છોડી દીધો અને અહિંસાના પ્રચારમાં અને જનતાના કલ્યાણમાં પોતાનું જીવન વીતાવી રહ્યા છે. આવા પુરુષ કોઇ અયોગ્ય વાત કહે તેમ કેવી રીતે કહી શકાય ? તેમના કથનનો કેવી રીતે વિરોધ કરી શકાય ! આજે ગાંધીજીને સંસારમાં મહાપુરુષ માનવામાં આવે છે. અમેરિકાના વડા પાદરીએ પણ કહ્યું છે કે, સંસારમાં આ સમયે સૌથી મોટા પુરુષ મોહનદાસ કરમચંદ ગાંધીજી છે.

અમેરિકામાં રહેવાવાળા લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે છતાં પણ તેઓ ગાંધીજીને મહાપુરુષ માને છે તો ભારતમાં તો ગાંધીજીએ અહિંસાનો પ્રચાર કર્યો છે અને આ કાઠિયાવાડમાં તો તેમનો જન્મ થયો છે તેથી ભારતમાં અને કાઠિયાવાડમાં ગાંધીજીને શું માનનીય નહિ માનવામાં આવે ! ભારત અને ખાસ કરીને કાઠિયાવાડને માટે તો એ ગૌરવની વાત છે કે, તમારે ત્યાં જન્મેલા એક પુરુષે ભારતને ઉન્નતિને રસ્તે દોર્યું છે. જેનામાં જે ગુણ હોય તે ગુણોને

ગ્રહણ કરવા જોઇએ. મોટા માણસો કે જેઓ મોટા નામ રાખીને દુર્ગુણોનો પ્રચાર કરે છે તેની સાથે આપણે કાંઇ સંબંધ નથી.

મતલબ એ છે કે, ગાંધીજી અહિંસાને માટે જે કાંઇ કહે છે તે જૈનધર્મને પુષ્ટિ આપે છે. તમારે અહિંસાની વાતનો સ્વીકાર કરીને હિંસાનો ત્યાગ કરવો જોઇએ. જ્યાંસુધી તમે ગૃહસ્થ છો ત્યાંસુધી મહાઆરંભ છોડવા માટે અલ્પારંભનો આશ્રય લીધા સિવાય ચાલી શકતું નથી. જેમ કોઇ માંસાહારીને માંસ છોડવાનું કહેવામાં આવે તો તે વખતે તેને એમ ન કહી શકાય કે, તારે ભૂખે મરવું. પરંતુ એમ કહી શકાય કે, તારું જીવન શુદ્ધ અને સાત્વિક આહારથી નભી શકે છે. આ પ્રમાણે માંસનો ખોરાક છોડી દેનાર માટે અન્નનો આધાર તો જોઇએ. આ રીતે જ્યારે મહાઆરંભ છોડવો હોય ત્યારે જીવન-નિર્વાહને માટે અલ્પારંભનો આશ્રય લીધા સિવાય ગૃહસ્થને માટે બીજો કોઇ માર્ગ નથી.

ગાંધીજી મહાઆરંભને છોડાવનારા છે અને જે મહાઆરંભને છોડે છે અને બીજાઓને તેથી છોડાવે છે તે અહિંસક છે. આ રીતે હિંસા ત્યાગવાની વાતનો સ્વીકાર કરવો એ જૈનદૃષ્ટિએ ખોટું કે પાપમય નથી. આ વાતને સમજીને ખાદી અને ચરબી લાગેલું કાપડ એ બન્નેમાં મહાઆરંભ કયા વસ્ત્રમાં થાય છે, તેનો વિવેક રાખીને મહાઆરંભવાળા કાર્યનો ત્યાગ કરશો તો કલ્યાણ થશે.



પૂજ્ય શ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબનું પ્રવચન *

સ્તુતિ

એવી મતિ થઇ જાય દયામય, એવી મતિ થઇ જાય;
ત્રિભુવનની કલ્યાણ કામના, દિનદિન વધતી જાય...દયામય૦
બીજાના સુખને સુખ સમજું, સુખનો કરું ઉપાય;
મારાં દુઃખો સહુ સહું પણ, પરદુઃખ ના સહેવાય...દયામય૦

આજે કોઇ વ્યાખ્યાન દેવાનો ખાસ વિષય નથી. પટેલ સાહેબ આવેલા છે તેથી થોડા શબ્દો કહેવાં છે. તમે સહુ અહીં આવેલા છો, પરંતુ કંઇ વસ્તુ લેવાને આવ્યા છો? મારી પાસે એવી કંઇ વસ્તુ છે? તમે મારી પાસે કંઇ લેવાને આવ્યા છો કે પટેલ સાહેબ આવેલા છે તેથી તેમની ખાતર તેમની સાથે આવેલા છો? એ વાતનો વિચાર રાખો કે તમારું આવવું ખાલી ન જાય. પટેલ સાહેબ કયાં આવેલા છે? કઇ ભાવનાએ બેઠેલા છે? તે લોકોને આ વાતનો વિચાર કરો કે પટેલ સાહેબને સાથ દેવા માટે આવેલાનું

* શ્રી મોરબી જયંતિના ઉત્સવ નિમિત્તે રાજકોટ મુકામે પધારેલ સરદારશ્રી વલ્લભભાઇ પટેલ પૂજ્ય મહારાજ સાહેબ પાસે તા. ૧૩-૧૦-૧૯૩૬ના રોજ બપોરના વખતે પધાર્યા તે પ્રસંગનું પ્રવચન

શું કર્તવ્ય થઇ જાય છે. મેં સાંભળ્યું છે કે, ગઇ કાલે ગાંધી જયંતિનો સંદેશો સંભળાવતાં પટેલ સાહેબે કહ્યું હતું કે "રાજકોટનું જે ગૌરવ છે તે જોઈને મને આનંદ થાય છે, પરંતુ રાજકોટની દશા જોઇને ખેદ પણ થાય છે." આ રાજકોટમાં ગાંધીજીએ તેમનો બાલ્યકાળ વીતાવ્યો છે તેનું સ્મારક આજે પણ મોજુદ છે. આ રાજકોટમાં બાલ્યકાળ વીતાવનાર ગાંધીજી આજે કેવું સાદુ જીવન વિતાવી રહ્યા છે! તેમણે પોતાના સાદા જીવનથી એ બતાવી આપ્યું છે કે, સંસાર આડંબરનો ભૂખ્યો નથી, પરંતુ તેને સાદાઇ અને સદાચારની આવશ્યકતા છે. સદાચારનું પાલન કરવા સાથે સાદા બનીને જગતની સન્મુખ ઊભા રહેવું એ સૌથી ઉત્તમ વાત છે. આવું વર્તન કરવાવાળા પુરુષ જો બોલે તો તો સારું છે; પરંતુ કદાચિત ન બોલે તો પણ તેમના દ્વારા જગતનું કલ્યાણ થાય છે અકલ્યાણ થતું નથી. ગાંધીજી જેવા જગપ્રસિદ્ધ પુરુષ જેઓ રાજકોટમાં બાલ્યવસ્થામાં રહ્યા હતા અને આજે સાદું જીવન વ્યતીત કરે છે તે પુરુષના કથનની રાજકોટના વતનીઓ ઉપર અસર ન થાય તે વાસ્તવિક રીતે પટેલ સાહેબના કહેવા મુજબ ખેદની વાત થઇ જાય છે. નારણદાસભાઇ કહેતા હતા કે, "આપ આરંભ સમારંભનો વિચાર કરીને ખાદી અને મીલના કાપડનું અંતર બતાવો છો તે સાંભળીને સહુ લોકો વાહવાહ કરવા લાગે છે, પરંતુ તેનો કોઇ ક્રિયાત્મક પ્રભાવ દેખાતો નથી. ખાદી સારી છે એમ માત્ર કહેવાથી શું ફાયદો થાય?" વાસ્તવિક રીતે જોવામાં આવે તો વાહવાહ કહેવાથી શું લાભ થવાનો છે? આવી વાહવાહને માટે એક કવિએ કહ્યું છે કે "રીઝ પરવાને કો વાહવાહ બનાઇ હે!" આવા લોકોએ પોતાના બચાવને માટે વાહવાહ શબ્દ બનાવી લીધો છે. ખાદી અને મીલના કપડામાં શું તફાવત છે તે સાંભળીને ખાદીની પ્રશંસા કરી દેવાથી અને ખાદીને માટે

વાદવિવાદ કરી દેવાથી ગરીબોને શું લાભ થવાનો છે? જેનો ત્યાગ કરવાથી તમારા પૈસા પણ બચે છે અને ગરીબોનું પાલન થાય છે, તેમજ અહિંસાનું પણ પાલન થાય છે, તે મીલનું કાપડ જો તમે ન છોડી શકો અને એક પણ શરીર ઉપર તે કાપડ રહે તો તેથી ગાંધીજીની જયંતિ નથી ઉજવાતી, પરંતુ તેમની અવગણના થાય છે. કોઇ એક પુરુષ જે ભારથી ત્રાસી રહેલ હોય તેને ખુશ કરવા માટે વાદવિવાદ કરો, પરંતુ તેનો ભાર ઓછો કરવામાં કોઇ રીતે સહાયતા ન આપો તો તેની પ્રશંસા કરો છો તો એક પ્રકારની નિંદા નથી તો બીજું શું છે? જો ગાંધીજીના જીવનની છાપ રાજકોટના વતનીઓ ઉપર પડી હોય અને રાજકોટના વતનીઓએ ગાંધીજીને કારણે રાજકોટને પાવન માન્યું હોય તો અહીંના વતનીઓ દ્વારા તેમની આ રીતે અવગણના ન થવી જોઈએ.

'કલ્યાણ' માસિક પત્રમાં એક ચિત્ર આવેલું છે. ચિત્રો જોવા કોને ગમતા નથી? પરંતુ આ ચિત્ર શું છે? કોઈ એક કારીગરની કારીગરી છે. તેણે પોતાની કલ્પનાથી ચિત્ર દોર્યું છે. વાસ્તવિક રીતે તેણે સુરદાસને પણ જોયા નથી તેમજ કૃષ્ણને પણ જોયા નથી, પરંતુ કેવળ પોતાની કલ્પનાથી ચિત્ર દોર્યું છે. આ પ્રમાણે કોઇ કારીગર એવું ચિત્ર દોરે કે જેમાં એક તરફ ગાંધીજીને આલેખે અને બીજી તરફ તેમના કાર્યને આલેખે. એક તરફ ગાંધીજીનું વૃદ્ધ અને દુર્બલ શરીર હોય અને બીજી તરફ તેમનું કાર્ય હોય તો તે બન્નેમાંથી તમે કોને પસંદ કરશો? કલ્યાણ માસિકમાં સુરદાસ અને કૃષ્ણનું ચિત્ર છે, તે ચિત્ર જોઇને મુગ્ધ થશો? કે જેનું ચિત્ર છે તેના કાર્યને જોઇને મુગ્ધ થશો? કદાચ તમે કોઇ વ્યક્તિનું શરીર કે તેનું ચિત્ર જોયું હોય અને તે પર મુગ્ધ થઇને તેના કાર્યની પ્રશંસા કરવા માંડો અને તેના કાર્યને ન અપનાવો તો શું તે પુરુષની અવગણના કરતા નથી?

ભારતનું કલ્યાણ કેવલ ગાંધીજીને માટે વાહવાહ કરવાથી નહીં થાય. તેઓ દેશના કાર્યનો જેટલો બોજો ઉપાડે છે તેટલો ભાર ઉપાડવાથી જ ભારતનું કલ્યાણ થઇ શકશે. એમ સાંભળ્યું છે કે, ગઇ કાલે પટેલ સાહેબે કહ્યું હતું કે, વર્ષાઋતુમાં તો ઘણા દેડકાં ઉત્પન્ન થઇને ડ્રાંઉં ડ્રાંઉં કરવા લાગે છે પરંતુ જ્યારે તાપ પડવા માડે છે ત્યારે તેઓ અદશ્ય થઇ જાય છે. એ પ્રમાણે જ્યારે આંદોલનનો સમય હોય છે ત્યારે તો ઘણા માણસો એમ કહેવા લાગે છે કે, " અમે પણ દેશભક્ત છીએ " પરંતુ જ્યારે રચનાત્મક કાર્ય કરવાનો વખત આવે છે ત્યારે તે ભક્તો ક્યાં અદશ્ય થઇ જાય છે? તે વખતે જોવામાં પણ આવતા નથી.

આ પ્રમાણે ગાંધીજીની વાહવાહ કરવા તો ઘણા મનુષ્યો તૈયાર થાય છે, પરંતુ તેમના ઉપદેશ અનુસાર કામ કરવા ઘણા થોડા મનુષ્યો તૈયાર થાય છે. રાજકોટનિવાસીઓને હું એમ કહું છું કે, જો તમે કેવલ વાહવાહ કરવામાં જ રહો તો તે ઘણી શરમની વાત છે અને તમારી સાથે મારા માટે પણ શરમની વાત બનશે, કેમકે હું પણ ભારતમાં જ જન્મેલો છું. હું એ જાણતો ન હતો કે, કોઇ વખત હું રાજકોટ જઇશ અને પટેલ સાહેબની મારે મુલાકાત થશે. પરંતુ કોણ જાણે કુદરત શું કાર્ય કરી રહેલ છે! અત્યારે હું પણ રાજકોટમાં છું અને તેથી મારા માટે પણ એ શરમની વાત બનશે. જો તમે ચરબી લાગેલ મીલનાં કપડાનો ત્યાગ કરો તો તમોને શું નુકશાન થાય છે? શું તેમ કરવામાં સરકાર તમને રોકે છે? સરકાર તરફથી એવી કોઇ અટકાયત નથી છતાં પણ, જો કોઈ સરકારની બીકથી ચરબી લાગેલું કાપડ ન છોડે તો તેવા માણસો દેવાદિકના ઉપસર્ગ વખતે કેવી રીતે નિર્ભય રહી શકશે? જો તમે ચરબી લાગેલ કાપડ છોડી દો અને ખાદી પહેરવા લાગો

તો તેમ કરવાથી જે સાચા રાજા હશે તે કદિ પણ નારાજ નહિ થાય અને કદાચ કોઇ રાજા નારાજ થશે તો પણ છેવટે તેને ઠેકાણે આવવું જ પડશે. તમે લોકો ખાદી પહેરવામાં શા માટે ડરો છો? જો તમો બધા,—સ્ત્રી અને પુરુષો—એવો નિશ્ચય કરી લો કે, "અમે મીલનું ચરબી લાગેલ કાપડ નહીં પહેરીએ" તો તેમ કરવાથી તમોને કાંઇ નુકશાન થાય છે? અથવા તો તમારું કાર્ય અટકી પડે છે? આ વાતને કોઇ સમજી શક્યા હો તો મીલનું કાપડ ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી શકો છો. એ ત્યાગ કેવળ દેખાદેખીથી ન થવો જોઇએ પરંતુ તત્ત્વને સમજીને-વિચારીને ત્યાગ થવો જોઇએ. તમારે એ વિચારવું જોઇએ કે, જે દેશમાં તમે જન્મેલા છો, ત્યાંના અન્ન, પાણી અને હવાથી તમારું શરીર પોષાએલું છે, તે દેશમાં જ ઉત્પન્ન થયેલ વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓનો તમારે ઉપભોગ ન કરવો જોઇએ. તે વસ્તુથી તમારો જીવનનિર્વાહ નભી શકે છે અને તેમ કરવાથી તમે મહાઆરંભમાંથી પણ બચી જશો અને તમારું કાર્ય અલ્પારંભથી ચાલી શકશે. આ સભા આસ્તિકોની છે. અહીં બેઠેલા સર્વ માણસો એમ માને છે કે, "અમે પરલોકથી આવેલા છીએ અને પરલોકમાં જવાના છીએ, એમ તો માનો છો, પરંતુ તે માનવા સાથે તમારે એ પણ વિચારવું જોઇએ કે, તમારું કર્તવ્ય શું છે? અને આ સંસારમાં આવીને તમે શું કર્યું છે? જ્યારે તમે એમ માનો છો કે, "અમે પરલોકમાંથી આવેલા છીએ અને પરલોકમાં જવાના છીએ." તો તમારે મહાઆરંભથી જેટલું બની શકે તેટલું બચવું જોઇએ. તેમ કરવામાં જ તમારું કલ્યાણ રહેલું છે.

સરદાર શ્રી વલ્લભભાઈ પટેલનું પ્રવચન

આપ સહુના દર્શન કરવાથી મને ઘણો આનંદ થયો છે. સાધુ-સંતોની સામે ઊભા રહીને ઉપદેશ આપવાની મને આદત પણ નથી અને મને અધિકાર પણ નથી. હું આ સંસારમાં રહેવાવાળો છું અને સંસાર પાપથી ભરેલો છે. ભારતમાં જે એક મહાપુરુષ જન્મેલા છે તેનો હું સીપાહી છું અને તેમનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવા કરું છું. અત્યારે તો હું તીર્થસ્થાનમાં આવેલો છું. આ રાજકોટ શહેર તેમના વસવાટનું સ્થાન છે. મને ખબર ન હતી કે મારે અહીં આવવું પડશે અને સંતોના મુખે આ ઉપદેશ સાંભળવાનું મળશે; પરંતુ આપણું ઉપદેશ સાંભળવું એવું ન થવું જોઈએ કે, "કથા સુણીને ફૂટયા કાન તોય ન આવ્યું હૃદયે જ્ઞાન" આ જાતનો ઉપદેશ તમે રોજ સાંભળો છો, પરંતુ "મુખમાં રામ બગલમેં છૂરી" એ કહેવત અનુસાર વર્તન ન હોય તો આ બધી બહેનોના શરીર પરના વસ્ત્રો પરદેશી કેમ જોવામાં આવે? ભારતની એ પદ્ધતિ છે કે, પાપ ધોવા માટે ગંગાસ્નાન કરવામાં આવે છે, અથવા તો કેસરીયા નાથની યાત્રાએ જઈ આવે છે અને સમજે છે કે, અમારું પાપ ધોવાઈ ગયું છે. પરંતુ એ વિચાર ભૂલભરેલો છે. જે કર્મો કરવામાં આવે છે તે ભોગવવાં જ પડે છે. તેથી કેવળ ઉપદેશ

સંયમનો જ સંતોષ ન માનો, પરંતુ વિચારો કે, એ ઉપદેશની તમારા ઉપર શું અસર થઇ!

તમે સહુ અહિંસાને માનવાવાળા અને પાળવાવાળા છો. તમારી રગેરગમાં અહિંસા ભરેલી છે. પરંતુ તમો અપંગ થઇ ગયા છો અને તેથી તમારામાં અહિંસા પાળવાની શક્તિ રહી નથી. એક તપસ્વી જન્મેલો છે કે, જે મોટામાં મોટો જૈન છે. જૈન તે છે કે, જેણે આત્માને ઓળખ્યો છે. મેં એ તપસ્વી જેવા બીજા જૈન જોયા નથી. અહિંસા પાળવી અને બીજાની રક્ષા કરવી તે જૈનોનું કર્ત્તવ્ય છે. એ તપસ્વી એવું કરે છે અને માત્ર ભારતમાં જ નહીં પરંતુ પરદેશોમાં પણ તેણે અહિંસાનો પ્રચાર કરેલો છે. કુવામાં જે દેડકો રહે છે તેને કુવા સિવાય બીજું ભાન હોતું નથી. પરંતુ સમુદ્રમાં રહેવાવાળા સમજે છે કે મગરમચ્છ, વહાણ, આગબોટ વગેરે કેવાં હોય છે! આ પ્રમાણે બીજા લોકોને તો ખબર નથી પરંતુ વર્તમાન કાળનો ઇતિહાસ જાણવાવાળા લોકોને ખબર છે કે, યુરોપમાં કેવી ખાદવારથતા ચાલી રહી છે. હોશિયાર ગણાતા માણસોએ એવો ઉપાય શોધ્યો છે કે, જે વડે વધારેમાં વધારે મનુષ્યોની હિંસા થાય. પરંતુ આ ભારતના સાચા જૈન તપસ્વીએ અહિંસાની રક્ષા માટે એવો ઉપાય શોધ્યો છે કે, જે વડે વધારામાં વધારે મનુષ્યોની રક્ષા થાય. મનુષ્ય સંહારનો ઉપાય શોધવાવાળાઓએ બોમ્બ ગોળા વગેરે શોધ્યું, પરંતુ આ પુરુષે તો રેંટીયો શોધ્યો કે, જે વડે ગરીબો અને વિધવાઓ પણ દરરોજ ચાર પૈસા કમાઇ શકે છે અને રાબ બનાવીને તે પીવાથી જીવન નભાવી શકે છે. તમે લોકો અહિંસા પાળવાવાળા છો, તેથી ગાય કુતરા અને પક્ષીને માટે જરા જરા ખોરાકનો ભાગ કાઢો છો અને માની લો છો કે, અહિંસાનું પાલન થઇ ગયું. પરંતુ જ્યાં કરોડો મનુષ્યો ભૂખે મરે છે ત્યાં ગાય વગેરેના નામથી કાંઇ

[illegible] માણસોને રોટલો મળી શકે.

જે દેશમાં માંસાહારથી ચાલી રહ્યું છે તે દેશના માણસો [illegible] કહે છે કે, "[illegible] જગતને એ પ્રેમ કરવાનું શીખવે છે અને કહે છે કે, તે વગર કલ્યાણ નથી. તેઓ એમ પણ માને છે કે, "[illegible] ભારતમાં એક જ મહાપુરુષ છે અને જ્યાંસુધી અમે તેણે બતાવેલા માર્ગે નહીં ચાલીએ ત્યાંસુધી અમારું કલ્યાણ નહીં થાય." આપણા માટે શાસ્ત્રમાં અહિંસાના પાલન માટે અનેક આદર્શ બતાવેલાં છે પરંતુ તે પ્રત્યક્ષ નથી. અહિંસાનો આનો પ્રત્યક્ષ આદર્શ, જે તમારી સન્મુખ રહ્યો છે તેની વાત ન માનશો તો તમારું કલ્યાણ કેવી રીતે થશે? તમે આ વાત નથી સમજ્યા. માત્ર એક કે બે માણસોએ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા કરી તો તેથી એ સ્પષ્ટ થાય છે કે, તમોને સંત કે ધર્મ પ્રત્યે બરાબર શ્રદ્ધા નથી અથવા તો તમારામાં અશક્તિ છે. જો તમારામાં આવી અશક્તિ હોય તો જે ધર્મ ચિર સાટે પાળી શકાય છે તે ધર્મ તમે કેવી રીતે પાળી શકશો? તમે જે ઉપદેશ સાંભળો છો તેને પાળવાનો અભ્યાસ કરશો ત્યારે જ ઉપદેશશ્રવણ સફળ થશે. આ પ્રમાણે સાધુસંતોનું આવાગમન અને ઉપદેશ આપવાનું ત્યારે જ સફળ થાય કે જ્યારે તમે, એ ઉપદેશનું પાલન કરો. ઉપદેશનું પાલન કરવાનો અભ્યાસ કરો.

ભારતની રક્ષા સદા સ્ત્રીઓએ જ કરેલી છે. સ્ત્રીઓ જો ભારતની રક્ષા હવે નહીં કરે તો પછી કોણ કરશે? પરંતુ આજે તો સ્ત્રીઓ

એવા મોહમાં પડી ગઇ છે કે, તે પોતાના કર્તવ્યને પણ ભૂલી ગઇ છે. પુરુષો કરતાં સ્ત્રીઓ ઉપર વધારે જવાબદારી છે તેથી સ્ત્રીઓએ વિચારવું જોઇએ કે, જો "અમે ખાદી પહેરશું તો ખાદીમાં ખર્ચાએલા પૈસા ગરીબોને મળશે અને તે વડે તેમનું પેટ ભરાશે." જો ખાદી નહીં પહેરવામાં આવે તો થોડા લોકો કરોડપતિ થઇ જશે અને તેઓ કરોડપતિ થઇને મોટર ખરીદશે અને એ પ્રમાણે એવાં કાર્યો કરશે કે જેમાં મોટાં પાપ થશે. જેમ હજારો મેંઢામાં બે ચાર સિંહ વસતા હોય તેવું જ સામાન્ય વર્ગની પ્રજામાં બે ચાર કરોડપતિનું બનવું થશે. હજારો મેંઢામાં રહેવાવાળા બે ચાર સિંહોની શું શોભા હોય છે ? બહાદુરી તો ત્યારે જ કહેવાય કે જ્યારે હજારો વીરોમાં સિંહ વસે. મેંઢાના સમૂહમાં રહેવું તે બહાદુરી નથી અને તેની સાથે રહેવાથી મેંઢાને પણ કાંઇ લાભ થવાનો નથી, બલ્કે એ હજારો મેંઢામાં રહેવાવાળા સિંહ દરરોજ બે ચાર મેંઢાનો શિકાર કરી નાંખશે. આ રીતે કરોડો ભૂખે મરતા મનુષ્યોની વચ્ચે બે ચાર કરોડપતિ હોય તેથી કશો લાભ નથી.

જૈનધર્મ કોઇ એક જાતિનો ધર્મ નથી. સર્વ મનુષ્યો જૈન બની શકે છે. તેમાં સ્પૃશ્ય-અસ્પૃશ્યનો ભેદ નથી. પરંતુ જે આત્માને જાણે છે તે જૈન છે. તેથી જ આ ધર્મની સમીપ રાજા કે રંક, મોટા કે નાના, સર્વ સમાન છે. તેમાં જાતિ કે વ્યક્તિનો કોઇ ભેદ નથી. પરંતુ આજે એવું છે કે, જૈન મંદિર અથવા જૈનઉપાશ્રયમાં અસ્પૃશ્યો આવી શકતા નથી. હિંદુ ધર્મની આ કુરૂઢિનો જૈનધર્મીઓએ પણ સ્વીકાર કર્યો છે. તમારે એ કુરૂઢિને કાઢી નાખવી જોઇએ કોઇ પણ મનુષ્યને અસ્પૃશ્ય કહેવો એ તેનો તિરસ્કાર છે. આ તિરસ્કારથી તેને તલવારના ઝાટકાથી પણ અધિક દુઃખ થાય છે.

આ તિરસ્કાર શરીરનો નથી પરંતુ તે શરીરમાં રહેલા આત્માનો થાય છે. શરીરમાંથી આત્મા ચાલ્યા ગયા પછી બધા અસ્પૃશ્ય જ બની જાય છે તો પછી આત્મા હોવા છતાં કોઇનું પણ અપમાન કરવું તે ઇશ્વરીય અંશનું અપમાન કરવા બરાબર છે.

આપણે સહુ આ સંસારમાં છીએ અને અત્યારે તો હું એવા તીર્થસ્થાનમાં આવેલો છું કે જ્યાં એ મોટા જૈન થયો છે કે જે જૈન ન હોવા છતાં પણ મન, વચન અને કાયાથી જૈનધર્મનું પાલન કરી રહ્યો છે. એ મહા પુરુષના જીવનનું અનુકરણ કરીને તમારે કાંઇ પણ પ્રતિજ્ઞા કરવી જોઇએ. તેમ કરવાથી તમારાં સાધુદર્શન અને ઉપદેશશ્રવણ સફળ થશે. આટલું કહીને તમોને તેમજ મને એવી દૃઢતા પ્રાપ્ત થાઓ એ ભાવના સાથે હું વિરમું છું.



મહાત્માજીનું મિલન*

મારે તમને એક વાત કહેવી છે. આ વાત જો કે મોડી યાદ આવી છે, છતાં તે કહેવા યોગ્ય હોવાથી થોડામાં કહું છું:—

કાલે ગાંધીજી સવારે આવ્યા અને સાંજે પાછા ગયા. તેમને જોવા માટે અનેક લોકો ગયા હશે પણ જે લોકો ગયા હતા તેમને હું પૂછું છું કે, તેઓએ તેમનામાં શું જોયું? તેમનું સ્થૂલ શરીર કે તેમનું કાર્ય?

આજે ગાંધીજી સુધારક કે મહાપુરુષ મનાય છે, તે તેમના સ્થૂલ શરીરને લીધે કે તેમના કાર્યને લીધે?

કાલે ગાંધીજી અહીં મારી પાસે પણ આવ્યા હતા. મેં તેમની સાદાઇ જોઇ કે, તેમણે નાનકડું પંચીયું તો પહેરેલું હતું અને થોડું કપડું શરીર ઉપર ઓઢેલું હતું. આ તેમની કેટલી સાદાઇ! આ સાદાઇને કારણે જ લોકો તેમને જોવા જાય છે અને તેમને એટલા બધા ઘેરી લે છે કે, તેઓ કહેતા હતા કે, "વ્યાખ્યાનમાં હું કેવી રીતે આવું! લોકો મને જંપીને બેસવા જ દેતા નથી!" આ પ્રમાણે

* મહાત્મા ગાંધીજી પોતાના રાજકોટના પ્રવાસ દરમ્યાન તા. ૨૯–૧૦–૩૬ ને દિવસે પૂજ્ય મહારાજશ્રીની મુલાકાતે ભોજનશાળામાં પધારતાં તે પ્રસંગને અનુસરી વળતે દિવસે ગાંધીજીના જીવન ઉપર પૂજ્યશ્રીએ દર્શાવેલા વિચારો.

[illegible]

[illegible] કેટલાક લોકો એવા હોય છે કે [illegible] રૂપ જ જુએ છે, ગુણ જોતા નથી. [illegible] એવા હોય છે કે, તેઓ ગુણ જ જુએ છે, રૂપ જોતા નથી. [illegible] એવા હોય છે કે તેઓ રૂપ પણ જુએ છે અને ગુણ પણ જુએ છે. અને ચોથા પ્રકારના લોકો હોય છે કે જેઓ ગુણ પણ જોતા નથી તેમ રૂપ પણ જોતા નથી. આ ચૌભંગી ઉપરથી જે લોકો ગાંધીજીને જોવા ગયા હતા તેઓ શા ઉદ્દેશે ગયા હતા તેનો નિર્ણય કરી શકાય છે!

કેટલાક લોકો 'અમે ગાંધીજીની આગળ સારા લાગીએ' એ માટે ખાદી પહેરીને પણ ગયા હશે! આ પ્રમાણે 'અમે સારા લાગીએ' એમ બતાવવા માટે જ જે લોકોએ ખાદી પહેરી હશે તેમને માટે એમ કહી શકાય કે, તેમણે રૂપ જ જોયું છે, ગુણ જોયો નથી. કેટલાક લોકો એવા પણ હશે કે, જેઓ ગાંધીજીના શરીરને જોઈને શું કરવું છે! તેમણે જે કાર્ય બતાવ્યું છે તે કરવું જોઈએ! તેઓ અહિંસા અને સત્યના માર્ગે જવા માટે માંસ, મદિરા તથા ચરબી લગાવેલ વસ્ત્રોનો ત્યાગ કરવાનું કહે છે માટે આપણે તો તેમણે બતાવેલાં કાર્યોને જ અપનાવવાં જોઈએ! આ પ્રમાણે કહેનારાઓ અને વર્ત્તનારાઓએ રૂપ નહિ પણ ગુણ જોયો છે એમ કહી શકાય.

મેં ગાંધીજીની આત્મકથામાં વાંચ્યું છે કે, જ્યારે પહેલીવાર તેઓ વિલાયત જતા હતા ત્યારે તેમણે મુનિશ્રી બેચરજીસ્વામી નામના

[illegible] માંસ ખાવું, મદિરા અને પરસ્ત્રીસેવનનો ત્યાગ કર્યો હતો. આ પ્રતિજ્ઞાના ફળરૂપ જ ગાંધીજી, ગાંધીજી બની શક્યા. નહિ તો કોણ જાણે શું થાત ? [illegible] તો દેખાતા નથી, પણ [illegible] છે, પરંતુ [illegible] એવા કોઈ હશે કે, જેનાથી તેમની સેવા થઈ હોય ? [illegible] મહાત્માજીએ આ ત્યાગથી [illegible] વસ્તુને [illegible] [illegible] છે, જે ત્યાગગુણને લીધે તેઓ આધ્યાત્મિક [illegible]. ગાંધીજી આ પ્રમાણે ત્યાગ કરી વિલાયત ગયા. ત્યાં તેમને ત્યાગથી ચ્યુત કરવાના અનેક પ્રસંગો આવ્યા પણ ગાંધીજીએ એમ જ કહ્યું કે, મેં જે મહાત્માની પાસે ત્યાગ લીધો છે તે મહાત્માને અને જેમની પ્રેરણાથી મેં એ ત્યાગ લીધો છે તે મારી માતાને [illegible] શકું નહિ ! આ પ્રમાણે ગાંધીજીએ માંસ, મદિરા તથા પરસ્ત્રીસેવનનો ત્યાગ કર્યો અને એ ત્યાગના પ્રતાપે જ આજે ગાંધીજી જગતવંદ્ય બની શક્યા છે અને લાખો તેમને જોવા જાય છે.

જો કેવળ ચામડાની આંખોથી જોવામાં આવે તો ગાંધીજીને શું જોઈ શકાશે? ગાંધીજીને કોણે જોયા છે? ગાંધીજીએ માંસ-મદિરા અને પરસ્ત્રીસેવન એ દુર્ગુણોનો ત્યાગ કર્યો હતો તે દુર્ગુણોને છોડે નહિ તો શું તે ગાંધીજીને સમજી શક્યો છે ? અને તેમને સમ્યક્‌રીતે જોઈ શક્યો છે ?

કહેવાનો ભાવાર્થ એ છે કે, એક એવા પ્રકારના લોકો હોય છે કે, જેઓ કેવળ રૂપને જ જુએ છે, ગુણને જોતા નથી, બીજા લોકો એવા પણ હોય છે કે જેઓ રૂપ તો જોતા નથી, પણ તેમના બતાવેલા માર્ગે ચાલે છે—તેમના ગુણને જુએ છે અને તેને અપનાવે છે. ત્રીજા લોકો એવા પ્રકારના હોય છે કે, જેઓ ગાંધીજીના શરીરને પણ જુએ છે અને તેમના કાર્યને પણ અનુસરે છે. તેઓ એમ વિચારે છે કે, જે કાર્યથી દેશ, જાતિ અને આત્માનું કલ્યાણ

થાય છે. અને અહિંસાનું પાલન છે તે વાત ગાંધીજી પાસેથી મળી છે માટે તેમને જોવા અને તેમણે કહેલાં કાર્યોને અપનાવવાં જોઈએ એમાં કલ્યાણ છે. ત્રણ પ્રકારના લોકો તો આ પ્રકારના હોય છે પણ ચોથા પ્રકારના લોકો એવા હોય છે કે, તેઓ ગાંધીજીના શરીરને પણ દેખતા નથી તેમ તેમના કાર્યને પણ અનુસરતા નથી ઊલટું ગાંધીજીની નિંદા કરે છે અને ગાંધીજીએ જ અમારું અહિત કર્યું છે એમ છાતી ઠોકીને કહ્યા કરે છે.

સંસારમાં આ ચાર પ્રકારના માણસો હોય છે એમ ભગવાન કહી જ ગયા છે, પરંતુ તમે કઈ શ્રેણીમાં રહેશો એનો તમે પોતે વિચાર કરો.

જેમની પાસે ત્યાગ લેવાથી ગાંધીજી માંસ, મદિરા અને પરસ્ત્રીના સેવનથી બચી શકયા અને એ કારણે ગાંધીજી જે મહાત્માનો ઉપકાર માને છે તેમના તમે શિષ્યો હોવા છતાં પણ જો કેવળ શરીરના રૂપને જ જુઓ અને ગુણોને ન જુઓ તો એમ જોવા માત્રથી શું વળવાનું છે? તમે જેમને તમારા ગુરુ કહો છો તેમની પાસે ત્યાગ ધારણ કરી ગાંધીજી પોતાને સુરક્ષિત રાખી શકયા અને એકવાર લીધેલો ત્યાગ તેમણે દૃઢતાપૂર્વક પાળી બતાવ્યો પણ તમે કેવળ ઉપદેશ સાંભળીને જ બેઠા રહો અને કાર્યમાં ન ઉતારો તો તમે કેવળ રૂપને જ જુઓ છો, ગુણને જોતા નથી એમ કહેવાય. ગાંધીજી પોતે પણ જે મહાત્માનો ઉપકાર માને છે એ મહાત્માના શિષ્ય હોવા છતાં પણ જો તમે અહિંસાને વધારનારી વાતોને જીવનમાં ન ઉતારો તો તમને શું કહેવું? તમે દિવસ અને રાત ઉપદેશ સાંભળો છો, અને એ માટે દૂરદૂરથી ઉપદેશ સાંભળવા આવો છો તેમ છતાં તમારા હૃદયમાં અહિંસાને વધારનારી વાતો ઊતરતી નથી એનું શું કારણ? અને ગાંધીજીએ એક જ વારના ઉપદેશને સદાને માટે હૃદયમાં


સ્થાન આપ્યું તથા ઉપદેશ તથા ત્યાગ વિરુદ્ધ કામ કરવાના કોડીના પ્રસંગો આવ્યાં છતાં પોતાની પ્રતિજ્ઞા ઉપર દૃઢ રહ્યા તેનું શું કારણ? એનો જરા વિચાર કરો તો તમને જણાશે કે, તેમના હૃદયમાં સાચી સાધુના પ્રતિ સાચી શ્રદ્ધા અને સાચો પ્રેમ છે. તેઓ કાલે અહીં આવ્યા હતા, ત્યારે કહેતા હતા કે, "જો કે મને સમય ન હતો પણ જ્યારે હું અહીં આવ્યો છું ત્યારે તમને મળ્યા વિના કેમ જઈ શકું!" તેમના આ કથન ઉપરથી જણાય છે કે, તેમના હૃદયમાં સાચા સાધુ-સંતો પ્રતિ કેવું સ્થાન છે! તમારામાં આ પ્રકારની શ્રદ્ધાની ખામી છે. અને આ જ કારણે અહિંસાની વાત તમારા હૃદયમાં સ્થાન પામતી નથી અને જેમને તમે ગુરુ કહો છો તેમણે અહિંસા વિષે વારંવાર આપેલો ઉપદેશ પણ પ્રાયઃ વ્યર્થ થાય છે.

કહેવાનો આશય એ છે કે, તમે કેવળ બહારના શરીરને જોવામાં જ ન રહો પણ ગુણને પણ જુઓ અને એ ગુણને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કરો! જે અહિંસાનો પ્રચાર કરે છે તેમને ભૂલી ન જાઓ! ગાંધીજીને માનનારાઓ કે જેમની પાસે ગાંધીજીએ માંસ-મદિરા આદિનો ત્યાગ લીધો હતો એ મહાત્માઓને માનનારાઓ હોવા છતાં પણ જો તમે લોકોએ ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કર્યો નહિ તો વાસ્તવમાં તમે ગાંધીજીને સમજી શક્યા નથી, તમારા ગુરુને પણ સમજી શક્યા નથી, અહિંસાને પણ સમજી શક્યા નથી, અને ભગવાન મહાવીરને પણ સમજી શક્યા નથી. ભલે ગાંધીજી હોય કે બીજું કોઇ હોય પણ ભગવાન મહાવીરે તો કહ્યું છે કે, "જેઓ અહિંસાનો પ્રચાર કરે છે તેમનું કહ્યું માનવું અને તેમના ઉપદેશને હૃદયમાં ઉતારવો એ કર્તવ્ય છે."

ચરબીનાં વસ્ત્રોનો તમારી પાસે ત્યાગ કરાવવામાં સાધુ-સંતોની જવાબદારી વિશેષ છે. જ્યારે સાધુ-સંતો પોતે પોતાની જવાબદારીને

અમે પહેલાનાં કપડાં પહેરી શકીએ; તો તો ઘણા લોકો પાસે
એવાં મીલનાં કપડાંનો એટલો બધો જથ્થો છે કે તેમની આખી જીંદગ
માટે પૂરતાં છે! આવી દશામાં તો તેઓ આખી જીંદગીભર એ
વસ્ત્રો માટે થતી હિંસાના પાપને છોડી શકે નહિ! એટલા મા
અહિંસાની રક્ષા કરવા માટે આવાં હિંસાવર્ધક ચરબીનાં વસ્ત્રોનો ત્યા
કરવો જોઇએ. જેમ અહિંસાની રક્ષા માટે ચરબીનાં વસ્ત્રો ત્યાજ
છે તેમ રેશમી વસ્ત્રો પણ ત્યાજ્ય છે.

એવું સાંભળ્યું છે કે, એક ગજ રેશમી કપડાંને માટે હજારે
ટ્વિન કીડાંઓને ગરમ પાણીમાં નાંખી મારી નાંખવામાં આવે છે
તમે ભગવાન મહાવીરના શિષ્ય અને અહિંસાના ઉપાસક છો મા
આવી પાપપૂર્ણ ચીજોનો ત્યાગ કરવામાં જ તમારું કલ્યાણ અ
ભગવાન મહાવીર તથા અહિંસાની ઉપાસના રહેલી છે.





સમજે ત્યારે જ અહિંસાનું પાલન થઇ શકે છે અને તમારી પાસે ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરાવી શકે છે. પણ જ્યાંસુધી પોતે જ ચરબીનાં વસ્ત્રો છોડે નહિ ત્યાંસુધી બીજાને ચરબીનાં વસ્ત્રો છોડાવી પણ કેમ શકે? અને તેમના ઉપદેશની અસર પણ શું પડે? ગાંધીજી જો પોતે ચરબીનાં વસ્ત્રો પહેરે અને બીજાને તેનો ત્યાગ કરવાનું કહે તો શું તેમના કથનની લોકો ઉપર અસર થાય ખરી? આ જ પ્રમાણે સાધુ લોકો જ્યાંસુધી પોતે જ ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરે નહિ ત્યાંસુધી તેમના ઉપદેશની અસર કાંઇ પડી શકે નહિ! કોઇ એમ કહે કે, સાધુ લોકો તો ગૃહસ્થોને ત્યાંથી કપડાં લાવે છે એટલા માટે તેમને જેવાં કપડાં મળે છે તેવાં જ તેમને પહેરવાં પડે છે; પણ જ્યારે ચરબીનાં વસ્ત્રો મળે છે ત્યારે શું તપાસ કરવાથી ચરબી વિનાનાં ખાદીનાં વસ્ત્રો નથી મળતાં શું? મળે છે. એટલા માટે સાધુઓએ સર્વપ્રથમ ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવો જોઇએ અને પછી લોકોને ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવો જોઇએ. જે ચરબીનાં વસ્ત્રો માટે ઘોર હિંસા કરવામાં આવે છે એ વસ્ત્રોનો ત્યાગ કરો એ જ તમારા માટે ઉચિત છે. જો અહિંસા અને ભગવાન મહાવીરને તમે સમજ્યા છો તો તમારે ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવો જ જોઈએ. ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવાથી સ્વાર્થ સાથે પરમાર્થ પણ સધાય છે, જીવનમાં સાદાઇ આવે છે, અને અહિંસાનું પાલન પણ થાય છે. ચરબીનાં વસ્ત્રો માટે કેવાં કેવાં હત્યાકાંડો થાય છે એ જાણવા છતાં એવાં વસ્ત્રોને વાપરવાં તે અહિંસાની અવહેલના કરવા બરાબર છે.

કેટલાક લોકો એમ કહે છે કે, અમારી પાસે પહેલાંનાં મીલનાં કપડાં પડયાં છે તેને તો અમે પહેરી નાંખીએ? પણ અહિંસાની આરાધના માટે શું એ વસ્ત્રોનો ત્યાગ થઈ શકે નહિ? એવાં કપડાંનો મમત્વભાવ ઉતરી ન શકે? જો બધા લોકો એમ કહેવા લાગે કે,

અમે પહેલાનાં કપડાં પહેરી રાખીએ; તો તો ઘણા લોકો પાસે એવાં ભાતનાં કપડાંનો એટલો બધો જથ્થો છે કે તેમની આખી જીંદગી માટે પૂરતાં છે। આવી દશામાં તો તેઓ આખી જીંદગીભર એ વસ્ત્રો માટે થતી હિંસાના પાપને છોડી શકે નહિ। એટલા માટે અહિંસાની રક્ષા કરવા માટે આવાં હિંસાવર્ધક ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવો જોઈએ. જેમ અહિંસાની રક્ષા માટે ચરબીનાં વસ્ત્રો ત્યાજ્ય છે તેમ રેશમી વસ્ત્રો પણ ત્યાજ્ય છે.

એવું સાંભળ્યું છે કે, એક ગજ રેશમી કપડાંને માટે હજારો જીવિત કીડાંઓને ગરમ પાણીમાં નાંખી મારી નાંખવામાં આવે છે. તમે ભગવાન મહાવીરના શિષ્ય અને અહિંસાના ઉપાસક છો માટે આવી પાપપૂર્ણ ચીજોનો ત્યાગ કરવામાં જ તમારું કલ્યાણ અને ભગવાન મહાવીર તથા અહિંસાની ઉપાસના રહેલી છે.





